॥ હરિઃૐ ॥

# શ્રીમોટા સાથે વાર્તાલાપ

સંપાદક
**રતિલાલ મહેતા**

**હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત**

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑ પ્રથમ આવૃત્તિ - સને ૧૯૭૯ થી સાતમી આવૃત્તિ
સને ૨૦૦૩ સુધીની કુલ પ્રત ૮૨૫૦

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|
| આઠમી | ૨૦૧૩ | ૨૦૦૦ |

❑ **પૃષ્ઠ** : ૧૨+૨૫૨=૨૬૪

❑ **કિંમત** : રૂ. ૨૦/-

❑ **પ્રાપ્તિસ્થાન :**
(૧) હરિઃૐ આશ્રમ, જહાંગીરપુરા, સુરત - ૩૯૫ ૦૦૫
(૨) હરિઃૐ આશ્રમ, પો.બો.નં. ૭૪, નડિયાદ - ૩૮૭ ૦૦૧

❑ **મુદ્રણશુદ્ધિ : જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ **ડિઝાઈનર : મયૂર જાની,** મો. ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (આઠમી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવ અને સમર્પણની ભાવનાથી રંગાયેલા, હરિઃૐ આશ્રમ, સુરતની નિયમિત મુલાકાત લઈ આશ્રમની જરૂરિયાતોમાં ઉત્સાહભેર, હૃદયની ઊંડી ભાવનાઓ થકી મદદરૂપ થનાર, ગામ-રામપુરા, વાયા-ખરવાસા, તા. બારડોલી, જિ. સુરતનાં સ્વજન

**શ્રીમતી ઈંદુબહેન લલ્લુભાઈ પટેલ**

તથા તેમના પતિ

**સદ્‌ગત શ્રી લલ્લુભાઈ નરસિંહભાઈ પટેલ**

તથા તેમના સમગ્ર પરિવારને

**'પૂજ્ય શ્રીમોટા સાથે વાર્તાલાપ'**ની આ આઠમી આવૃત્તિનું પ્રકાશન આદરપૂર્વક સમર્પણ કરતાં આનંદ અને આભારની લાગણી અમો વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાનો ૭૫મો સાક્ષાત્કારદિન
તા. ૨૦-૪-૨૦૧૩, રામનવમી,
સં. ૨૦૬૯

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સુરત.

॥ હરિઃૐ ॥

# નિવેદન

(પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા લિખિત અનેક પુસ્તકોનું પ્રકાશન હરિઃૐ આશ્રમે કર્યું છે. ક્યાંક ક્યાંક અન્ય વ્યક્તિઓએ શ્રીમોટા વિશે લખેલાં પુસ્તકો પણ પ્રકાશિત કર્યાં છે, પરંતુ આ **'શ્રીમોટા સાથે વાર્તાલાપ'** પ્રકારનું પુસ્તક પહેલી વાર હાથ ધરવામાં આવે છે. પૂજ્યશ્રીની જ્યાં જ્યાં પધરામણી થતી, ત્યાં ત્યાં અનેક સ્વજનો, ભક્તો અને મુમુક્ષુઓનો પ્રવાહ દર્શનાર્થે વહ્યા જ કરતો. પૂજ્યશ્રી એમની સાથે અનેક પ્રકારના વાર્તાલાપ કરે. તેમાં આધ્યાત્મિક વિષય વિશે પુછાયેલા પ્રશ્નોના જવાબ પણ હોય અને સંસારવહેવાર તથા વેપારવણજની વાતો પણ હોય. શ્રી રતિલાલ મહેતાએ મુંબઈમાં વિવિધ સ્થળે થયેલી પધરામણી સમયે તથા કેટલીક વાર સુરત આશ્રમે થયેલા સત્સંગ દરમિયાનના વાર્તાલાપોની નોંધ રાખી હતી. કેટલાક પ્રસંગે તો આવો સત્સંગ ટેપ પણ કરી લીધો હતો. તેને વ્યવસ્થિત કરી પ્રગટ કરવાનું નિમિત્ત આજે પ્રગટ થાય છે.

એ આખોય 'વાર્તાલાપ' હું પૂરેપૂરો સાંભળી ગયો છું. શ્રી ઈંદુભાઈ પણ આખી પ્રત ધ્યાનપૂર્વક અને ઝીણવટથી જોઈ ગયા પછી જ પ્રેસમાં આપી છે. શ્રી રતિભાઈ પૂજ્ય શ્રીમોટા સાથે ઘણાં બધાં વર્ષોથી નિકટપણે સંકળાયેલા હતા. એટલે એમણે પૂજ્યશ્રીની ભાષા, લઢણ અને કેટલીક લાક્ષણિકતાઓ આબેહૂબ પકડીને શબ્દબદ્ધ કરી છે. આ પ્રકારના સાહિત્ય માટે ભક્તગણમાં ખૂબ ઉત્સુકતા સેવાતી રહે છે. આ પ્રકાશન દ્વારા એ ઉત્સુકતા સંતોષાશે એવી આશા છે.

શ્રી રતિભાઈ વર્ષોથી અનેકવિધ રીતે આશ્રમ સાથે સંકળાયેલા છે અને સહાયક નીવડતા આવ્યા છે. તાજેતરમાં જ પૂજ્ય શ્રીમોટાકૃત **'હરિજન સંતો'** નામના પુસ્તકનું પુનઃપ્રકાશન કરવાની આર્થિક જવાબદારી ઉઠાવી હતી. હવે, આ પ્રકાશનનો સર્વ ખર્ચ પણ સમર્પણભાવે પોતાને શિરે લઈને આશ્રમ પ્રત્યેના ઉત્કટ ભાવનાં દર્શન

એક વધુ વાર એમણે કરાવ્યાં છે. વળી, આ પુસ્તકની તમામ આવક એમણે હરિઃૐ આશ્રમને અર્પણ કરી છે. તેવા તેમના ભાવ બદલ અમે તેમના ખૂબ ખૂબ આભારી છીએ. જીવનવિકાસાર્થે કરેલાં આવાં પારમાર્થિક કર્મો શ્રેયસ્માર્ગમાં સહાયક નીવડશે એ જ પ્રાર્થના.

હરિઃૐ આશ્રમ, **નંદુભાઈ**
નડિયાદ-સુરત મૅનેજિંગ ટ્રસ્ટી
તા.૯-૯-૧૯૭૯

### શ્રીમોટા સાથે વાર્તાલાપ :

## ભક્તિમાર્ગના જિજ્ઞાસુઓને ઉપયોગી

### ('જન્મભૂમિ'નું અવલોકન)

વર્તમાન સાધુ પરંપરામાં કંઈક અનોખું સ્થાન ધરાવનાર પૂજ્ય શ્રીમોટા મૌન, ધ્યાન, એકાંતવાસ દ્વારા અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત કરવાના માર્ગ માટે જાણીતા છે, અને ઘણાંએ તેમના આશ્રમોનો લાભ લઈ કૃતાર્થતા મેળવી છે. વ્યવસાયે એક રંગરેજના પુત્ર, મૂળ નામ ચૂનીલાલ ભગત અને અનેક કષ્ટો વેઠીને સાંઈબાબા, ઉપાસનીબાબા વગેરેની ગુરુભક્તિ દ્વારા જ્ઞાનભક્તિની કેડી મેળવી પોતે પણ અનેક વિશાળ ભક્ત સમુદાયને એ રીતે જ પ્રેરણારૂપ બન્યા હતા.

જિજ્ઞાસુ ભક્તોએ તેમની સાથેની અવારનવારની મુલાકાતોમાં પ્રશ્નોત્તરી મારફતે અધ્યાત્મજ્ઞાન અને ભક્તિમાર્ગની જે સમજ મેળવી હતી, તે બધીને યોગ્ય રીતે અને પ્રમાણિકતાની મહોર મેળવી અત્રે ગ્રંથસ્થ કરવામાં આવી છે. પ્રશ્નોત્તરી ઉપરાંત, અન્ય ભાગોમાં પૂજ્ય શ્રીમોટાના કેટલાક પ્રસંગો અને આછી જીવનરેખા પણ તેમાં સમાવવામાં આવેલ છે. ભક્તિમાર્ગના સહવાસીઓને અને જિજ્ઞાસુઓને એ અવશ્ય ઉપયોગી થઈ રહેવાની આશા છે.

મુંબઈ **રતિલાલ મહેતા**
તા.૨૭-૧૨-૧૯૯૭

॥ હરિઃૐ ॥

## ભૂમિકા

(પ્રથમ આવૃત્તિમાંથી ઉદ્ધૃત)

પ્રશ્નો પૂછવાની પ્રથમથી ટેવ. એટલે સહકાર નિવાસમાં (મુંબઈ) તા. ૧૯-૨-૧૯૬૩ના રોજ પૂજ્ય શ્રીમોટાનાં પ્રથમ દર્શને તેમને પ્રશ્નો પૂછી નાખ્યા ! પણ તેઓશ્રીએ પ્રેમથી ઉત્તર આપ્યા અને સાંઈબાબાના ઉલ્લેખના અનુસંધાનમાં તેમણે **'જીવન દર્શન'** વાંચવા સલાહ આપી. એ વાંચતાં તેમના પ્રત્યે ઠીક આકર્ષણ થયું અને મૌનમાં ૧૯૬૩માં પહેલી વાર બેસવાનું પ્રભુકૃપાએ બની શક્યું. ત્યારે પણ થોડા પ્રશ્નો તૈયાર કર્યા અને પૂજ્યશ્રીએ તેના જવાબ આપ્યા. આ રીતે પ્રશ્નોત્તરીની પરંપરા ચાલુ રહી. થોડાં વર્ષના ગમન બાદ એક મૌનગાળા દરમિયાન તે પ્રશ્નોત્તરી બરાબર ઉતારીને પૂજ્યશ્રીને જોઈ જવા આપી. તેમણે જોઈ સુધારીને પરત કરી. તેમાંથી કેટલોક ભાગ 'મુંબઈ સમાચાર' (સાપ્તાહિક)માં પ્રથમ વાર છપાયો હતો અને તે બાદ અવારનવાર અન્ય દૈનિકોમાં અને 'નવનીત', 'સમર્પણ' જેવાં સામયિકોમાં પણ છપાયો હતો.

પ્રશ્નોત્તરી ઉપરાંત, આ પુસ્તકમાં પ્રસિદ્ધ થયેલું અન્ય લખાણ પૂજ્ય શ્રીમોટા, જોઈ કે સાંભળી ગયેલા છે. પૂજ્ય ભાઈ (નંદુભાઈ) એ પણ તેમાંનું ઘણું ખરું મારે મોઢે સાંભળેલું છે. એટલે આ લેખનસામગ્રી પ્રભુકૃપાએ લગભગ સો ટકા 'એપ્રૂવ્ડ'-માન્ય સામગ્રી છે, એમ કહેવામાં વાંધો નથી.

'શ્રીમોટાનો આવિર્ભાવ' એ ખંડમાં પૂજ્ય હેમંતદાદા (શ્રી હેમંતકુમાર નીલકંઠ)ની નોંધોનો ઉપયોગ કરવાનું બન્યું છે. તેમ કરવા દેવા માટે તેમનો સહૃદય આભાર માનું છું.

પૂજ્ય ભાઈની કેટલીક પ્રશ્નોત્તરીનો પણ આ પુસ્તકમાં ઉતારો કર્યો છે. તેમણે મને હંમેશાં પોતાના નાના ભાઈની જેમ રાખ્યો છે.

ખચીત ફ્રેન્ડ, ફિલોસફર ઍન્ડ ગાઈડથીયે વિશેષ બનીને તેમણે મને પ્રેમવારિથી નવડાવ્યા કર્યો છે.

આ આખા પુસ્તકને છપાવી આપવામાં તેમણે તેમના કીમતી સમય અને શરીરના આરામના ભોગે સલાહસૂચન દ્વારા કેટકેટલી મદદ કરી છે, તેનું ઋણ વ્યક્ત કરી શકતો નથી, વાળી શકતો નથી.

વ્યવસાયે હું લેખક નથી, પણ પૂજ્યશ્રીની સલાહ હતી : 'અમારી સૂચના કે ઈશારા વિના તેં આ બધું લખવા માંડ્યું છે, તો હવે તે તારો ધર્મ છે. માટે, આ અભ્યાસ ચાલુ રાખવો ઘટે.' એટલે આપણે લખવાનું જારી રાખ્યું. વળી, પુસ્તક પ્રકાશનનો કશો અનુભવ નહિ. તે મુશ્કેલી પૂજ્ય ભાઈએ ઉપર કહ્યા મુજબ ટાળી દીધી.

તદુપરાંત, શ્રી ઇંદુભાઈ દેસાઈ કાળજીપૂર્વક આખી ફાઈલ વાંચી ગયા અને સૂચિ પણ બનાવીને મારી મહેનત બચાવી આપી. આ કાર્ય બદલ હું તેમનો ઘણો ઘણો આભારી છું.

મારા પરમ પ્રિય મુરબ્બી મિત્ર લેફ. કર્નલ બળવંત ભટ્ટે પૂજ્ય શ્રીમોટાના જીવનચરિત્ર માટે લગભગ દોઢસો જેટલા પાડેલા ફોટામાંથી એક ફોટો આ પુસ્તકના પૂંઠા પર છાપવા અને બે અંદર છાપવા સંમતિ આપી એટલું જ નહિ, કવર પૂંઠું વગેરે છપાવવા અને બંધાવવાના કાર્ય પાછળ ધ્યાન આપ્યું, તે બદલ હું તેમનો આભાર માનું છું.

આવું પુસ્તક છપાવીને તેની સર્વ આવક પૂજ્ય શ્રીમોટાને એટલે કે હરિઃૐ આશ્રમને અર્પણ કરવાની પ્રેરણા એક વહેલી સવારે પ્રભુકૃપાએ થઈ તથા તેનો સ્વીકાર કરવાની તૈયારી આશ્રમે દર્શાવી, તે બદલ અમે કુટુંબીજનો અમારી જાતને બડભાગી માનીએ છીએ.

પૂજ્યશ્રીનાં અને પૂજ્યશ્રીને લગતાં પુસ્તકભંડારમાં આ એક પુસ્તકનો ઉમેરો જિજ્ઞાસુ વાચકોને પ્રેરણાદાયી બની રહો એવી પ્રાર્થના.

**રતિલાલ મહેતા**

# નિવેદન

(આઠમી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા લિખિત અનેક પુસ્તકોનું પ્રકાશન હરિઃૐ આશ્રમ, નડિયાદ અને સુરતે કર્યું છે. તેમાં **‘શ્રીમોટા સાથે વાર્તાલાપ’** પુસ્તકની શ્રી રતિલાલ મહેતા સંપાદિત આ આઠમી આવૃત્તિ પ્રગટ કરતાં ઘણો આનંદ થાય છે.

પૂજ્ય શ્રીમોટાની જ્યાં જ્યાં પધરામણી થતી ત્યાં ત્યાં તેમ જ આશ્રમમાં પણ તેમને દરરોજ અનેક સ્વજનો મળતાં અને તેમની સાથે અનેક પ્રકારના વાર્તાલાપો થતા. આ બધા વાર્તાલાપોમાંથી શ્રી રતિલાલ મહેતાએ સંપાદન કરી પૂજ્ય શ્રીમોટાની ભાષા, લઢણ અને કેટલીક લાક્ષણિકતાઓને શ્રીમોટાની ભાષામાં જ શબ્દબદ્ધ કરી છે.

પૂજ્ય શ્રીમોટાના આ પ્રકારનાં પુસ્તકોને આવકારવા બદલ અધ્યાત્મરસિક ગુજરાતી પ્રજાને ધન્યવાદ પાઠવીએ છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

પૂજ્ય શ્રીમોટાનો ૭૫મો સાક્ષાત્કારદિન — **ટ્રસ્ટીમંડળ,**
તા. ૨૦-૪-૨૦૧૩, રામનવમી, — હરિઃૐ આશ્રમ, સુરત.
સં. ૨૦૬૯

## અનુક્રમ

**ખંડ પહેલો : પૂજ્ય શ્રીમોટા સાથે પ્રશ્નોત્તરી ...................... ૦૦**

**ખંડ બીજો : શ્રીમોટાનો આવિર્ભાવ**

૧. સાંઈબાબાનું દર્શન
૨. ભક્તિભાવનો પ્રભાવ
૩. જેને દૃષ્ટિ હોય તે સમજે
૪. છતાં ભક્તિ ક્યાં ?
૫. ‘બુદ્ધિભેદ પાડવાનું અમારું કામ નથી.’
૬. ‘હવે પરવારવા માંડો !’
૭. પૂજ્ય શ્રીમોટા કેવું ધ્યાન રાખે છે !
૮. સ્વર્ગ અને નરક બધુંએ સરખું
૯. ‘સાહેબ ક્યાંથી ?’
૧૦. વજન ઘટાડ્યું અને રોગ ગયો !
૧૧. આનંદની લહાણ
૧૨. નિર્ભય બનાવવા માટે
૧૩. ભાવ ખીલવવાની રીત
૧૪. રમૂજ સાથે શીખ
૧૫. નાના માણસ માટેય કરુણા
૧૬. ‘પૂજા કેમ સ્વીકારો ?’
૧૭. ‘એકની એક લીલાનો માત્ર નાનો પ્રસંગ’
૧૮. દુઃખમાં ભાગ જોઈએ છે.
૧૯. વિવિધ સંતોનું વિવિધ વર્તન
૨૦. હનુમાન કૂદકો
૨૧. ‘...બાર મણિયાં શાં બધે તાળાં જ માર્યાં છે.’
૨૨. સોમવતી અમાસને દિને
૨૩. ખાલી વખાણ ખપનાં નહિ
૨૪. વહાલ અને સખતાઈ
૨૫. ઈશ્વર રાખે તેમ રહીએ

૨૬. 'પ્રેમ રખાય તો રાખજો.'
૨૭. તદ્દન નિઃસ્પૃહી
૨૮. મોંઘું કોલન-વૉટર-ક્યાંથી વપરાય
૨૯. 'હું કોણ ?'
૩૦. કેવળ પુરોહિત તરીકે
૩૧. 'મારી સાથે થાક નહિ લાગે'
૩૨. ત્યાગ અને ગુણોની કદર
૩૩. હાલતાં ચાલતાં ભજનલેખન
૩૪. અહમ્ ઉપર પ્રહાર
૩૫. ભગવાનને 'ત્રિગુણ રહિતં' ના કહેવાય
૩૬. વાદવિવાદથી દૂર
૩૭. ભક્તના શ્રેય ખાતર
૩૮. સ્વજનનું સ્મરણ
૩૯. શક્તિનો હ્રાસ
૪૦. બાળકો કેમ બગડે છે ?
૪૧. આપેલું નકામું નથી જતું
૪૨. 'રામ રા...મ' 'રામ રા...મ'
૪૩. કાળકા માતા... બચાવજો
૪૪. માથે પેટી મૂકીને
૪૫. ધ્યાનાવસ્થા
૪૬. સાચી કળા...વિદ્યા
૪૭. મદદ
**ખંડ ત્રીજો : હળવી પળોમાં શ્રીમોટા**
**ખંડ ચોથો : માંદગી અને પ્રવાસો**
**ખંડ પાંચમો : વિદાય**

# શ્રીમોટા સાથે વાર્તાલાપ

❑

રતિલાલ મહેતા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**

શ્રીમોટા

‘જીવન દર્શન’, ૧૧મી આ., પૃ. ૪૩૧

॥ હરિઃૐ ॥

## ખંડ : ૧

# શ્રીમોટા સાથે વાર્તાલાપ

(અનુષ્ટુપ)

વ્યાપક તત્ત્વ જે સૂક્ષ્મ, ગૂઢમાં ગૂઢયે જ જે,
અનંત રીતનું એવું, સદ્‌ગુરુનું જ હોય છે.

**- શ્રીમોટા**

## શ્રીમોટા સાથે વાર્તાલાપ

**પ્રશ્ન :** મહાત્મા લેખ ઉપર મેખ મારી શકે છે ?

**ઉત્તર :** હા, પણ એ બધું પ્રારબ્ધવશાત્ છે એવું કશું નથી. જેને જેને હ્દયસ્થ જીવતો ચેતનમય સંબંધ હોય તેને તે યોગી ઉપયોગી બને છે.

**પ્રશ્ન :** આપણા વર્તમાન સંબંધો શેને આભારી હોય છે ?

**ઉત્તર :** પૂર્વજન્મનાં કર્મને આભારી હોય છે, પણ બધું પ્રારબ્ધવશાત્ હોતું નથી. કેટલીક વસ્તુઓ પુરુષાર્થને આધીન છે. બુદ્ધિ મળેલી હોય, પણ જો તેનો સદુપયોગ ના થાય તો કોઈ વિકાસને અવકાશ નથી. જો પુરુષાર્થ પણ પ્રારબ્ધવશાત્ છે એમ કહીએ તો 'પુરુષાર્થ' શબ્દ વાપરવો અર્થહીન છે. ગમે તેમ હોય, પણ આપણા ભાવિ સંબંધોનું નિર્માણ આ જ જન્મમાં નક્કી કરી શકાય છે.

**પ્રશ્ન :** મોટા, ભગવાન અંતર્યામી કહેવાય છે, તો આપણા મનની વાતો જાણે કે નહિ ? આપણને શેની જરૂર છે તેની ખબર

તેને પડે કે નહિ ? આપણે એને માત્ર પ્રાર્થના કર્યા કરતા હોઈએ પછી કશું માગવાની જરૂર રહે ?

**ઉત્તર :** એને કોઈનું અંતર જાણવાની શું પડી છે ? તમને ગરજ હોય તો એને તમે જણાવ્યા કરો, આત્મનિવેદન કર્યા કરો, પ્રાર્થના કર્યા કરો, એટલે એની સાથે 'સાઈકીક કૉન્ટૅક્ટ' - ચૈત્ય સંબંધ બંધાશે. અને ત્યારે જ એ આપણને જાણશે, શું રસ્તે હરતાં ફરતાં ગમે તેવા માણસની 'ખબર' રાખવાની તેને ગરજ છે ? અરે ! સંસારમાં કોઈ કોઈને એમ ને એમ કશું આપી દેતું નથી, તો આ માર્ગ વિના મહેનતે મળે એવી આશા રાખવી તદ્દન મૂર્ખામી છે. એની સાથે હળી, મળી, ભળી, ગળી જાઓ. પછી જોઈ લો એનો ચમત્કાર- જો તમે એને ચમત્કાર કહેતા હોવ તો. સર્વ ભાવે  અને સર્વ રીતે એને તમારું સમર્પણ કર્યું હશે, તો પછી તમારે કશું માગવાનું રહેતું નથી. માટે, એ વિચારી જોવું ઘટે કે આપણે એવું સમર્પણ કર્યું છે ? બાકી, ઈશ્વર પાસે માગવામાં કશું ખોટું નથી. એ પણ એક પ્રકારની પ્રાર્થના છે.

**પ્રશ્ન : મારા ભાઈ મને કહ્યા કરે છે, કે 'તું શ્રીસત્ય સાંઈબાબા** પાસે જાય છે, તો તારી પરીક્ષા માટે કેમ પૂછતો નથી ?' હું કદી મારા સ્વાર્થ માટે કોઈની પાસે જતો નથી અને કાંઈ માગતો નથી, તો તે શું ખોટું છે ?

**ઉત્તર :** આપણે નિષ્કામ થયા હોઈએ તો નિષ્કામ ભક્તિ થાય. તમે નિષ્કામ થયા ?

**પ્રશ્ન :** ના, જી.

**ઉત્તર :** તો, માણસ શરૂમાં એકદમ નિષ્કામ થઈ જતો નથી એટલે ભગવાન આગળ નિવેદન કરવું, પ્રાર્થના કરવી એમાં કાંઈ

ખોટું નથી. નિષ્કામ થયેલા હોઈએ તો ભક્તિની જરૂર ના રહે. ગીતાજીએ નથી કહ્યું : મારા ચાર પ્રકારના ભક્તો છે : [૧](૧) *આર્ત (દુઃખી), (૨) જિજ્ઞાસુ, (૩) અર્થાર્થી અને (૪) જ્ઞાની.

**પ્રશ્ન :** જે ભક્તિ કરતો હોય તે રોજબરોજનાં કર્મો પરત્વે મંદતા બતાવે ખરો ?

**ઉત્તર :** બહુ જ શરૂઆતમાં તેવી મંદતા આવે, કારણ કે ત્યારે તેને તેવી ખબર હોતી નથી, પણ જ્યારે ભાન થાય છે, કે કરવાનું કામ બરાબર ઉત્તમ રીતે થવું જોઈએ અને ભક્તિ પણ સાથો સાથ થવી જોઈએ ત્યારે બધું સરસ રીતે ચાલે છે. સાચી ભક્તિ તે આનું નામ :-

(અનુષ્ટુપ)

*ભક્તિ, ઉત્સાહ, ઉમંગ, ઉલ્લાસ, ખંત, ઉદ્યમ,*
*પ્રેરાવે કર્મ ભક્તિનો ક્રમ, એવો સનાતન.*

**પ્રશ્ન :** વિકારોના હુમલા આવે ત્યારે શું કરવું ?

**ઉત્તર :** ત્યારે તુરંત સજાગ થઈ જવું, મનગમતું ભજન ગાવું. જોરથી નામસ્મરણ કરવું. રાત્રે આવા વધુ હુમલા આવે

---

*૧. આર્ત : કોઈ પ્રકારની આધિ, ઉપાધિ કે અધ્યાત્મ આદિ દુઃખોથી વ્યાકુળ બની તેમાંથી છૂટવા ભક્તિનો આશ્રય લેનાર.

૨. જિજ્ઞાસુ : આત્મજ્ઞાન મેળવવાની ઈચ્છાથી, મોક્ષ અર્થે ભક્તિ કરે તે વિદુર, ઉદ્ધવ વગેરે જેવા.

૩. અર્થાર્થી : આ લોક કે પરલોકમાં ભોગસાધન મેળવવાની ઈચ્છાથી ભક્તિ કરનાર.

૪. જ્ઞાની : વિવેકશીલ, આત્મનિષ્ઠાયુક્ત, નિષ્કામી ઈચ્છારહિત સહજ ભક્તિ કરનાર જીવન્મુક્ત. - **સંપાદક**

ત્યારે પથારીમાં બેઠા થઈ જવું. ભજન, નામસ્મરણ બેઠા થઈને કરવું, બીજું સદ્‌વાંચન કરવું. પથારીમાં પડ્યા રહેવાથી એવા વિચારો વધુ આવે છે.

**પ્રશ્ન :** સદ્‌ગુરુ કરવાની જરૂર ખરી ?

**ઉત્તર :** ગુરુ તો તમારી અંદર બેઠેલો છે. વેદાંતની રીતે કહીએ તો ગુરુ શોધવા જવાની જરૂર નથી. ખરી જિજ્ઞાસા જાગી હશે, તો બધા ખુલાસા આપોઆપ થઈ જશે અને રસ્તો દેખાશે. અભ્યાસ કરો, મહાવરો પાડો.

**પ્રશ્ન :** બધા સંતો એક જ છે એ ખરું, છતાં જુદા જુદા સંતોનાં દર્શને જતાં તેમનું શરીર વચ્ચે આવે છે, એટલે આપણા ગુરુનું વિસ્મરણ થાય તો તેનું શું ?

**ઉત્તર :** ગમે તે સંતનાં દર્શને આપણે જઈએ તોયે આપણા સદ્‌ગુરુનો ભાવ આપણે દૃઢાવીએ.

**પ્રશ્ન :** અને સદ્‌ગુરુને યાદ કરીને બૂમો પાડીએ, તો તે અમને યાદ ખરે ખરા ?

**ઉત્તર :** ના, એને શું પડી છે ? હા, દ્રૌપદીની જેમ હૃદયમાં, હૃદયથી આર્તપોકાર કરો ત્યારે જ તે હાલે, પણ એવી ભક્તિ ક્યાં છે ? પણ એવું બને કે કોઈ ખૂણામાં પડેલો, ગુફામાં રહેતો સંત તેના ભક્તોને યાદ કરતો હોય (જેની ખબર એ ભક્તોને હોતી નથી, ત્યારે તેઓ ભક્ત બનેલા ના હોય) તેવો સંત તેના ભક્તોને સૂક્ષ્મ રીતે મદદ કરતો હોય છે અને જ્યારે ભક્તોનો કાળ પાકે, ત્યારે તેઓ તેમના સદ્‌ગુરુ તરફ વળતા હોય છે.

**પ્રશ્ન :** મોટા, આપને કરાંચીમાં સાંઈબાબાનાં દર્શન થયાં અથવા તમને તેઓશ્રી મળતા તે તમને અગાઉથી ખબર પડતી

તેથી તમે જતા અને પછી મળવાનું થતું ?

**ઉત્તર :** ના, એકાએક.

**પ્રશ્ન :** તમે ઈદને દિવસે (કરાંચીમાં) નમાજ પઢવા ગયેલા ? પછી તમને મળેલા તે કેવી રીતે ? તેમના કહેવાથી નમાજ પઢવા ગયેલા ?

**ઉત્તર :** ના, હું મારી મેળે ગયેલો. ત્યાંથી પાછા ફરતાં રસ્તામાં એકાએક સાંઈબાબાનાં દર્શન થયાં.

**પ્રશ્ન :** કેટલાંકને સાંઈબાબાનો અવાજ સંભળાય, તેમને સૂચના આપતા હોય એમ સંભળાય છે, એવું કેટલાંક કહેતા હોય છે, તે શક્ય છે ?

**ઉત્તર :** હા, શક્ય છે.

**પ્રશ્ન :** ચમત્કારો વિશે આપનો શો મત છે ?

**ઉત્તર :** ચમત્કારો નિપજાવનાર શક્તિનું મૂલ્યાંકન ઓછું કરવા માગતો નથી. છતાં બાળકનો જન્મ થાય છે, તે કાંઈ ઓછો ચમત્કાર છે ? આપણે બધાં હવાથી જ જીવીએ છીએ, તે કાંઈ જેવો તેવો ચમત્કાર છે ? માટે, ચમત્કારોને મહત્ત્વ આપવું નહિ. જીવનમાં ગુણ અને ભાવના પ્રગટે તે પરત્વેનું મહત્ત્વ પ્રગટવા દો. ચમત્કારોથી ભક્તિ વધુ પાંગરે કે નવપલ્લવિત થાય નહિ, નવાંકુરિત થાય નહિ.

**પ્રશ્ન :** મૌનએકાંત મંદિરોથી શો લાભ થાય ?

**ઉત્તર :** મૌનએકાંત મંદિરોમાંનો સમય મારે મન તો આ જીવ સાથે તે તે જીવોને સંકળાઈ રહેવાની ક્રિયા છે. જો તેવું ના થયું હોત તો તમારામાંનું કોઈ પણ મારી સાથે રહી શક્યું ના હોત. પ્રત્યેક જીવના મૌનએકાંતનો કાળ મારે મન એક મોંઘામૂલો

અને ફરી ના મળી શકે એવો અમૂલ્ય કાળ છે. જોકે આ મૌનમંદિરોમાં થોડા દિવસ બેસવાથી જીવ કાંઈ એકદમ શિવ થઈ જવાનો નથી, પણ એનાથી શિવ થવાની શક્યતા છે ખરી. સતત નામસ્મરણ અથવા તો કોઈ ને કોઈ રીતે પ્રભુની ભાવનાને એકધારી રાખી શકવાના પ્રયત્નોમાંથી પ્રભુકૃપાએ જીવને 'લાગી' જાય. અને એકવાર જેને 'લાગ્યું' તેને કાયમને માટે 'લાગ્યું' છે. આમ, મૌનમંદિરમાં સુદૃઢ પ્રભુભાવનાના સંસ્કાર પડે છે, એ હકીકત છે. અને એ સંસ્કાર ઉદયમાન થયા વિના રહેવાના નથી.

**પ્રશ્ન :** આપણો ઉદ્ધાર શી રીતે થાય ?

**ઉત્તર :** ચરણની રજનીયે રજ થયા વિના કોઈનો ઉદ્ધાર નથી.

**પ્રશ્ન :** જુદા જુદા સંતો જુદી જુદી રીતે વર્તતા હોય છે. આવિર્ભાવ જુદો જુદો હોય છે, તેનું શું કારણ ?

**ઉત્તર :** પ્રકૃતિ અને ગુણને કારણે પણ તેઓ તેમ વર્તતા હોય છે. છતાં એનો અર્થ એ નથી કે તેઓ બીજું કશું જાણતા હોતા નથી. મહંમદ પયગંબર તેમના કાળમાં અમુક રીતે બોલતા, કહેતા, કેમ કે કાળની સમાજની દશા અને સંજોગો મુજબ તેઓ બધા વર્તતા હોય છે. તે ઉપરાંત, અમુક મૂલ્યાંકનો પ્રવર્તમાન કાળ અને દેશ મુજબ બદલાયા કરતા હોય છે. એક કાળે જે અર્થ તેમાંથી પ્રગટતો હોય, તે બીજા કાળે તેનાથી વધારે વિસ્તારવાળો અર્થ પણ પ્રગટી શકે.

**પ્રશ્ન :** મનુષ્ય મૃત્યુ પછી પ્રાણીયોનિમાં જન્મ લે ખરો ?

**ઉત્તર :** મનુષ્યમાં પાંચ તત્ત્વો - મન, બુદ્ધિ, ચિત્ત, પાણ અને અહમ્ ઓછાવત્તાં પ્રમાણમાં વિકસેલાં હોય છે. માટે, કર્મ

પ્રમાણે તે પાંચ તત્ત્વોમાંથી જે તે તત્ત્વના વિકાસ મુજબ તે તે તત્ત્વોના ગુણ લઈને તે મનુષ્યયોનિમાં જન્મ લે છે. ઉપરનાં પાંચ તત્ત્વો માત્ર મનુષ્યમાં હોય છે. એ તત્ત્વોવાળો માણસ પ્રાણીયોનિ કે અન્ય જીવજંતુઓવાળી યોનિમાં કેવી રીતે જન્મી શકે ? પણ એનાથી ઊલટા ક્રમનું બની શકે છે. જો કોઈ પશુ ઉપર સંતપુરુષનો પ્રેમભાવ હોય, તો તે તેના બીજા જન્મમાં મનુષ્યયોનિમાં જન્મ લે. દા.ત., શ્રીરમણ મહર્ષિને એક ગાય ઉપર પ્રેમ હતો. જેને તેઓશ્રી 'લક્ષ્મી' કહીને બોલાવતા. તેનું મૃત્યુ તેમના સાંનિધ્યમાં થયેલું. એનો ઉદ્ધાર થઈ ગયેલો હોવો જોઈએ.

**પ્રશ્ન :** ધર્મ એટલે શું ? સાચો ધર્મ ક્યારે પ્રવર્તે ?

**ઉત્તર :** રૂઢિગત દેખાવ એટલે ધર્મ નહિ, પણ પ્રજામાં ગુણ અને ભાવના પ્રગટે એવું આચરણ, એનું નામ ધર્મ. ગુણ એટલે સાહસ, હિંમત, ધૈર્ય, તિતિક્ષા, દેશદાઝ, સદ્‌ભાવ, પ્રમાણિકતા, ત્યાગ વગેરે. ભાવના એટલે પ્રભુપ્રીત્યર્થે બધું કરી છૂટવાની તમન્ના. ભાવના સરેશનું કામ કરે છે. એ સૂક્ષ્ણ છે. ગુણ અને ભાવના સાચેસાચાં પ્રગટેલાં હોય, તો તે સાચા ધર્મનું પ્રતીક ગણાય. આવા ગુણો યુવાન પેઢીમાં પ્રગટાવવા માટે હું જે તે કંઈક કરી રહ્યો છું. ભાવના વિનાનું કર્મ વાંઝિયું છે.

**પ્રશ્ન :** રામાવતાર ચૌદ કળાવાળા, શ્રીકૃષ્ણ ભગવાન સોળ કળાવાળા ગણાય છે, તે બરાબર છે ?

**ઉત્તર :** શ્રીરામચંદ્ર ભગવાનની શક્તિ, શ્રીકૃષ્ણ કરતાં ઓછી હતી, એમ માનવું ખોટું છે. એમના સમયના કાળધર્મમાં એમને એટલી જ કળાનો ઉપયોગ જરૂરનો હતો. બાકી, એમની શક્તિ શ્રીકૃષ્ણ ભગવાન જેટલી જ હતી, પણ જરૂર લાગી તેટલી જ

વાપરી. કોઈ કાળના સંતમહાત્માના નાનામોટાપણાનું માપ તેમની પ્રખ્યાતિ કે વ્યક્તતા નથી. સંતોને માપવાનો પ્રયત્ન ના કરો.

**પ્રશ્ન :** એનો અર્થ એ, કે સર્વે સંતો એકસરખા વિકાસ પામેલ હોય ?

**ઉત્તર :** આ ક્ષેત્રમાં 'ધસ ફાર ઍન્ડ નો ફર્ધર' જેવું નથી. સતત વિકાસ થયા જ કરતો હોય છે, પણ એવી સરખામણીમાં સાધકે કદી પડવું નહિ. આપણી એવી દશા થતાં સહુ કંઈ ખરું આપમેળે સમજમાં આવી જશે. સર્વે સંતો પ્રભુની વિભૂતિઓ છે, એવી દૃઢ ભાવના આપણે હૃદયમાં રાખવી. પ્રત્યેક સંતાત્મામાં નાનામોટાપણું કશું નથી. જેવા પ્રકારનાં કામે નિમિત્ત થવાનું બન્યું હોય અને તેમાં જેટલી શક્તિ વાપરવી ઘટે તેટલી જ તે વાપરશે.

**પ્રશ્ન :** સાચાખોટા ચમત્કારો વચ્ચે સમજણ પડતી નથી, એ શું હશે ?

**ઉત્તર :** જેમ સૂર્યને ગરમી અને પ્રકાશ સહજ છે, અંગારાને તેની ગરમી કુદરતી છે, તેવી રીતે આત્મનિષ્ઠ માણસમાં આત્માનો પ્રકાશ સહજ રીતે પ્રકાશતો હોય છે. તેની આત્માની શક્તિ પણ વ્યક્ત જીવનમાં થાય ખરી, પણ તે બહાર આવે કોઈ નિમિત્ત મળતાં. બીજા પણ એક પ્રકારના ચમત્કાર કરે છે. જેમ કે મહંમદ છેલ જેવા માણસે. પણ તેઓ આધ્યાત્મિક ના હોય. એટલે એ સહજ નથી હોતા, આટલું તમને સમજાવવાને કહ્યું. કોઈને ઉતારી પાડવાનો હેતુ નથી.

**પ્રશ્ન :** શ્રીસાંઈબાબાની આટલી ભક્તિ કરતાં તેણે કૃપા કરીને અનુગ્રહ કર્યો અને તેની લીલા દર્શાવી, છતાં પતનના સમયે તે બચાવી લેતા કેમ નહિ હોય ?

**ઉત્તર :** અરે ભાઈ, આ તો ગપ્પાં છે ! એ તો વહાલો દયાળુ છે, કે તમને ખુશ કરવા જરા કંઈક લીલા બતાવે, એટલે તમે લોકો એમ સમજો કે તમારી ભક્તિથી એ ખુશ થયો છે. જવા દો એ વાત. ક્યાં છે તમારી ભક્તિ કે જેથી તે તમારી આગળ ૨૪ કલાક હૃદયમાં ખડો રહે ? કોઈ શેઠ તમને ક્યારે ખુશ થઈને ઇનામ આપે ? જો એવી સરસ વફાદારીપૂર્વક અને પ્રમાણિકપણે નોકરી કરી હોય તો. આ ક્ષેત્રમાં એનાથી પણ વધુ સારી નોકરી અને સેવા કરવી પડે છે. સર્વ ભાવે તેને શરણે જાઓ પછી તે તમારી સામે જુએ. અને પતન બાબત કહેવાનું કે ચડઊતર આ માર્ગમાં આવે છે, પણ જે તુરંત ઊભો થઈ જાય તે જ ખરો સાધક કહેવાય. ઈશ્વર, સાધનાની આગળની કેડીઓમાં સહાય કરતો હોય છે, પણ પ્રથમ તો તમારે ભારે તમન્નાથી ઝંપલાવવું પડે છે.

**પ્રશ્ન :** આપ સ્ત્રીશરીરને પુરુષના શરીર કરતાં વધુ ચડિયાતું હોવાનું ઘણી વાર કહો છો, તે કેવી રીતે તે સમજાવશો ?

**ઉત્તર :** સ્ત્રીના શરીરમાં સર્જનની કળા રહેલી હોય છે. જેનામાં સર્જનશક્તિ છે, તે પ્રભુની ચેતનાશક્તિની દ્યોતક ચેતનારૂપ છે. તે સૃષ્ટિના લીલાવિસ્તારમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. તેની સહનશક્તિ અપાર છે. તેનામાં પ્રેમાર્દ્રતા, કોમળ ભાવ, માધુર્ય, માર્દવતા, આકર્ષણશક્તિ, ત્યાગ, શ્રદ્ધા, આત્મસમર્પણ વગેરે અનેક ગુણો પુરુષજીવ કરતાં સ્પષ્ટપણે વ્યક્ત થયા કરેલા છે.

**પ્રશ્ન :** તો પુરુષજીવનું કશું મહત્ત્વ નથી ?

**ઉત્તર :** પુરુષ અંતર્ગતપણે સાક્ષીરૂપે પ્રવર્તતો હોય છે. સ્ત્રીજીવમાં દૈવી પ્રકૃતિના ગુણો સવિશેષ પ્રમાણમાં-એને સર્જન

કરવાનું હોવાથી-હોય છે. જોકે એને પુરુષજીવનો આધાર જરૂરી રહે છે, પણ તે તો માત્ર સૂક્ષ્મ આધાર પૂરતો જ. બાકી તો બધું જે તે એને જ કરવાનું રહે છે.

**પ્રશ્ન :** શાસ્ત્રોમાં સ્ત્રીની નિંદા કરી છે તેનું શું ?

**ઉત્તર :** કહેવાતી નિંદાનો હેતુ ઓળખવો ઘટે. શાસ્ત્રમાં સ્ત્રીજીવને નિંદ્યો છે એવું કશું નથી, ત્યાં તો વૃત્તિને નિંદી છે. વૃત્તિમાં સ્ત્રીપણું કે પુરુષપણું કશું નથી. એમાં પ્રકૃતિની નીચલા થરની વૃત્તિથી પરાઙ્મુખ થવા કાજે એ બધું લખ્યું હોય. બાકી, ગીતામાં 'હું નારીઓમાં સ્મૃતિ, મેધા, ધૃતિ વગેરે છું.' એમ કહ્યું છે. એટલે તેમાં જેમ ગુણોને જ સ્ત્રી કહી છે. તે મુજબ શાસ્ત્રોમાં સ્ત્રીજીવને નિંદ્યો છે એવું કશું નથી. સ્થૂળ અર્થ કરવા જતાં શાસ્ત્રોને અને મહાત્માઓને (જેમણે એમ કહ્યું છે તેમને) અન્યાય થઈ જાય. બાકી, સ્ત્રીપણું અને પુરુષપણું તો બંને પુરુષજીવ તથા સ્ત્રીજીવમાં ઓછેવત્તે અંશે ક્યાં નથી રહેલાં ?

**પ્રશ્ન :** મનની શાંતિ માટે ત્રાટક વગેરે સાધનો સૂચવવામાં આવે છે, તે કેટલી હદ સુધી ફળદાયી હોય છે ?

**ઉત્તર :** હેતુના જ્ઞાનભાન વિના કરાતું કોઈ પણ સાધન આપણને ફાયદો કરવાને બદલે નુકસાન કરતું હોય છે. ત્રાટક વગેરે જે થતું હોય છે, તેનાથી એકાગ્રતા લાધે છે, પણ તેનો ઉપયોગ કયું લક્ષ્ય સર કરવા માટે થવાનો છે, તેનું જો ભાન ના હોય તો તે નકામું છે. કેટલાક ધર્મોમાં ઘણા લોકો ઘણા દિવસના ઉપવાસ કરે છે, પણ તેનાથી આપણા રાગદ્વેષ કેટલા મોળા પડ્યા તેનું તેમને જ્ઞાનભાન નથી હોતું. આપણે સંયમ કરીએ, ઉપવાસો કરીએ, તો તેનો હેતુ આપણી સામે ખડો હોવો ઘટે. જો હેતુની

સ્પષ્ટતા વિના અને સંસારમાં રચ્યાપચ્યા રહીને ત્રાટક જેવાં સાધનો કરીએ, તો ઊલટું આપણે જીવદશાની વૃત્તિઓમાં વધુ ઊંડા ખૂંપતાં જઈશું અને નિમ્નગામી વૃત્તિઓ વધુ મજબૂત બની જશે. આથી ઊલટું જો જીવનવિકાસના હેતુ સાથે આ સાધન થતું હોય, તો આપણે ડગલેપગલે સજાગ બનીશું અને ઊર્ધ્વવિકાસ સાધવા માટે જ આ સાધન છે એની અગત્યતા સમજાશે. અને તો જ મનને ખરી શાંતિ મળશે. માટે, ગમે તેટલાં ત્રાટક, ગમે તેટલા ઉપવાસો હેતુની સ્પષ્ટતા વિના થતાં આપણને કોઈ શાંતિ નહિ આપી શકે. સાધનના પ્રયોગ સાથે સાથે સમર્પણભાવ વ્યક્ત થતો રહેવો જોઈએ.

**પ્રશ્ન :** કેટલાક યોગીઓ બીજાનાં દુઃખદર્દો પોતા પર લઈ લેતા હોય છે, તે શું હશે ?

**ઉત્તર :** 'વીકેરિયસ સફરિંગ'ની વાતો તો જાણીતી છે. એવી રીતે આત્મનિષ્ઠ ઉચ્ચતમ કક્ષાએ પહોંચતાં બીજા જીવોમાં થતા રોગો, પેલા આત્મનિષ્ઠમાં, તાદાત્મ્યભાવને કારણે પ્રગટે છે.★ કેટલીક વાર બીજાનાં દુઃખો તેમનામાં પ્રગટીને પસાર થઈ જાય અને કેટલીક વાર બારોબાર અદૃશ્ય રીતે પસાર થઈ જતાં હોય છે. આની ખબર સામેના જીવને પડે નહિ. પ્રયત્ન કરીને બીજાનાં દર્દો લઈ લેવાતાં હોય, એવું નથી. એ ક્રિયા સહજપણે, ઉપર કહ્યું તેમ મહાત્માના તે તે જીવ સાથેના તાદાત્મ્યભાવને કારણે થાય છે.

---

★ ચેતનનિષ્ઠના તાદાત્મ્યભાવ ઉપરાંત બીજાં લક્ષણો : સાક્ષીપણું, ભાવાતીત, ગુણાતીત અને કાળાતીત થવું ચેતનશક્તિનો પ્રાદુર્ભાવ, સામર્થ્ય, આનંદ અને જ્ઞાન.)

**પ્રશ્ન :** ધ્યાન વખતે ભાવ જાગે તે સારો ?

**ઉત્તર :** ઠીક નહિ, ગમે તે તબક્કે ઍબ્સ્ટ્રેક્ટ (અવ્યક્ત અને નિરાકાર) ભાવ જાગે તે ઠીક નહિ, પણ દા.ત., ત્યારે મારા પ્રત્યે પણ પ્રેમભાવ જાગે તો તે ના આવવા દેવો, પણ ભગવાનનો ભાવ રહે અને કામ કરે એમ જ હોવું જોઈએ. ધ્યાન વખતે વિચારની લહરીઓ આવતી હોય, તો એને આવીને વહી જવા દેવી અને એના અનુગામી વિચારોમાં પડી ના જવાય એ ખ્યાલમાં રહેવું જોઈએ.

**પ્રશ્ન :** ધ્યાનને અંતે પ્રાર્થના થઈ શકે ?

**ઉત્તર :** જરૂર થઈ શકે. પ્રાર્થના સમયે ચિત્ત કે લક્ષ હૃદય ઉપર રાખવું. જોકે પ્રાર્થના પણ એક પ્રકારનું ધ્યાન છે. પ્રાર્થના સાકાર છે. ધ્યાન નિરાકાર છે. ભાવની વૃદ્ધિ અર્થે પ્રાર્થનાનો આધાર લઈએ છીએ. ભાવનાનો ભાવમાં લય થઈ જાય એ પ્રાર્થનાનું રહસ્ય છે. ધ્યાન અને પ્રાર્થનાનું પરિણામ જોકે એકસરખું છે.

**પ્રશ્ન :** જ્યારે શરીરે ઠીક ના હોય ત્યારે ધ્યાન કઈ રીતે કરવું ?

**ઉત્તર :** સૂતાં સૂતાં ધ્યાન થઈ શકે. સૂતાં સૂતાં પલાંઠી વાળીને કરવું સારું. બાકી, લાંબા પગ કરીને અંગૂઠે અંગૂઠો અડાડીને પણ થઈ શકે. ધ્યાન માટે આસનની જરૂર શરૂઆતમાં જ રહે છે. પછીથી જ્યારે સાધક એમાં તરબોળ બની જાય છે, ત્યારે કોઈ જાતના આસનની એને જરૂર રહેતી નથી. આપણી પ્રત્યેક ટેવથી આપણી સંકલ્પશક્તિ કેમ વધે, તે જોઈને આપણું કામ નક્કી કરવાનું રાખવું.

**પ્રશ્ન :** સંયમ એટલે શું ?

**ઉત્તર :** સંયમ એટલે પોતાના જીવનનું સંપૂર્ણપણે રક્ષણ કરવા યોજાયેલી આચારની દીવાલ. સંયમમાં પોતાના પ્રત્યે કઠોરમાં કઠોર થવાનું હોય છે, કેમ કે તેના વિના રક્ષણ કરવાનો કોઈ માર્ગ નથી, પરંતુ સાથે સાથે અંતરમાં રહીને અંતરમાંથી બળ પ્રગટાવીને દરેક આચારવિચારની તે ચોકી કરે છે. શરીર જેમ ચામડીથી બરોબર બંધ રહે છે અને અંદરના જીવનદાયી પદાર્થો ટકી રહીને વધે છે, તેમ ખીલતા જતા આંતરિક જીવનની આસપાસ જ્ઞાનાત્મક સંયમનું કવચ અનિવાર્ય છે.

**પ્રશ્ન :** સંયમની કોઈ સીમા હોય ખરી ?

**ઉત્તર :** હા, એનો અતિરેક ના થઈ જાય તે પણ આપણે જોવાનું છે. સમજણ વિનાનો અતિરેક વિઘાતક નીવડે છે. સાદા અર્થમાં સંયમ એટલે જીવનમાં આચરાઈ રહેલા ભાવોની સીમા અથવા સમભાવની સીમા. 'સમભાવની સીમા' એટલા માટે કે સર્વ જીવો અને પોતાની પ્રત્યે સમભાવભર્યું વર્તન રાખનારને હંમેશાં એવી સીમાની જરૂર રહે છે. આ સીમા સાધુપુરુષોને જ માત્ર નહિ, પણ પ્રત્યેકને અનિવાર્ય છે.

**પ્રશ્ન :** સાચા સંયમનું લક્ષણ કેવું હોય ?

**ઉત્તર :** જે સાચી પ્રમાણિકતા અને નેક દાનતથી વર્તે છે, તેવાના જીવનના બાહ્યાચારમાં એના અંતરના સંયમની છાપ સરખી પણ તે નહિ પડવા દે. જે સંયમને વારંવાર વ્યક્ત થવાપણું હોય તે સંયમ જ નથી. સંયમી જીવન આપમેળે જ પોતાનાં જીવન અને શક્તિ પ્રાપ્ત કરે છે, એવી એ સંયમની શક્તિ છે.

**પ્રશ્ન :** ભક્તિ કોને કહેવાય ?

**ઉત્તર :** ભક્તિ એ ઊર્મિમય જીવન નથી, પોકળતા પણ નહિ, તેનો પાયો જ્ઞાનની વાસ્તવિકતાભરી હકીકતના નક્કર પાયા પર રચાયેલો છે. ભક્તિ એટલે મનાદિકરણોને સતત એકધારા એના પ્રિય ચિંતનમાં ગુંદર કે સરેશની જેમ ચીટકાવીને રખાવે ત્યારે તેને ભક્તિ કહી શકાય. ભક્તિને કાજે હૃદયના ઉન્માદ અને ઉત્કટતાભર્યા અફાટ, અપાર ભાવની જરૂર રહે છે. ભક્તિ પરમ પરાક્રમથી અને શૌર્યથી ભરેલી છે.

**પ્રશ્ન :** ભક્તિભાવ બધા સંત પરત્વે રાખવો કે એક પ્રત્યે ?

**ઉત્તર :** એક પરત્વે. જે જીવનો મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ વગેરેનો સમર્પણભાવ એક સંતમાં થઈ જતો હોય છે, ત્યારે એને બીજા કોઈ સંત દ્વારા પણ તેનામાં તેવો જ ભાવ પ્રેરાતો હોય છે. આ જીવને ગુરુમહારાજના સ્થૂળ શરીર વિના બીજાઓ કનેથી પણ સાધનાનું શીખવાનું શ્રીપ્રભુકૃપાથી મળી શકેલું છે. જો હૃદયથી સાચી રીતે એકને પામી શકીએ, તો અનેકને પણ પામી શકીએ. જે એકને એવી રીતે, સર્વ રીતે અને સર્વ ભાવે વરેલા છે, એવા જીવમાં પણ પ્રત્યક્ષ તે તે દશાનાં લક્ષણો પ્રગટતાં હોય છે.

**પ્રશ્ન :** જે એકને વરેલો હોય તેવા જીવમાં કેવાં લક્ષણો દેખાય ?

**ઉત્તર :** એવા જીવોમાં એક પ્રકારનું ઝનૂન અને ધૂન પ્રગટતાં હોય છે. તેની ભાવનાની ઉત્કટતા જેવી તેવી હોતી નથી. એક સંસારી જીવ જે માત્ર ખાલી વાત કરનાર હોય છે અને બીજો તેવા ક્ષેત્રનો જીવ, પણ જેનું મન એકને જ વરવાપણામાં થયેલું છે અને જે રીતે તે ઝંખે છે - તે બંને જીવનાં વહેવાર, વર્તન અને બોલીમાં ફરક જણાયા વિના રહેતો નથી.

**પ્રશ્ન :** સદ્‌ગુરુ મુખ્ય કામ શું કરતા હશે ?

**ઉત્તર :** માને બાળક ઉછેરવાનું હોય છે, તો એનાં મળમૂત્રનો એને સંગ કરવો જ પડે છે. બાળકના મૂત્રથી ભીનાં થયેલામાં સૂવું પડે છે અને એના મળથી પોતાને કદીક લીંપાવું પણ પડે છે. બાળકનું તે બધું એને સાફ કરવું પડે છે, કેમ કે બાળક પરત્વે માની કુદરતી પ્રેરણા એને તે પ્રમાણે વર્તાવે છે. એવી જ રીતે સદ્‌ગુરુનું છે.

**પ્રશ્ન :** ગુરુની પ્રથા પર ઘણા પ્રહારો કરતા હોય છે, તેનું શું કારણ હશે ?

**ઉત્તર :** જીવનવિકાસની ભાવનાવાળા જીવ તો બહુ જ વિરલ, નજીવા પ્રમાણમાં હોવાના. તથા ચેતનની અપેક્ષાએ ચેતનને પ્રગટાવીને પ્રેરાવી શકે એવા સદ્‌ગુરુ પણ વિરલ જ હોવાના. સમાજમાં ઘણાં પોતાની સ્વાર્થી કામનાઓ પોસવા માટે તેવા પ્રકારના ગુરુમાં ભેરવાઈ પડતા હોય છે. આવા ગુરુશિષ્યના પ્રકારમાં બંનેને નુકસાન જ હોય છે. આથી, તેના પર પ્રહારો પડે તે તદ્દન યથાર્થ જ છે.

**પ્રશ્ન :** જ્યોતિષશાસ્ત્ર વિશે આપ શું માનો છો ? એના પર કેટલો આધાર રાખી શકાય ?

**ઉત્તર :** એક શાસ્ત્ર તરીકે તેની ગણતરી ખરી, પરંતુ બધું તેમાંથી નીકળેલું સાચું હોય છે તેવું કશું જ નથી. એ ના જોવડાવવું તે ઉત્તમ. જોવડાવ્યા પછી એનો એવો વિચાર તો દિલમાં પેસી જાય અને પછીથી તેવો વિચાર આપણને સતાવ્યા કરે છે. એટલે કાં તો જોવડાવો નહિ અને જોવડાવો તો પછી તેનો સંતોષ પ્રગટે તેવી રીતે તથા જોવડાવવાથી આપણા મનમાં પ્રવેશી ગયેલા

વિચારને શાંતિ મળે તે પ્રમાણે કહ્યા પ્રમાણે કરીએ તો સારું. છતાં જ્યોતિષ પર શ્રદ્ધા ના હોય તેટલું ઉત્તમ. જ્યોતિષ પર બધો આધાર રાખનાર દુઃખી થાય છે, એવો મારો મત છે. ગ્રહો વગેરે જે મત દર્શાવે છે, તે પુરુષાર્થ અને પ્રભુકૃપાથી ફેરવી પણ શકાય છે, એમ હું માનું છું.

**પ્રશ્ન :** 'માતૃપિતૃદોષ' હોય તો તે 'નારાયણબલિ' કરવાથી દૂર થઈ જાય છે, એ વાત સાચી ખરી ?

**ઉત્તર :** 'નારાયણબલિ' તો તૂત છે. જો એવા માતૃપિતૃદોષના વિચારો આવ્યા જ કરે, તો તે વખતે ખરા દિલથી પ્રાર્થના કર્યા કરવી, તે ઉપાય ઉત્તમ છે. અને નામસ્મરણ તો હાલતાં ચાલતાં કરવું. તેવા સ્મરણથી શરીરના આરોગ્યને પણ મદદ થાય છે. એ કંઈ મનના ગપગોળા નથી. નામસ્મરણ જીવનનાં સર્વ ક્ષેત્ર અને પાસાંમાં મદદ કરનાર છે, ઉત્સાહ પ્રેરનાર છે.

**પ્રશ્ન :** મૃત્યુનો વિચાર આવતાં ભય લાગી જાય છે, તો શું કરવું ?

**ઉત્તર :** પ્રાર્થના કરવી. પણ મૃત્યુનો વિચાર જ ના કરવો, કારણ કે જે આપણા ધાર્યા પ્રમાણે તો બનવાનું જ નથી, તેથી પહેલાં કે પછીનો પ્રશ્ન જ ઉદ્ભવતો નથી. વળી, તેવો વિચાર તો મનની નબળાઈ સૂચવે છે. અને ડર તો કાઢવો જ જોઈએ. જેનો જેનો ડર લાગે છે, તે તો તેવા પ્રકારના પડી ગયેલા સંસ્કારને લીધે છે. માટે, તે તે સમજીને તેવા બધા જ ડર કાઢી નાખવા. ઊલટું ડરના વિચારો માનવીને એમાં વધારે જકડાવ્યા કરે છે.

**પ્રશ્ન :** આપ ભાવના ઉપર આટલો ભાર મૂકો છો, તેનું હાર્દ સમજાવશો ?

**ઉત્તર :** જ્યારે જીવનમાં સાચેસાચી ભાવના પ્રગટે છે, ત્યારે તેવી સમજણ ઊગ્યા વિના રહેતી નથી. જેને ધ્યેય પરત્વેની ઝંખના જાગી છે, તેનામાં ભાવના પ્રગટે છે, અને તેવી ઝંખના પ્રગટાવવાને માટે અભ્યાસ, ઉદ્યમ, ઉત્સાહ વગેરેની પણ જરૂર છે. એમાંથી પછી ગતિ પ્રગટી શકે અને ભાવના આપણી આંખ ખોલે છે, આપણને તે બેઠાડુ રહેવા દેતી નથી. શરીરના એકેએક અંગની કેળવણી ભાવનામાંથી પ્રગટે છે. તેથી ભાવના હજાર હાથવાળી અને હજાર આંખવાળી કહી શકાય. ભાવના એકરંગી હોવા છતાં અનેક રંગી પણ છે. ભાવના એક સ્વરૂપવાળી હોવા છતાં બહુસ્વરૂપિણી પણ બની શકે છે. આમ, ભાવના ગુરુ, માતા, પિતા, પતિ અને સખા પણ બને છે. તેથી ભાવના સાથે આપણું સગપણ બાંધો એ જ જરૂરનું છે. સ્મરણ, પ્રાર્થના, ભજન, કીર્તન વગેરેના અભ્યાસથી **ભાવ** પ્રગટે છે.★

**પ્રશ્ન :** ચિત્તની પ્રસન્નતા માટે શું કરવું જોઈએ ?

**ઉત્તર :** સાધનામાં પડેલા જીવને આ પ્રશ્ન નહિ ઊઠે, કેમ કે સાધનાનું એક લક્ષણ જ પ્રસન્નચિત્તતા છે. આમ છતાં પ્રસન્નતા મેળવવા માટે નીચે જણાવેલી રીતો આદરવી જોઈએ.

૧. પ્રત્યેક જીવની સાથે મૈત્રીની ભાવના રાખવી જેથી વેરવૃત્તિ ઘટે.

૨. કરુણાનો ભાવ પ્રત્યેકની સાથે કેળવવા અભ્યાસ પાડવો. તેથી કરીને અહંકાર વગેરે વૃત્તિઓનો લય થાય.

---

★ શ્રીમોટાએ **'ભાવ'** ઉપર ૧૯૭૧માં ૮૮ શ્લોકોનું પદ્ય-વિવરણ લખ્યું છે.

૩. મુદિતાનો ભાવ કેળવવો. તેનાથી સાહજિક કદરવૃત્તિની ભાવના જાગે અને પરસ્પર સહાયથી ઉચ્ચ ભાવના પ્રગટે.

૪. ઉપેક્ષા એટલે નિઃસ્પૃહતાથી લોભ, ક્લેશ, મોહ, મમતા વગેરેનો નાશ થવા માંડે.

તે ઉપરાંત, નિંદા અને લૌકિક વાતો પ્રસન્નતાને જન્મતાં અટકાવે છે.

**પ્રશ્ન :** જે 'આત્મનિવેદન'ની વાત પર આપ વારંવાર ભાર મૂકો છો, તે સમજાવશો ?

**ઉત્તર :** દરેકના જીવનમાં કંઈ ને કંઈ મડાગાંઠો હોવાની જ. સાધકનો તેમાં સમાવેશ થઈ જાય છે. હવે જો તે સંપૂર્ણપણે ખુલ્લો ના રહ્યા કરે, એનાથી નોખાપણું ના રાખ્યા કરે, તો તે ક્યાંક ફસાઈ જવાનો. એટલે સાધકે પોતાના મનના વિચારોને આત્મનિવેદનની ભાવનાથી જણાવ્યા કરવા ઘટે. જે વિચારો મનમાં સૂક્ષ્મપણે છુપાઈને પડેલા હોય છે, તે વખત જતાં બળવાન બને છે અને આપણને ઊંધે પાટે પણ ચડાવે છે. એટલે આપણામાં 'આત્મનિવેદન'નો પ્રકાર એ ઉત્તમ પ્રકારની ભક્તિ ગણેલી છે.

**પ્રશ્ન :** કર્મ પ્રમાણે બદલો મળતો હોય, તો પછી ભગવાનનું નામ લેવાનો શો અર્થ ?

**ઉત્તર :** કર્મનો બદલો ભોગવવો પડે છે, પરંતુ 'શૂળીનું વિઘ્ન કાંટે ગયું', એના જેવું ભગવાનને ભજવાથી થાય. કર્મનાં પરિણામની જલદ માત્રા - ઈન્ટેન્સિટી - ઘટીને ઘણી જ નાની-બિલકુલ સૂક્ષ્મ સ્વરૂપે-નામસ્મરણથી થઈ જશે. આ હકીકત અનેક સંતભક્તોએ અનુભવેલી છે, અને મને પણ ભગવાનના નામ-સ્મરણમાં વિશ્વાસ અને શ્રદ્ધા વખતોવખત જામતાં ગયાં છે. એટલે

કર્મનો સિદ્ધાંત જ સર્વોપરી છે, એવું કશું નથી.

**પ્રશ્ન :** દુનિયામાં દેખાતાં બધાં દુઃખ, ત્રાસ, અંધાધૂંધી, અન્યાય વગેરે જોતાં ઘણી વાર ઈશ્વરના અસ્તિત્વ વિશે શંકા ઊપજે છે. જો ઈશ્વર ખરેખર હોય તો આવું બધું કેમ સંભવે ?

**ઉત્તર :** આવા પ્રશ્નો કેટલીક વાર ઉપરછલ્લા હોય છે. પ્રશ્નો પરથી એમ લાગે કે લોકોમાં મથામણ થાય છે, પણ એ ખરી રીતે કેવળ ચર્ચા પૂરતા જ હોય છે. આવી ચર્ચાઓ વિશેષ કરીને સભ્ય ગણાતા લોકોની હોય છે. મારા મતે આવા લોકો જડ લોકો કરતાં પણ નપાવટ છે. જેને ખરા દિલથી એ મથામણ જાગેલી હશે તેને એક દિવસ તેની સમજણ પડશે. જગતના મોટા ભાગના મનુષ્યોના હૃદયમાં કોઈ ને કોઈ પ્રકારના ભગવાન કે દેવ વિશેની ભાવના રહેલી જ છે. એટલે એમ કહી શકાય કે એ ભાવના સુષુપ્તપણે આખા જગતમાં પડેલી છે. આ હકીકત આપણે ગળે પૂરેપૂરી ઊતરી હોય, તો આપણા જીવનના ધ્યેયને સતત વધારે ને વધારે તમન્નાવાળું બનાવીએ. એને માટે નામસ્મરણ એ મોટામાં મોટું સાધન છે.

**પ્રશ્ન :** ભાવદર્શન અને આકૃતિદર્શન, એ બે શું છે ?

**ઉત્તર :** આપણે જેને સદ્‌ગુરુ કે જે ઈશ્વરનાં સ્થૂળ સ્વરૂપને માનતા હોઈએ અને તેની છબીનું પૂજન-અર્ચન કરતા હોઈએ એનો ભાવ આપણા હૃદયમાં ઉતારવાનો પ્રયત્ન કરીએ છીએ. પછી તે ભાવ એટલો હૃદયમાં ઊતરે કે છબી પ્રત્યક્ષ ના દેખાતી હોય તોપણ મનની આંખ આગળ અને પછી તો હૃદયના સ્થાન ઉપર તે પ્રત્યક્ષ દેખાતી હોય. એ સાધનાને અને તેના પરિણામને હું 'આકૃતિદર્શન' નામ આપું છું.

પણ ભાવદર્શન એનાથી આગળની સ્થિતિ છે. જે કોઈ પણ આપણું પૂજ્ય હોય તેની આકૃતિનાં સૂક્ષ્મ દર્શન સાથે આપણામાં એવો ભાવ જાગે કે એ આકૃતિ તો ભગવાનનું વ્યક્ત સ્વરૂપ છે. એટલે કે ભગવાન એના હ્દયમાં સદાય વસેલા છે એવો ભાવ આપણા મનમાં જાગે અને એ ભાવ સતત હ્દયમાં રહે, ત્યારે એવા ભાવ સાથેનું દર્શન 'ભાવદર્શન' કહેવાય.

જ્યારે જ્યારે એ પૂજ્ય વ્યક્તિનો વિચાર કરતાં એને વ્યક્તિ તરીકે ના વિચારીએ કે ના દેખીએ, પણ એને ચેતનભાવે હ્દયથી પિછાની શકીએ, તો એ ભાવદર્શનમાં આપણી પ્રગતિ થઈ કહેવાય. અને છેવટે એ વ્યક્તિને બદલે એની પાછળ રહેલો સૂક્ષ્મભાવ જ આપણે અનુભવ્યા કરીએ અને આપણે જાતે જ એ અનુભવમય થઈ જઈએ ત્યારે 'ભાવદર્શન'ની સાધના ફળી કહેવાય - અને પછી તો એ સૂક્ષ્મભાવ બધે ઠેકાણે અને બધે સમયે આપણાથી અનુભવાય.

**પ્રશ્ન :** દિલનું રૂપાંતર કરવાની શક્તિ આપ ના આપો ?

**ઉત્તર :** દિલે દિલ હળી, મળી, ભળી, ગળી જાય અને આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્-એ કરણોની જેવી હેતુલક્ષી સભાનતા જામતી રહે, તો તેવી શક્તિ મળે જ મળે. અને અહમ્‌નો રણકો પણ સંભળાય નહિ અને પૂર્ણપણે નમ્રતા પ્રગટે અને શરણાગતિની ભાવના જીવંત પ્રગટતી જાય ત્યારે જ ચેતનની શક્તિ કામ કરવા લાગી જાય ખરી. શક્તિ માગ્યા કરવાથી મળે તેવું તો ખાસ કશું નથી. આપણું દિલ સ્વીકારાત્મક અને સહકારયુક્ત 'રિસેપ્ટીવ અને રિસ્પૉન્સિવ' થાય તો તે શક્તિ મળતી અનુભવ્યા વગર ના રહી શકે.

**પ્રશ્ન :** સ્વપ્ન આવે છે, તે શું સૂચવે છે ?

**ઉત્તર :** સ્વપ્ન એ તો અનેક પ્રકારના સંસ્કારો જે ચિત્તમાં પડેલા હોય છે, તેનો શંભુમેળો થઈને પ્રગટ થવું તે છે. સ્વપ્નમાંથી કેટલીક વાર આપણને સમજવાનું બને છે. જીવન પરત્વેની ભાવના જ્યારે દિલમાં ખરેખરી પ્રતિષ્ઠા કરી રહેલી હોય છે, ત્યારે આવાં સ્વપ્નોનો અર્થ આપણે પોતે આપણી મેળે ઘટાવી શકીએ છીએ. કેટલીક વાર સદ્‌ગુરુ તેના શિષ્યને સ્વપ્ન દ્વારા સૂચન પણ કરતા હોય છે. સાધનાના માર્ગનો બોધ દે છે અને સાધના પણ કરાવે છે.

**પ્રશ્ન :** કેટલાક માણસો નિયમિતપણે દેવમંદિરે જતા હોય છે, છતાં તેઓ તેમના અંત સમયે ઘણી વાર મનની શાંતિ ગુમાવી બેધ્યાનપણે લવારો કરતા હોય છે, એલફેલ બોલતા હોય છે અને ભગવાનનું નામ યાદ આવતું નથી હોતું. તેનું શું કારણ ? અને એનો કોઈ ઉપાય ખરો ?

**ઉત્તર :** કેમ કે તેમના હૃદયમાં ભગવાન વિશેની સાચી ભાવના ઊગેલી હોતી નથી. તેઓ મંદિર જતાં આવતાં પર-નિંદામાં રાચતા હોય છે અને હેતુનું જ્ઞાનભાન રહેતું નથી. આથી, તેઓ કોરા જ રહેતા હોય છે. આથી, તેમને અંતકાળે ભગવાન યાદ આવતા નથી. આનો ઉપાય એક છે : **'જાગતા નર સેવીએ'.** જાગેલા નરનો સહવાસ અંતકાળે કામ આવી જાય છે. આ સંબંધે મારા ગુરુમહારાજે મને એક અનુભવ કરાવેલો. મારા ગુરુ-મહારાજ ઘણી વાર કહેતા કે 'દિલની સચ્ચાઈ સાથે થયેલો સંતસમાગમ ગમે તેવા ખરાબ માણસને પણ સદ્‌ગતિ થવા પ્રતિ પ્રેરે છે.' આ હું સમજી શકતો નહિ. મારી આ શંકા તેમની

આગળ વ્યક્ત ના કરી છતાં તેઓ તે કળી ગયા.

અને એકવાર મને પાસેના (ગુરુમહારાજના સ્થાન પાસેના) એક ગામમાં જઈને 'મરવા પડેલા' એક માણસને જોવા જવા હુકમ કર્યો. તે ગામે હું ગયો અને ગામમાં તપાસ કરી કે, કોઈ માણસ ભારે બીમારીમાં મરવા પડ્યો છે ? એનું ઘર જડી ગયું એટલે હું ઘરમાં જઈને તેની પથારી પાસે બેઠો. તે ખરેખર મૃત્યુશય્યા પર પડેલો હતો, અને સંનિપાતમાં ગાળો બોલતો હતો. મને તેથી કંટાળો તો આવ્યો છતાં બેસી રહ્યો. ગુરુમહારાજની આજ્ઞા હતી માટે. થોડી વારે એની ભાષા અને ભાવ બદલાયાં અને તે પ્રાર્થના કરવા લાગ્યો : 'હે ધૂણીવાળા દાદા ! હે ગુરુમહારાજ ! હે દયાળુ પ્રભુ ! મારા ગુના માફ કર, મારા પર દયા કર !' વગેરે. ગુરુમહારાજ એની સામે ઉપસ્થિત હોય એ પ્રમાણે તે બોલતો. અને થોડી વારે તેણે શાંતિપૂર્વક ભગવાનનું, ગુરુનું નામ લેતાં લેતાં પ્રાણ છોડ્યા. આમ, 'જાગેલ' પુરુષનો સેવેલો સહવાસ ગમે તેવા દુરાચારી માણસને પણ સદ્યમુક્તિ આપે છે, તેનો પ્રત્યક્ષ અનુભવ પ્રભુકૃપાએ થયો.

**પ્રશ્ન :** શ્રીઉપાસની મહારાજ દુર્ગાબાઈના ચડાવ્યા પૂજ્ય ગોદાવરી માતાને (તેમની નાની વય દરમિયાન) કેમ મારતા હતા ? દુર્ગાબાઈ પણ તેમને મારતાં !

**ઉત્તર :** દુર્ગાબાઈ પૂજ્ય ગોદાવરી માતાને મારતાં તે તેમના સ્વાર્થને ખાતર અને શ્રીઉપાસની મહારાજ મારતા તે ગોદાવરી માતાના ઉત્કર્ષ ખાતર, જે બીજા જોનારાની સમજમાં ના આવી શકે. હું આવો અર્થ ઘટાવું છું. મારા ગુરુમહારાજે મને એકવાર એક માણસ જઈ રહ્યો હશે તેને બતાવીને કહ્યું કે 'પેલા માણસને

પથરો માર...માર, માર, સાલાને, લોહીલુહાણ થઈ જાય એવી રીતે માર.' ગુરુનો હુકમ કેમ તોડાય ? એટલે પેલા રસ્તે જનારને મેં પથરો માર્યો. એટલે પેલો માણસ આવીને મને કહે, 'અલ્યા ! પથરો કેમ માર્યો ? મેં તારું શું બગાડ્યું હતું ?' મેં કહ્યું, 'જો, મારી ઇચ્છાથી નથી માર્યો. પ...ણે પેલા ગુરુમહારાજ બેઠા છેને, તેમણે મને તમને મારવાનું કહ્યું એટલે મેં તમને માર્યો. એટલે એ ગુરુમહારાજ પાસે ગયો અને પૃચ્છા કરી, ત્યારે ગુરુજીએ તે કેવાં ખરાબ કર્મ કરવા જઈ રહ્યો હતો તે કહી બતાવ્યું. પેલો માણસ મહારાજને પગે પડ્યો અને રડીને પશ્ચાત્તાપ જાહેર કર્યો. આમ, યોગીજનોની વાતો નિરાળી હોય છે.

**પ્રશ્ન :** કહે છે કે સંતો તેમના દેહવિલય પછી પણ તેમના ભક્તોને માર્ગદર્શન આપતા હોય છે એ સાચું ?

**ઉત્તર :** હા, જરૂર. ગીતાજીમાં નથી કહ્યું કે ઈશ્વર અવતાર લે છે, તેવી રીતે સંતો પણ, અરે, સૂક્ષ્મરૂપે પણ ભક્તોને માર્ગ બતાવે છે.

**પ્રશ્ન :** માણસ આપઘાત કર્યા પછી તુરંત જ પુનર્જન્મ લે ખરો ?

**ઉત્તર :** ના, એવો માણસ ભૂત થાય, પણ તેનો આધાર કયા કારણે તેણે આપઘાત કર્યો તે છે. કામક્રોધાદિ વાસનાઓને લઈને તેણે આપઘાત કર્યો હોય તો તે ભૂત બને, પરંતુ કુદરતી મૃત્યુ પામનાર કોઈ મહાન ભક્ત હોય, સંતમહાત્મા સાથે હળી, મળી, ભળી, ગળી ગયેલો હોય, મહાન સંશોધક હોય, તો તેવો જીવ તુરંત જ પુનર્જન્મ લે અને વાસનાબદ્ધ જીવો બહુ મોડો જન્મ લે.

**પ્રશ્ન :** મોટા, મેં સાંભળ્યું છે, કે આપ સ્ત્રીનો જન્મ લેવાના છો ?

**ઉત્તર :** હા, કારણ કે મારે તેમની વચ્ચે તેમના માટે કામ કરવું છે. તે આ પુરુષદેહથી થઈ શકે નહિ-જોઈએ તેટલું. પણ હું સંતાન પેદા કરનારી સ્ત્રી નહિ હોઉં.

**પ્રશ્ન :** આપ દક્ષિણમાં જન્મ લેશો ?

**ઉત્તર :** ના, ચોક્કસ નહિ.

**પ્રશ્ન :** દેહ છોડ્યા પછી કેટલા વખતમાં ?

**ઉત્તર :** તુરંત જ.★

**પ્રશ્ન :** પ્રભુ, અમને તમારી સાથે રાખશો ?

**ઉત્તર :** એનો આધાર તમારા પર છે. અત્યારે તમે બધાં મળ્યાં છો, તો એમ ને એમ નથી મળ્યાં. ભક્તિથી વળગેલાં રહેવું જોઈએ.

**પ્રશ્ન :** અવસાન પામેલા જીવાત્માને મળી શકાય ખરું ? દેહત્યાગ પછી જીવની ગતિ કેવી થતી હશે ?

**ઉત્તર :** ચાલી ગયેલા જીવાત્માને મળવા માટે શું કામ પ્રયાસ કરવો ? એ જીવાત્માને નહિ મળી શકાય. પ્લેન્ચેટ કે ગોળાથી જોઈ, મળી શકાય. આપણા સબકોન્શિયસ માઈન્ડનું-સુષુપ્ત મનનું પરિણામ પ્લેન્ચેટ કે ગોળામાં પ્રતિબિંબિત થાય છે. મરી ગયા પછી કદાચ મળી શકાય, પણ તે ક્યારે ? જ્યારે એ

---

★ આ ઉત્તર ઘણાં વર્ષ પહેલાંનો છે. દેહત્યાગના થોડા સમય અગાઉ (એકાદ વર્ષ અગાઉ) તેમણે જણાવેલું કે તેઓ પુનર્જન્મ એટલો વહેલો નહિ લે, કેમ કે તેમને તેમની સાથે ઘણાંને, આ જન્મમાંનાં ભક્તોને, સાથે રાખવાનાં છે.

બંને જીવો ખૂબ પ્રેમમાં હોય, દીર્ઘકાળ પર્યંત, તો શરીર પડ્યા પછી મળી શકે. શરીર છૂટે ત્યારે આપણો જીવ શરીર સાથેના વાતાવરણમાં થોડા કલાક રહ્યા કરતો હોય છે.

જીવ ગયા પછી તે જીવાત્મા માટે રડશો કકળશો નહિ. તે વખતે શાંત રહો. ભગવાનનું અખંડ સ્મરણ તેર દિવસ માટે પ્રગટાવો. તેથી શરીર છોડી ગયેલા આત્માને શાંતિ મળશે. ઈશ્વરનું ગુણગાન કરો, સ્મરણ કરો. તેને શાંતિ મળશે. મરણ પછી ઘણા સમય પછી દાન કરશો તે નકામું છે, પરંતુ મૃત્યુ પછી જ તેની સ્મૃતિ રાખીને દાન કરશો તો તે કામનું. ગત જીવને ગમતું એવું સારું કામ કરો.

તેર દિન બાદ ધીરે ધીરે જીવાત્માનો સંબંધ, આસક્તિ ઘટતાં જાય છે. કાળક્રમે એટલે કે બાર મહિને તે સંબંધ બિલકુલ ચાલ્યો જાય છે. આથી, બાર માસ સુધી તેના માટે નામસ્મરણ, પ્રાર્થના વગેરે કર્યા કરવું. અને તે બાર માસ પછી તે જુદાં જુદાં શરીરો તેની વાસના મુજબ ધારણ કરતો હોય છે. એટલે તેની સાથે આપણે શું કામ સંબંધ બાંધવો જોઈએ ?

એનો જન્મ ફરી પાછો ક્યારે થશે, એ નક્કી હોતું નથી. જેમ માણસ વધારે વિલાસી, વિષયી, કામી, લોભી, મોહી, પ્રપંચી તેમ તેને જન્મ લેતાં ઘણો કાળ વહી જાય છે. વહેલો કોણ જન્મે ? જે સત્ત્વગુણમાં જન્મેલો છે, જેની ભક્તિ અધૂરી રહી છે, જે મુક્તાત્મા છે અને જેની ઇચ્છા ભક્તોની સેવા કરવાની છે તેને, તેવા આત્મા પરત્વે ખરેખરો રાગ પ્રગટેલો છે, જેનામાં તે હળી ભળી ગયેલાં છે, તે બધાં વહેલા જન્મ લેતાં હોય છે. આમ, છૂટા પડેલા જીવોનું મિલન આ રીતે શક્ય છે. છતાં ભેગા થાય તો

તમે ઓળખશો શી રીતે ? માટે, આ બધી લપ છોડી દો. સત્યને વળગી રહો. કોઈ જીવ ખરાબ સ્થિતિમાં પહોંચ્યો હોય, તો બીજાએ ત્યાં શું કામ જવું ? અને તેવી સ્થિતિએ કોઈ કોઈને લઈ જાય નહિ.

**પ્રશ્ન :** માંદગી વેળા 'કોમા'-બેભાનપણું થઈ જવાની સ્થિતિ આવી જાય, ત્યારે પ્રભુસ્મરણ કેવી રીતે રહે ? અને કાંઈક જીવનમાં સાચું સ્મરણ કરવાની કોશિશ કરી હોય અને મૃત્યુ ટાણે 'કોમા' આવી જાય તો તેનું શું બધું એળે જાય ?

**ઉત્તર :** એળે ના જાય. સમગ્ર જીવનની પૂર્ણતા જોવાની રહે છે. થોડું ઘણું પણ જો કરાયું હોય તો તે નકામું ના જાય. ઊલટપક્ષે કોઈએ જીવનભરમાં પ્રભુસ્મરણ મુદ્દલે કર્યું ના હોય અને મૃત્યુ ટાણે ઊડતો વિચાર આવ્યો, આવી જાય ઈશ્વરનો-જોકે તેવું થવું શક્ય નથી, તો તેથી કરીને કંઈ તેની સદ્‌ગતિ જ થાય તેવું કશું ના હોઈ શકે. હા, જો બેત્રણ દિવસ સતત એવું સ્મરણ થયું હોય કે રહ્યું હોય તો અવશ્ય લાભ થાય.

**પ્રશ્ન :** શું જગત મિથ્યા છે ?

**ઉત્તર :** વેદાંતમાર્ગી લોકો આ જગતને મિથ્યા માને છે, તે બ્રહ્મને સત્ય માને છે. શિખાઉ લોકો તેને પૂરેપૂરું સમજ્યા વિના હાંક્યે રાખે છે. તો જગત શું ખરેખર મિથ્યા છે ? આપણો જન્મ, આપણો વહેવાર, સંબંધો, નિયમો, ફરજપાલન એ બધું શું નકામું છે ? સામાન્ય જનો માટે સંસાર મિથ્યા નથી, એ એક હકીકત છે. તેમને હજારો માણસો સાથે અનેક ક્ષેત્રમાં સંબંધ બંધાયેલો છે. જગતને મિથ્યા માની તે સંબંધોને શું કાપી નાખવા ? જેઓ સાધનામાર્ગે આગળ વધીને પરમાત્માનો અનુભવ કરે છે, તેમને માટે પણ શું જગત મિથ્યા છે ? સંબંધો મિથ્યા છે ? આખું

જગત ઈશ્વરની લીલા તરીકે લાગે છે, તેથી તેને પણ તેઓ મિથ્યા માનતા નથી. એનો અર્થ એ, કે લોકોએ નાશવંત સંબંધો પાછળ દોડાદોડી કરી મરી ના જવું અને તે સત્ય સમજીને સાચું જીવન જીવવું. એ રીતે આપણને મળેલાં કાર્યો કરવાનાં છે. આસક્તિ રાગાદિના સંબંધો તોડવાના છે. બધું ઈશ્વરને સમર્પણ કરીને. એ ચેતનની અપેક્ષાએ જગત મિથ્યા છે. સંપૂર્ણ સમાધિની કક્ષાએ પહોંચ્યા પછી પોતાના અસ્તિત્વનું પણ ભાન રહેતું નથી. એટલે એ સ્થિતિમાં જગત મિથ્યા છે.

**પ્રશ્ન :** શિવલિંગના પ્રતીકનો શો અર્થ હશે ?

**ઉત્તર :** શિવલિંગનું પ્રતીક માનવની ઊર્ધ્વમુખી પુરુષની ચેતનાનું પ્રતીક છે. તેણે સતત ઊર્ધ્વવિકાસ સાધ્યે જવાનો છે. અને શિવલિંગની આજુબાજુનાં ફરતાં ગોળ વર્તુળના પ્રતીકનો અર્થ પ્રકૃતિની મર્યાદા છે. એ મર્યાદામાંથી પુરુષ-ચેતનાએ ઊર્ધ્વગતિ કર્યે જવાની છે. આગળ પોઠિયો જે હોય છે, તે મદમસ્ત પ્રાણશક્તિ અને વૃત્તિઓનું (જીવદશાનું) પ્રતીક છે. તેને કાબૂમાં લઈને તેનું મુખ મહાદેવ (ઈશ્વર) તરફ ફેરવી નાખીને બીજી દિશાએ સામે જે કાચબો હોય છે, તેના જેવા અંતર્મુખ (ઇંદ્રિયોને સંકોચી લઈને) થવાનું છે.

**પ્રશ્ન :** શ્રીરામકૃષ્ણ પરમહંસ 'કામિની-કાંચન'નો શબ્દપ્રયોગ વારંવાર કરીને એક પ્રકારનો અણગમો દર્શાવતા ન હતા ?

**ઉત્તર :** હા, તેઓશ્રી તેમની સાધનાના ગાળામાં કામિની-કાંચન વિશે કડક, નકારાત્મક અર્થમાં લઈ જઈ શકાય એટલી હદ સુધીની સમજ રાખતા અને સાધના માટે તે જરૂરી પણ છે. એમનો પહેલો ગુરુ સ્ત્રી શરીરવાળો જીવ જ હતોને ? માતાની

ભક્તિનું આટલું બધું મહત્ત્વ આપણાં શાસ્ત્રોમાં છે.

**પ્રશ્ન :** ખૂબ સત્ત્વશીલ માણસો હોય પણ તેઓ નાસ્તિક હોય એવું બને ખરું ?

**ઉત્તર :** હા, એવા માણસો હયાત છે. તેઓ ઈશ્વરાભિમુખ ના પણ હોય. સત્ત્વગુણવાળો માણસ શાંતિ અનુભવતો હોય છે. એટલે એ દશા, ગુણની અપેક્ષાએ ઉત્તમ ગણાય. એમાં તેમના જન્મોના જન્મો પણ વહી જાય. છતાં ચેતનની કક્ષાએ પહોંચવા માટે એ બહુ કઠણ છે. એવા માણસોથી ચેતનનો અનુભવ નહિ થઈ શકે.

**પ્રશ્ન :** અન્નદાન, વસ્ત્રદાન, વિદ્યાદાન વગેરે દાન કરતાં ગુણ અને ભાવના માટે અપાતું દાન શ્રેષ્ઠ છે, એમ આપ કહો છો, તો તે કેવી રીતે, એ સમજાવશો ?

**ઉત્તર :** તે તે દાનોની અસર જીવન પર્યંત રહેતી નથી. ગુણ અને ભાવના માટે કરેલું દાન ચિરંજીવી છે. મરતી વખતે મન, ગુણ અને ભાવના લઈને જાય છે. ચેતનના અનુભવ માટે ગુણ અને ભાવના જરૂરી છે. અન્નદાન આપીને મોટે ભાગે આપણે તે તે માણસોના દુર્ગુણોને પણ પોસીએ. આપણા જીવનને સમૃદ્ધ કરનાર ગુણ અને ભાવના છે. ગુણ અને ભાવના વિના સમાજ બેઠો થવાનો નથી. જેમ ધન વિના જીવન નથી, તેમ ગુણ અને ભાવના વિના ધર્મ નથી. દાનથી જે લાભ મળે તે જો બીજા જન્મમાં પણ સાથે આવી શકે તેમ હોય તો તે દાનનું ક્ષેત્ર ઉત્તમ.

**પ્રશ્ન :** આપણા દેશમાં વર્ગભેદ છે, તે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એવા ચાર વર્ણોને લઈને નથી પડ્યા લાગતા ?

**ઉત્તર :** વેદ પછીથી જ ચારે વર્ણમાં ધીરે ધીરે એ પ્રકારની

પ્રગતિ થઈ ગઈ. અસલના અનુભવીઓએ, આર્ષદ્રષ્ટાઓએ જોયું કે, ધર્મનું હાર્દ જેણે અનુભવ્યું છે, તે બળવાખોર હોય છે. ક્રાંતિકારી હોય છે. તે રૂઢિને તાબે નહિ થાય. 'ધર્મરાજા જેવા યુધિષ્ઠિરે જુગારમાં પત્નીને રજૂ કરી તે કેવા સત્યનું પાલન કરનારા હશે ?' આવો પ્રશ્ન મેં પૂજ્ય વિદ્યાનંદજી મહારાજને પૂછ્યો હતો, ત્યારે જવાબ મળ્યો કે, અસલના વખતમાં જૂગટું રમવું એ શિષ્ટ રિવાજ હતો. કોઈ જુગાર રમવાનું આમંત્રણ આપે તો તે આમંત્રણને ઠોકરાય નહિ. વેદકાળમાં બહેનો અને માતાઓ માટે ઘણાંને માન હતું. તેમાં તપસ્વિનીઓ અને વેદવેદાંતની જ્ઞાતાઓ પણ હતી. એવો ભાવ અત્યારે લોકોમાં નથી. ત્યારે ક્ષત્રિયમાંથી બ્રાહ્મણ થઈ શકાતું. વિશ્વામિત્ર બ્રહ્મર્ષિ થઈ શકેલા. એ ક્ષત્રિય હતા. રામાયણ-કાળમાં પણ જ્ઞાતિભેદ હતો. તે કાળમાં એક વાત આવે છે, કે હરિજન તપ કરતો એની સામે વાંધો હતો. આજે હરિજનોમાં સભાનતા જાગી છે. એને આપણા આચાર્યો ભૂલી જાય તો હિંદુઓની વધુમતી લઘુમતીમાં ફેરવાઈ જાય. અસલના વખતમાં ગુરુકુળની પ્રથા શ્રમનું મહત્ત્વ દર્શાવતી. તે સમયમાં ચાર વર્ણો પાડેલા તે માંહોમાંહે લડવા માટે નહિ, પણ સૂચવેલા ધર્મ બજાવવા, પણ ત્યારે સ્પર્શાસ્પર્શ ન હતો. ગુણ અને કર્મથી વર્ગ કે જ્ઞાતિ પડેલાં, જન્મને લઈને નહિ. પણ કાળ પસાર થતાં તે જ્ઞાતિઓ (વર્ણો) રૂઢિગત બની ગઈ. એટલે હિંદુ સમાજમાંથી હિંદુઓ ખ્રિસ્તીઓ થતા જાય છે. હિંદુ સમાજની ગોળી કાણી થતી જાય છે. સમાજના લોકો એ વિચારતા નથી. આપણા આચાર્યોએ એ બધાને અપનાવી લેવા જોઈએ, નહિ તો હિંદુ વર્ગ ભુસાઈ જશે. ખોવાયેલાં ઘેટાંની સંભાળ ભરવાડ પહેલી રાખે છે. કાળક્રમે

ભાવનાનું પતન થતાં જ્ઞાતિનું, રૂઢિનું બંધન વધતું ગયું. પહેલાં ઊંચનીચના ભેદ ન હતા, જે આજે છે.

**પ્રશ્ન :** શ્રીરામ અને શ્રીકૃષ્ણ એ સાચાં પાત્રો છે ? એ રીતે કથાવાર્તાઓ કેટલો ભાગ ભજવે છે ?

**ઉત્તર :** શ્રીરામ અને શ્રીકૃષ્ણ એ કાંઈ કાલ્પનિક પાત્રો નથી. તેઓનું અસ્તિત્વ એક ઐતિહાસિક સત્ય છે. રામભક્તિ આટલાં હજારો વર્ષથી ચાલતી આવે છે. અરે ! એકાંત જંગલમાં ઝૂંપડામાં તેમની ભક્તિ થાય છે, તે શું સૂચવે છે ? એ અવતારોની ચેતનાશક્તિને પ્રજા અનંતકાળથી ખેંચતી આવી છે અને તે ખૂબ પ્રભાવશાળી હોઈને પ્રજાના દિલમાં જડાઈ રહેલી છે. એ ભક્તિ કાંઈ રામાયણ અને ભાગવતની કથાઓથી વધતી નથી, પણ એમની ચેતનાની ધારણાના પ્રભાવ-પ્રતાપને કારણે, કુદરતી આકર્ષણને લઈને છે.

**પ્રશ્ન :** તમારી પાસે કાળાબજારિયાઓ અને અન્ય લોકો ભક્ત હોવાનો ડોળ કરતા આવે છે, અને તેમના પર તમારી કૃપા વરસતી જોવામાં આવે છે, તે બરાબર છે ?

**ઉત્તર :** મારી પાસે બધાં આવે છે. હું કોઈને ચોખા મૂકવા જતો નથી. જેને આવવું હોય તે આવે. સુરતમાં જ્યારે નવાબી અમલ ચાલતો હતો ત્યારે એક નિર્મળદાસજી નામના મહાત્મા રહેતા હતા. તેમને ત્યાં નવાબ આવે, શેઠિયા આવે, એક વેશ્યા પણ આવે. ધીમે ધીમે વેશ્યાના સત્સંગની વાત પ્રસરતાં નવાબ અને અન્ય ગૃહસ્થોએ નિર્મળદાસજીને કહ્યું કે 'તમારે ત્યાં વેશ્યા આવે તે ઠીક નહિ, એને આવતી બંધ કરો.' પણ મહાત્માએ કહ્યું કે 'જેને આવવું હોય તે મારી પાસે આવી શકે છે, હું કોઈને મનાઈ

કરી શકું નહિ.' ધીમે ધીમે શેઠ, લોકો અને નવાબ નિર્મળદાસજીને ત્યાં જતા બંધ થઈ ગયા. એકમાત્ર વેશ્યા નિયમિત જતી. કાળક્રમે તે મોટી ભક્ત બની ગઈ. આ એક હકીકત છે. દવાખાનામાં બધા જ પ્રકારના દર્દીઓ જાય, બધાંને જવાનો હક્ક છે.

**પ્રશ્ન :** આ જમાનામાં ધનની બોલબાલા છે. કેટલાક કહે છે કે 'મોટા, તમે હવે શ્રીમંતોના થઈ ગયા છો, નહિ વારુ ?'

**ઉત્તર :** પહેલાં મારે થોડી ઓળખાણો હતી. નડિયાદમાં બેપાંચ માણસો સિવાય કોઈ મારી પાસે આવતું ન હતું. ધીમે ધીમે મારી પ્રવૃત્તિ વધતી ગઈ. અને છાપાંમાં મારું નામ આવતું ગયું એટલે આવનાર વધ્યા. છતાં જે કોઈ બોલાવે છે તેમને ત્યાં હું જઉં છું. જમવા બોલાવો તો સકુટુંબ મને બોલાવવો પડશે અને ઉપરથી દક્ષિણા આપવી પડશે. જોકે મારે ઘર જેવું કાંઈ નથી. જે મળે છે તે બધું સમાજનાં કામમાં જ વાપરું છું. પહેલાં જેઓ મને બોલાવતા તેમાંના કેટલાક મને અત્યારે નથી બોલાવતા. છતાં ભાવવાળા કેટલાકને ત્યાં તો હું વિના આમંત્રણે જઉં છું. હું તો જેને તેને પ્રેમ કરવાનું જાણું છું. એકવાર મારી સાથે સંબંધ બાંધી જુઓ. પછી અનુભવો તેનું પરિણામ. હું આટલા રોગો છતાં ફરું છું. સૂર્ય ચોવીસે કલાક ફર્યા કરે છે. હું છેવટ સુધી કામ કરીશ. કોઈ મને પૈસાનો પૂજારી કહેશે તો ભલે, કેમ કે પૈસો સમાજનાં કામમાં આવે છે.

**પ્રશ્ન :** સાધનામાં એકાશ્રય જરૂરી ગણાયો છે. એક ભાઈ એમ પૂછે છે, કે પૂજ્ય શ્રીમોટા તો શ્રીઉપાસનીબાબા અને અન્ય સંતો પાસે જતા, શ્રીસાંઈબાબાની પણ દોરવણી સ્વીકારેલી. તો એકાશ્રયનું શું ?

**ઉત્તર :** હા, સાધનામાં એકાશ્રયની ખાસ જરૂર છે. જેને ગુરુ માન્યા હોય તેમની દોરવણી જ આપણા માટે હિતાવહ છે. છતાં તેનો અર્થ એ નથી કે આપણી દૃષ્ટિ સાંકડી થાય, મન સાંકડું થાય. બીજા મહાત્માઓ માટે અન્યથા ભાવ હોવો ના ઘટે. પ્રસંગ આવ્યે અનાયાસે અન્ય કોઈ મહાત્મા પાસે જવાનું થાય, ત્યારે તેનામાં ગુરુનો ભાવ દૃઢાવવો જોઈએ. છતાં જ્યાં ત્યાં દોડાદોડી કરવાની હોય નહિ. 'મોટા' શ્રીઉપાસનીબાબા વગેરે પાસે જતા તે સ્વયંસ્ફુરણાથી કે ગુરુમહારાજના આદેશ અનુસાર જતા અને તેમનામાં તેમના ગુરુમહારાજનાં દર્શન કરતાં. સાપેક્ષ રીતે તો બધા સંતોમાં એક જ ચેતન વિલસી રહેલું છે. છતાં સાધકનાં પડળો જ્યાં સુધી ખૂલ્યાં નથી ત્યાં સુધી તેણે પોતાના ગુરુમાં જ બધાને સમાવી લેવા માટે એકાશ્રય ખાસ જરૂરી છે.

**પ્રશ્ન :** સગુણ અને નિર્ગુણ ભગવાનનો અનુભવ એટલે શું ?

**ઉત્તર :** ચેતનના ગુણધર્મ આપણામાં પ્રગટે તે સગુણ ઈશ્વરનો અનુભવ કહેવાય. નિર્ગુણ અથવા નિરાકાર તો અનુભવી જ શકાય, બોલી ના શકાય. શંકરાચાર્ય તો મહાન અદ્વૈતવાદી હતા અને તેમને નિર્ગુણ ઈશ્વરનો અનુભવ થયો હતો, છતાં તેમને શ્રીનગરમાં સગુણ અથવા સાકાર પ્રભુનો પણ અનુભવ થયો. તે પછીથી તેમણે દેશમાં પંચાયતનની સ્થાપના કરી. તેમણે પાછળથી ઘણાં ભક્તિસ્તોત્રો રચ્યાં છે. નિરાકાર પરબ્રહ્મમાં રાચતા આચાર્યો પણ આકારમાં પાછા ફરતા હોય છે, કેમ કે તેનો આનંદ ઑર હોય છે.

**પ્રશ્ન :** જપને એકાદ સાદા વાક્યમાં કેવી રીતે સમજી શકીએ ?

**ઉત્તર :** જપ એ તો અનંત ચેતનાના સતત વહેતા રહેતા પ્રવાહનું પ્રતીક છે અને એની સભાનતા પ્રેરાવવાનું નાનકડું સાધન માત્ર છે. ચેતનભાવનું સાતત્ય રહે તે જપ.

**પ્રશ્ન :** ઈશ્વર, વિશ્વ અને માનવી એક અને અવિભાજ્ય છે ?

**ઉત્તર :** આવા પ્રશ્નો તો હજુ અનેક થાય, પરંતુ આવા સવાલોને જીવનની સાથે કશી નિસબત નથી. જે સવાલનું બૅરિંગ-(આધાર) સીધું જીવન સાથે પ્રગટેલું હોય તેવા સવાલને ઉકેલવા જરૂરી ગણાય. આવા પ્રશ્નો 'એકેડેમિક' પણ ગણાય. આ બ્રહ્માંડમાં ભગવાન અથવા તો ચેતન પોતે ઓતપ્રોત છે. તેમ છતાં તેટલું ને તેવું જ માત્ર ચેતન છે તેવું નથી. અને તેનાથી બધી રીતે નોખું પણ છે. બ્રહ્માંડ પોતે અનાદિ છે. એટલે એનું સર્જન પણ અનાદિ ગણાય. આ બધું બ્રહ્માંડ અને તેમાંનું સકળ પ્રકારનું સર્જન એ ભગવાનથી ભરેલું છે, બ્રહ્મમય છે. એકબીજાથી છૂટું ના પાડી શકાય તેવું છે-ઓતપ્રોત છે. (ईशावास्य इदं सर्वम्) ચેતનાનો અનુભવ જ્યારે થાય છે, તે પહેલાં તો પ્રથમ વાર એકાગ્રતાની સંપૂર્ણ ટોચે પહોંચાય તે પછી કેંદ્રિતતામાં પ્રવર્તવાનું બને અને કેંદ્રિતતાના વિકાસની સર્વોત્તમ ટોચે પહોંચ્યા પછીથી વિસ્તારની સ્થિતિમાં તે ભૂમિકામાં પ્રવેશાય, તો એવી વિસ્તારની ભૂમિકામાં જ બ્રહ્માંડમાં ચેતનનો અનુભવ પ્રગટી શકે.

**પ્રશ્ન :** યોગનિષ્ઠ આત્માઓ કુદરતના ચાલન વચ્ચે હસ્તક્ષેપ કરી શકે ?

**ઉત્તર :** ના.

**પ્રશ્ન :** કેટલાક મહાત્માઓ હવામાંથી ખાદ્ય, પેય અને એવી અનેક વસ્તુઓ પેદા કરે છે, તો તેવું જ તેઓ મોટા પાયા પર

દુષ્કાળગ્રસ્ત સ્થળે પેદા ના કરી શકે ?

**ઉત્તર :** એવા મહાત્મા જે હોય તેને પૂછોને !

**પ્રશ્ન :** આપ એ કક્ષાના, એ 'લાઈન'ના જાણકાર છો એટલે પૂછું છું ?

**ઉત્તર :** કુદરતની વચ્ચે પડી ના શકાય, પડે પણ નહિ.

**પ્રશ્ન :** મારી બાની કેટલીક મહત્ત્વાકાંક્ષાઓ હું પૂરી કરી શકતો નથી, તેથી તે નાખુશ થાય છે. મારામાં પણ કેટલીક નબળાઈઓ છે, પણ મારી બાને લઈને મારા ભાઈ પણ મારા પર ગુસ્સે થાય છે, તે બરાબર છે ?

**ઉત્તર :** બધાં કારણનું મૂળ આપણામાં રહેલું હોય છે. મેં જાતે અનુભવેલું, સહન કરેલું છે. હું કેટલાય માણસોની વચ્ચે કામ કરતો. બધાંયનાં મન સાચવવાં પડતાં. બધાંને હું અનુકૂળ થઈને રહેતો. યુવાની કાળમાં સહુ મારા પર ખિજાય. કામ સારું કરું તો બીજાને યશ, ખરાબ કરું તો મને અપયશ. એટલે હું મારી જાતને ટકોરી ટકોરીને ગમ ખાઈને નાનામાં નાનું કામ ઉત્તમ રીતે કરવાનું રાખતો. કોઈ આપણા ઉપર ગુસ્સો કરે કે પ્રેમ કરે તેનું મૂળ કારણ આપણામાં જ હોય છે. તારો ભક્તિ તરફનો ઝોક છે એટલે તને આ કહું છું. કોઈનો પક્ષ લેવા નથી માગતો, સમજ્યો ભઈલા ?

**પ્રશ્ન :** શિરડીવાળા સાંઈબાબા ત્યારે 'મિસ્ટિક' અવધૂત હતા. તેઓ ફરીથી બીજા પ્રકારના સંત તરીકે-આંતરરાષ્ટ્રીય અવધૂત તરીકે-અવતરે ખરા ?

**ઉત્તર :** એઓશ્રી પોતાના મિશનની ખાતર પણ તેમ કરી શકે અથવા એ ભક્તોની ઇચ્છા પર આધાર રાખે છે.

**પ્રશ્ન :** મોટા, માબાપનું માનવું કે ગુરુનું માનવું ?

**ઉત્તર :** બંનેનું.

**પ્રશ્ન :** એ શી રીતે બને ?

**ઉત્તર :** વહેવારની બાબતોમાં માબાપનું અને જીવન-વિકાસની બાબતમાં ગુરુનું.

**પ્રશ્ન :** લગ્ન જેવી બાબતમાં માબાપની હઠ પૂરી કરવી કે લગ્ન ના કરવાની ગુરુની સલાહને માન્ય રાખવી ?

**ઉત્તર :** આવા પ્રસંગમાં ગુરુની-જો ગુરુ લગ્ન ના કરવાની સલાહ આપતા હોય તો.

**પ્રશ્ન :** સ્વામી વિવેકાનંદ કહે છે, કે 'પ્રથમ ગુરુની, પછી માની અને તે પછી બાપની સલાહ માનવી, કેમ કે માબાપ જન્મ આપે છે અને ગુરુ મુક્તિ આપે છે.'

**ઉત્તર :** માબાપે આપેલા જન્મ વડે આ શરીર ગુરુને, ઈશ્વરને પામી શકે છે. એય સાચું છે.

**પ્રશ્ન :** શાસ્ત્રોમાં ઉત્તમ શાસ્ત્ર કયું હશે ?

**ઉત્તર :** વેદાંત. મોટામાં મોટું અનુભવનું શાસ્ત્ર પણ જ્યાં સુધી તેને આપણે આચરણમાં ના મૂકીએ ત્યાં સુધી શા કામનું ?

**પ્રશ્ન :** લગ્ન વિશે આપ શું માનો છો ?

**ઉત્તર :** લગ્ન એ કંઈ ઉતારી પાડવા જેવી વસ્તુ નથી. પ્રાચીન ઋષિમુનિઓ પરિણીત જીવન ગાળનારા હતા. શ્રીરામચંદ્ર અને શ્રીકૃષ્ણ જેવા અવતારોએ પણ લગ્ન કરીને પ્રજોત્પત્તિ કરી છે. લગ્ન એ સૃષ્ટિનો કાયદો છે. પ્રભુનાં કલ્પેલાં ત્રણ સ્વરૂપો છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ. તેમાં વિષ્ણુ પરિણીત મનાયા ગયા છે. મહેશ પણ. મહેશ એટલે મહાદેવની વિશિષ્ટતા સમજવા જેવી છે.

૧. જેણે કામને બાળ્યો છે અને બીજે છેડે જેની જાંઘ ઉપર ઉમા બિરાજે છે. ૨. જે દેવોના દેવ છે અને સાથે સાથે પિશાચ-ભૂતોના પણ દેવ છે. આમ, એ બીજા અંતિમ છોડાઓનો સ્વામી છે. ૩. કુબેર-ધનનો સ્વામી-જેનો દાસ છે, છતાં જે રાખ ચોળીને સ્મશાનમાં વસે છે, ભિખારી દશામાં રહે છે.

લગ્ન શબ્દનો હેતુ-એ માત્ર સ્થૂળ દેહનાં લગ્ન પૂરતો સીમિત નથી, પણ માનવીએ પોતાની અંદરની પરસ્પર વિરોધી પ્રવૃત્તિઓનો સમન્વય રચી, તેમનાં લગ્ન પોતાનામાં કરવાનાં રહે છે. રાગદ્વેષ, સુખદુઃખ, પ્રકાશઅંધકાર આદિ જોડકાંઓનાં લગ્ન કરવાનાં, ઉચ્ચ ભાવમાં ભાવથી સાધવામાં રહે છે. પ્રજોત્પત્તિ વિષય વાસનાથી જ ઉદ્ભવે તેવું કશું નથી. વિષય વાસનાથી પર રહીને પણ પ્રજોત્પત્તિ શક્ય છે. અવતારી પુરુષો શ્રીરામ અને શ્રીકૃષ્ણ આદિને પ્રજા હતી. સંતોમાં તુકારામ, વલ્લભાચાર્ય, રામાનુજાચાર્ય આદિને પ્રજા હતી. ઋષિઓ માટે લગ્ન એ યજ્ઞ હતો.

**પ્રશ્ન :** પરમ પદને પામવા બ્રહ્મકુળમાં જન્મવું અને બ્રહ્મચર્ય પાળવું એ જરૂરી છે ?

**ઉત્તર :** બ્રહ્મકુળ એટલે બ્રાહ્મણોને ત્યાં જન્મવું. ગુણ અને કર્મ વડે જ્ઞાતિ છે, જન્મ વડે નહિ. પણ આજે જન્મથી બધું ગણાય છે ! બ્રાહ્મણને ત્યાં જ જન્મવું જરૂરી નથી. બ્રહ્મચર્યવ્રત પાળવું જ જોઈશે. ભગવાનનો અનુભવ કરવા માટે દ્વંદ્વાતીત અને ગુણાતીત થવું જોઈશે. હરિજનો પણ પરમ પદને પામ્યા છે. તેઓ બ્રાહ્મણો ન હતા. એટલે બ્રાહ્મણો જ પરમ પદને પામે એવું નથી. ધારો કે એ બંને હોય તોયે શું ? જ્વાળામુખી જેવી ધગધગતી તમન્ના એ પદે પહોંચવાની ના હોય તો કશુંયે થાય નહિ.

**પ્રશ્ન :** ગુરુને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ કેમ કહ્યા હશે ?

**ઉત્તર :** ગુરુ એ શરીર નથી ભાવના છે. ભગવાન નિરાકાર છે. છતાં ભાવના મુજબ એ સાકાર થાય છે તે જુદી વાત, પણ સાધકને ભાવના વડે ચીટકાડી રાખવા માટે, ભાવના કેળવવા માટે ગુરુને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ સાથે સરખાવવામાં આવ્યા, પણ સમજવા માટે એટલું ધ્યાન રાખીએ કે ગુરુ કહો કે પરમ ભક્ત કહો કે પરમ અનુભવી કહો, તે કોઈ પણ ભગવાનની તોલે નહિ આવી શકે. ચેતનનિષ્ઠ દેહધારી એટલે તેને પ્રારબ્ધ ખરું જ, પણ કેવું ? બળેલી દોરડીના વળ જેવું. ભગવાનને પ્રારબ્ધ નથી, નિમિત્ત નથી. દેહધારી પરમ વેત્તાને એ ખરું. રૂપક આપી સમજાવી શકાય. સમુદ્રનું લોટામાં ભરેલું પાણી અને સમુદ્ર એ બંને ગુણધર્મમાં સરખાં, છતાં વિસ્તારમાં, અનંત શક્તિમાં એકસરખાં નહિ. તેવી રીતે ચેતનનિષ્ઠ અને ભગવાન વચ્ચે ફરક છે.

**પ્રશ્ન :** ગોવધ વિશે આપનો શો મત છે ? સરકાર સાચી છે કે પ્રજા ? ગાયમાતામાં તેત્રીસ કોટિ દેવતાઓ વસે છે, તો તેના વધ સમયે તે દેવતાઓ સામે કેમ થતા નથી ?

**ઉત્તર :** ગોવધ થાય એવી ઇચ્છા નથી, પણ એની સામેની ચળવળ, ઉપવાસ વગેરે સારી રીત નથી. આપણે ગાયનું દૂધ પીતા નથી, એની ચા ભાવતી નથી, તેને માટે માન નથી, તેને માટે મરી જવાની તમન્ના નથી અને ચળવળ ઉપાડીએ છીએ ! ગાયનું સંવર્ધન થાય, એની ઓલાદ સારી થાય, તેનું દૂધ વધુ મળે, તેનું ખાતર સારું મળે, એની વૈજ્ઞાનિક તપાસ ક્યાં થાય છે ? આપણા કરતાં પરદેશમાં તેની દેખભાળ સારી થાય છે. આ રીતની સેવા ઉત્તમ સેવા છે. ભાષણો ઠોકવાથી ગાયમાતાની સેવા નહિ થાય ! ગાયને માતા કેમ કહી ? એની ઓલાદ-બળદથી ખેતી

થાય છે. ખેતીમાંથી અનાજ ઉત્પન્ન થાય છે અને અનાજથી આપણે જીવીએ છીએ. એટલે ગાય આપણી માતા થઈ. તે સમયે હિંદની વસ્તી તેત્રીસ કરોડની હશે એટલે એ પ્રજા ગાયના દૂધથી, તેની ઓલાદથી પોસાતી હશે, તે કારણે તેને દેવતા કહ્યા અને ગાય તેમની માતા. આ પ્રશ્ને સરકાર અને પ્રજા બેમાંથી કોઈ સાચું નથી.

**પ્રશ્ન :** આસક્તિ કેમ ટળે ?

**ઉત્તર :** જેના માટે આસક્તિ હોય તેનું કામ ના કરવું એમ નહિ. નિમિત્ત સાંપડ્યે જરૂર કામ કરીએ, પરંતુ તે પ્રભુપ્રીત્યર્થે કરીએ અને એ જ પ્રકારની ભાવના સેવીએ-નહિ કે પેલા સ્વજનની.

**પ્રશ્ન :** મંત્રસિદ્ધિ ક્યારે થાય ? તૂટક તૂટક મંત્રજાપ કરતાં તે થઈ શકે ?

**ઉત્તર :** આ બહુ 'જનરલ' પ્રશ્ન છે. ગમે તેમ પણ કશું તૂટક તૂટક કરવાથી નહિ ચાલે. પહેલાં એમાં અખંડતા આવવી જોઈએ. પછી એકાગ્રતા, કેંદ્રિતતા અને છેલ્લે વિસ્તારતા આવે. જ્યાં સુધી રાગદ્વેષ નિર્મૂળ નહિ થાય ત્યાં સુધી કોઈ સિદ્ધિ નહિ વરે.

**પ્રશ્ન :** પ્રારબ્ધ સાચું કે પુરુષાર્થ ?

**ઉત્તર :** એ જોડકું છે. એકબીજાથી સ્વતંત્ર નથી. પ્રારબ્ધને લીધે પુરુષાર્થ નથી થતો. ઘણા જીવો શિવ થઈ ગયા તે પુરુષાર્થથી. શ્રીરામકૃષ્ણ પરમહંસ અને એવા મહાત્માઓએ સાધના કરી હતી. મનોબળયુક્ત પુરુષાર્થથી પ્રારબ્ધને પણ ફેરવી શકાય છે. છતાં પ્રારબ્ધ છે, પણ એ આપણને બાંધી રાખી શકતું નથી. એ એક જ સિક્કાનાં બે પાસાં છે.

**પ્રશ્ન :** ભગવાનના સ્મરણથી પૈસા કમાવાય ?

**ઉત્તર :** હા, તેથી એક પ્રકારની ઓથ મળે છે. બુદ્ધિ તેજસ્વી

બને છે. હૈયાસૂઝ પ્રગટે છે. કમાણી હૈયાસૂઝથી થાય છે, એ તો સમજો છોને ? મર્યાદિત બુદ્ધિ ભાવપૂર્ણ ભક્તિથી વિકાસ પામે છે. એટલે પ્રજ્ઞાશીલપણું આવે છે અને વીતકો દરમિયાન શાંતિ મળે છે. ઉદાસભાવ-'મૂડી'પણું ચાલી જાય છે. પ્રયોગ કરી જુઓ. ભઈલા, હું બહુ ગરીબ હતો. ભણવાને પણ ભીખ માગવી પડી હતી. છતાં ભગવાનની પાછળ પડતાં મને કેટકેટલું મળ્યું ! ! ! એક કરોડથીયે વધુ કિંમતના ફાળા સમાજને દેવા માટે મળ્યા, બોથડને બુદ્ધિ મળી ! કેટલાંક પુસ્તકો, ભજનો અને પત્રો પ્રસિદ્ધ થયાં ! અને તમે બધાં મળ્યાં એ જૂદું !

**પ્રશ્ન :** મોટા, કેટલાક માણસો પોતાના મૃત્યુ પછી ચક્ષુદાન કરવાનું કહેતા હોય છે, તો તે વિશે આપનો શો મત છે ?

**ઉત્તર :** એક રીતે ખોટું નથી. સારી આંખો જરૂરવાળાને મદદરૂપ થાય, પણ કોઈએ દેખાદેખીથી એવું કરવું ઠીક નહિ, કેમ કે ગત જીવને તેના દેહની થતી કાપકૂપી જોઈને બહુ દુઃખ થતું હોય છે. જે ખૂબ મક્કમ મનવાળો હોય, ભાવવાળો હોય અને સેવાનો આદર્શ પોતાની સમક્ષ રાખીને એવાં દાન કરવાની જાહેરાત કરી હોય તો તેને વાંધો નહિ.

**પ્રશ્ન :** જીવાત્મા ગત થાય, પછી તેના લાભની ખાતર મરનારનાં સગાંઓ પુણ્યદાન કરે, તો તેનું પુણ્ય ગત જીવને મળે કે કેમ ?

**ઉત્તર :** ના મળે. મુદ્દલે ના મળે. જીવતાં તેના હાથે જે થાય, તે કરે-તેનું જ પુણ્ય તેને મળે. તે કર્મથી તેની વૃત્તિનો વિકાસ થાય અને તેટલો લાભ તેને મળે. બાકી, મૃત્યુ બાદ તેના નામે થતાં દાનથી ગત જીવને કશો લાભ થાય નહિ, પણ એક

બીજી વાત ખરી છે, કે જો દેવગત થયા બાદ તેર દિવસની અંદર મરનારની સ્મૃતિને સતેજ રખાઈને જે કાંઈ પુણ્ય, સત્કાર્ય તેના અર્થે થાય, તો તેની સભાનતા-જાણ-તે ગત જીવને થાય ખરી. તેને સંતોષ અને જાણ થાય તેટલું જ-બાકી, તેવાં થતાં દાનથી તેની-ગત જીવની-વૃત્તિઓનો કશો વિકાસ ના સંભવે. તેવો વિકાસ કરવો હોય તો જીવિત દશામાં પોતે જાતે જ તેવું દાન હેતુના ભાન સાથે કરવું. બાકી, ઘરેડની રીતે, દેખાદેખીથી, દબાણથી કે વહેવારથી થતાં દાન તે દાન જ નથી અને તેથી જીવનવિકાસમાં કશો લાભ થવો શક્ય નથી.

**પ્રશ્ન :** અકસ્માતથી કોઈનું મૃત્યુ થાય અને તે પછી તેના નિમિત્તે પુણ્યદાન થાય તો તેને લાભ મળે ?

**ઉત્તર :** ના, ઉપરના જવાબમાં આનો જવાબ સમાઈ જાય છે.

**પ્રશ્ન :** ગત જીવની શાંતિ અર્થે ઉત્તમ ઉપાય કયો ?

**ઉત્તર :** બાર દિવસ સુધી અખંડ નામસ્મરણ કરવું જોઈએ. ચોવીસે કલાક થાય તો તે જીવને શાંતિ મળે.

**પ્રશ્ન :** બારમાના દિવસે પિંડ વહેરવા વગેરેની જે ક્રિયા થાય છે તે બરાબર નથી ?

**ઉત્તર :** ક્રિયાઓ બરાબર છે, પણ તે ગત જીવનાં સ્વજનોએ જાતે કરવી જોઈએ, તો વધુ શાંતિ થાય. જેમ પૂજા વગેરે બ્રાહ્મણ પંડિત પાસે કરાવીએ તે અને આપણે જાતે ભાવપૂર્વક, હેતુના ભાવ સાથે કરીએ તે બે વચ્ચે કેટલો ફરક છે, તે જ રીતે ઉત્તરક્રિયા વિશે પણ છે. કોઈ પણ પૂજા, ક્રિયા વગેરે સ્વજને જાતે કરવી ઘટે. મારી મા મરી ગઈ ત્યારે મેં મારી જાતે તે વિધિ કરી હતી.

**પ્રશ્ન :** જીવનની અંત ઘડીએ ઈશ્વરને યાદ કરે, તો તેની સારી ગતિ થાય અને વહેલો ના જન્મે ?

**ઉત્તર :** જરૂર થાય, પણ જેણે ઈશ્વર સ્મરણ આખી જિંદગીમાં કર્યું ના હોય તેને તે અંત સમયે ઉદ્‌ભવે જ નહિ. કદાચ ઊડતો વિચાર ઈશ્વર વિશે આવી જાય કે તેને યાદ કરે તો તેથી કાંઈ લાભ ના થાય, પણ એ તો સહેજે સમજાઈ જાય એવું છે, કે જેણે જે રીતે જીવન પસાર કર્યું હોય, તેના જ વિચારો અંત સમયે આવે અને તે મુજબ તેની ગતિ, તેનો પુનર્જન્મ વગેરે થાય. માટે પહેલેથી, જુવાનીથી સ્મરણની ટેવ પાડો.

**પ્રશ્ન :** સમાજ આટલો દુઃખી હોય તોય મહાત્માઓની કૃપા કેમ અવતરતી નહિ હોય ?

**ઉત્તર :** કૃપાનું અવતરણ થાય, પણ કોઈ એમ ને એમ કશું આપી દેતું નથી. જેમ ઈશ્વર નિરિચ્છ છે તેમ મહાત્મા નિરિચ્છ હોય છે. એને હલાવો તો હાલે અને ચલાવો તો ચાલે. સૂર્યનો ગુણધર્મ સર્વત્ર પ્રકાશ પાથરવો એ છે. તે રીતે આત્મનિષ્ઠ સંતનો ગુણધર્મ સર્વ પર કૃપા વરસાવવી તે છે, પણ જો આપણે પડદો પાડીને સૂઈ જઈએ તો પ્રકાશ ક્યાંથી મળે ? અમાનિત્વ અને ભય છોડીને સર્વ ભાવે પ્રભુને શરણે જાઓ, પ્રભુના વાણોતર* સમા મહાત્માઓ કને જાઓ તો તમને એની કૃપાપ્રસાદી જરૂર સાંપડશે.

**પ્રશ્ન :** સાધનામાં ચિત્તશુદ્ધિને અનિવાર્ય સ્થાન હોવાનું માનો છો ?

**ઉત્તર :** સાધનામાં ચિત્તશુદ્ધિ જરૂર અનિવાર્ય છે. જ્યાં સુધી કામક્રોધાદિ હૃદયમાંથી ગયા ના હોય ત્યાં સુધી સાધનામાં આગળ વધાતું નથી. જો સાધના કરી શકીએ એમ ના હોય તો મહાત્માઓ

---

* ગુમાસ્તા

સાથે મૈત્રી બાંધો, સત્સંગ કરો. સંતોની સાથે મૈત્રી બાંધવાથી તેમના પવિત્ર સંસ્કાર આપણા પર પડશે અને લાંબે કાળે તે ઉદયમાન જરૂર થશે. એટલે જીવનવિકાસને સહાય મળશે.

**પ્રશ્ન :** ઈસુ ખ્રિસ્તે કહ્યું છે, કે 'સોયના કાણામાંથી ઊંટ જઈ શકે, પણ લક્ષ્મીવાન માણસને માટે પ્રભુ મેળવવા શક્ય નથી.' એટલે કે શ્રીમંત માણસ કદી મુક્તાત્મા ના બની શકે ?

**ઉત્તર :** ઘણું ખરું લક્ષ્મીવાન તેમની લક્ષ્મીનો ઉપયોગ એશઆરામ પાછળ કરતા હોય છે. જ્યારે લક્ષ્મી જનકલ્યાણમાં ના વપરાય અને પોતાના સ્વાર્થ માટે જ વપરાય, ત્યારે બીજા અવગુણો પણ પ્રગટતા હોય છે. ભોગવિલાસી ધનપતિઓ કેવી રીતે ભક્ત બની શકે અને કેવી રીતે મુક્તાત્મા બની શકે ? પણ જો લક્ષ્મીનો પરમાર્થમાં ઉપયોગ થાય અને તેવી પ્રવૃત્તિમાં, કાર્યોમાં મન આખો દિવસ રમ્યા કરતું હોય, તો તેવા વિરલ ધનવાનોને પ્રભુપ્રાપ્તિ થાય.

**પ્રશ્ન :** 'નિર્બલ કે બલ રામ' આ કડીનો અર્થ શો ? નિર્બળતા એટલે કઈ જાતની નિર્બળતા-શારીરિક, આર્થિક કે માનસિક ?

**ઉત્તર :** આનો અર્થ એ નથી કે બળ વગરનાનું બળ રામ છે. આપણે કંઈ પણ ના કરીએ છતાં પણ ઈશ્વર મદદ કરે એવું નથી જ. પરંતુ જો આપણને પરમેશ્વરમાં પૂરેપૂરાં વિશ્વાસ, શ્રદ્ધા હોય અને આપણાથી બનતું બધું કરી ચૂક્યા હોઈએ અને તેમાં ના ફાવી શક્યા હોઈએ, ત્યારે પ્રયત્ન ચાલુ રાખી પરમેશ્વરને ખરા હૃદયથી પ્રાર્થીએ, તો તે કૃપાળુ ભગવાન આપણને જરૂર મદદ કરે. જ્યારે દ્રૌપદીને ભરી સભામાં તેનાં વસ્ત્રાહરણ સમયે

કોઈએ મદદ ના કરી, તેની વિનંતીઓ છતાં તે નિઃસહાય, લાચાર બની ગઈ, ત્યારે તેણે પરમેશ્વરને મદદ માટે પોકાર કર્યો. તે સમયે તે નિર્બલ હતી. એવી પરિસ્થિતિમાં ઈશ્વર તેની મદદે ધાયો. એટલે 'નિર્બલ કે બલ રામ' આ રીતે કહ્યું છે.

**પ્રશ્ન :** તન, મન અને ધન આ ત્રણ માણસની સંપત્તિ હોઈ શકે તો એમાંથી કયા તત્ત્વનું સમર્પણ વધુ સરળ અને સહેલું ? ધનનું સમર્પણ થતાં બાકીનાં તત્વોનું સમર્પણ થાય ખરું ?

**ઉત્તર :** ધનનું સમર્પણ કરવું પ્રમાણમાં સહેલું છે, પણ ધન અર્પણ કરવાથી તન અને મન અર્પણ થશે જ, તેમ ના કહેવાય. તન અને મનનું સમર્પણ ભક્તિ પ્રગટે તો જ શક્ય બને. સંપૂર્ણ ભક્તિ મનાદિકરણોમાં એની આત્યંતિક પરાકાષ્ઠાએ જીવતીજાગતી થઈ જાય, ત્યારે તો તેવી ભક્તિનો પ્રકાર તો કોઈ અનોખો જ હોય છે. અને તેવી ભક્તિથી આપોઆપ જ તેની પાસે તેનું પોતાનું કહેવાનું હોય એવું જે કંઈ હોય તે બધું જ શ્રીભગવાનને ચરણકમળે તેવા જ હૃદયથી અર્પણ થઈ જતું જ હોય છે.

**પ્રશ્ન :** 'હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને, પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને.' મોટા, આનો ભાવાર્થ સમજાવશો ?

**ઉત્તર :** આમાં કાંઈ ગૂઢ અર્થ કે રહસ્ય નથી. સર્વ પ્રવૃત્તિ પાછળ કોઈ 'ઍનર્જી'-(શક્તિ) રહેલી છે. તે આપણને કામ કરવા પ્રેરતી હોય છે, તો ઘણી વાર જાણીબૂજીને પ્રયત્ન થતા હોય છે, પણ જે કુદરતી પ્રયત્ન થતો હોય છે, તેની અને મહેનત વડે થતા પ્રયત્નની વચ્ચે ફરક હોય છે. તો તેવો પ્રયત્ન ક્યારે ફળે ? ગુણ અને ભાવના વિના કાંઈ પ્રગટે નહિ. ગુણ એટલે હિંમત, સાહસ,

તિતિક્ષા, ધૈર્ય, શૌર્ય, દેશસેવા, પરોપકાર, ત્યાગ વગેરે. કોઈ પણ ગુણમાં ભાવના ના હોય, તો તે ગુણ શોભતો નથી અને પરિણામે ફળે નહિ. ભાવનાની સૂક્ષ્મતાને લઈને આપણને જેમાં ને તેમાં વળગાડી રખાવે છે. ભાવનાનું બીજું લક્ષણ શ્રદ્ધા છે. શ્રદ્ધાનાં પણ લક્ષણો છે :

(અનુષ્ટુપ)

*'ગતિને દૃઢ પ્રેરાવી, શ્રદ્ધા શી કર્મશીલ છે,*
*પ્રેરણા, ભાવ ને જ્ઞાન, શ્રદ્ધા સર્જનશીલ છે.'*

પ્રત્યક્ષ ચેતનનો અનુભવ કરવો હોય, તો પહેલું મસ્તક મૂકવું જ રહ્યું. પ્રાપ્ત કર્મને પરિપૂર્ણ કરવું જ રહ્યું, પાર ઉતારવું રહ્યું. અનાસક્તિભાવ કેળવવો જોઈશે. દ્વંદ્વાતીત અને ગુણાતીત થવું જોઈશે. આ રીતે પ્રથમ મસ્તક મૂકવાનું સાધના ક્ષેત્રમાં-જો ચેતનનો અનુભવ કરવો હોય તો. આ ક્ષેત્રમાં યાહોમ કરીને ઝંપલાવવાની ઉત્કટમાં ઉત્કટ તમન્ના હશે તો આગળ વધાશે - એ લીટીઓનો આ અર્થ છે.

એ માટે માર્ગ તો ઘણા છે. જેમાં જપ ઉત્તમ સાધન છે, પણ તેનો ઉઠાવ કેમે કર્યો જીવનમાં આવતો નથી, કેમ કે રાગદ્વેષ મોળા પડતા નથી. જ્યાં સુધી રાગદ્વેષ મોળા પડે નહિ ત્યાં સુધી આગળ વધી શકાય નહિ. માટે, સતત નામસ્મરણ, મૌન, અભય અને નમ્રતા એ જરૂરિયાતની વસ્તુઓ છે. જ્યારે નામસ્મરણ બાર-તેર કલાક સુધી પહોંચે, ત્યારે કંઈક રસ્તા પર છીએ એમ કહેવાય. જ્યારે આટલો જપ થાય ત્યારે સભાનતા આવે અને વિવેકશક્તિ ગતિશીલ, ક્રિયાશીલ, સર્જનશીલ બને. ભગવાનનું નામસ્મરણ થાય તેટલું કરવું. માત્ર બહુ વાંચવા અને ચર્ચા કરવાથી અહમ્

વધશે. મારા ગુરુમહારાજની આ શીખ છે.

**પ્રશ્ન :** સંસ્કૃતિના વિકાસ અર્થે ભારતને કયા પ્રદેશની દોરવણી મળશે ?

**ઉત્તર :** દક્ષિણ ભારતની. દક્ષિણમાંથી મોટા મોટા આચાર્યો પેદા થયા છે. એનું કારણ એ પણ હોય કે દક્ષિણ હિંદવાસીઓ વધુ ભાવનાશાળી છે. ગરીબાઈ પણ દક્ષિણ હિંદમાં અત્યંત છે. સંસ્કૃતિની દૃષ્ટિએ આ દેશ વધુ વિકસિત છે.

**પ્રશ્ન :** સાકાર કરતાં નિરાકાર ભક્તિ વધુ સારી હોય છે ?

**ઉત્તર :** સાકાર ભક્તિ-ધ્યાન સિવાય બીજું કરવું બહુ અઘરું હોય છે. નિરાકારનું ધ્યાન તમારા જેવા માટે તો શક્ય જ નથી. સામાન્ય માનવી કાજે જીવનવિકાસમાં પગ માંડવા કાજે તો સાકાર ધ્યાન જ યોગ્ય છે. નિરાકારની તેવા કાજે તો શક્યતા જ નથી. નિરાકારમાં ગયેલાઓ પણ સાકારમાં પાછા આવે છે, કારણ કે તેમાં ઑર આનંદ હોય છે, જોકે સાકાર અને નિરાકારની પણ આગળ એવી એક સ્થિતિ છે જ્યાં કેટલાક પહોંચે છે.

**પ્રશ્ન :** ઘરેડ પ્રમાણે નામનું સ્મરણ થયા કરે, તો ફાયદો થાય ખરો ?

**ઉત્તર :** નામનું સતત સ્મરણ થવું તે સહેલી વાત નથી. કોઈ માણસ ભગવાનનું નામ એમ ને એમ લઈ શકતો હોતો નથી. જો આટલી બધી સભાનતા રાખ્યા છતાં નામ રહેતું નથી, તો ઘરેડ પ્રમાણે રહે જ કેમ ? અને ધારો કે ઘરેડ પ્રમાણે રહે તોપણ તેનું પરિણામ નકામું જતું નથી, પરંતુ જેમ કોઈ ખેડૂત બી વાવતાં પહેલાં પોતાના ખેતરને ખાતર નાખી, ખેડીને જમીન પોચી પોચી બનાવે છે અને પછી બી નાખે, તો અને ભગવાનનો

કૃપારૂપી વરસાદ વરસે તો તેમાંથી પરિણામ નીપજ્યા વગર રહેતું નથી, પરંતુ કોઈ આળસુ ખેડૂત બરાબર ખેડ ખાતર ના કરે અને બી વાવી દે તોપણ થોડું ઘણું ઊગ્યા વિના રહેતું નથી. કાંઈ નહિ તો ઢોરને ખાવાનાં રાડાંયે પાકે. એટલે ભગવાનનું નામસ્મરણ જો ખાતર અને ખેડ નાખીને એટલે કે આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહંકારને તે બધાંને નામસ્મરણને ઊગી નીકળવાની ભૂમિકાને યોગ્ય કેળવ્યા કરવાનું રાખીને નામસ્મરણ લીધા કરીએ, તો પ્રત્યક્ષ પરિણામ પોતાના જીવનમાં અનુભવ્યા વિના રહે નહિ.

**પ્રશ્ન :** ગયાજી વગેરે સ્થળે શ્રાદ્ધ સરાવવાનો અને પિતૃઓને તર્પણ કરવાનો રિવાજ છે, તે વિશે આપની શી માન્યતા છે ?

**ઉત્તર :** ગયાજી, સિદ્ધપુર વગેરે શ્રાદ્ધ સરાવવાનો અને તેમ કરીને પિતૃઓને તર્પણ કરવાનો કશો અર્થ નથી. તેથી કંઈ ગત જીવને લાભ થાય નહિ. આવો રિવાજ પડવાનું કારણ એમ બન્યું હોય કે કોઈ પ્રખર પુરુષ કે પુરુષોએ તે તે સ્થળે શુભ સંકલ્પ આવા કશાક અંગે પહેલાંના કાળમાં કર્યા હોય, અને તેથી તે તે સ્થળે શ્રાદ્ધ સરાવવાનો રિવાજ પડ્યો હોય. એ બધું હાલ તો ઘરેડરૂપ બની રહ્યું છે.

**પ્રશ્ન :** એક ઉશ્કેરાટભર્યું હિંદુ ટોળું-(મૉબ) જમા થયું હોય, ત્યારે સામાન્ય માનવી આ ઉશ્કેરાટના પ્રવાહમાં તણાય છે, ત્યારે સાધકને તેવું કશું સ્પર્શતું નથી, પણ એક મુક્તાત્મા હોય તેના પર શી અસર થાય ?

**ઉત્તર :** મુક્તાત્માને કશી જ અસર ના થાય. અજ્ઞાની પ્રકૃતિવશ હોઈને તેને ટોળાંની અસર થાય છે અને તેમાં તે ઘસડાય છે. અને સાધક હોય છે,- તે સત્ત્વમાં પ્રવર્તવાને ઉદ્યત હોય છે.

અને ધારે તોપણ રજસ કે તમસમાં પ્રવર્તી ના શકે. ત્રિગુણાતીત મુક્તાત્મા સમય અને પ્રસંગાનુસાર ત્રણે ગુણોનો આશ્રય લઈને યા ગમે તે રીતે એક યા બે ગુણોને મોખરે આણીને તેનો ઉપયોગ કરે. જેમ શ્રીકૃષ્ણે અર્જુનને યુદ્ધમાં પ્રેર્યો. મુક્તાત્મા તેના આત્માની પ્રેરણા મુજબ જ કામ કરે. તે ગુણોનો ગુલામ નથી. તે કાં તો ટોળાંમાં કૂદકો મારીને કાપી નાખવા મંડી પડે કાં તો તેનાથી અલિપ્ત રહીને જોયા કરે. તેના આત્માના અવાજ મુજબ કરે. માટે કોકે ગાયું છે કે :-

*'કામ, સૌ જ્ઞાની અજ્ઞાની કર્યાં ગુણાશ્રયે કરે,*
*બંનેના હેતુમાં જ્ઞાન ભિન્ન પરસ્પરે રહે.'*

**પ્રશ્ન :** કામવાસના કેમ કરીને ઘટે અને જાય ?

**ઉત્તર :** કામવાસનાને એક 'પ્રૉબ્લેમ-મહાપ્રશ્ન-તરીકે શું કામ જુઓ છો ? તે પણ એક જાતનો મળ છે. જેમ શરીરમાં મળ ભેગો થાય ત્યારે આપણે ગભરાતાં નથી, તેમ કામવાસનાથી શા માટે ગભરાઈ જવું ? એ પણ શરીરનો એક ધર્મ છે, તેથી ગભરાવાનું શું ? જેમ જેમ સાત્ત્વિક ગુણ વધતો જાય તેમ તેમ કામવાસના ઘટતી જશે. તેનાથી બને એટલા અલિપ્ત રહેવા તનતોડ મહેનત, સત્સંગ, સદ્વાંચન, પ્રાર્થના, ભજન, નામસ્મરણ અને જાગૃતિ રાખવાં ઘટે.'

**પ્રશ્ન :** મુક્તને ફરી જન્મ લેવાનું થતાં જન્મથી જ મુક્ત અવતરે કે નવા જન્મમાં સાધના કરવી પડે ?

**ઉત્તર :** નવા જન્મમાં તેને નામની થોડીક સાધના કરવી પડે ખરી. માનવોને દાખલારૂપ થવા પણ થોડીક સાધના કરવાની આવે. વળી, તેમની બાલ્યાવસ્થામાં અને કિશોરાવસ્થામાં તેમના

જીવનના મુક્તપણાનાં ચિહ્નરૂપે સવિશેષતાની અમુક અમુક ઘટનાઓ પણ બનવા સંભવ રહે છે. બાલ્યજીવનમાં મુક્ત આત્માને પોતાની તેવી મુક્ત હોવાની પ્રતીતિ નથી પણ હોતી.

**પ્રશ્ન :** એક મુક્તાત્મા બીજા મુક્તાત્માને પ્રથમ દૃષ્ટિએ તરત પિછાની શકે ખરો ?

**ઉત્તર :** ના, કારણ મુક્તને તેવી પિછાનવાની જરૂર નથી રહેતી. તેવી તેને ઇચ્છા ઉદ્‌ભવતી નથી. તે તેનું કાર્ય નથી.

**પ્રશ્ન :** ભક્તિનાં ફળમાં અને જ્ઞાનનાં ફળમાં-એ બે પ્રકારની મુક્તિનાં પરિણામમાં શો ફેર ?

**ઉત્તર :** જ્ઞાનમુક્તિમાં માત્ર સાક્ષાત્કાર થાય, જાણવાનું થાય, સાક્ષીવત્ રહેવાનું થાય. જ્યારે ભક્તિના સાક્ષાત્કારના પરિણામે ઉપરનું થાય, તે ઉપરાંત તેનો ઉપભોગ કરવાનું સામર્થ્ય પણ પ્રાપ્ત થાય છે. એમાં જ્ઞાન અને ઉપભોગનું સામર્થ્ય એ બંનેનો સમાવેશ થાય છે. તે સાથે સાથે તે સાક્ષી, અનુમંતા★, ભર્તા★★ અને પ્રભુ પણ હોય છે અને તે તેમ જાગૃતપણે ચેતનાના ભાવથી તે તે બધું એકસાથે તેનામાં પ્રવર્તતું હોય છે.

**પ્રશ્ન :** બધી સાધનાઓનો અને સાધનનો હેતુ મનની અંતિમ નીરવતા પ્રાપ્ત કરવી એવો ગણી શકાય ?

**ઉત્તર :** હા, છતાં બધી સાધનાનો તેટલો જ માત્ર હેતુ છે, તેવું પણ નથી. તેનાથી ક્યાંય પાર જવાનું છે.

**પ્રશ્ન :** ભૂખ, તરસ ઉપર કાબૂ મેળવ્યા વિના મુક્તિ ના જ હોયને ?

---

★ - અનુમંતા = અનુમતિ આપનાર

★★ - ભર્તા = પોષણ કરનાર

**ઉત્તર :** ના હોય. ભૂખ, તરસ, શૌચ, ઇચ્છા આદિ ઉપર પૂર્ણ કાબૂ આવી ગયા પછી મુક્ત દશા શરૂ થાય. ભાવનાના જોશને લઈને તે બધું શક્ય બને છે. મન, પ્રાણ અને શરીરની સકળ માગણીઓ શાંત થઈ જાય છે અને તે સર્વ ઉપર કાબૂ સહજપણાનો આવે છે.

**પ્રશ્ન :** સેક્સ (કામવાસના), વેલ્થ (લક્ષ્મી) અને પાવર (સત્તા) આ ત્રણ ઉપર જેને કાબૂ હોય તે મુક્ત ના પણ હોય તેવી શક્યતા ખરી ?

**ઉત્તર :** હા, તેવી શક્યતા છે, પરંતુ તેવી જેની દશા હોય તે મુક્ત થોડા કાળમાં બની જાય ખરો.

**પ્રશ્ન :** મુક્તાત્માને હાથે અહિત થાય ખરું ? સાધારણપણે એવી સમજ પ્રવર્તે છે, કે મુક્ત જે કંઈ કરે, જે કંઈ સલાહ આપે, તેથી સામી વ્યક્તિનું અહિત કદી ના થાય, શ્રેય જ થાય.

**ઉત્તર :** તેવું હંમેશાં ના પણ બને. મુક્તને પોતાને તેવી સલાહનું બંધન ના નડે, કારણ તે સ્વયં તો સલાહ દેતો નથી. માગવા આવે છે ત્યારે અપાય છે, અને તે પણ રાગદ્વેષથી પર. પરંતુ સલાહ જેને અપાઈ હોય તે વ્યક્તિનું તેવી સલાહથી કદીકને સ્થૂળ રીતે અહિત થવા પૂરી વકી રહી શકે છે ખરી. તેમ છતાં તેની આંતરિક શ્રદ્ધા તેને તેના શ્રેયપંથે લઈ જાય ખરી. સગડગવાળી શ્રદ્ધાને કારણે તેવી શ્રદ્ધા હંમેશાં શુભ ફળદાયી બને જ એમ ના પણ બને. મુક્ત-હરેક મુક્ત-વહેવારુ જ હોય તેવું ના પણ બને. સાંસારિક ઘટનાઓમાં તેવાની સલાહ કામિયાબ ના પણ નીવડે. મુક્તની વાણી ફળવાનો આધાર સલાહ લેનારની શ્રદ્ધાની ભૂમિકા તથા સ્વીકારાત્મક, ગ્રહણાત્મક શક્તિ ઉપર

અવલંબે છે. જે બધાંમાં હોવા સંભવ નથી. મુક્તની સલાહ જીવનશ્રેય યાને આત્મકલ્યાણની બાબતમાં ખાસ કરીને શ્રેયસ્કર નીવડી શકે છે, જ્યારે ઐહિક કે સ્થૂળ લાભાલાભની બાબતમાં સ્થૂળ લાભ જ થાય તેમ ચોક્કસપણે ના કહી શકાય. વળી, જે કોઈ મુક્તાત્મા હોય છે તેઓને પોતપોતાની આગવી વ્યક્તવ્યની લઢણ હોય છે. દરેક મુક્તાત્માના જીવનની પાછળ તેના વ્યતીત થયેલા સમગ્ર જીવનને તથા જીવનવિકાસની સાધનાને અર્થે જે રીતે એ તે ભાવનાથી અને જે ટેક્નિકના સાધનથી મથવાનું બન્યું હોય છે, તે બધામાંથી વ્યક્ત થતું એક સહજ ધોરણ તેના જીવનમાં પ્રગટે છે. તેના તેના આધારે તે તેવી સલાહ તે તે જીવોને આપતો હોય છે. આ ઉપરાંત, જુદા જુદા દેશની જુદી જુદી સંસ્કૃતિમાં કેળવાયેલા જીવાત્માઓ મુક્તદશાને પામે છે, તોપણ તેની પાછળ જે તેનો અભ્યાસ અને મૂળગત સંસ્કૃતિ છે, તેનો પણ પડઘો તેવા તેવા બીજા જીવોને અપાતી સલાહમાં પડ્યા કરતો હોય છે.

**પ્રશ્ન :** આપને આખરી સાક્ષાત્કાર શ્રીસાંઈબાબાએ કરાવ્યો હતો એમ પુસ્તકમાં આવે છે, તે શા ઉપરથી ? વિગતથી જણાવી શકશો ?

**ઉત્તર :** આખરી સાક્ષાત્કાર તો નહિ, પણ એ દિશામાં સાંઈબાબાએ મને ખૂબ મદદ કરેલી. તે પછી મારે કેટલીક પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડ્યું હતું. શ્રીઉપાસનીબાબાએ પણ મને મદદ કરેલી. વિગત જાણવા માટે ખર્ચ આપવો પડે. અહીંના (સુરતના) આશ્રમનો પંદર દિવસનો ખર્ચ અથવા નડિયાદમાં સિત્તેર હરિજન વિદ્યાર્થીઓના એક જમણનો ખર્ચ આપો, કેમ કે મેં પણ બીજી રીતે સમય-શક્તિનો ખર્ચ કર્યો છે. આવી વિગતો મફત

જાણવા ના મળે.

(નોંધ : ઉપરનો પ્રત્યુત્તર તા.૨૨-૧-૧૯૬૩, મંગળવારને રોજ પૂજ્ય શ્રીમોટાએ પ્રાર્થનાસભામાં આપેલો. તે બાદ ખાનગીમાં તેમણે પ્રશ્નકારને (રતિલાલ મહેતાને) કહેવડાવ્યું કે 'પ્રભુકૃપાથી મારા આશ્રમોનો ખર્ચ નીકળે છે, એટલે ચિંતા નથી. ખર્ચની વાત એટલા વાસ્તે કહી હતી કે આવા સવાલો બધાં ના પૂછે. બાકી, જ્યારે આપણે અવારનવાર મળીશું ત્યારે વાત થશે. વળી, તમોને હમણાં જાણીનેય શું જરૂર છે ?' શ્રીમોટાએ આગળ જતાં પોતાની સાધનામાં શ્રીસાંઈબાબાએ ક્યારે પ્રથમ પ્રવેશ કર્યો તે જણાવેલું. તે હકીકત **'પૂજ્ય શ્રીમોટા : જીવન અને કાર્ય'** પુસ્તકમાં પ્રસિદ્ધ થયેલી છે.

**પ્રશ્ન :** કોઈ ચાલુ મંત્ર કારણવશાત્ બદલાઈ જાય તો વાંધો આવે ?

**ઉત્તર :** વારંવાર મંત્ર બદલ્યા કરવો નહિ. જે તે એકને જ પકડી રાખવો. તેની સંખ્યા પર બહુ ભાર-મદાર રાખવો નહિ. પણ તેનું સાતત્ય અને ભાવના અવિચળ થાય તેવું હૃદયમાં પ્રગટવું જોઈએ. મંત્રના દેવતામાં ઓતપ્રોત થતાં હાલતાં ચાલતાં મંત્ર જપાય ત્યારે મંત્રની સિદ્ધિ ગણાય.

**પ્રશ્ન :** મૌનએકાંતમાંથી બહાર આવ્યા પછી ક્લેશ અનુભવાય છે, એનું શું કારણ હશે ?

**ઉત્તર :** કારણ કે સંસારમાં આવીએ એટલે વિક્ષેપો આવે. મૌન દરમિયાન કોઈ વચ્ચે અડચણકર્તા હોતું નથી. એટલે ત્યાં એકાગ્રતા, આનંદ અને ધ્યાન રહે છે. જ્યારે બહાર નીકળીએ છીએ અને ચાલુ કાર્યમાં મગ્ન થઈએ છીએ ત્યારે મૌન દરમિયાન માણેલી એકાગ્રતાને, આનંદને અશાંતિ મળે છે. એટલે ક્લેશ થાય

એ સ્વાભાવિક છે. જો આપણું ધ્યેય એ હોય કે આપણે તો એના જ રસ્તે આગળ વધવું છે અને અડચણોથી ગભરાવું નથી, એવો નિર્ધાર થઈ ગયો હશે તો કશું બગડશે નહિ અને એકાગ્રતા પાછી પ્રાપ્ત થશે.

**પ્રશ્ન :** અંતરનાદ જે સંભળાતો હશે, તે અનાહત નાદ કાનમાં જે કેટલાંકને સંભળાય છે, તેની જેમ સ્પષ્ટ કાનને સંભળાઈ શકે તેમ તે અંતરનાદ ઊઠતો હશે ?

**ઉત્તર :** હા, જેમ એક વ્યક્તિ બીજીને મુખેથી આદેશ દેતી હોય તેમ સ્પષ્ટ અવાજ હૃદયમાં, અંતરમાં ઊઠે-સંભળાય. પણ, આવો અંતરનાદ ખૂબ આગળ વધેલી કક્ષાના સાધકને સંભવે છે.

**પ્રશ્ન :** મુક્તાત્માને આવો અંતરનાદ ઊઠતો હશે ? અને તે આધારે તેનાં કાર્યો કરાયે જતાં હશે ?

**ઉત્તર :** ના, તેને અંતરનાદ ઊઠવાનો સવાલ જ રહેતો નથી. અંતરનાદ તો સાધનાની અમુક ઉચ્ચ કક્ષાઓ વટાવ્યા પછીથી પ્રગટતો હોય છે. મુક્ત પુરુષને તો પ્રેરણાઓ ઊઠતી હોય છે. પ્રેરણામાં અવાજ નથી હોતો.

**પ્રશ્ન :** આ મૌનએકાંતના ગાળામાં કેટલાંક બેસનારાંને પ્રત્યક્ષ તમારાં દર્શન થાય છે, તો આ 'પ્રત્યક્ષ' એટલે માનસિકપણે કે ચર્મચક્ષુ વડે ? તો બધાંને તેવું કેમ દેખાતું નથી ?

**ઉત્તર :** માનસિકપણે નહિ, પણ ચર્મચક્ષુ વડે, ખુલ્લી આંખે, જાગૃત દશામાં સ્થૂળ સદેહે જોઈ શકે છે. આ (પોતાનું શરીર બતાવીને) ગમે ત્યાં હોય, તોપણ તે ત્યાં પણ હોઈ, જઈ શકે છે અને શ્રદ્ધા વિના બધાંને તે જોઈ શકાય નહિ. આ શરીર ત્યાં આવજા કરે છે.

**પ્રશ્ન :** મોટા, શ્રીસાંઈબાબા વિશેનું એક આ (Sayings & Charters of Sai Baba) પુસ્તક છે. તેમાં શ્રીસાંઈબાબાના શ્રીમુખેથી નીચેના શબ્દો બહાર પડેલા લખવામાં આવ્યા છે :-

‘હું કબીર હતો અને કાપડ વણતો.’

‘અકબરના દરબારમાં હું કામ કરતો અને તે મારા પ્રત્યે આદરથી જોતા.’

‘ઝાંસીની રાણીના લશ્કરમાં પણ હું હતો અને તેની સાથે ફરતો.’

‘હું ઘણું કામ કરતો. એટલું કામ કરતો કે મારાં હાડકાં દેખાતાં.’

**ઉત્તર :** જુઓ, આવા મહાન પુરુષ આટલા જન્મો લઈને કામ કર્યા કરે છે, તો તેનો કંઈક અર્થ હશેને ? અવતારો અનંત છે. કશું સ્થિર નથી. જેટલું કામ કરો તેટલું ઓછું. તો આપણું શું ? આપણે તો ચસવાય માગતા નથી ! માટે, જ્યાં ઊભા છો ત્યાંથી જરા ચસો તો બધું સારું કહેવાય. ખસવા માંડો, ખસવા માંડો.

**પ્રશ્ન :** વેદાંતીઓ બ્રહ્મને જ સત્ય માને છે અને જગતને મિથ્યા એટલે બેસી રહેવું ?

**ઉત્તર :** વડનું ઝાડ ઊંચે ફૂલીફાલીને પાછું નીચે ભોંય પર વળે છે તેવી રીતે આપણે પણ ભણીગણીને વિકાસ પામીને જમીન પર પાછા આવવાનું છે અને કામ કરવાનું છે. ‘બ્રહ્મ સત્ય, જગત મિથ્યા’ એ ગોખી ગોખીને બેદરકાર બનવાનું નથી. એ પર સત્યનો અર્થ પચાવવાનો છે, અનુભવ કરવાનો છે અને સૃષ્ટિ પ્રત્યે પ્રેમથી જોવાનું છે. વેદાંતને નામે ઢોંગ આચરવાનો નથી. તમે જ્યાં હોવ ત્યાંથી આગળ ખસવાનું છે.

**પ્રશ્ન :** આપણને કોણ રસ્તો બતાવે ?

**ઉત્તર :** તમારા ગુરુને પૂછોને ! અરે ! કંઈક ચોક્કસપણે કરશો એટલે જવાબ અંદરથી જ મળ્યા કરશે.

**પ્રશ્ન :** તોતાપુરી નાગાબાવાએ (અથવા નાગટાએ) જેમણે શ્રીરામકૃષ્ણ પરમહંસને અદ્વૈતનો સાક્ષાત્કાર કરાવી આપવામાં સહાય કરેલી અને જેઓ બ્રહ્મજ્ઞાની હતા, તેઓ એક ભૈયાને પોતાની ધૂણીમાંથી અડીને દેવતા લેવા સારુ ખૂબ ક્રોધ કરીને ચીપિયો મારવા ઊઠેલા, તો આવા બ્રહ્મજ્ઞાનીને આવા ક્ષુલ્લક કારણસર ક્રોધ કેવો ?

**ઉત્તર :** એ ક્રોધ સપાટી પરનો હોય છે. અંતરમાં તેઓ ખૂબ શાંત હોય છે. વળી, કર્મકાંડીઓ, પછી તે મુક્ત હોય તોપણ, એવી આભડછેટ એ તો એમના સ્વભાવનું માત્ર એક લક્ષણ છે. કોઈ બાહ્યલક્ષણથી કોઈનું યોગ્ય મૂલ્યાંકન થઈ શકતું નથી. ગુણો ગુણોમાં પ્રવર્તે છે, એવો સંપૂર્ણ પ્રત્યક્ષ સાક્ષીભાવ અનુભવીમાં જીવતોજાગતો અખંડિત પ્રત્યેક પળે ચેતનાત્મક પ્રવર્ત્યા જ કરતો હોય છે. એટલે એમને એવા સાક્ષીભાવને કારણે લાગેવળગે નહિ. વળી, કર્મકાંડના એકધારા અભ્યાસમાં જેનું જીવન વીતેલું છે તેવો આત્મા તેના કર્મકાંડના અભ્યાસને પરિણામે તે પરત્વેના અભ્યાસને જીવતો રાખ્યા કરે છે અને તેને મન તે કર્મકાંડ એક ક્ષુલ્લક આચાર માત્ર નથી હોતો, તેને તે પવિત્રમાં પવિત્ર ગણે છે. છતાં બીજા કોઈ સંજોગોમાં જેમ સાપ પોતાની કાંચળી ઉતારી નાખે છે, તેમ તે આભડછેટને સંપૂર્ણપણે ખંખેરી નાખી પણ શકે છે.

**પ્રશ્ન :** (એક પારસી ભાઈ) : પૂજ્ય શ્રીસત્યસાંઈબાબાએ મને તેમની છબીવાળું અને ઠેકાણાવાળું કાર્ડ હવામાંથી કાઢી ભેટ

આપેલું. આ કાર્ડ આપવાનું શું કારણ ?

**ઉત્તર :** એ છબીવાળા સાંઈબાબાની ભક્તિ કરો.

**પ્રશ્ન :** ભક્તિ કેમ થાય ?

**ઉત્તર :** બાબાની સતત, હાલતાં ચાલતાં યાદ લાવવી. બધું તેને સમર્પણ કરતાં રહેવું, તેનું નામ ભક્તિ.

**પ્રશ્ન :** શાંતિ કેમ મળે ?

**ઉત્તર :** ભક્તિ હોય તો. તમે બાબાને વારંવાર યાદ કરો છો ?

**પ્રશ્ન :** હા, પ્રભુ !

**ઉત્તર :** તો શાંતિ મળવી જોઈએ.

**પ્રશ્ન :** હું એક યુનિયનનો મંત્રી છું. તેમાં ઘણા ઝઘડા થાય છે ત્યારે રાજીનામું આપી દેવાનું મન થઈ જાય છે, તો શું કરવું ?

**ઉત્તર :** રાજીનામું આપી દેવું કાયરતા છે. સાચો ભક્ત મળેલા સંજોગોમાંથી ભાગે નહિ. સત્ય માટે લડવું જોઈએ. ચૂંટણીમાં હારી જઈએ તો વાંધો નહિ, પણ નિરાશ થઈને રાજીનામું ના આપવું અને નિરાસક્ત ભાવે જે કામ આવે તે કરવું. તેથી શાંતિ મળશે.

**પ્રશ્ન :** ભગવાનની પાસે ગમે તે માગી શકીએ ?

**ઉત્તર :** છોકરાં માબાપ કને નથી માગતાં ? તો ઈશ્વર કને માગવામાં શો વાંધો ?

**પ્રશ્ન :** ઈશ્વર તો અંતર્યામી છે, એને આપણને શેની જરૂર છે એની ખબર ના હોય ?

**ઉત્તર :** રસ્તે જનારની પણ એ (ઈશ્વર) ખબર રાખે ? તમે એના તરફ વળેલા ના હોવ અને તમે એની પાસેથી આશા

રાખો ? એ કેમ બને ?

**પ્રશ્ન :** મોટા, શ્રીરામ અને શ્રીકૃષ્ણ અવતારો હતા, તોયે તેમને મર્યાદાઓ ખરી ?

**ઉત્તર :** હા, પૂર્ણ ચેતનને અનંત વિસ્તાર હોય છે. અવતારધારી એટલે અવતારધારી. એને પ્રારબ્ધ હોવાનું પછી ભલેને તે બળેલી દોરડીના વળ જેટલુંય હોય.

**પ્રશ્ન :** પણ આજકાલ ઘણા-અમુક મહાત્માના ભક્તો એમ કહેતા હોય છે - 'અમારા' ગુરુ તો સાક્ષાત્ ભગવાન, સર્વશક્તિમાન, મુક્તાત્મા અને એમની વચ્ચે ઘણો ફરક - આવું બધું તેઓ કહેતા હોય છે.

**ઉત્તર :** ભલે કહે. શુદ્ધ ચેતન અને અવતાર વચ્ચે ફરક ખરો જ. આ સમજવા જેવી વાત છે.

**પ્રશ્ન :** (એક બહેનનો) : કોઈ કોઈ વાર એવો અનુભવ થઈ જાય છે, કે આ શરીર અલગ છે અને અંદરના આત્માને એની સાથે કોઈ સંબંધ નથી.

**ઉત્તર :** એવો અનુભવ થાય તે સારો, પણ એની અસર આપણા જીવનમાં પ્રગટવી જોઈએ. દેવત્વનો અનુભવ થતો હોય તો બીજા બધાં પરત્વે સદ્ભાવ પ્રગટવો જોઈએ. આપણને ગાળ ભાંડનાર પરત્વે પણ ભાવ ટકવો જોઈએ.

**પ્રશ્ન :** આ જન્મમાં જે બે દોસ્તો હોય તે આવતા જન્મે પણ દોસ્તો બની રહેવાના ?

**ઉત્તર :** જો એ બે જણા ઘણા લાંબા કાળ સુધી લગભગ ત્રીસેક વર્ષ સુધી જિગરજાન દોસ્ત તરીકે રહ્યા હોય, તો બીજા જન્મમાં પણ તેઓ દોસ્ત બની રહે ખરા. પણ તેનો આધાર છે

તેમની મૃત્યુ સમયની તે તે જીવની મતિ - ગતિ ઉપર. તેઓ મિત્રો તરીકે જ મળે એમ ના પણ બને, પણ પિતાપુત્ર તરીકે, પતિપત્ની તરીકે મળે. જોકે આનો આધાર તેમની દોસ્તીની અંતિમ ભાવનાના પ્રકાર ઉપર છે. આ જ વાત આ જન્મનાં પતિપત્ની અને અન્ય સગાંસંબંધીઓને પણ લાગુ પડે છે.

**પ્રશ્ન :** ભક્તિ માટે ચિત્તશુદ્ધિ આવશ્યક છે ? ચિત્તશુદ્ધિથી ભક્તિ જાગશે ?

**ઉત્તર :** ભગવાનનો અનુભવ કરવા માટે ગુણ એકલા મદદ નહિ કરે. તે માટે ભાવના જરૂરી છે. અને સાથો સાથ પ્રભુપ્રીત્યર્થે કામ કરવું. માટે, હું કર્મ કરતાં કરતાં નામસ્મરણ કરતો, ભજન કરતો, પ્રાર્થના કરતો, આત્મનિવેદન કરતો, મૌન પાળતો અને અભય પ્રગટે એની સક્રિય કોશિશમાં પ્રવૃત્ત રહેતો. જીવનવિકાસ પરત્વે ચીટકી રહેવાની ભાવના, સરેશની જેમ તેમાં જોડાઈ રહેવાની ઉત્કટ તમન્ના, એનું નામ ભાવના. એટલે ચિત્તશુદ્ધિ એકલી પર ઝોક દેવાથી ભક્તિ નહિ પ્રગટી શકે.

ભગવાનનો અનુભવ કરવા ચિત્તશુદ્ધિ અનિવાર્ય છે, પણ તેની સાથે ભાવના, મૌન, અભય આદિ ગુણો અને નામસ્મરણ અનિવાર્યપણે જરૂરનાં છે. ઉચ્ચ ચારિત્ર્યવાળા નાસ્તિક પણ હોય છે. એવા માણસો જ્ઞાનમાં પ્રગટે પણ ખરા. એટલે ચારિત્ર્યશીલ માણસોમાં જ ભક્તિ આપોઆપ જાગી જાય એમ ધારવું ખોટું છે. વળી, એકલી ચિત્તશુદ્ધિ કરવી બહુ મુશ્કેલ કામ છે, કેમ કે સંસારના પ્રવાહોથી આપણે વંચિત રહી નહિ શકીએ. જો ભક્તિ વધારતાં વધારતાં ચિત્તશુદ્ધિ પરત્વે ધ્યાન આપીશું, તો તે કામ સહેલું બની જશે. વળી, ભક્તિને લઈને અનેક ગુણસમુદાયનો

વિકાસ થાય છે. તેનાથી તે નિર્ભય થતો જાય છે, જે ગુણ ઈશ્વરના અનુભવ માટે ખૂબ જરૂરી છે.

**પ્રશ્ન :** જપ અને ધ્યાન બંને પરસ્પર સંકળાયેલાં નથી લાગતાં ?

**ઉત્તર :** વાચિક જપમાંથી ટેવ પાડીને, મોઢું બંધ રાખી માત્ર, જીભ હલાવીને મનમાં જપ થઈ શકે. એમાંથી પ્રયત્ન કરતાં હૃદયમાંથી આપોઆપ તે થયે જશે. હૃદયના ધબકારા સાથે જપ થાય તે ઉત્તમ, કારણ કે જપનું ઉદ્ભવસ્થાન હૃદય છે. જપ જાતે એક ભાવ જ છે, એટલે એ ભાવમાં સ્થાપિત થઈ ગયા એટલે ધ્યાન આપોઆપ બની આવશે, અને તેમાંથી ધારણા પણ રહ્યા કરશે. એ રીતે જપ, ધ્યાન, ધારણા બધું વ્યવસ્થિત રચાઈ જશે. આજકાલ ધ્યાનના વર્ગો ચાલે છે અને ટૂંકા રસ્તા એ કાજે બતાવવામાં આવે છે, પણ તેની ક્રમબદ્ધ પ્રક્રિયા બતાવવામાં આવતી નથી. એટલે પાછા જે તે બધાં ધ્યાન વિશે જ્યાં ત્યાં પૂછતા રહે છે. ચોપડાં તો તેના પર હજારો લખાયાં છે, પણ એ કેવળ વાંચવાથી કાંઈ ના વળે ! નિયમિતપણે, સતત તમન્નાથી, પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક, એકસમયે, એક જ સ્થાને અભ્યાસથી ટેવ પાડો, અને તે વિશે તરબોળ થઈ જાઓ તો બહુ સહજ છે. વાતો કરવાથી નહિ વળે. ચાલવા માંડો, ચાલવા માંડો.

**પ્રશ્ન :** મોટેથી નામસ્મરણ કરવામાં કંઈ વિશેષ લાભ ખરો ?

**ઉત્તર :** હા, તેનાથી વિચારોની પરંપરા અટકી જાય છે. માનસિક સ્મરણ, જપ કરતાં પુષ્કળ વિચારો ઊભરાતા હોય છે અને વધુ અડચણ ઊભી થાય છે. છતાં મોટેથી જપ કર્યા પછી મનમાં જપ કરવાની ટેવ પાડવી અને આપણે ધ્યાન જપ ઉપર,

તેના ભાવ ઉપર, તેનાં મૂળ સ્થાન ચેતન વિશે ભાવના જગાડવી. મોટેથી સ્મરણ કરવાથી આંદોલનો ઊભાં થાય છે અને આધારનાં કેંદ્રોને સ્પર્શે છે.

**પ્રશ્ન :** ભગવાન સાથે સંબંધ બાંધવો જોઈએ અને પ્રાર્થના કરવી જોઈએ વગેરે કહેવામાં આવે છે, પણ એવું મન જ થતું ના હોય તો શું કરવું ?

**ઉત્તર :** એક ઉપાય છે. ઈશ્વર આપણું પોતાનું પ્રિયજન હોય તેવી રીતે, મિત્રને, પત્નીને કે બીજા કોઈ એવા પ્રિયને વાત કરતા હોઈએ તેવી રીતે, એને જે તે બધું ખૂબ ભાવનાથી હંમેશાં સંબોધવાનું રાખવું. એમ કરતાં કરતાં એવી ટેવ પડી જતાં, એ વસ્તુમાં સાતત્ય આવી જશે. વળી, સત્સંગની પણ ઘણી જરૂર છે. જીવંત સત્સંગ ના મળે તો એવા સંતપુરુષનાં જીવનચરિત્રો વાંચવાનું રાખવું. આમાંથી ઈશ્વર વિશે ભાવ જાગશે.

**પ્રશ્ન :** આદિ શંકરાચાર્યે એક જગ્યાએ આ પ્રમાણે ગાયું છે:-

दूर्लभम् त्रयमेवैतत् देवानुग्रहहेतुकम् ।
मनुष्यत्वं मुमुक्षुत्वं महापुरुषसं श्रयः ॥

આપ તે વિસ્તૃતપણે સમજાવશો ?

**ઉત્તર :** માનવપણું, મુમુક્ષુત્વ (મુક્તિ-પ્રાપ્તિની ઉત્કટ જિજ્ઞાસા), અને મહાપુરુષનો આશ્રય મળવો એ ત્રણે વાત બહુ દુર્લભ છે, અને છતાં જો એ મળ્યાં તો ઈશ્વરની કૃપાનું એ ચિહ્ન સમજવું, એમ શંકરાચાર્ય મહાપ્રભુજી કહે છે. હવે આપણે પ્રથમ ‘મનુષ્યત્વ’ શબ્દ લઈએ. ‘મનુષ્યત્વ’ એટલે હાડ, માંસ, ચામનું બનેલું ખોળિયું નહિ, સંપૂર્ણ જીવદશાવાળું, કામ, ક્રોધ, લોભાદિથી

ભરેલી પ્રવૃત્તિવાળું શરીર નહિ, પણ મનુષ્યત્વનાં લક્ષણ એટલે કે ઉત્તમ ગુણો જેના જીવનમાં પાંગરવા માંડ્યા હોય એવું 'मनुष्यत्वम्' એ અર્થનું 'મનુષ્યત્વમ્' એટલે કે જેના જીવનમાં માનવતા પાંગરવા માંડી છે, અનેક ઉત્તમ પ્રકારના ગુણોથી એનું શરીર મલપતું છે, એવા ઉત્તમ ગુણવાળું જીવન તે 'મનુષ્યત્વમ્', અને તેના જીવનમાં જ મુમુક્ષુત્વની, મુક્તિ પ્રાપ્ત કરવાની ઈચ્છા, જિજ્ઞાસા, ભાવના જાગે છે.

કોઈને હવે પ્રશ્ન ઊઠે કે, કોઈ ભારે કામી અને જીવ-દશાવાળો હોય તે ભક્ત શી રીતે થઈ ગયો હશે ? બિલ્વમંગળનો દાખલો લઈએ. અંધારી મેઘલી રાતે, નદીમાં ભયંકર પૂર આવેલું ત્યારે તે તણાઈ આવતા મડદાને લાકડું ગણીને તેને આધારે નદી પાર કરીને સામે કિનારે પહોંચી જાય છે. તેને પેલી સ્ત્રીના ઘરમાં પાછલે દરવાજેથી ચડીને પ્રવેશતાં તેના હાથમાં સાપ આવી જાય છે ! આવો તો તે કામાંધ હતો ! એનો એક હેતુ પેલી સ્ત્રીને જઈને મળવાનો હતો. તેમાં તે એટલો ગુલતાન હતો કે તે કોઈ ભયને ઓળખતો નથી. આવી દશામાં પેલી સ્ત્રી તેને મીઠો ઠપકો આપે છે અને તેનું મોં ઈશ્વર તરફ વળી જાય છે ! આ આશ્ચર્યજનક લાગે છેને ? ના, તેનામાં ભૂમિકા હતી, માનવતા હતી, ગુણો વિકસેલા હતા. એટલે એક જ વચનથી તેનું જીવન પલટાઈ ગયું અને મહાન ભક્ત બની ગયો ! આવા ગુણોવાળા માણસમાં મુમુક્ષુપણાની ભાવના પ્રગટે છે. આવી જિજ્ઞાસા જ્યારે જેના જીવનમાં પ્રગટે છે ત્યારે તેનું જીવન બદલાઈ જાય છે, કેમ કે સાચી જિજ્ઞાસા ગતિશીલ, ક્રિયાશીલ અને સર્જનશીલ હોય છે. એવી જિજ્ઞાસા કદી બેસાડી રાખતી નથી.

જ્યારે જ્વાળામુખીના જેવી ધગધગતી જિજ્ઞાસા જાગે છે ત્યારે તેને ફળવંતી કરવાને માટે, એને વિકસાવવાને માટે, ભગવાનની કૃપાથી એને કોક ને કોકનો આધાર મળી જાય છે. તે માટે તેને ખોળવા પણ જવું નહિ પડે. આવા માણસને મહાપુરુષનો આશરો મળી જાય છે, પણ એનો પ્રેમભક્તિ જ્ઞાનપૂર્વક સ્વીકાર થવો એ જેના તેનાથી બનતું નથી, કારણ કે એ મહાપુરુષનું જીવન અને એનું વર્તન પોતાનું આગવું હોય છે. અને એ આગવા વર્તનને જીરવવું, એની યોગ્યતા પ્રમાણે પોતાના હેતુને ફળાવવાની ચેતનાવંતી સભાનતા સાથે એને સ્વીકારવું. અને સ્વીકારવું એટલું જ નહિ પણ પોતાના આધારમાં ઝીલીને પોતાના આધારનાં જુદાં જુદાં કરણોને ઊર્ધ્વગામી રીતે વિકાસ આપવાને માટે એને ઘડવાં અને તે પ્રમાણે આપણા આધારનાં કરણોનો જે પ્રકૃતિધર્મ છે, તે પ્રકૃતિધર્મને પલટાવવો. આ બધું કોઈ એકાદ મહાપુરુષમાં ભાવનાભક્તિ જાગે તો તે પ્રમાણે આપણે કરી શકીએ છીએ, કારણ કે મહાપુરુષ મળવા કદાચ સહેલું બની જાય, પણ એને આપણા જીવનના આધારમાં સ્વીકારીને, આપણા આધારને ચેતનામાં પ્રગટાવવાને માટે, ચેતનાને ઝીલવાને, સ્વીકારવાને અને તે પ્રમાણે ફળાવવાને એ આધારને યોગ્ય થવા દેવો એ અઘરું છે. તો એ મુજબ યોગ્ય કરવાને માટે એ મહાપુરુષનો આશ્રય છે. અને તેના પરત્વે ઉત્કટમાં ઉત્કટ ગરજ અને ભક્તિ જાગેલી છે, તેવો જીવ જ એ મહાપુરુષના ધાર્યા મુજબ પોતે વર્તન કરી શકશે.

આમ, આ ત્રણે જેને મળેલાં છે, તેના પર ભગવાનનો સંપૂર્ણ અનુગ્રહ છે, સંપૂર્ણ કૃપા છે એમ સમજવું, કેમ કે તેવો જીવ ચેતનવંતો થયા સિવાય રહી શકતો નથી. અને ખૂબી તો

જુઓ : આદ્ય શંકરાચાર્ય મહાપ્રભુએ કહ્યું કે આ ત્રણે મળવાં દુર્લભ છે. એટલા માટે જ કહ્યું કે પ્રત્યેક સામાન્ય જીવને મનુષ્યનું ખોળિયું તો મળ્યું જ છે, પરંતુ દરેક જણમાં આવું સાચું મનુષ્યત્વ ખીલેલું હોતું નથી. એટલે એનામાં મુમુક્ષુત્વ તો હોય જ ક્યાંથી ? અને તે હોય નહિ તો એને મહાપુરુષનો આશરો કદાચ મળે, કોઈ કાળ નિમિત્તને લઈને મળી જાય, એવાની સાથે કોઈ જીવનમાં આપણે સંકળાયેલાં હોઈએ તેથી આપણને તે મળી જાય તોપણ, આપણો કશો શુક્કરવાર વળતો નથી. એટલે કે મહાપુરુષો મળતા હોવા છતાં એનો આપણે યોગ્ય લાભ લઈ શકતાં નથી. તેથી એ ત્રણ મળવાં દુર્લભ છે.

**પ્રશ્ન :** આપ ઘણી વાર કહો છો કે જીવ કોઈ સંતમહાત્મા પરત્વે રાગ ધરાવતો હોય, તો તેવા જીવનો તુરંત કલ્યાણભર્યો પુનર્જન્મ થાય, તો તેવો આપનો અનુભવ હોય તો જણાવશો ?

**ઉત્તર :** મને મારા ગુરુમહારાજે કહેલો એક સિદ્ધાંત યાદ આવે છે. તે એ, કે કોઈ જીવને કોઈ સાધુમહાત્મા પરત્વે રાગ, મોહ, ભક્તિ કોઈ પણ પ્રકારે હોય અથવા કોઈ મહાત્માને તેવા જીવ પરત્વે ભાવ હોય તો તેવા જીવનો કલ્યાણકારી પુનર્જન્મ તત્કાળ થઈ જાય છે. આ વાતની કસોટી મારા જીવનમાં જ કરી જોવાનું મારા મનમાં ઊગી આવ્યું, અને મારું જીવન તો હંમેશાં પ્રયોગશીલ જ રહ્યું છે. પ્રયોગ કરતાં જે સિદ્ધ થાય તે જ સાચું શાસ્ત્ર, કેવળ વાંચેલી કે સાંભળેલી વાતો પર હું એમ ને એમ વિશ્વાસ મૂકી શકતો નથી. એટલે આપણે તો ગુરુમહારાજની કૃપાથી 'બાનો જન્મ વહેલો થયો છે કે ?' તે ચકાસી જોવા માટે હું ધ્યાનમાં બેસી ગયો. તેથી મારી આધ્યાત્મિક સ્થિતિની પણ કસોટી

થાય. ધ્યાનની એક પરિસ્થિતિ છે તેમાં 'સંયમ' આવે છે. યોગની ભાષાનો 'સંયમ' છે. સામાન્ય રૂઢ અર્થમાં સંયમ શબ્દ વાપરીએ છીએ તે નહિ. ધ્યાનમાં સંપૂર્ણપણે એકાકાર થઈ ગયા હોઈએ અને શરીરની સભાનતા જવાની પળ હોય તે જ પળે જો કોઈ સંકલ્પ આપણે રાખીએ તો તે સંકલ્પ સાકાર થઈ જાય. આ કાંઈ નાનીસૂની વાત નથી. બોલવામાં સહેલું છે, પરંતુ આવી ઉત્કટ સભાનતા જીવતીજાગતી ચેતનવંતી રાખવી એ દુર્ઘટ છે, પરંતુ ગુરુમહારાજની દયાથી મારે માટે એવી સ્થિતિ સુલભ હતી એટલું નમ્રતાપૂર્વક કહું તો માફ કરશો.

એટલે ધ્યાન ધરીને એવો સંકલ્પ (બાના પુનર્જન્મની માહિતી વિશે) મારા પોતાનામાં ધારણ કર્યો અને એમ તે ધારણ કરતાં જ કાશીની ગલીઓ, શેરીઓ, રસ્તાઓ, વળાંકો વગેરે શું શું હોય તે પ્રત્યક્ષ મારી નજરમાં આવ્યાં. અને છેવટે એક વળાંકવાળી ગલીમાં આવેલ એક ઘરમાં એક બાળકી જન્મેલી છે, તે જણાયું. તે બાળકી તે મારી માતાનું સ્વરૂપ હતું, તે મારી નજરમાં સ્પષ્ટ આવી ગયું.

પછી સવારમાં ધ્યાનમાં જે જે દેખાયું તે તે નિશાનીઓ જોતો જોતો પેલું ઘર શોધવા લાગ્યો. છેવટે તે ઘર મળી આવ્યું. તેના ઓટલા પર જઈને બેઠો. અંદર તો કેમ જવાય ? એટલે ભજન ગાવા લાગ્યો. થોડા સમય પછી અંદરથી કોઈ બહેને આવીને મારા આગમનનું પ્રયોજન જાણવા માગ્યું. હિંદીમાં તે બોલી. મેં તેને કહ્યું કે 'રાત્રે મને સ્વપ્ન આવ્યું હતું કે આપના ઘરમાં બાળકીનો જન્મ થયો છે. એ જીવ મારા જીવન સાથે સંકળાયેલો જીવ છે. તેનાં દર્શન કરીને હું ચાલ્યો જઈશ.

ભગવાનનો હુકમ છે એટલે આવ્યો છું.' આમ કહેવાથી તે લોકો દયાથી પ્રેરાઈને મને તેમના ઘરમાં લઈ ગયા અને બાળકીને લાવીને મારા ખોળામાં મૂકી. બાળકીને હું પગે લાગ્યો. મને પ્રતીતિ થઈ ગઈ કે ધ્યાનમાં જેનું દર્શન થયું હતું તે આ જ.

મને ત્યારે બરાબર સમજાઈ ગયું કે શરીરધારી ચેતનનિષ્ઠ આત્મા સાથે જેને ખરેખરો રાગ થઈ ગયો હોય અથવા એ આત્માને કોઈ જીવ પરત્વે પ્રેમભાવ હોય તો તેવો જીવ ફરીથી તુરંત જન્મ પામે. ભગવાને અત્યંત કૃપા કરીને મને આ પ્રયોગનું દર્શન કરાવ્યું. તેથી મારા જીવનમાં જે ગદ્ગદ ભાવ પ્રગટ્યો અને તેથી ભગવાન પર કેટલો વારી ગયો હોઈશ તેની તો કલ્પના કરવાથી સમજી શકાશે એવી એ હકીકત છે.

**પ્રશ્ન :** નામસ્મરણથી રોગ મટે છે, એ વૈજ્ઞાનિક રીતે આપ સમજાવવા કૃપા કરશો ?

**ઉત્તર :** ગરજ બિચારી રાંકડી, ત્યારે બુદ્ધિ દેવાળું કાઢે. મને ફેકરુંનો રોગ હતો. તે મટાડવાની ભારે ગરજ હતી, એટલે બુદ્ધિએ 'દેવાળું' કાઢ્યું અને એક સાધુમહાત્માની સલાહ અનુસાર 'હરિઃૐ'નો મંત્ર રટવા લાગ્યો, અને યોજનાપૂર્વક નામસ્મરણ કરતાં કરતાં ચારછ માસમાં મારું ફેફરું મટી ગયું. આ રોગ આ મંત્રના જપથી મટ્યો એ સાચું પણ કેવી રીતે એની અસર થઈ એ હું સમજી નહિ શકેલો. ત્યારના પૂજ્ય વિદ્યાનંદજી મહારાજ, ગોદડિયા મહારાજ, પ્રજ્ઞાચક્ષુ ગંગેશ્વરાનંદજી અને ઇતર મહાત્માઓને આ માટે પૂછ્યું, પરંતુ તેઓ બધાના એકસરખા ઉત્તરો હતા કે ભાવના હોય તે મુજબ ફળે. મને આનાથી સંતોષ નહિ થયેલો.

પછી મને ધીમે ધીમે સમજ પડવા લાગી. શબ્દને સ્ફોટ

થવાનું કેંદ્ર છે ત્યાં, જ્યાં અવાજ સ્ફોટ થાય છે ત્યાં આગળ, અનેક જાતનાં જ્ઞાનતંતુઓનાં કેંદ્રો છે. જ્ઞાનતંતુઓ ઘણી જાતના હોય છે. એનાં કેંદ્રો આગળ પાછળ રહેલાં હોય છે. નામનો સ્ફોટ થાય, અવાજ થાય, તે જ્ઞાનતંતુઓનાં અનેક કેંદ્રોને પણ સ્પર્શ્યા કરે છે. એ કારણે અનેક પ્રકારનાં ઉત્પન્ન થતાં મોજાં કેંદ્રોને ચારેબાજુ સતત સ્પર્શ્યા કરે છે, અને એ સ્પર્શથી જ્ઞાનતંતુઓ 'ટોન અપ' પ્રાણવાન થાય છે, મજબૂત થાય છે. આ રીતે મને સહન કરવાની શક્તિ આવી.

આથી, શબ્દ છે તે ખાલી શબ્દ નથી. શબ્દને આપણી સંસ્કૃતિમાં બ્રહ્મ કહેલો છે. અને એ બ્રહ્મની ભાવના એ શબ્દના હાર્દમાં જ રહેલી છે. આ સંસ્કૃતિનો જે જાણકાર છે અને સ્મરણ કરે છે, તેના હૃદયમાં એવી ભાવના જપની સાથે પ્રગટ થયા કરતી હોય છે.

આમ કરતાં જ્યારે અખંડ થાય છે ત્યારે એ અખંડાકાર શબ્દની જે ભાવના પ્રગટે છે, તે પણ એની સાથે હોય છે.

મૂળ વાતમાં જઈએ તો આપણામાં પાંચ તત્ત્વો છે : આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી. તેવી રીતે ત્રણ ગુણ : સત્ત્વ, રજસ અને તમસ. આકાશનો સંબંધ સત્ત્વગુણની સાથે છે. તેજ અને વાયુમાં પુષ્કળ ગતિ હોય છે, એટલે તેનો સંબંધ રજસની સાથે હોય છે. રજસમાં અત્યંત ગતિ હોય છે. પવન કરતાંય વધુ અને છેલ્લે જળ અને પૃથ્વી-એમાં ઘણું Inertia 'ઈનર્શિયા' એટલે કે જડપણું હોય છે. એટલે એ બંનેનો સંબંધ તમસ સાથે. તમસ એટલે જડતા, મંદતા. આમ, ત્રણ ગુણો પેલાં પાંચ તત્ત્વો સાથે કેવી રીતે જોડાયેલા છે તે જોયું.

હવે, શબ્દ જ્યારે અખંડ થાય ત્યારે આપણી ભૂમિકામાં આકાશતત્ત્વ 'પ્રિડૉમિનન્ટ'-(મોખરે) રહે છે, કેમ કે શબ્દનો સંબંધ આકાશતત્ત્વ સાથે રહેલો છે. આમ, જ્યારે આપણા સમગ્ર આધારમાં સત્ત્વગુણની પ્રતિષ્ઠા થાય ત્યારે શબ્દ-ગુણ મોટે ભાગે મહત્ત્વનો ભાગ ભજવતો હોય છે, ત્યારે તમસ અને રજસ ગૌણ બની જાય છે. કામક્રોધાદિ વિષય એ રજસ અને તમસ ગુણના છે, સત્ત્વમાં તે નથી હોતા. સત્ત્વગુણ મોખરે પ્રગટતાં આપણામાં કામક્રોધાદિની અસર ના હોય, એ મારી સમજણમાં બેઠું. આમ, 'શબ્દ' અખંડ થાય ત્યારે સત્ત્વગુણ મોખરે રહે અને એમ તેનું અખંડ થવું એ સહેલી વાત નથી.

આ રીતે શબ્દનું કેટલં બધું મહત્ત્વ છે, તે તમે સમજી શક્યા હશો. સંસારમાં ગાળની અસર, વહાલની અસર કેવી નીપજતી હોય છે એનો બધાંને અનુભવ  છે. રાજકારણીઓની ભાષાનો જાદુ જુઓ. એ લોકો એટલા સહૃદયી અને પ્રમાણિક હોય છે ? છતાં એમની ભાષાનો જાદુ હોય છે, તો ભગવાનના ભાવમાં રંગાયેલા માણસની વાણી તો ઑર હોય છે. આથી, નામસ્મરણના જાદુથી કામક્રોધાદિ કેવી રીતે મોળા પડી જાય છે અને રોગ પણ, તે તમને સમજાવ્યું.

**પ્રશ્ન :** આપે પ્રાણાયામ અને કુંડલિની વિશે કંઈ ખાસ કહ્યું કે લખ્યું લાગતું નથી, જ્યારે ઘણા મહાત્માઓ તેના પર ખૂબ ભાર મૂકે છે અને એને વિશે ઘણી ચર્ચાઓ થાય છે, તો તે વિશે આપ કાંઈ કહેશો ?

**ઉત્તર :** પ્રાણાયામ એ યોગની ઉત્તમ ક્રિયા છે. પ્રાણની ક્રિયાથી પ્રકૃતિને વશ કરી શકાય છે. દ્વંદ્વ અને ગુણ પર રચાયેલી

પ્રકૃતિનું ઊર્ધ્વગમન કરાવવા માટે પ્રાણાયામ એ ટૂંકો માર્ગ છે. એ સહેલામાં સહેલો છે, છતાં અઘરામાં અઘરો છે.

પ્રાણાયામ કોણ કરી શકે ? મારી સમજણ પ્રમાણે કોઈ પણ સંસારી સુખ ભોગવનાર સ્ત્રીપુરુષ પ્રાણાયામ કરી ના શકે. હા, સામાન્ય, સાદો પ્રાણાયામ તે કરી શકે. પણ જેને પ્રકૃતિનું રૂપાંતર કરવું છે. તેને માટે અઘરા પ્રાણાયામની જરૂર છે. નૈષ્ઠિક બ્રહ્મચર્ય જેના જીવનમાં એકધારું, ચેતનવંતું પ્રગટેલું છે, તેવો જ માણસ આવી જાતનો અઘરો પ્રાણાયામ કરી શકે છે, કેમ કે પ્રાણાયામમાં મુખ્ય આધાર છે શ્વાસ. એ માટે ફેફસાં એવાં મજબૂત હોવાં જોઈએ કે શ્વાસની એકધારી એની ગતિમાં જરા પણ ફરક ના પડે. એ લેવામાં અને મૂકવામાં, એટલું જ નહિ પણ ત્યાં ફેફસાંની અંદર પણ એકધારો ટકવામાં, એટલું જ નહિ પણ ફેફસાંમાં 'વેક્યુમ'-(પોકળ જગ્યા) પ્રગટે ત્યારે અમુક જાતની એકધારી સમતુલના પ્રગટાવવાની શક્તિ માત્ર બ્રહ્મચર્યમાં જ રહે છે, બીજી કોઈ સ્થિતિમાં એવી શક્યતા નથી.

આપણાં ફેફસાંની ગતિ ઉપર જ મનુષ્યના જીવનનો આધાર છે અને આ શ્વાસની ગતિ ઉપર જ કામક્રોધાદિ છે, એ કોઈને સમજ નહિ પડે. જો અત્યંત કામાતુર કોઈ હોય તો તેનાં ફેફસાંની ગતિ સમજી લો, તપાસરાવી લો, નાડીથી પણ સમજાય. મોહની આત્યંતિક તીવ્રતામાં, એવી રીતે અત્યંત લોભમાં અને ગુસ્સામાં હોઈએ તો લોહીનું ફરવું નાડીથી, શ્વાસથી સમજાઈ જાય. એવા માણસો આજે પણ આપણા દેશમાં છે, કે જેઓ આપણા શ્વાસ ઉપરથી આપણી માનસિક સ્થિતિનો ક્યાસ કાઢી શકે છે, પણ તેઓ તેમ કહેતા હોતા નથી. ત્યારે મનુષ્યના જીવનનું પ્રત્યક્ષ

પ્રમાણ તો શ્વાસ છે. એ શ્વાસને અમુક પ્રકારની નિયમિતતામાં પ્રગટાવવા પ્રાણાયામ બહુ મોટો ભાગ ભજવે છે, પણ એ પ્રાણાયામ ગમે તેવા પાસે શીખવા બેસશે તો લાભને બદલે ગેરલાભ જ થશે, કેમ કે શ્વાસનું નિયમિતપણું તેઓ નહિ પ્રગટાવી શકે. એટલે મારી પાસે કોઈ પ્રાણાયામ શીખવા આવે તો હું ના જ કહી દઉં છું કે મને તે આવડતું નથી.

હવે, કુંડલિની વિશે : કુંડલિની આપમેળે જાગે એ સર્વથી શ્રેષ્ઠ. કોઈ પણ ચેતનામાં પ્રગટેલો આત્મા કોઈ પણ શ્રેયાર્થીની ભૂમિકા પરિપક્વ થઈ ના હોય તેવાની કુંડલિની તે જાગૃત ના કરાવે. કુંડલિની આપમેળે જાગૃત થતી હોય તો તે ઉત્તમ. જ્યાં સુધી કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર આદિ મોળા પડ્યા નથી ત્યાં સુધી કુંડલિની તમારી જાતે ઉઠાવવાનું કરો તો અધોપાતને નોતરવા જેવું છે. ભગવાનની ભક્તિમાં જ્યારે આપણને રસ લાગે છે ત્યારે કુંડલિની આપમેળે જાગે છે.

એ કુંડલિની જાગૃત થાય એવા પ્રકારની સાધના અને વિધિ-પ્રક્રિયા છે, એ વાત સાચી. અને એવી શક્તિ મેળવીને એવી પ્રચંડ શક્તિથી જીવદશામાંથી ચેતન અવસ્થામાં પ્રગટવા માટે જ એકમાત્ર તેનો ઉપયોગ હોવો ઘટે.

કુંડલિની શક્તિ એ ભગવતશક્તિ છે અને એનો ભગવાન સિવાય બીજા કશામાં ઉપયોગ હોઈ જ ના શકે. ભગવાનની સ્થિતિમાં જીવતુંજાગતું ચેતનાત્મકપણું પ્રગટાવવા માટે જ તે વપરાય એવી જ્ઞાનપૂર્વકની, ભક્તિપૂર્વકની સભાનતા તેના ઉપયોગને માટે અને હેતુને માટે આપણા દિલમાં જાગેલી હોવી જોઈશે. અને એવું હોય તો જ એનો ઉપયોગ થઈ શકે. એવા પ્રકારની જે

શ્રેયાર્થીની ભૂમિકા પાકેલી ના હોય તેનામાં કોઈ પણ સદ્‌ગુરુ કુંડલિની જાગૃત કરે નહિ, કારણ કે ચેતનામાં પ્રગટેલો કોઈ પણ ગુરુ કુંડલિની શક્તિનું મહત્ત્વ સમજતો હોય છે. કોઈ પણ સદ્‌ગુરુ કાચાપોચાને તે કરી શકે નહિ, કરે તો તે સદ્‌ગુરુ નહિ. બાકી, આજકાલ તો અખાએ કહ્યું છે તેમ આ બધું 'અંધારા કૂવા' જેવું છે.

ભગવાનની ભક્તિ માટે જેની આંખ જરા સરખી પણ ખુલ્લી છે તેવાને માટે મારી પ્રાર્થના છે, કે ભગવાનના માર્ગમાં-'શોર્ટ કટ'-ટૂંકો રસ્તો નથી અને આ માર્ગ તો તપ, ત્યાગ અને પરમાર્થ માગી લે છે. અને તે માટે તમારામાં કેટલી ભાવના છે, તે ઊંડા પેસીને તપાસી જુઓ. જે કોઈ શ્રેયાર્થી કે તેવા પ્રત્યેક શ્રેયાર્થીના જીવનમાં જ્યારે આ તપ, ત્યાગ અને પરમાર્થ એકધારાં પ્રવર્તતાં હોય તો તેણે પ્રભુકૃપાથી સમજી લેવું ઘટે કે આપણે આ શ્રેયના માર્ગના યાત્રી છીએ. એટલે જેઓને દિલની થોડી ઘણી અભિરુચિ પ્રગટી છે, તેમને તો મારી પ્રાર્થના છે કે ભાઈઓ, આ ત્યાગ, તપ અને પુરુષાર્થનો માર્ગ પકડો અને ભગવાનને માટે આગ બળે તેવી તીવ્રમાં તીવ્ર ઝંખના જાગવા દો અને આ કુંડલિની શક્તિ જગાડવા કે તેની પાછળ ઉત્સાહ ધરાવો નહિ. ભગવાન માટેની ભાવના આપણા જીવનમાં અખંડાકાર થતાં તે આપમેળે પ્રગટવાની છે. અને એ કુંડલિની ભવાની માતાની પ્રસન્નતા વિના એ સાધનાનાં ઉચ્ચતમ ક્ષેત્રોમાં સંગ્રામ ખેલી શકવાના નથી. એ માતાની સંપૂર્ણ પ્રસન્નતા પામીને જ ભગવાનનાં દ્વાર ખોલી શકવાના છીએ, એ વાત પણ એટલી જ સાચી છે, પરંતુ આ કાળમાં જે ને તે બધા આ કુંડલિની વાત લઈને બેઠેલા છે અને છાપાંમાં અને માસિકોમાં આ બધી વાત લખાય છે, તે મને તો

બિલકુલ બંધબેસતી લાગતી નથી અને આ એક પ્રકારની નરી અંધાધૂંધી જેવી લાગે છે.

કોઈ એકદમ બી.એ. થઈ શકતું નથી અને એ થતાં પહેલાં કેટલાં બધાં વર્ષો ગાળવાં પડે છે ત્યારે બી.એ. થવાય છે ! આ એક સ્થૂળ અભ્યાસની વાત છે, તો પેલી એક સૂક્ષ્મતમ દિવ્ય ભૂમિકાની હકીકત છે અને તે પણ સાધના કરતાં કરતાં કોઈ સાધનાની ઉચ્ચતમ ભૂમિકામાં પ્રવેશ પામીએ ત્યારે જે શક્તિની મદદ વિના શ્રેયાર્થીને બિલકુલ ચાલી શકવાનું નથી તે આવી મળે છે. અને તે કાળે તે સૂક્ષ્મતમ ભૂમિકાઓમાં જે દેવાસુર સંગ્રામ પ્રગટે છે એનો સામનો કરવા આ એક જ ભગવતી માની શક્તિ ખપમાં લાગે છે. જેમ દેવાસુર સંગ્રામમાં દેવો હારી જતાં વિષ્ણુ ભગવાન કને દોડી જઈને દેવો શક્તિમાન થઈને ફરીથી અસુરો સાથે બાથ ભીડી તેમને હરાવે છે, તેમ આ ક્ષેત્રમાં પણ કુંડલિની શક્તિની મદદથી અસુરોને હરાવીને અધ્યાત્મનાં શિખરો સર કરી શકાય છે. એ ભગવતી મા ત્યારે આપણે પડખે હોય તો જ આપણે ત્યાં ટકી શકીએ. અને હારતાં હારતાં પણ એ ભગવતી મા જ આપણને ત્યારે લડવાને જે શક્તિ આપે છે, એ તો તે યુદ્ધના પાકા ખેલાડી સમજી શકે, પરંતુ આજકાલ તો જેને તેને કુંડલિની શક્તિ જગાડવાની વાત ચાલે છે, તે નરી મૂર્ખામી લાગે છે. આમ કહેવા માટે મને માફ કરશો.

જેમ કોઈ દારૂડિયો, લફંગો, લુચ્ચો, પ્રપંચી હોય એને કોઈ ભાગ્યસંજોગે અઢળક લક્ષ્મી મળી જાય તો, વિચાર કરી જુઓ, તેનો કેવો ઉપયોગ થાય ? તેવી જ રીતે જે કોઈ શ્રેયાર્થી કે જીવનવિકાસ માર્ગના સાધકના આધારમાં કુંડલિની શક્તિનો

ઉપયોગ કરવાની કળા, કળાની યોગ્ય ભૂમિકા પ્રગટી નથી એવા જીવને કોઈ પણ સદ્ગુરુ કુંડલિની જાગૃત નહિ કરાવે. આ મારી અનુભવની સમજણ છે.

**પ્રશ્ન :** પુણ્યથી પાપ ઠેલાય છે, એવી ઉક્તિ છે, તે સાચું છે ?

**ઉત્તર :** ના, કેમ કે પુણ્યકર્મ કરતાં કરતાં પણ જાણે અજાણે પાપકર્મ પણ થઈ જતું હોય છે. એટલે નવું કર્મનું બંધન બાંધતાં જતાં હોઈએ છીએ. કોઈ વાર પાપકર્મ કરતાં પુણ્યકર્મ થઈ જાય, છતાં તે તો અપવાદ રૂપે હોય. બાકી, પુણ્યકર્મ કરતાં પાપ ઠેલાય છે એમ કહેવું સો ટકા સાચું નથી. જો ચેતનપણે, હેતુના જ્ઞાનભાન સાથે, શ્રીપ્રભુપ્રીત્યર્થે સત્કર્મ કરીએ તો એટલો લાભ થાય. વળી, સત્કર્મ અને પાપકર્મ બંનેનો બદલો - ફળ ભોગવવાં પડતાં હોય છે.

**પ્રશ્ન :** કોઈ નિરાશા અથવા આઘાત સાંપડતાં જીવ ભક્તિમાર્ગે વળતો હોય છે એ સાચું ? અને એવી રીતે વળેલો જીવ કેટલો આગળ વધી શકે ?

**ઉત્તર :** દુઃખ પડતાં ઈશ્વર સાંભરે એવું ગણાય છે. એ હશે, પણ એવી નિરાશા કે આઘાતમાંથી ભક્તિ કરતો થઈ જતો જીવ બહુ આગળ વધી શકે એમ હું માનતો નથી. જે જીવનના ઝંઝાવાતોથી ગભરાઈ જઈને ભાગી છૂટતો હોય તેવો નામર્દ જીવ ભક્તિ શું કરી શકવાનો હતો ? તેવો જીવ હરગિજ નહિ કરી શકે, કેમ કે ભક્તિપથમાં તો ઘણાં અવરોધો, ભયાનક અથડામણો, સંઘર્ષો અને નિરાશાઓ, હતાશાઓ સાંપડશે. એના માટે માણસ ખૂબ હિંમતવાળો, ખમીર અને ખુમારીવાળો હોવો જોઈશે. ઓછાબોલો, ઈશ્વર કે ગુરુ માટે ન્યોછાવર થઈ જનારો હશે,

પગલે પગલે ઊભરાતા કંટકો અને કાંકરાઓથી હારી-થાકી જનારો નહિ હોય. જે જીવ સર્વ રીતે અને સર્વ ભાવે સમર્પણ કરનારો હશે તે જ આ માર્ગે આગળ વધી શકશે, બીજો નહિ. જે જીવમાં ગુણ અને ભાવના ઊભરાતાં હશે તેવો જ જીવ સાધનાક્ષેત્રે આગળ વધી શકશે, બીજો નહિ.

**પ્રશ્ન :** આપ ગુણભાવનાના વિકાસ પરત્વે આટલો બધો ભાર મૂકો છો, તો તે શા માટે આપ સમજાવશો ? અને ભાવ કેવી રીતે પ્રગટી શકે ?

**ઉત્તર :** માણસ જ્યારે પ્રવૃત્તિમાં રત થયેલો હોય છે ત્યારે તે પોતાને વિશે, સ્વવિકાસ સંબંધે વિચારી શકતો નથી, એટલો બધો તે બહિર્મુખ હોય છે. જો તે અંતર્મુખ બને તો જ પોતાના વિશે વિચારવાનું બની શકે. એ હેતુથી મેં આ મૌનમંદિરની સ્થાપના કરી, કેમ કે મેં તેવું અનુભવેલું છે. એકાંતવાસ દર વર્ષે એક માસ કરતો. તેના ફાયદા મેં અનુભવ્યા એટલે હાલના સમયમાં દરેક માણસને સંસારમાં રહીને અંતર્મુખતા કેળવવા સાધન-સંજોગો પ્રાપ્ત થાય તેટલા વાસ્તે આ મૌનએકાંત મંદિર બનાવ્યાં. આત્મવિકાસ માટે અભય, નમ્રતા, મૌન અને એકાંત આટલું અનિવાર્ય છે. મૌન, એકાંત, અભય અને નમ્રતાથી ભગવાન પરત્વેની અભિમુખતા પ્રગટે છે. અંતર્મુખતા પ્રગટે છે. ખૂબ ખૂબ નમ્રતાને કારણે આપણામાં શૂન્યતા પ્રગટ થવાની શક્યતા રહેલી છે. અને શૂન્યતામાં પહોંચતાં જ્ઞાન પ્રગટે છે. અનુભવની આ હકીકત છે.

ઉપરોક્ત સાધનથી સાધકમાં ગુણભાવના પ્રગટે છે. તેવી ગુણભાવના સમાજમાં પ્રવર્તે એ હેતુથી મેં વિવિધ યોજનાઓ

પ્રભુકૃપાએ જે સૂઝી તે રજૂ કરી છે, કારણ કે ગુણભાવના પ્રગટેલાં હશે તો તે મનુષ્યની સાથે તેના મૃત્યુ પછી સાથે ને સાથે જશે. તરવા વગેરેની હરીફાઈઓથી એક શક્તિ પ્રગટે છે, પણ જો તેની સાથે ભાવ પ્રગટેલો નહિ હોય તો તેવી શક્તિ નિમ્નપથગામી થઈ જાય. ભાવને કારણે શક્તિ ઊર્ધ્વગામી બની રહે છે. એ ભાવ ગુણને દિવ્યતમ ક્ષેત્રોમાં ચોંટાડેલા રખાવે છે. આ ભાવ 'ઍબ્સ્ટ્રેક્ટ'-(અવ્યક્ત) છે એટલે સમજતા મુશ્કેલી પડે. ગુણ વિશે સહેલાઈથી સમજ પડે. એટલે ભાવ પ્રગટાવવાને માટે મેં ભક્તિપોસક સાહિત્યનું નિર્માણ થાય તે વાસ્તે જુદી જુદી યોજનાઓ રજૂ કરી છે. ગુણભાવના પ્રગટે એવી વાર્તાઓ લખાય, મહાપુરુષોનાં જીવનચરિત્રો લખાય, એવાં વ્યાખ્યાનો યોજાય, બહેનોમાં પણ એવો ભાવ અને ગુણ પ્રગટે તે વાસ્તે પણ 'મહાજન શક્તિદળ' નામનું ટ્રસ્ટ કરેલું છે. અને સાહિત્યમાં નીલકંઠ બાલોપયોગી સાહિત્ય પ્રગટ થાય માટે ભગિની નિવેદિતા પારિતોષિક, પુરાણી પારિતોષિક વગેરે વગેરે અપાય છે.

આવી યોજનાઓ માટે ફંડફાળા ઉઘરાવવા પડે છે, પણ તે વાસ્તે-એકબે માણસથી વધુ માણસો સાથે રહેતા હોતા નથી. એટલે મારી આવી પ્રવૃત્તિમાં રાગદ્વેષને સ્થાન રહેતું નથી, એ એની વિશેષતા. જ્યારે આપણે આવી કે બીજી પ્રવૃત્તિઓ ચલાવતી બીજી સંસ્થાઓ જોઈએ છીએ ત્યારે તેમાં રાગદ્વેષનાં દર્શન થતાં જોઈએ છીએ. જ્યાં સત્કર્મની પ્રવૃત્તિઓ ચાલતી હોય છતાં તેના કાર્યકર્તાઓમાં રાગદ્વેષ પ્રવર્તતો હોય તો તે સારું ના ગણાય. એનું પરિણામ સારું ના આવે.

હવે, આની સાથે સંકળાયેલ ભાવ છે, તે કેવી રીતે પ્રગટે

એમ પૂછવામાં આવે છે, કેમ કે તે બહુ અવ્યક્ત છે. મેં પોતે મારા સાધનાકાળ દરમિયાન ભજનો ગાઈને, લખીને, આત્મ-નિવેદનનો સહારો લઈને, પ્રાર્થનાઓ કરીને, સત્સંગ વડે, ભગવાન માટે મારા હૃદયમાં ભાવ પ્રગટાવવા પ્રયાસો કરેલા. આ ભાવ કોઈ બીજાની મદદથી પ્રગટે નહિ. એને માટે આપણે પોતે મથવું જોઈએ. જ્યારે હું નડિયાદમાં રહેતો હતો અને ઉઘાડે રસ્તે ભજન ગાતો ગાતો જતો ત્યારે લોકો મને પથ્થર મારતા, પરંતુ મેં પરવા કરી ન હતી. આમ, અંતર્મુખ થઈએ તો આપણામાં ભાવ પ્રગટે છે. આ રીતે ભાવ પ્રગટે તો ગુણને જીવનવિકાસમાં ઊંચાં શિખરો સર કરવામાં બહુ મદદગાર થઈ પડે છે. વળી, ધનનો સંગ્રહ આવા ગુણભાવ વગરનો હશે, તો તે આપણા માટે મૃત્યુઘંટ વગાડશે, તે ધ્યાનમાં રાખવું ઘટે છે.

**પ્રશ્ન :** કેટલાક યોગ જાણનારા લાંબા સમય સુધી જમીનમાં દટાઈ રહે છે કે સીલબંધ એક પણ કાણા વગરની પેટીમાં પુરાઈ રહે છે, તે વિશે કાંઈ કહેશો ?

**ઉત્તર :** આ હઠયોગીઓનો માર્ગ છે. એમાં ઊંચા પ્રકારના પ્રાણાયામની જરૂર છે. ભગવાન પ્રાપ્તિના માર્ગોમાં હઠયોગ પણ એક માર્ગ છે, પરંતુ એ માર્ગે જનારા ઘણી વાર જન્મોના જન્મો સુધી એમાં અટવાઈ રહે છે. જ્ઞાનમાર્ગ પણ આપણા માટે અઘરો છે. એટલે સહેલો માર્ગ તો ભક્તિમાર્ગ છે. સાચી ભક્તિ પ્રગટે તો જ્ઞાન એમાંથી આપોઆપ પ્રગટતું હોય છે. એટલે ભક્તિ અને જ્ઞાન એકબીજાંથી અલગ નથી.

**પ્રશ્ન :** શક્તિપાતથી ઉત્તમ પ્રકારનું ધ્યાન થઈ શકે એ વાત સાચી છે ?

**ઉત્તર :** હા, શક્તિપાતથી ઘણું ઘણું થઈ શકે. ધ્યાન થઈ શકે અને જીવનની ઉચ્ચ પ્રકારની ગતિ પણ પ્રગટાવી શકાય, પણ આધ્યાત્મિક જીવનના વિકાસ માટે જ્વાળામુખીના જેવી ધગધગતી તમન્ના જો પ્રગટતી ના હોય તો એવા શક્તિપાતથી થયેલું કંઈ પણ પરિણામ આપણા જીવનમાં ટકશે નહિ. જેમ દારૂ પીવે અને નશો ઊતરી જાય પછી આપણા હાલહવાલ કેવા થાય છે, એ જરા વિચારી જુઓ. શક્તિપાતની વાસ્તવિકતા છે એ હું જાતે કબૂલ કરું છું, પરંતુ એવા શક્તિપાતથી જો આપણી પાત્રતા ના હોય, યોગ્યતા પ્રગટેલી ના હોય, આપણી ઉત્તમ પ્રકારની ભૂમિકા પરિપક્વ થયેલી ના હોય તો એનાથી આપણે આગળ ધકેલાતા થઈ નહિ શકીએ, એવી મારી પાકી સમજણ છે.

ઉત્તમ પ્રકારનું ધ્યાન આપણામાં સહજમેળે થાય એ વાસ્તે તો આપણા રાગમોહાદિ વિકારો નિર્મૂળ થવા ઘટે, સહજ ધ્યાન તો ત્યારે જ થાય. જુઓ કબીર સાહેબનું ભજન : 'સાધો ! સહજ સમાધ ભલી.' એ વાંચશો તો તમને ખબર પડશે. એટલે ધ્યાનનું ઉત્તમપણું આપણા જીવનમાં પ્રગટે એ માટે આપણે મથવું હોય તો રાગદ્વેષાદિ, કામક્રોધાદિ આપણામાં કેમ કરીને ઘટે, તે માટે જીવતોજાગતો પ્રયત્ન કર્યા કરો તો સાચી હકીકત સમજાશે. એ ઉપરાંત, વિકારોને મોળા પાડવા પ્રચંડ પુરુષાર્થની જરૂર છે. તેના કરતાં મુક્તાત્મા સાથે ભક્તિભાવ કેળવો તો એનો લાભ મળે. આજે શક્તિપાત વગેરેના જે પ્રયત્નો થાય છે તે બરાબર નથી, હવાતિયાં છે. જો જીવનનો આદર્શ સાકાર કરવો હશે તો સર્વ ભાવે સર્વ રીતે એને સમર્પણ કરવું પડશે.

**પ્રશ્ન :** હાલ કેટલેક ઠેકાણે સામૂહિક ધ્યાન કરાવાતાં દેખાય

છે, તે સારો પ્રકાર છે ?

**ઉત્તર :** સમૂહધ્યાન વખતે એનો નિર્માતા કોણ છે, એની ભૂમિકા કેવી છે, એ બધું વિચારવા જેવું છે. મહાત્મા ગાંધીજી સમૂહપ્રાર્થના કરાવતા ત્યારે કેવી શાંતિનો અનુભવ થતો ! મહાત્માની ચેતનામાં તે વખતે એકાગ્ર થવાની જેનામાં અભિમુખતા હોય તેમને તે વાતાવરણ સ્પર્શી જાય અને શાંતિ, ધ્યાનનો અનુભવ થાય.

**પ્રશ્ન :** પુરુષાર્થ અને પ્રારબ્ધ બંને સાચાં હોય એમ આપને નથી લાગતું ?

**ઉત્તર :** આખી પૃથ્વીની રચના દ્વંદ્વની છે. સત અસત, પાપપુણ્ય, તેજઅંધકાર, સુખદુઃખ, આવાં બે વિરોધાત્મક જોડકાં એમ પ્રારબ્ધ અને પુરુષાર્થ પણ એક પ્રકારનું જોડકું છે. પુરુષાર્થ પ્રારબ્ધ પર આધાર નથી રાખતો. પુરુષાર્થમાં સર્જન કરવાની શક્તિ છે, પ્રારબ્ધમાં એ નથી. પ્રારબ્ધ કેવળ આપણું વલણ બતાવે છે. પ્રારબ્ધ 'પ્લાએબલ' છે, ('વાવીએ એવું લણીએ' એવું છે.) આ સોએ સો ટકા સાચું છે એમ પણ નથી. અને એની ગતિને આપણે પુરુષાર્થથી ફેરવી શકીએ. જો ફેરવી શકવાની શક્યતા જ ના હોત અને પ્રારબ્ધ એ જ સાચું હોત તો કોઈ જીવ શિવ થઈ શકે જ નહિ, નવસર્જન થઈ જ ના શકે, એટલે પુરુષાર્થ પ્રારબ્ધનું ગુલામ થઈ જાય. પણ ના, એવું કંઈ નથી.

**પ્રશ્ન :** સાધનાની પરિપૂર્ણતા એક જ જન્મમાં થાય ખરી ?

**ઉત્તર :** ના, સાધનાની પરંપરા હોય છે. ભૂતકાળમાં અને ભવિષ્યકાળમાં તેની પરંપરા હોય છે. ઝાડનો દાખલો લો. બીમાંથી વિશાળ વૃક્ષ થતાં કેટલો બધો વખત લાગ્યો હશે ? એનાં રૂપ,

વેશ અને રંગ બદલાયાં કરે છે. કોઈ પણ કર્મની સંપૂર્ણતા એકીવખતે થતી હોતી નથી. આગળ ને પાછળ એની પરંપરા હોય છે. જ્ઞાન એ અનંતનો માર્ગ છે, સહજનો માર્ગ છે. ચેતનાનાં અનેક પાસાં હોય છે, એનો અંત નથી. 'બસ આટલું જ છે તેથી વધુ નહિ, (Thus far and no further) એવું આ ક્ષેત્રમાં નથી.'

સાધના બધી વખત સીધી, એકસરખી થતી હોતી નથી. ધ્યેયના હેતુની સભાનતામાં જ્યારે વેગ ઘટે ત્યારે સાધક અટકી પડે છે કે નીચે પણ પડે છે. તે સંસારના રસમાં ડૂબે પણ ખરો. કોઈ જન્મનો મારો ગુરુ આ જન્મમાં અવતર્યો છે. તેની ભાવના થોડીક કંઈક ખરી, પણ તેને અત્યારે આ માર્ગ તરફની કોઈ તાલાવેલી નથી. પણ સામાન્ય માણસના કરતાં એની ભાવના અને વિચારો જરા ઊંચા છે. આમ, ભગવાનનો માર્ગ ચડ ઊતરનો છે. સાધકનું ૧૧મી કે ૧૨મી ભૂમિકાની અધવચ્ચેથી પણ પતન થાય એ શક્ય છે. અને પતન થતાં પહેલી ભૂમિકામાં આવીને પડે. પણ પાછું જાગૃત થતાંય વાર લાગતી નથી. અને જાગૃત થતાંમાં ૧૧મી કે ૧૨મી ભૂમિકામાં જલદી પહોંચી જાય છે.

**પ્રશ્ન :** મૃત્યુ વખતે ભગવાનનું નામસ્મરણ થાય તો તેથી મોક્ષ મળે એ હકીકત સાચી છે ?

**ઉત્તર :** મોક્ષ મળવો એટલો રેઢો પડ્યો નથી, પણ જો મૃત્યુ સમયે ભગવાનનું નામ લેવાય તો સારી ગતિ થાય એ હકીકત માનવા જેવી છે. જ્યારે શરીરના રોમેરોમમાંથી ચેતનાશક્તિ, પ્રાણશક્તિ નીકળીને શરીરના અમુક આધારમાં કેંદ્રિત થતી હોય છે અને આ એક ક્ષણથીયે ઓછા વખતમાં બની જતું હોય છે, તેવે વખતે આ શરીરની પ્રકૃતિ કે જે દ્વંદ્વ અને ગુણથી

બનેલ છે, તે મહત્ત્વપણે ભાગ ભજવતી હોતી નથી, ત્યારે તેનું સ્થૂળ શરીર પણ ભાગ ભજવી રહેલું હોતું નથી. પણ જ્યારે એ ચેતનની પ્રાણશક્તિ શરીરમાંથી એ પળે નીકળીને કોઈ સ્થળે કેંદ્રિત થઈ જતી હોય છે, ત્યારે એ પળે સૂક્ષ્મ શરીર બહાર નીકળવાની પ્રક્રિયામાં હોય છે અને (એક પળ માટે પણ) મોખરે હોય છે-પ્રિડૉમિનન્ટ હોય છે, સ્થૂળ શરીર મોખરે હોતું નથી. તે સમયે જો ભગવાનનું નામ લેવાય તો સૂક્ષ્મ શરીરનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ આદિનો પ્રકાર કોઈ નોખો હોય છે. જો એ સૂક્ષ્મ શરીરથી ભગવાનનું નામ લેવાય તો તેનું પરિણામ સારી ગતિમાં આવે છે.

એટલે મરણ વખતે દરેક માણસથી ભગવાનનું નામ લેવાતું હોતું નથી. દીર્ઘકાળનો જેને અભ્યાસ હોય તેને પણ તે ઘડીએ ભગવાનનું નામ યાદ રહેશે તેવો નિયમ હોતો નથી, પરંતુ આપમેળે કોકને તે યાદ રહે ખરું. જો એ માણસે કોઈ ચેતનામાં નિષ્ઠા પામેલા આત્માની દીર્ઘકાળ પર્યંત ચેતનાત્મકપણે સેવા કરી હશે તો અને ચેતનનિષ્ઠને તે જીવ માટે પ્રેમ હશે તો. એટલે સૂક્ષ્મ શરીર દેહની અંતિમ ઘડીએ મોખરે હોઈને બહાર નીકળી જવાની તૈયારીમાં હોય ત્યારે એ સૂક્ષ્મ શરીર દ્વારા જો ભગવાનનું નામ લેવાય તો એ જીવની સારી, ભાવનાવાળી ગતિમાં જન્મ થાય છે. તે માટે ગુણ અને ભાવનાનો જીવનમાં વિકાસ થવો આવશ્યક છે. મોક્ષની વાત બહુ ઊંચી છે. મોક્ષ એટલે પ્રકૃતિ-પરા અને અપરામાંથી મુક્તિ.

**પ્રશ્ન :** ભાઈને (શ્રી નંદુભાઈને) અનુષ્ઠાન પછી લગભગ ૩૬ કલાકની 'ટ્રાન્સ' આવેલી તે શું હશે ?

**ઉત્તર :** એક જાતનો શક્તિપ્રપાત. તેને લઈને તેઓ એટલો

બધો સમય સતત બોલ્યા કર્યા અને સાત્ત્વિક ગુણ પ્રગટી ગયો. પણ એ કાયમ રહે નહિ. (આ 'ટ્રાન્સ' દરમિયાન તેમણે પોતાની બધી મિલકત શ્રીમોટાને લેખિત અર્પણ કરી દેવાની હઠ પકડેલી, પણ શ્રીમોટાએ કળથી એ ઘડી નિવારી દીધી !).

**પ્રશ્ન :** મહાત્મા ગાંધીજી આપને ઓળખે કે નહિ ?

**ઉત્તર :** ના, સાધનાકાળ દરમિયાન મારે એક જ વાર તેમના પ્રસંગમાં આવવાનું બનેલું. હરિજન ઑફિસ અને હરિજન શાળાનાં બે કામ કરવા માટે મને નેવું રૂપિયા મળતા. તે સામે ફરિયાદ તેમની કને પહોંચી. મને બોલાવવામાં આવ્યો. તેમને પગે પડીને હું બેઠો. 'દશ મિનિટ હું આરામ કરી લઉં.' એમ કહીને ગાંધીજી સૂઈ ગયા. હું તેમને પંખો નાખવા લાગ્યો. બરાબર દશ મિનિટે ઊંઘમાંથી તે જાગ્યા. પછી વાત થઈ. મેં મારી વાત કહી, ઘરની ગરીબાઈ, બે ઠેકાણે નોકરી કરવી અને નેવું રૂપિયાની રકમ મેળવી તે બહુ મોટી રકમ ના કહેવાય, વગેરે કહ્યું. ત્યારે તેઓ કહે કે 'દેશસેવા કરવા બેઠા હોઈએ ત્યારે કમાવાની વૃત્તિ કેમ રખાય ? અને સેવકોને આટલો પગાર હોય ? વળી, નાની ઉંમરના તમે બેઉ ઠેકાણેનાં કામને શી રીતે પહોંચી શકશો ?' ત્યારે મેં જવાબ આપ્યો કે, 'Pitt the younger was Prime-Minister of England at the age of twenty four.' (નાનો પિટ તેની ૨૪ વર્ષની ઉંમરે ઈંગ્લૅન્ડનો વડો પ્રધાન હતો). આ સાંભળીને તેઓ હસી પડ્યા. બસ, પછી મને રજા આપી.

**પ્રશ્ન :** આપનાં માતુશ્રી (સૂરજબા) આપને 'ઓળખી' શકેલાં ?

**ઉત્તર :** ના, એકવાર મારા ગુરુમહારાજ કને મારી બાને હું સાંઈખેડા લઈ ગયેલો, દર્શન કરાવવા. ત્યાં ગયા બાદ બાને કહ્યું કે 'ગુરુમહારાજને પાંચ રૂપિયા આપ, પણ બા કહે, 'એમ દેવાને મારી પાસે નથી', પરંતુ એકવાર તે કહે, 'વડાં' કરીને તારા ગુરુમહારાજને ખવડાવીએ.' મેં જોઈતો સામાન લાવી આપ્યો અને વડાં કરીને મહારાજને ખવડાવ્યાં. વધ્યાં તે પ્રસાદ તરીકે તેમણે વહેંચવા આપી દીધાં.

**પ્રશ્ન :** રાષ્ટ્ર અને સમાજના ઉત્કર્ષમાં ધર્મ કે આધ્યાત્મિક વિજ્ઞાન શો ભાગ ભજવી શકે ?

**ઉત્તર :** પહેલાં વિચાર કરીએ, ધર્મ એટલે શું ? ધર્મ એટલે જીવનમાં ગુણ અને ભાવ પ્રગટાવે તે. ધર્મપાલન થતાં લક્ષણ પ્રગટવાં જોઈએ. જેમ કે ત્યાગ અને પરમાર્થ સંસારમાં રહેવા છતાં જીવદશાનો ભાવ, કામક્રોધાદિ મોળા પડી જાય તો સમજવું કે તે ખરો ધર્મ પાળે છે.

આધ્યાત્મિક જ્ઞાનના પાયામાં ધર્મ રહેલો છે. આ બધું સમાજ સાથે સંકળાયેલું છે. દરેકને પિતૃઋણ, દેવનું ઋણ, જમીનનું ઋણ, સમાજનું ઋણ વગેરે પ્રકારનું ઋણ અદા કરવાનું રહેતું હોય છે. ત્યારે જે ખરેખરો અધ્યાત્મવાદી કે ધર્મનિષ્ઠ હોય તે પણ આવાં ઋણ અદા કરતો હોય છે. એવો અનુભવી સમાજનું ઉત્થાન થાય એ રીતે સમાજનાં કાર્યોમાં ભાગ લે છે. ધર્મ પાળનારો કદી એકલપેટો હોતો નથી. બધાંની સાથે તે વહેંચી વહેંચીને ખાય છે. એવો માણસ કોઈને છેતરશે નહિ, પોતે કદાચ બીજાથી છેતરાશે પણ અન્યાય સહન કરશે નહિ.

વળી, જે ધર્મનું પાલન કરે છે, તેને હેતુની સભાનતા ચોવીસ

કલાક રહેતી હોય છે અને તે સક્રિય બનતો હોય છે. જેમ વૃત્તિ સાકાર બનતી હોય છે, તેમ જો ધર્મની ભાવના જાગે તો તે વિશે તે સક્રિય બને છે.

ચેતનનિષ્ઠ સમાજની સેવા કર્યા વિના રહેશે નહિ, કેમ કે સમાજ પણ ભગવાનનું એક રૂપ છે. આ રીતે સમાજના ઉત્કર્ષમાં આધ્યાત્મિક વિજ્ઞાન ભાગ ભજવતું હોય છે.

**પ્રશ્ન :** નરસિંહ મહેતાએ ગાયું છે, કે જે કુટુંબમાં ભક્ત થઈ ગયો હોય તેને લઈને તેનાં 'ઇકોતેર કુળ' તરી જાય. આ બરાબર છે ?

**ઉત્તર :** જે કુટુંબમાં કોઈ જીવ મહાન થઈ ગયો હોય, તો તેને જ કારણે 'ઇકોતેર કુળ' તરી જાય, એમ નરસિંહ મહેતાએ ગાયેલી કડીનો અર્થ થતો હોય, તો તે સાથે હું સંમત થતો નથી. એક પ્રતીક તરીકે આ કડીના અર્થને ઘટાવી શકાય. એટલે કે ઇકોતેર જેટલા (એટલે કે ઘણા ઘણા) જે જે જીવો નરસિંહ મહેતા જેવા મહાન ભક્ત અને જ્ઞાનીના સંપર્કમાં આવ્યા હશે અને તેમને નરસિંહ મહેતા જેવા મુક્તાત્માનો પારસમણિ જેવો સ્પર્શ થયો હશે, તેમના જીવનને ઊંચે જવામાં મદદરૂપ થશે. બાકી, આપણે ઘણાંએ એવાં ભક્તોનાં કુટુંબો જોયાં છે, કે એવા મહાન આત્માના કુટુંબમાં એનાં સ્વજનોમાંથી ભાગ્યે કોઈનું જીવન આધ્યાત્મિક વિકાસ પામ્યું હોય, તો પછી તરી જવાની તો વાત જ ક્યાં રહી? મોક્ષ તો પોતે જ પોતાના પ્રયત્નથી જ પામી શકાશે. આવા ચેતનનિષ્ઠો ઘણાંને સ્પર્શી જાય છે, એ હકીકત છે. અને પોતાની ભાવનાનું બીજ ઘણાંમાં રોપે છે. કેટલાક તેમની પાસે આવ્યા ના હોય તોપણ તેઓને મુક્તાત્મા સ્પર્શતા હોય છે, પણ

એ ક્યારે ફળશે એ કહેવાય નહિ. પણ જેને આ જીવનમાં જ અનુભવ કરવો છે, તેવાઓ મુક્તને પ્રેમભક્તિથી વળગી જુએ. તેને સમજવાની કોશિશ ના કરો. એની સાથે માત્ર પ્રેમ કેળવો, પછી જુઓ તેનું પરિણામ.

**પ્રશ્ન :** આજે સર્વત્ર ભ્રષ્ટાચાર પ્રવર્તે છે, તેનો ઉપાય શું ?

**ઉત્તર :** આપણે આપણી રીતે, વ્યક્તિગત સુધરીએ. બીજાને સુધારવા જવાની વાત છોડો. અંતર્મુખ નહિ બનીએ ત્યાં સુધી કશું નહિ વળે. કેટકેટલાં બધાં ભાષણો કરે છે અને સુધારવા બહાર પડે છે, પણ શું વળ્યું ? મહાત્મા ગાંધીજી કેટલું કરી ગયા ? સ્વરાજ્ય આવ્યું પણ ઊથલપાથલ થઈ નહિ, તેનું આ પરિણામ છે. લોકોમાં સાચો ધર્મ જાગશે ત્યારે ભ્રષ્ટાચાર જશે.

**પ્રશ્ન :** મનની શાંતિ માટે ધ્યાન કેવી રીતે કરવું ?

**ઉત્તર :** સહુ પ્રથમ તો અશાંતિ થવાનું મૂળ કારણ આપણે શોધી કાઢવું જોઈએ. મોટે ભાગે તો બીજા પ્રત્યેના આપણા ગમા-અણગમાને લઈને આપણને અશાંતિ થાય છે. મળેલું કામ શ્રીપ્રભુપ્રીત્યર્થે કરીએ તો અશાંતિ ના થાય. છતાંય જો અશાંતિ થાય તો પ્રાર્થના કરવી, સત્સંગ કરવો, પ્રભુને નિવેદન કરવું, ભજન ભાવથી ગાવું, નામસ્મરણ કરવું. ધ્યાન કરવા માટે મૂડી જોઈએ, જેમ વેપાર કરવા મૂડીની જરૂર પડે છે તેમ. સહુ પ્રથમ મનની એકાગ્રતા માટે પ્રયાસ કરવા જપ કરવાની ટેવ પાડો. **જપ એક જ સ્થાને, એક જ સમયે, નિયત સમય સુધી, નિયમિત એક આસન પર બેસીને કરવો. તેનાથી એકાગ્રતા સધાય**, પછી ધ્યાન, શરૂમાં એક જ વિચાર, મૂર્તિ કે પોતાના ઇષ્ટગુરુ પર ધ્યાન કેંદ્રિત કરવું ઘટે. એટલે આગળ વધતાં શાંતિ મળશે.

**પ્રશ્ન :** એક જ માબાપનાં સંતાનો છતાં કોઈ દુઃખી કે કોઈ સુખી હોય તેમાં શું કર્મનાં ફળ હશે ?

**ઉત્તર :** પતિપત્નીના ગર્ભાધાન પહેલાંના અને પછીના તથા બાળકના ઉછેર દરમિયાન થતા વર્તાવ, તેમની સમજણો, સંસ્કારો, ટેવો વગેરે બાળકમાં અવતરી હોય છે. ઉછેરપદ્ધતિ પણ અગત્યનો ભાગ ભજવતી હોય છે. જે તે બધું પ્રારબ્ધ પર છોડી દેવું બરાબર નથી. જો એમ જ હોત તો કોઈ જીવ શિવ થઈ શક્યો ના હોત. માટે, પુરુષાર્થથી તથા પ્રભુકૃપાથી બધું સારું થાય છે.

**પ્રશ્ન :** કોઈ સ્ત્રીને તેનો પતિ ચાહતો ના હોય અને બીજી સ્ત્રીને પ્રેમ કરતો હોય તો તેવા પુરુષની પત્નીએ શું કરવું ? છૂટાછેડા લેવા કે મૂગે મોઢે સહન કરવું ?

**ઉત્તર :** આપણો પતિ આપણને ચાહતો ના હોય તોપણ તેને ચાહીને તેના સુખ માટે ઘસાઈ જવું. એક દિવસ તેનું પરિવર્તન થશે. આવા બનાવોમાં એકપક્ષી પ્રેમ કશાયની અપેક્ષા રાખ્યા વિના કરવો. પાળે તેનો ધર્મ. આપણે આપણો ધર્મ પાળવો જોઈએ. છૂટાછેડાની વાત થાય છે, તે જીવન ના કહેવાય. જે ત્યાગ કરી શકે છે, તે જીવી જાણે છે, તે જ સાચું સુખ માણી શકે છે. જે પ્રેમથી સહન કરે છે, તે એક પ્રકારનો યજ્ઞ કરે છે. આ વાત સ્ત્રી અને પુરુષ બંનેને લાગુ પડે છે. એવા ઘણા દાખલા બને છે, જેમાં પતિને છોડીને પત્ની બીજે ચાલી ગઈ હોય, પણ પાછળથી પતિ પાસે આવી હોય અને પતિએ તેનો સપ્રેમ સ્વીકાર કર્યો હોય. આ એક જીવનવિકાસની કળા છે, સાધના છે.

**પ્રશ્ન :** મોટી ઉંમરનાં સંતાનો અને તેમની મા વચ્ચે ઝઘડો થાય ત્યારે પિતાએ શું કરવું ઘટે ?

**ઉત્તર :** પિતાએ તે જગ્યાએથી ચાલ્યા જવું.

**પ્રશ્ન :** સ્વજનો આપણી સાથે ઝઘડવાનું કરે કે કંકાસ કરે તો આપણે શું કરવું ?

**ઉત્તર :** તેનાથી આપણે લેવાઈ નહિ જવું કે આવરાઈ નહિ જવું. તેમ કરીશું તો તેનાં (સ્વજનનાં) હથિયાર ભોંઠાં પડવાનાં, પરંતુ જો આપણે ખીજવાયા, ચિડાયા કે ક્રોધે ભરાયા તો તે જીવનાં તે હથિયાર વધારે ધારવાળાં થવાનાં. એટલે એ સ્થિતિમાં આપણે વધારે સરળ, શાંત અને પ્રેમભાવી બનીને વધારે સહનશીલતા કેળવ્યા કરવાની છે. આવે સમયે આપણે આવી જાગૃતિ કેળવેલી હોવી જોઈએ.

**પ્રશ્ન :** આજે કોટિચંડી યજ્ઞ કરવાની વાતો થાય છે, તે વિશે આપનો શો અભિપ્રાય છે ? એવા યજ્ઞથી દુષ્કાળ ના પડે એ સાચું ?

**ઉત્તર :** પહેલાંના વખતમાં યજ્ઞો થતા. એ યજ્ઞો સફળ થયેલા, કેમ કે તે નિષ્કામ ભાવે થતા હતા. વળી, યજ્ઞ કરનારા મંત્રદ્રષ્ટા હતા. આજે એવા મંત્રદ્રષ્ટા નથી. વળી, યજ્ઞનો અર્થ કાળે કાળે બદલાયા કરતો હોય છે. આજે કાળ બદલાઈ ગયો છે. યજ્ઞ એટલે એકબીજા માટે પ્રેમથી કરી છૂટીએ તે. શ્રીપ્રભુપ્રીત્યર્થે કરીએ તે યજ્ઞ. યજ્ઞ કરવાથી દુષ્કાળ નહિ પડે એમ કહેવું તે સાચું નથી. પણ સંસ્કારો એવા પડેલા છે, કે આપણે આવા યજ્ઞો પાછળ દોટ મૂકીએ છીએ, જેમાં લાખ્ખો રૂપિયાની બરબાદી થતી હોય છે. વરસાદ નહિ વરસવાનાં ઘણાં કારણો છે : જંગલો ઓછાં થઈ ગયાં છે. સમાજ સ્થૂળપણે બગડેલો છે. સાચા ધર્મની ભાવના નથી. આજે ધર્મના નામે ધતિંગ ચાલે છે.

**પ્રશ્ન :** મૌન પાળવું એટલે શું ?

**ઉત્તર :** મન, પ્રાણ આદિ કરણોમાં અનેક પ્રકારની ખંજવાળ આવતી હોય છે, તેનાથી મુક્ત થવું તે સાચું મૌન છે. એવું મૌન એકદમ પ્રગટતું નથી. મૌનનો અંતિમ હેતુ તો બધાં કરણોમાં સંપૂર્ણ નીરવતા થાય તે છે. આ જીવે (પોતાને, મોટાને બતાવીને) પ્રભુકૃપાથી કેટકેટલું અને કેવા કેવા પ્રકારનું મૌન સેવ્યું છે અને કેળવ્યું છે, તે તે કોને કથવું !

**પ્રશ્ન :** મોટા, ભગવાનને માર્ગે જવા સંસાર અવરોધરૂપ ના ગણાય ?

**ઉત્તર :** ના, 'મન હોય તો માળવે જવાય'. તેમ ભગવાનના થવા કાજે તેવું મન હોવું જોઈએ અને ના હોય તો તેવું થવા કાજે દિલનું ખેંચાણ પ્રગટાવવું જોઈશે. સંસારનો મહાવરો અનાદિકાળથી 'જીવ'ને પડેલો છે. તેમ છતાં સંસારે કોઈને રોકેલ નથી. જે કોઈ સંસારનું નામ લે છે, તે યોગ્ય નથી. જેને જવું જ છે, તે તો જવાનો છે. જેને જવું નથી તેને તો કંઈક ને કંઈક બહાનું શોધવાનું રહે છે. કોઈ કશું નડતરરૂપ નથી. જો હોઈએ તો પોતે પોતાને નડતરરૂપ છે.

**પ્રશ્ન :** ભક્તિનો આધાર બુદ્ધિ પર રહેલો હશે, ભાવ પર કે શક્તિ પર ?

**ઉત્તર :** બુદ્ધિ નહિ, ભાવ પર. જ્યાં ભાવ છે ત્યાં ગજાની વાત નથી અને જ્યાં ગજાની વાત કરે છે ત્યાં ભાવ હોતો નથી. જ્યારે ભાવ જાગે છે ત્યારે ખરી ભક્તિ થાય છે અને જ્યારે ખરેખરા ભાવથી થાય છે ત્યારે તેનો બદલો કોઈ ને કોઈ રીતથી મળી જાય છે, એ જાણજો. ભક્તિ એ હૃદયનું કાર્યક્ષેત્ર છે, બુદ્ધિનું નહિ.

**પ્રશ્ન :** સંતમહાત્માઓને શા વાસ્તે રોગો થતા હશે ?

**ઉત્તર :** જ્યારે કોઈ માનવી સાધનાવસ્થામાં હોય છે ત્યારે તે સામાન્યપણે નીરોગી હોય છે અને ત્યારે એ ભગવાન વિશેની મસ્તીમાં એવો ડૂબી ગયેલો હોય છે, કે એને સુખદુઃખનું ભાન રહેતું નથી. જ્યારે તે ચેતનનો અનુભવ કરે છે ત્યારે તેનો પ્રેમ આખા માનવસમાજ માટે દરિયાની જેમ ખળભળી ઊઠે છે અને તેનું કલ્યાણ કરવા તૈયાર થયેલો હોય છે. બીજા અર્થમાં જે જે લોકો તેના સમાગમમાં આવતા હોય છે, તેમનાં દુઃખમાં તે કુદરતી રીતે ભાગ પડાવતો હોય છે. આમ, નિમિત્તને કારણે તે મહાત્માને બીજાનાં દુઃખ લાગી જાય છે. તે બીજાનાં દુઃખ લઈ લેતો હોય છે એમ કહેવું યથાર્થ નથી. જેની તેની સાથેના તાદાત્મ્યભાવને લીધે સામેવાળાના રોગની અસર તે મહાત્માના શરીર પર દેખાય છે. બાકી, વિચાર કરીએ તો સમજાશે કે ચેતનનો અનુભવ થતાં તેનાં સર્વ કર્મોનો, પ્રારબ્ધનો અંત આવી જાય છે, તે પછી તેને રોગો શાને થતા હશે !

**પ્રશ્ન :** મહાત્માને ઓળખવા મુશ્કેલ હોય છે, તેને કેવી રીતે ઓળખી શકાય ?

**ઉત્તર :** આવા મહાત્મા સાથે જેણે દીર્ઘકાળ પર્યંત પ્રેમભક્તિપૂર્વક સદ્‌ભાવથી પરિચય સેવ્યો હોય, તે તેને સમજી શકે. આવો મહાત્મા નિમિત્ત મળતાં જડને પણ ચલાવી શકે છે. જ્ઞાનેશ્વર મહારાજે ઓટલો ચલાવેલો, એ વાંચીને અહોભાવ થઈ જાય છે, પણ મોટાના મૌનમંદિરનો ઓટલો હાલેલો એ ઘણાંએ જોયેલું છે, છતાં એની પાછળ કામ કરી રહેલી શક્તિને ભૂલી જવાય છે. એટલું જ નહિ, મોટાનાં સ્થૂળ શરીરનાં દર્શન પણ

મૌનમંદિરમાં કેટલાંકે કર્યાં છે, એની હાજરીનો અનુભવ ત્યાં કરેલો છે, છતાં શંકા આવે છે, એ વાત જવા દો. એવા અનુભવી આત્માનાં બીજાં લક્ષણ એ છે, કે તે સત અને અસત બેઉમાં પ્રવર્તે. એને સ્થળકાળની મર્યાદા ના હોય. દિલીપને મારાં બે શરીર દેખાયેલાં. તેવો મહાત્મા અનેક શરીર ધરી શકે. મારા ભાઈ, એને ઓળખવા કરવાની વાત જવા દો. એની સાથે પ્રેમસંબંધ બાંધો, એનું ચીંધેલું કામ કરો તોયે બસ. એવા સંબંધથી તમારામાં ભગવાન વિશે ભાવ જાગે તો બસ. મારો એ જ હેતુ છે.

**પ્રશ્ન :** મુક્તાત્મા પોતાનો સ્થૂળ દેહ છોડે ત્યારે પોતાની ચેતનશક્તિ તે જેને આપવા ઇચ્છે તેને આપી જઈ શકે ખરો ?

**ઉત્તર :** ભૂમિકા તૈયાર થયા વિના ગમે તેવો સમર્થ મુક્તાત્મા પણ બીજાને તેવું પ્રદાન ના કરી શકે, પણ મુક્તનો સ્થૂળ દેહ ના હોય ત્યારે તેની સૂક્ષ્મ અસર સાધકને, ભક્તને સ્પર્શી શકે-જો ભક્તનું આકર્ષણ પ્રબળપણે ગુરુનાં સૂક્ષ્મ તત્ત્વ સાથે લાગી રહ્યું હશે તો. વળી, સ્થૂળ શરીરની સ્થૂળ મર્યાદા દૂર થતાં સૂક્ષ્મ તત્ત્વથી વધુ સબળ અને સંગીન સહાય કરી શકે છે અને કરે પણ ખરા.

**પ્રશ્ન :** સમાજ મહાત્માની કૃપાથી ન્યાલ થઈ જાય છે ?

**ઉત્તર :** થાય, પણ એમ ને એમ એ કોઈ આપી દેતું નથી. જેઓ પડદા પાડીને બેસતાં હોય તેમને તેનો લાભ ક્યાંથી મળે ? આજે જે તે બધું વગર મહેનતે અથવા પૈસા આપીને મહાત્માની કૃપાશક્તિથી ખરીદવાની વૃત્તિ સમાજની થઈ ગઈ છે. આવી વૃત્તિને જાણેઅજાણે ટેકો પણ એવા સંન્યાસીઓ તરફથી મળી જાય છે. 'જા બચ્ચા તેરા કલ્યાણ હો જાયેગા,' એવું કહેનારા પણ

કેટલાક મળી આવે છે. માટે, પ્રમાદ છોડીને સાચી સેવા, સત્કર્મ કરો એટલે કૃપા આપોઆપ જ છે.

**પ્રશ્ન :** આપ જાણો છો અમારી પ્રકૃતિ-પલમેં તોલા, પલમેં માસા, જીવદશામાંથી કેમે કરી છુટાતું નથી. પૂરેપૂરા તમારા બનીને ક્યારે રહેવાશે ?

**ઉત્તર :** વાંધો નહિ. પ્રભુકૃપાએ જાગી જવાય તેમ, તેવે તેવે વખતે ટટાર થઈને ઊભા થઈ જવું અને ગુરુને પોકાર પાડવો. નીચે અવતરવું, પડવું અને પાછું ઉપર ચડવું એ તો ક્રમ છે. એટલું યાદ રાખજો કે અથડાતાં કુટાતાં, સમજીને કે બેળેબેળે, જે જે જીવ આ જીવને (શ્રીમોટાને) વળગેલો છે, કે હજી પણ વળગશે, તેમની ગમે તેવી પ્રકૃતિ હશે, પ્રવૃત્તિ હશે આ જીવ સાથે, છતાં પણ તે જીવને શ્રીભગવાનને પંથે આવ્યા વિના રહી શકાવાનું જ નથી, તે નક્કી જાણશોજી.

**પ્રશ્ન :** સમાજની સમતુલા જાળવવા પર આપ ઘણી વાર ભાર મૂકો છો, તો તે વિગતે સમજાવશો ?

**ઉત્તર :** સમાજની સમતુલાની રચના જાળવવા માટે પ્રભુએ દ્વંદ્વની રચના કરી છે. સ્વાર્થ અને પરમાર્થ, તિમિર અને તેજ, રાગ અને દ્વેષ, સુખ અને દુઃખ, પ્રેમ અને ધિક્કાર, ત્યાગ અને લોભ - એ દ્વંદ્વ અથવા જોડકાંની જ્યારે સમતુલા ના જળવાય ત્યારે ઊથલપાથલ થાય છે. આજે એ સમતુલા જળવાયેલી રહી નથી. કેવળ સ્વાર્થ, રાગ અને દ્વેષ જ્યાં ત્યાં દેખાઈ રહ્યા છે. તેથી સમાજ પર ભય તોળાઈ રહ્યો છે, તો તેમાંથી બચવા માટે પરમાર્થમાં પૈસો વાપરવો જોઈએ, જીવનવિકાસને જરૂરી એવા શાશ્વત સંસ્કારોનું સિંચન થાય

એવી રીતે ધનનો ઉપયોગ કરવો ઘટે.

**પ્રશ્ન :** સમાજમાં આટલાં બધાં દેવમંદિરો છે, આટલી કથાવાર્તાઓ થાય છે, આટલાં ગીતા અને વેદાંત પર વ્યાખ્યાનો થાય છે, છતાં અનૈતિક વાતાવરણ કેમ હશે ?

**ઉત્તર :** કારણ કે સાચો ધર્મ પ્રગટ્યો નથી. બધું ગતાનુગતિક ચાલ્યા કરે છે. સાચો ધર્મ પ્રવર્તતો હોય તો લોકોમાં ગુણ અને ભાવ પ્રગટેલા દેખાય. એકલા ગુણની જરૂર નથી. તેની સાથે ભાવ જોઈશે. ભાવ માણસને સન્માર્ગે દોરી જશે. પરમાર્થ એવો કરવો કે તેના સંસ્કારો કાયમના પડતાં, તે મૃત્યુ બાદ તેની સાથે ને સાથે આવે. એટલે તેવા જીવની ગતિ પણ ઊંચી થાય. માટે, દાતા અને દાન લેનાર બંનેનું કલ્યાણ થાય એવા પ્રકારનાં દાન કરવાં ઘટે.

**પ્રશ્ન :** મોટા, માનવદેહને દોહ્યલો કેમ કહેવામાં આવતો હશે ?

**ઉત્તર :** કેમ કે માનવયોનિ દ્વારા જ ચેતનનો અનુભવ થવો શક્ય છે, એ સિવાય નહિ.

**પ્રશ્ન :** જીવદશામાં રઝળતો માનવી સંતસમાગમ કરે તો તેને લાભ થાય ખરો ?

**ઉત્તર :** જરૂર થાય. એવો જીવ દેખીતી રીતે જૂની ઘરેડમાં ભલેને ચાલ્યા કરતો હોય તોપણ સત્સંગને લીધે, જૂના સંસ્કારો ક્રિયમાણ રહે તેની સાથે નવા સંસ્કારો ક્રિયમાણ થવાના. અને જો સંતનો સંપર્ક ગાઢ થતો ગયો તો વિશેષ ને વિશેષ આ નવા જોરદાર સંસ્કારો પડ્યે જવાના અને તે જીવનમાં વ્યક્ત થયા વિના નહિ રહેવાના.

**પ્રશ્ન :** ગુરુપૂર્ણિમા કેમ ઊજવાય ?

**ઉત્તર :** ગુરુપૂર્ણિમાનો દિવસ સતત ભાવનાપૂર્વક સ્મરણમાં પસાર થાય તેમ ઊજવવાનો હોય. એમાં મૂર્તિપૂજાને સ્થાન નથી, ભાવનાને સ્થાન છે. જેવો ભાવ તેવી વૃત્તિ પ્રવર્તે.

**પ્રશ્ન :** ઘણાંને આપના સદ્‌ગુરુ કોણ, એની સમજ પડતી નથી, કેમ કે આપે ઘણા મહાત્માઓ કનેથી પ્રસાદી મેળવેલી છે. તો આપના સદ્‌ગુરુ વિશે કંઈ ના કહો ?

**ઉત્તર :** હા, મારા ગુરુમહારાજને હું ત્રણેક વાર જ મળ્યો છું. ખરેખરા સદ્‌ગુરુ તો કેશવાનંદજી, 'ધૂણીવાળા દાદા' તરીકે જાણીતા. તેમણે તેમના શિષ્ય શ્રીબાળયોગી મહારાજ હસ્તક મને દીક્ષા આપી હતી. આ ધૂણીવાળા દાદા આકડાનાં ફૂલના હારનો ભારો ગળે અને કમ્મરે લટકાવી રાખતા. આકડાનાં ફૂલની ગરમી ઘણી. વળી, સાંઈબાબાની જેમ તેમની સામે લાકડાંની ધૂણી અખંડ રહેતી. તેમનું શરીર ખૂબ પાતળું લાકડી જેવું અને હાથપગ ઠીકઠીક લાંબા. કોઈ અવનવો વેશ ધરીને આવેલો હોય, તો તેનાં કપડાં ઉતારીને તે પહેરી લેતા. બાળકની જેમ નાગાપૂગા થઈને ઊભા રહે અને એવા ફોટા પણ ખેંચાવે. ભાષા તદ્દન બીભત્સ. અજાણ્યાને તે યદ્વાતદ્વા લાગે. કોઈ વાર પાસે બેઠેલાને મારી લે. મને એકવાર માથામાં નાળિયેર માર્યું-ઢીમણું થયું હતું. તેમણે મને હરિજનસેવામાં ચાલુ રહી સાધના કરવા ફરમાન કરેલું. પ્રભુકૃપાથી એવા સમર્થ સદ્‌ગુરુ મળેલા કે જેની ઓથ, હૂંફ કેવી હોઈ શકે તે તમારા લોકોની બુદ્ધિમાં પણ આવવું શક્ય લાગતું નથી, કારણ કે સદ્‌ગુરુ પરત્વેની એવી પ્રેમભક્તિ તેની સંપૂર્ણ ટોચ સુધી કેળવાયેલી ના હોય ત્યાં સુધી આવું બધું પ્રત્યક્ષ બનેલું

હોવા છતાં તે માથા પરથી વહી જતું હોય છે. આવા એ સદ્‌ગુરુ ચેતનનો અંશ છે અને એવા શ્રીસદ્‌ગુરુને હરિનાં સ્વરૂપને શરૂ શરૂમાં તો મેં સાકાર સ્વરૂપે ભક્તિપૂર્વક ભજેલા.

**પ્રશ્ન :** ધૂણીવાળા દાદાએ આપને ચાર મહાત્માઓનાં દર્શન કરાવેલાં અને તે બધા કનેથી આપને પ્રસાદી મળેલી એમ આપ કહો છો. તે સંબંધે આપે શ્રીઉપાસની મહારાજ અને શ્રીસાંઈબાબા વિશે વિગતે બધું લખ્યું છે, પણ શ્રીતેજુદ્દીનબાબા અને શ્રીઅક્કલકોટના સ્વામી વિશે કશું ક્યાંય જણાવ્યું નથી ! કેમ એમ ?

**ઉત્તર :** જેના જેના સાક્ષી હતા તેમના વિશે મેં લખ્યું છે. જેના સાક્ષી ન હતા તેના વિશે કહેવાનો કશો અર્થ નથી. ખુદ ભાઈ (શ્રી નંદુભાઈ)ને★ પણ તે બે (તેજુદ્દીનબાબા અને અક્કલકોટના સ્વામી) વિશે કહ્યું નથી. જાણીનેય શું કરવાના ? જવા દેને યાર !

**પ્રશ્ન :** શ્રીસંતમહાત્માની ચરણરજ માથે ચડાવવાથી લાભ થાય ખરો ?

**ઉત્તર :** ઉચ્ચાત્માની ચરણરજ માથે ચડાવવાથી માનવી પાવન થાય છે, એવી માન્યતા સમાજમાં પ્રચલિત છે, પણ એવી રીતે કરવાથી જ કોઈ જીવનું કશું વળતું નથી. નમન કરવું એ પોતાના જીવનવિકાસને અંગે છે. સ્થૂળ નમવામાં કશો લાભ નથી બલકે દંભ વધવાનો પૂરો સંભવ રહે છે. જે કાર્ય પાછળ હૃદયની જીવતીજાગતી ચેતના નથી, તે કાર્ય માનવજીવનને કદી ઊર્ધ્વ-જીવનમાં લઈ જઈ શકતું નથી.

---

★ હરિઃૐ આશ્રમોના નિવૃત્ત વ્યવસ્થાપક અને પૂજ્ય શ્રીમોટાના ૪૦ વર્ષ સુધીના અંતેવાસી.

**પ્રશ્ન :** મુક્તાત્માને પુનર્જન્મ હોય નહિ, છતાં આપે કહ્યું છે, કે આપ ફરીથી જન્મ લેવાના છો - સ્ત્રીશરીરે. તો તે આપ તુરંત લેશો ? ક્યારે ?

**ઉત્તર :** મુક્તાત્મા જન્મ લે પણ ખરો અને ના પણ લે, કેમ કે તેને સંકલ્પો તો હોતા નથી. છતાં સંજોગો પર આધાર રાખે છે. તેવાના ભક્ત તેમના પર હૃદયનો ભાવ ઉત્કટપણે રાખ્યા કરતા હોય છે અને એવા કોઈક ગૂઢ ખાસ નિમિત્તને કારણે તેવા જન્મ લે પણ ખરા. હું ફરીથી જન્મ લઈશ એ સાચું અને તે સ્ત્રીશરીરે, કેમ કે મારે બહેનોની સેવા કરવી છે, પરંતુ ક્યારે એ જન્મ લેવાશે તે કહી ના શકાય, કેમ કે એને એની સાથે એવા માણસ વળગેલા હોય છે, તે બધાંને નજરમાં રાખવાના હોય છે. એ (મુક્તાત્મા) આમ તો ચેતનનો અંશ હોય છે. એટલે કે દેહ છોડ્યા પછી ચેતનામાં કૉન્શસનેસ્‌માં ભળી, મળી, ગળી જાય છતાં જેમ ઈશ્વર ‘ભક્તોની ખાતર અને દુષ્ટોનો સંહાર કરવા’ અવતાર ધારણ કરે છે, તેમ એ મુક્તાત્મા ફરીથી જન્મ લે પણ ખરો, અને જન્મ લીધા વિના પણ ભક્તના પોકારનો પ્રત્યુત્તર વાળે પણ ખરો.

**પ્રશ્ન :** રામનામથી રોગો મટી જાય છે, તો આપના રોગો રામનામથી કેમ મટે નહિ ?

**ઉત્તર :** શ્રીરામકૃષ્ણ પરમહંસ, શ્રીઅરવિંદ, શ્રીરમણ મહર્ષિ વગેરેનાં જીવન તપાસો. તેમને બધાને પાછળથી જીવલેણ રોગો થયા હતા. એવા ચેતનનિષ્ઠ આત્માઓને શાથી તેવા રોગો થયા હશે તેનો તમે કદી વિચાર કર્યો છે ? આત્માના ગુણ જોઈશું તો માલૂમ પડશે કે સાક્ષીભાવ, તાદાત્મ્યભાવ અને કરુણા (દયા નહિ) એ તેના મુખ્ય ગુણો છે. જ્યારે કોઈ મહાત્મા આત્માના ગુણમાં

પ્રવર્તમાન હોય છે, ત્યારે નિમિત્ત મળતાં, જેની જેની સાથે તે સંકળાયેલો હોય તેવી તેવી વ્યક્તિઓનાં દુઃખ તેને અસર કરી જતાં હોય છે. તે સહજમેળે બની જતું હોય છે. કેટલાક રોગ તેના શરીરમાંથી પસાર થઈ જાય છે, કેટલાક ચોંટી રહે છે. જ્યાં સુધી પેલાને સારું ના થાય ત્યાં સુધી.

**પ્રશ્ન :** અમુક યોગી તેમની પદ્ધતિથી ટૂંક સમયમાં ટ્રાન્સિડેન્ટલ મેડિટેશન કરાવીને શાંતિ આપે છે, તો તે અપનાવવી યોગ્ય નથી ?

**ઉત્તર :** અપનાવો, મને શું વાંધો ! પરંતુ એવી સમાધિ, ધ્યાન કે શાંતિ જે ભાવાતીત, ગુણાતીત હોઈ ટૂંક સમયમાં પ્રાપ્ત થઈ જાય એ હું માનતો નથી. આપણી મહેનત વિના કશું ટકે નહિ. એમની શક્તિથી કદાચ કામચલાઉ એવો ભાવ આવી જાય પણ તે ટકે નહિ, માથા પરથી પસાર થઈ જાય. એ ટકાવી રાખવા માટે આપણો આધાર તૈયાર થયેલો હોવો જોઈએ. કામક્રોધાદિ જ્યાં સુધી મોળા પડી ગયા ના હોય ત્યાં સુધી એવી કોઈ ભાવાતીત સમાધિ કે શાંતિ લાધે નહિ.

**પ્રશ્ન :** પુનર્જન્મ વહેલો ક્યારે થતો હશે ?

**ઉત્તર :** જે જીવ સંતમહાત્માઓને આખરી ઘડીએ પ્રેમ-ભક્તિથી, એકાગ્રભાવે હૃદયમાં હૃદયથી યાદ કરે છે, તેમનો પુનર્જન્મ તુરંત જ થાય છે. માણસ જેટલો વાસનાબદ્ધ અને કામી હોય તેટલો તે મોડો જન્મે. જો કોઈ માણસ કેવળ જ્ઞાનવિજ્ઞાનની શોધખોળ પાછળ રચ્યોપચ્યો રહેતો હોય તો તેવો માણસ પણ વહેલો જન્મે.

**પ્રશ્ન :** ભક્તિ કે જ્ઞાન બેમાંથી શું કરીએ એવું ઘણી વાર થઈ જાય છે, તો શું કરવું ?

**ઉત્તર :** માર્ગો તો બંને બરાબર છે, પણ વેદાંતના ધુરંધર ગણાય તેવા શ્રીશંકરાચાર્યે પણ ભક્તિ અને પ્રાર્થનાનાં સ્તોત્રો લખ્યાં. પણ એવું ક્યારે બને ? જ્યારે મન પ્રભુમય થઈ જાય ત્યારે. પાયાની વાતો જેવી કે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, અહંકાર, મત્સર વગેરેમાંથી હઠવાનું કોઈને સૂઝતું નથી અને વેદાંતની મોટી મોટી વાતો કરીએ એ તો દંભ છે. તમે પડેલા છો ભ્રમમાં અને વાત કરો છો બ્રહ્મની ! યાહોમ કરીને ઝુકાવો, જ્યાં છો ત્યાંથી ચસો, એક ડગલું પણ આગળ વધો.

**પ્રશ્ન :** સાત્ત્વિક અહમ્ (આધ્યાત્મિક) વિકાસને મદદ ના કરે ?

**ઉત્તર :** સાત્ત્વિક ગુણની પણ આગળ જવાનું છે. મારો એક અનુભવ છે. કરાંચીમાં મેં એકવાર રોજા કરેલા. ૪૦ દિવસના ઉપવાસનો સંકલ્પ. ૩૮ દિવસ થયા ત્યારે ગોદડિયા મહારાજ મળ્યા. તેમણે મને કહ્યું કે 'શું કામ આટલા બધા ઉપવાસ ? બસ થયું. ખાઈ લે.' પ્રથમ તો મેં 'સારું' એમ કહ્યું. પછી ઘરે ગયા પછી થયું કે 'બે જ દિવસ માટે શું કામ રોજા તોડું ? આટલા દિવસ ગયા તો બે દિવસ વધુ.' અને મેં સૂક્ષ્મ અહમ્‌ને જોરે મહારાજની આજ્ઞા પાળી નહિ. તે જ વખતે હું મારા યજમાન વડીલની સાથે ગાડીમાં બેસીને ક્યાંક જતો હતો. દરમિયાન રસ્તા પર એક ઓટલા પર બેસી રહેલા એક મેલાઘેલા ઓલિયા જેવા દેખાતા માનવીએ મને હાથના ઈશારાથી બોલાવ્યો. હું ગાડી થોભાવીને મારા યજમાનનો વિરોધ છતાં ગયો. ઓલિયાએ કહ્યું, 'હજી તારો અહમ્ નથી ગયો ? લે, આ મીઠાઈ ખાઈ લે અને રોજા પૂરા કર !' મને આ વખતે સમજાઈ ગયું કે મારો સૂક્ષ્મ

અહંકાર (સાત્ત્વિક છતાં) તોડવાને સારુ ભગવાને આ બધું યોજ્યું છે, એટલે મેં પેલી મીઠાઈ ખાઈ જવાની તૈયારી દર્શાવી. મારા યજમાન કહે, 'અલ્યા, આટલા દિવસના ઉપવાસ પછી આ મીઠાઈ ના ખવાય. માંદો પડીશ ! પણ આપણે તો ઓલિયાના ફરમાનને માથે ચડાવીને તેની આપેલી મીઠાઈ ત્યાં જ ખાઈ ગયા અને રોજા પૂરા કર્યા, ઉપવાસ તોડ્યા કે પૂરા કર્યા, તો શુભ સંકલ્પનું અભિમાન પણ હોય છે, તેય તોડવાનું હોય છે. ઈશ્વર કૃપા કરીને આપણી પાસે તે તોડાવે છે.'★

**પ્રશ્ન :** પાણી પર ચાલવાનો કેટલાક દાવો કરતા હોય છે, તે શું શક્ય છે ?

**ઉત્તર :** હા, શક્ય છે. જોકે મને એવું બધું આવડતું નથી. આપણા શરીરનાં છિદ્રે છિદ્રે વાયુ રહેલો છે. એ વાયુ કુંભકની ક્રિયાથી કાઢી નાખવામાં આવે એટલે શરીર હલકું ફૂલ જેવું થઈ જાય, એમાં જરાય નવાઈ જેવું નથી. (હઠયોગની એ વિદ્યા છે.) હઠયોગ પણ ઈશ્વરપ્રાપ્તિ માટેનો એક માર્ગ છે, પણ યોગશક્તિનું આવું પ્રદર્શન સારું નહિ, ચેતન બધે વિલસે છે. શરીરધારી હોવાથી માણસમાં ચેતન મર્યાદિત હોય છે. છતાં નિમિત્ત મળતાં તે ચેતનની હાજરીનો પુરાવો, તેનું અમર્યાદિતપણું બતાવી આપે છે, એ પણ સાચી વાત.

**પ્રશ્ન :** સાક્ષાત્કાર એ આપનું લક્ષ્ય હતું, તો દેશસેવા (હરિજનસેવા) શા સારુ કરતા હતા ?

**ઉત્તર :** સાધના કરવાનો હેતુ, જેલમાં જવાનો હેતુ, લાઠીઓ

---

★ પૂજ્ય શ્રીમોટા આ ઉપવાસ દરમિયાન માત્ર બે વાર ચા પીતા. બીજું કંઈ નહિ.

ખાવાનો હેતુ, અમુક અમુક ગુણો કેળવવાનો, તે કેટલા કેટલા કેળવાયેલા છે, તેને તપાસવાનો હતો. ભયમાં અભય, અશાંતિમાં શાંતિ, હિંસક વાતાવરણમાં અહિંસક રહેવું, અનાસક્ત રહેવું, નિર્વિકારી રહેવું - આ બધા ગુણો કેટલા અને કેવા કેળવાયા છે, તેનો પ્રત્યક્ષ અનુભવ કરવાનો મારો હેતુ હતો. હરિજનસેવા પણ મારે માટે એક સાધન હતું. જેલમાં એટલું બધું દળવાનું આપે, ઊભાં ઊભાં દળવાનું કે હાથમાં ફોલ્લા પડી જાય અને ઘંટીનો દાંડો પકડાય નહિ એવી સ્થિતિ થઈ જાય. અમુક કલાકમાં અમુક વજન જેટલું દળણું દળી નાખવું જોઈએ. વખત થોડો બાકી રહ્યો હોય અને દળણું ઘણું પડ્યું હોય ત્યારે હું ગુરુમહારાજને પ્રાર્થના કરતો : ‘શક્તિ આપ કે જેથી કામ પૂરું થાય. કામથી નથી થાકતો.’ અને થાય પણ એવું જ. જોતજોતાંમાં બધું દળવાનું કામ પૂરું થઈ જાય ! ત્યારે મને ખાતરી થઈ જાય કે મારા ગુરુમહારાજ મારી સામે જ બેઠા છે અને મારી કાળજી રાખે છે. આમ, હું પ્રત્યક્ષ જોવાની દૃષ્ટિ રાખતો.

**પ્રશ્ન :** મુક્તાત્મા ભગવાન કહેવાય ?

**ઉત્તર :** એવો માનવી વ્યક્તિ હોવા છતાં વ્યક્તિ નથી, પરંતુ જે વિરોધાભાસી ગુણોનું વર્ણન આપણે પ્રભુ વિશે કરીએ છીએ, તે પરમ તત્ત્વનો શરીરધારી આવિર્ભાવ છે, છતાં સાગરનો તરંગ કહેવાય. તરંગનો સાગર ના કહેવાય. પણ સાધકને માટે એનો ગુરુ ભગવાન તુલ્ય છે.

**પ્રશ્ન :** મુક્તાત્માને કાયદો લાગે ?

**ઉત્તર :** મુક્તાત્માનો કાયદો બધો અંતરનો હોય છે. એને નિયમ હોય અને ના પણ હોય. એટલે ત્યાં માનવીના અજ્ઞાન

જેવું સ્વચ્છંદ પ્રવર્તે છે એમ માનવાનું નથી. એને જે તે બધું સ્પષ્ટ દેખાતું હોય છે. પ્રત્યેકનાં ઉદય, સ્થિતિ અને લયના ભાવની પણ સમજણ સહજપણે-નિમિત્ત થવાતાં-પ્રગટ્યા કરે છે, જેમ આરસીમાં કંઈક સામે આવતાં દેખાય છે તેમ. મુક્તને કશા વિધિનિષેધ નથી. એ જે કરતો હોય તે આપણી સમજમાં ના પણ આવે, કારણ કે એની સમજ અને આપણી સમજમાં ફેર હોય છે.

**પ્રશ્ન :** જગતમાં સારુંખોટું થાય છે, તે શાથી થતું હશે ?

**ઉત્તર :** કોણ કરે છે ? ભગવાન કરે છે ? ભગવાન તો સદાય કલ્યાણકારક જ છે. ભયંકર ધરતીકંપો, અકસ્માતો વગેરે તો 'ઍક્‌શન'નું 'રીઍક્‌શન' છે. કર્મનો બદલો છે. ભગવાન તો ક્યારેય સારુંખોટું કરતો હોતો નથી.

**પ્રશ્ન :** ગરીબો ગરીબ જ રહે એવી આપણી જૂની વ્યવસ્થા છે, આપણે કહેલું કે ગરીબો જાગશે (જાગી રહ્યા છે) તો મોટા સંપત્તિવાળા ચેતે તો સારું. તો ગરીબો શી રીતે જાગશે ?

**ઉત્તર :** હું ખૂબ ગરીબીમાં જન્મેલો અને મોટો થયો. જો આ (આધ્યાત્મિક) માર્ગે હું વળ્યો ના હોત તો હું કટ્ટર વિરોધી સામ્યવાદી બન્યો હોત. ગરીબો જાગશે ત્યારે લેખાં લેવાશે એ સાચું, પણ આપણા દેશની સંસ્કૃતિ જુદા પ્રકારની છે, એ મરીપરવારી નથી. આવી દશામાં પણ મહાન સંતો પાક્યા છે, કારણ આ ભૂમિ બહુરત્ના વસુંધરા છે. તેનાં પેટાળમાં રત્નો પડેલાં છે. પણ ધર્મપાલન એ જુદી વાત છે. સાચો ધર્મ પાળીએ તો આપણા વેરભાવ ઘટવા જોઈએ. ન્યાયપ્રિય થઈએ. 'ઍક્‌શન'નું 'રીઍક્‌શન' થવાનું. સમાજના ઉપલા થરના માણસોએ નાના થરના માણસો પર સક્રિય સહાનુભૂતિ નથી બતાવી. એનું હૈયું

હજુ પીગળ્યું નથી. ગરીબો કઈ રીતે જાગશે તે હું નથી જાણતો, પણ વખત ધીમે ધીમે ખરાબ થતો જાય છે. ઘણી ઘણી વિપત્તિઓ આવી પડતાં ગરીબો જાગે.

**પ્રશ્ન :** ચેતનનિષ્ઠો કર્મ શા માટે કરતા હશે ? સંસાર પણ કેમ માંડતા હશે ?

**ઉત્તર :** ચેતનનિષ્ઠો નિમિત્ત પ્રગટે તો અને ત્યારે લાગતા-વળગતાઓને ચેતાવે અને કંઈક કરે. બાકી, જેમ થતું હોય તેમ થવા દે, કારણ કે તેઓ નિરિચ્છ હોય છે. તેઓ બધું જાણી શકે તેમ હોવા છતાં જાણતા નથી, જાણવાની દરકાર કરતા નથી. વસિષ્ઠ ઋષિ અને એવા બીજાઓ ગૃહસ્થાશ્રમ પાળતા, પ્રજોત્પત્તિ કરતા, કેમ કે તેમણે જગતનો સ્વીકાર કરેલો હતો. પણ તેઓની સંસાર પરત્વેની ભાવના જીવદશામાં રાચનારાઓની ભાવના કરતાં હજારગણી ઉચ્ચ કોટિની હતી. તેમને મન લગ્ન એ યજ્ઞ હતો.

**પ્રશ્ન :** (એક મિલમાલિકનો) : મોટા, તમે કાળાબજારિયાના પૈસા સ્વીકારો છો, તે બરાબર છે ?

**ઉત્તર :** લક્ષ્મી અભડાતી નથી. અને એ ક્યાં મારા ખિસ્સામાં જાય છે ? થોડો ઘણોય લાભ દેનારાને છે.

**પ્રશ્ન :** ચેતનનિષ્ઠો ગુસ્સે કેમ થાય ?

**ઉત્તર :** મહાત્માઓમાં ચેતનાનું તેજ હોય છે. એનાથી એમનામાં એક જાતની ખુમારી પ્રગટતી હોય છે. તમારી જેમ એમનેય પ્રકૃતિ હોય છે અને પ્રકૃતિ દ્વારા વહેવાનું, વર્તવાનું હોય છે, છતાં જીવદશાવાળા તેમની પ્રકૃતિના ગુલામ હોય છે, ત્યારે ચેતનનિષ્ઠો તેના સ્વામી. એટલે તેમનો ગુસ્સો પવનની જેમ માથા ઉપરથી વહી જતો હોય છે. આમ, તેમના ગુસ્સામાં અને આપણા

ગુસ્સામાં ઘણો ફરક હોય છે. જીવદશામાં રાચનારાઓ ચેતનમાં બિરાજેલાઓને શી રીતે સમજી શકવાના હતા ? જો સાંભળ :-

(અનુષ્ટુપ)

*ક્રોધ સદ્‌ગુરુનો, જેવું ચિહ્‌ન પાણી પરે જ છે,*
*હોવા છતાં શું અસ્તિત્વ, તેનું અસ્તિત્વ કંઈ ન છે.*
*એવી જ બીજી એની સૌ દેખાતી વૃત્તિઓ વિશે,*
*તે સૌ હોવા છતાં, પાછું ના કૈં અસ્તિત્વ આખરે.*

**પ્રશ્ન :** મોટા, આપના શરીરે હવે કેમ છે ?

**ઉત્તર :** હવે શરીર ભાંગી ગયું છે. નાની ઉંમરે (૧૧ વર્ષની) કડી મજૂરી કરતો. રોજના બે આના અને ખાવાનું મળે. હવે તો રાત્રે ઊંઘ પણ નથી આવતી. સાધનાકાળમાં ખૂબ 'ઇન્ટેન્સિટી'ને કારણે મળમૂત્ર ઉપર કાબૂ આવી ગયો હતો. એના પ્રત્યાઘાતરૂપે અત્યારે આમ થાય છે. દાક્તર એક ગોળી આપે છે. તેનાથી દિવસના વધુ પેશાબ થશે અને રાત્રે નહિ થાય તથા ઊંઘ આવશે એમ તેઓ કહે છે. પણ તેનાથી ઊલટું જ થાય છે ! રાત્રે પેશાબ માટે વારંવાર ઊઠવું પડે છે તેથી ઊંઘ ઊડી જાય છે.

**પ્રશ્ન :** પહેલાંની સાધનાના પ્રત્યાઘાત-રીઍક્શન - આપને શી રીતે થાય ? સંતોનું સાધના પછીનું જીવન પરાર્થે હોય છે એટલે જે કંઈ થાય તે બધું કોઈ કોઈ અંગે જ થતું રહે, ખરુંને ?

**ઉત્તર :** પણ એમ કંઈ બધાંને કહેવાય છે ? એ સમજવા માટે ઠીક છે.

**પ્રશ્ન :** મોટા, સાધનાનાં કયાં લક્ષણો હોઈ શકે ?

**ઉત્તર :** જિજ્ઞાસા તેનામાં ઉત્કટમાં ઉત્કટ હોય. શાંતિ અને પ્રસન્નતા એ એનાં સાચાં લક્ષણો છે.

**પ્રશ્ન :** મોટા, કંઈક કહો પ્રભુ !

**ઉત્તર :** તારે શું જોઈએ છે ? જ્ઞાન જોઈએ છે ?

**પ્રશ્ન :** હા, મોટા.

**ઉત્તર :** તો (ભક્તની પત્ની તરફ આંગળી ચીંધીને) આની શરણાગતિ સ્વીકાર. એ કહે તેમ કરજે.

**પ્રશ્ન :** હું પ્રયાસ કરીશ.

**ઉત્તર :** બધું છોડવા માંડ. આમેય મરીશું ત્યારે છોડવું જ પડશેને ? તો અત્યારથી રાગ, દ્વેષ, મોહ, માયા, ગુસ્સો શું કામ ના છોડવાં ?

**પ્રશ્ન :** હા જી, બરાબર છે.

**ઉત્તર :** તારે ગરમ ના થવું, એ (પત્ની) ભલે થાય.

**પ્રશ્ન :** માદીકરો લડ્યાં કરે ત્યારે મારે શું કરવું ?

**ઉત્તર :** હસ્યા કરવું, ત્યાંથી ચાલી જવું.

**શ્રીમોટા :** (એક જણના હાથમાં 'વિવેકચૂડામણિ' જોઈને) એમાં શુ આવે છે ?

**ઉત્તર :** આત્મા અને અનાત્મા વિશે વિવેકવિચાર અને એવું બધું.

**શ્રીમોટા :** એ વિવેકવિચાર ક્યારે આવે ?

**ઉત્તર :** પ્રભુકૃપા હોય ત્યારે.

**શ્રીમોટા :** ના, જ્યારે ધગધગતી જીવંત, ચેતનાત્મક, ઉત્કટ જિજ્ઞાસા ઈશ્વર માટે જાગે ત્યારે આવે. આવું એમાં આવે છે ?

**ઉત્તર :** ના જી.

**શ્રીમોટા :** તો માત્ર વાંચવાથી કંઈ ના મળે. એ અનુભવવું જોઈએ. 'શિવોઽહં' 'શિવોઽહં' કર્યા જ કરીએ છીએ છતાં આપણે

જીવદશામાં જ રાચ્યા કરીએ છીએ. તે શા કામનું ?

**ઉત્તર :** એટલાથી સંસ્કાર તો પડે છેને ?

**શ્રીમોટા :** શેના ? માનસિક સંસ્કાર, હૃદયના નહિ.

**ઉત્તર :** તો ઉપાય શું ?

**શ્રીમોટા :** પ્રભુ માટે ધગધગતી પ્રબળ ભાવના, તેને મેળવવાની ઉત્કટ ધગશ, લગન. જ્યાં સુધી આપણા આચાર સુધરે નહિ, વિકારો મોળા પડે નહિ ત્યાં સુધી સમજવું કે આપણે આગળ વધ્યા નથી. માત્ર કોરું જ્ઞાન કોઈ કામનું નહિ. સમજ્યો ભઈલા ? આ તો સમજવા કહ્યું હોં. ઉતારી નથી પાડતો. કલાકમાં જવાનું છેને ?

**પ્રશ્ન :** મોટા, **'તુજ ચરણે'** હિમાલયનો પ્રવાસ કરતાં પહેલાં લખાયેલું ?

**ઉત્તર :** હા, પણ તેની પાછળ એક વાત છે.

**પ્રશ્ન :** જરૂર કહો પ્રભુ !

**ઉત્તર :** જ્યારે મારી ઉંમર ૨૪-૨૫ વર્ષની હશે ત્યારે નડિયાદમાં મેથોડિસ્ટ ચર્ચના એક પાદરી-અમેરિકન ત્યાં હતા. તેમણે આપણા ધર્મ અને દેવદેવીઓ સંબંધે વાત કરીને કહ્યું કે 'તમારામાં ઘણાં બધાં શાસ્ત્રો, તમારામાં ઘણાં દેવદેવીઓ અને ગૂંચવાડો થાય એવું શાસ્ત્ર પુરાણ વગેરે છે. ત્યારે અમારે ત્યાં એક જ ધર્મ અને એક જ ઈશ્વર !' ત્યારે મેં કહ્યું, 'ના, એવું નથી. જુદી જુદી રુચિના જુદા જુદા માણસોને માફક આવી જાય તે રીતે ધર્મની વાતો અને આચારો નક્કી કરવામાં આવ્યા છે. અમે પણ એક જ ઈશ્વરમાં અને એક જ પરમ તત્ત્વમાં માનીએ છીએ.' ત્યારે પેલા પાદરીભાઈ કહે કે 'મારા જોવામાં એવું કાંઈ

આવ્યું નથી.' એટલે તે જ દિવસની રાત્રે સળંગ જાગતો બેસીને મેં **'તુજ ચરણે'** લખી નાખ્યું અને બીજે દિવસે પાદરીભાઈને તે કાવ્ય બતાવ્યું. તેના લેખક કોણ છે તે બતાવ્યું નહિ. તે ગુજરાતી જાણે એટલે તેમના કહેવાથી મેં આખું કાવ્ય વાંચી સંભળાવ્યું. તે સાંભળીને તે રાજી થયા. આમ, આમાં સાકાર અને નિરાકાર, બંને રીતના પ્રભુનો, તેની ભક્તિનો ઉલ્લેખ છે. અને વિશેષમાં આ કાવ્યના વેચાણમાંથી જે પૈસા મળ્યા તેમાંથી હિમાલયનો પહેલો પ્રવાસ ખેડ્યો, પણ પ્રવાસ જવાને આગલે દિવસે પુરાંત વગેરે શ્રી પરીક્ષિતલાલને સોંપતાં પુરાંત ખૂટી. તેઓ બધા કહે કે 'તમારાથી કાંઈ ખૂટે કરે નહિ, છતાં તપાસ તો કરવી જ જોઈએ ?' મેં કહ્યું કે 'તમારે જે કરવું હોય તે કરો, ખૂટતી રકમ મારા ખાતે ઉધારો, હું તો કાલે હિમાલયના પ્રવાસે ઊપડવાનો.' ત્યારે તેઓ કહે કે 'એમ કાંઈ તમારાથી જવાય ? એમ તમારે ખાતે ઉધારીને કાંઈ પતી ના જાય', પણ મેં તો મારા જવાનો અડગ નિર્ધાર દર્શાવ્યો અને આપણે તો ઊપડી ગયા. પછી ખબર પડી કે ખૂટતી રકમ જેટલી નોટો ટેબલના ખાનામાં છેક પાછળના ભાગમાં ભરાઈ ગઈ હતી તે મળી આવી !

**પ્રશ્ન :** (માતાજીના ભક્તનો) : શાંતિ માટે શું કરવું ?

**ઉત્તર :** તમે માનો આશરો લીધો છે, તે જ કર્યા કરો. બીજું શું કરવાનું હોય !

**પ્રશ્ન :** (બહેનોનો) : અમારાથી બધો સમય જપ કેવી રીતે થાય ?

**ઉત્તર :** મહાવરાથી.

**પ્રશ્ન :** ઘરમાં અમારે કેટકેટલું કામ કરવાનું હોય છે ! તો

કેમ થાય ?

**ઉત્તર :** લગની લગાડવી જોઈએ. લગની લાગેલી હોય તો બધું થાય.

**પ્રશ્ન :** સુખમાં થઈ શકે, નવરાશ હોય ત્યારે થઈ શકે, પણ ચિંતાતુર હોઈએ, ખૂબ મૂંઝવણ હોય ત્યારે શી રીતે થાય ? બહેનોની સ્થિતિ તો આપ જાણો છો.

**ઉત્તર :** જ્યારે વિપરીત સંજોગોમાં માણસ ખમીર બતાવે ત્યારે જ તે માણસ કહેવાય. નામસ્મરણની પ્રૅક્ટિસ પહેલેથી લગન લગાવીને પાડી હોય તો વિપરીત સંજોગોમાં એ જરૂર વધુ થાય અને તેનાથી લાભ થાય તે વિશેષ.

**પ્રશ્ન :** પ્રારબ્ધ ઉપર પણ એનો આધાર છેને ?

**ઉત્તર :** ભગવાનને માર્ગે જવામાં ભારે પુરુષાર્થની જરૂર હોય છે. આપણું સુખદુઃખ પ્રારબ્ધ ઉપર નિર્ભર ખરું, પણ ભગવાનને માર્ગે જવા પ્રબળ ઇચ્છા, તમન્ના હોવી જોઈએ. અડગ નિર્ધાર થઈ જાય તો બધું આવી મળશે. એ પછી ઈશ્વર આપણું સંભાળી લેશે. પુરુષાર્થ પ્રારબ્ધને બનાવે છે, પ્રારબ્ધને ફેરવી પણ શકે છે. પ્રભુકૃપા એમ અવતરતી હોય છે.

**પ્રશ્ન :** ભગવાન શંકરાચાર્યે ગાયું છે, કે સંતો તો વસંત ઋતુના વાયરા જેવા હોય છે. જ્યાં જ્યાં તે વાયુ વાય ત્યાં ત્યાં સુગંધ, સુરભિ, ઉલ્લાસ, આનંદ ફેલાવે છે, તેમ સંતો પોતે તરી ગયેલા હોઈને કોઈ પણ સ્વાર્થ વગર તેમના સંપર્કમાં આવતા માણસોને પણ તારતા હોય છે ?

**ઉત્તર :** જો મનુષ્ય નાક બંધ કરીને ચાલતો હોય તો તેને વસંતના વાયુની સુગંધ કેવી રીતે મળે ? તેવી રીતે માણસ પોતાની

જાતનો વિકાસ સાધવા, મડાગાંઠો તોડવા તૈયારી જ ના કરતો હોય, રિસેપ્ટીવિટી-સ્વીકારશક્તિ, તૈયારી બતાવતો ના હોય તો તેને પેલા સંતનો લાભ કેવી રીતે મળે ?

**પ્રશ્ન :** મૌનમંદિરમાં, પહેલી વારના મૌન દરમિયાન, પહેલા દિવસની રાત્રે હું ગાઢ ઊંઘમાં હતો ત્યારે એક કડક ગેબી હુકમ સાંભળ્યો : 'ચાલ, ઊઠવું નથી ?' એટલે મેં ઝબકીને ઘડિયાળમાં જોયું ત્યારે બાર વાગેલા. એટલે મેં મનથી કહ્યું : 'ના ભગવાન, પૂરી ઊંઘ તો લેવી જ છે. હમણાંના ઉજાગરા થયા છે. ત્રણ વાગ્યા પછી ઊઠીશ.' તો એ અવાજ શું મનનો જ હશે કે બીજું કંઈક ? પણ ખરેખર એ અવાજમાં દમામભર્યો હુકમ હતો !

**ઉત્તર :** જો તમને એ અવાજ સંભળાયો એ હકીકત તરીકે માનો છો તો બીજો તર્ક ઊઠવો ના જોઈએ. એ તો શ્રદ્ધાનો સવાલ છે. પછી એ અવાજ શું હશે, કેમ હશે વગેરેની માથાકૂટમાં શું કામ પડવું ?

**પ્રશ્ન :** મૌનએકાંત મંદિરો સ્થાપવાનો વિચાર આપને કેવી રીતે ઉદ્‌ભવ્યો, એ કહેશો ?

**ઉત્તર :** મારા ગુરુમહારાજે મને કહ્યું કે 'તેં દેશસેવા ઘણી કરી, હવે માનવસેવા કર.' તેઓ મને દંડો આપવાનું ઈચ્છતા હતા, પણ મેં કહ્યું કે 'હું તો સંસારમાં રહેનારો માણસ છું. એટલે દંડો વાપરીને લોકોને સાચે માર્ગે દોરી નહિ શકું, પ્રેમથી તેમને ચડાવી શકું.' ગુરુમહારાજે તે માન્ય રાખ્યું અને સાધના માટેનો આ માર્ગ બતાવ્યો. પછી મેં તેમને કહ્યું કે 'લોકો પાસેથી લઈને હું તેમને શું આપીશ ?' ગુરુમહારાજ કહે, 'રોટલા માટે ચિંતા ના કરીશ. તેં પ્રજાસેવા ખૂબ કરી છે. એટલે રોટલો તારું

પેન્શન છે એમ સમજજે. અને લોકો પાસેથી લઈને તારા માથે ચડેલું દેવું તારા પર રહેવા નહિ દઉં.' એટલે મૌનમંદિરો સ્થાપવાનો વિચાર આવ્યો.

**પ્રશ્ન :** આ સાધનામંદિર ખરેખર અનોખાં- (Unique- યુનિક) છે ! એવી યોજના આપને ક્યાંથી પ્રાપ્ત થઈ ?

**ઉત્તર :** સ્વાનુભવમાંથી. અભય, મૌન અને એકાંત આ સાધનાનાં જરૂરી અંગો છે. સંસારીઓ તે વાસ્તે જંગલમાં નહિ જાય. એટલે સગવડ સાથે સાધન પૂરું પાડવાનો તે દ્વારા પ્રભુકૃપાએ પ્રયત્ન કર્યો છે.

**પ્રશ્ન :** આપને લાગે છે, કે લોકોનું એ તરફ સારું આકર્ષણ છે ?

**ઉત્તર :** મેં કોઈને અહીંયાં (મૌનમંદિરમાં) આવવા અને બેસવા જાહેર ખબર આપી નથી, પ્રચાર કર્યો નથી. છતાં તેમની મેળે બધાં નાત, જાત, ધર્મના ભેદભાવ વિના, નાનાંમોટાં સ્ત્રીપુરુષો બેસે છે અને ઘણાં એકવાર બેસે છે. તેમને દર વર્ષે એકવાર તો બેસવાની લગની લાગે જ છે. પ્રત્યેક જીવના મૌનએકાંતનો કાળ મારે મન એક મોંઘામૂલો અને ફરી ના મળી શકે એવો અમૂલ્ય કાળ છે. એ દ્વારા આ જીવ સાથે તે તે જીવોને સંકળાઈ રહેવાની ક્રિયા છે. જો તેવું થયું ના હોત તો તમારામાંનું કોઈ મારી સાથે રહી શક્યું ના હોત.

**પ્રશ્ન :** ઈશ્વર નિરાકાર છે અને દેખાતો નથી. એટલે એના વિશે પ્રેમ, ભક્તિ જોઈએ તેવાં જાગતાં નથી. વળી, પ્રકૃતિ પણ વચ્ચે નડે, ત્યારે શું કરવું ?

**ઉત્તર :** અર્જુનની જેમ ઈશ્વરના પ્રતિનિધિરૂપ સંતોની દોસ્તી

કરો. હરિ મળવો દુર્લભ છે પણ હરિજન દુર્લભ નથી. આપણી પ્રકૃતિ ભલે એવી હોય તોયે દોસ્તી બાંધતાં ઈશ્વર આપણને મદદ કરશે. જેમ જેમ સત્સંગ, સદ્વાંચન, સત્કર્મ, પરમાર્થ વધતાં જશે તેમ તેમ ઈશ્વર વિશે ભાવ જાગશે અને કૃપા કરી એ આપણા મનમાં સ્થાન જમાવવા માંડશે. માટે, બેસી ના રહો. ચાલવા માંડો.

**પ્રશ્ન :** શું, કંઈક કહેતા હતા, પ્રભુ ?

**ઉત્તર :** (બહુ સ્નિગ્ધ ભાવે) : મને એક જ વાતનું દુઃખ છે, કે મારી પાસે આવનારાંનું દુઃખ કાપી શકતો નથી !

**પ્રશ્ન :** કેમ ?

**ઉત્તર :** કેમ કે તેમનાં કર્મ આડે આવે છે.

**પ્રશ્ન :** એ દુઃખ તે આધ્યાત્મિક કે સંસારી ?

**ઉત્તર :** બધા પ્રકારનું (દર્દપૂર્વક ફરીથી બોલ્યા) : કર્મો વચ્ચે આવે તેથી શું થાય !

**પ્રશ્ન :** એનો કશો ઉપોય નહિ ?

**ઉત્તર :** (જોરમાં આવી જઈને) કેમ નહિ ? છે. 'ત્વમેવ શરણં ગચ્છ સર્વભાવેન ભારત.' પણ એવું કરવું હોય તેને માટેને !

**પ્રશ્ન :** 'સર્વ કંઈ ઈશ્વર જ કરાવે છે', એમ સ્વીકારીએ તો પછી આપણે જાતે કશું કરવાનું રહે નહિ, એમ ખરુંને, મોટા ?

**ઉત્તર :** 'સર્વ કંઈ ઈશ્વર કરાવે છે', એ વાત તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ સોએ સો ટકા સાચી છે. પરંતુ એ આપણે ત્યારે જ કહી શકીએ કે જ્યારે આપણે પળેપળ ભગવાનના જ ભાવમાં રહ્યા કરતાં હોઈએ, દ્વંદ્વોની પાર ગયા હોઈએ, અહમ્ પૂરો ઓગળી

ગયો હોય, ત્રિગુણાતીત થયા હોઈએ, અને આપણે એના પૂર્ણપણે સચેતન યંત્ર બની ચૂક્યાં હોઈએ.

**પ્રશ્ન :** મહાસમાધિનો ખરો અર્થ શો હોઈ શકે ?

**ઉત્તર :** મહાસમાધિ એટલે કે જે સમાધિથી બ્રહ્મજ્ઞાન, અદ્વૈતનો સાક્ષાત્કાર થાય તેને ખરી રીતે તો મહાસમાધિ કહી શકાય. પણ હાલ તો અનેક જુદા જુદા અર્થોમાં સૌ કોઈ પોતપોતાની રીતે તે શબ્દનો ઉપયોગ કરે છે.

**પ્રશ્ન :** જડ-કાષ્ઠવત્ અને ભાવસમાધિ એ બે વચ્ચે શો ફેર ?

**ઉત્તર :** કાષ્ઠવત્ સમાધિમાં શ્વાસોશ્વાસ બંધ થઈ જાય. નાડી પણ ના ચાલે, બહિર્ભાન ચાલી જાય, હૃદય કામ ના કરતું હોય, શરીરમાંની નર્વસ સિસ્ટીમ (જ્ઞાનતંતુ યંત્ર) કામ ના કરતી હોય એવું ત્યારે નથી હોતું. તે જાગૃત હોવા છતાં સુષુપ્ત જેવી બનેલી હોય. અલબત્ત, નાડીના ધબકારા ઘટે ખરા અને તે ઘટે અને તે શૂન્ય સુધી પણ પહોંચે અને એમ અભ્યાસ થતાં થતાં અને તે સહજ બની જતાં એને પછી સહજ સમાધિનો ભાવ પ્રગટે ત્યારે તો નાડી વગેરે યથાવત્ હોઈ શકે.

**પ્રશ્ન :** પોતાની ગત ભૂલો અને દોષો વારંવાર યાદ કરી તેની વેદના કરતા રહેવું, 'તેવું ફરીથી ના બનો' તેવું વારંવાર પ્રાર્થતા રહેવું, એ સાધના માટે શ્રેયસ્કર હોઈ શકે ખરું ?

**ઉત્તર :** ના, તેવું પુનઃ પુનઃ ઉચ્ચારણ કે યાદ મદદરૂપ નથી, ઊલટાં બાધક બને છે. એકવાર હૃદયપૂર્વકનો પશ્ચાત્તાપ કરીને પછી તેવા વિચારો આવતાં તેમને વહી જવા દેવા. તેની સાંકળ પણ ના જોડવી.

**પ્રશ્ન :** મોટા, આપણો પુનર્જન્મ કેવા પ્રકારનો થશે ? ક્યારે

થશે ? શું થશે ? તેનો આધાર શું હશે ? તે કહેશો ?

**ઉત્તર :** દરેક જીવની જન્મોજન્મની સમગ્ર અને સળંગ સંસ્કારશક્તિ કેવા પ્રકારની છે અને તેને આધારે મૃત્યુટાણે તે જીવની કેવી ગતિ રહે છે તેના પર જલદી કે મોડો તે જીવનો જન્મ થવાનો આધાર રહે છે. પુરુષશરીરી જીવ બીજા જન્મમાં સ્ત્રી પણ જન્મે અને સ્ત્રીશરીરી જીવ પુરુષ પણ જન્મે. પુરુષ હોય તે પુરુષ જ જન્મે અને સ્ત્રી હોય તે સ્ત્રી જ જન્મે એવો કશો અફર અને અટલ નિયમ નથી. વળી, આપણી આ ભવની પ્રકૃતિની ગતિ અને દિશા જેવા પ્રકારની હોય તેવા પ્રકારનો આપણો પુનર્જન્મ છે.

**પ્રશ્ન :** મોટા, જીવનવિકાસ કાજે સૌથી પહેલી આવશ્યકતા કઈ ?

**ઉત્તર :** મનથી આપણે નોખા છીએ એવો અભ્યાસ કેળવતાં રહીએ તો જ જીવનવિકાસ થઈ શકે. મનના તરંગોને કદી વશ ન થવાય, એટલી અને એવી જાગૃતિ રખાય તો ઉત્તમ.

**પ્રશ્ન :** એનો અર્થ એવો કે સાધના કાજે લગની એ આવશ્યક શરત ગણાય ?

**ઉત્તર :** હા, પણ લગની પ્રગટતાં પહેલાં ભાવ પ્રગટે તો મહત્ત્વનો છે. સાધનામાં ભાવ મુખ્ય અને મહત્ત્વનો ભાગ ભજવે છે.

**પ્રશ્ન :** આપે તરણસ્પર્ધા વગેરે હરીફાઈઓ માટે દાન કર્યાં છે. આવાં દાનને અને અધ્યાત્મને શો સંબંધ ? આવું દાન બીજા કોઈ સંતે કર્યું સાંભળ્યું નથી.

**ઉત્તર :** સાહસના પ્રસંગોને ખાસ આવકારવા જોઈએ. સાહસ, ખંત, ધીરજ વગેરે ગુણો હોડીના સઢની કે પવનની

ગરજ સારે છે. આપણે સામાન્ય લોક તો સહીસલામતીને જ ખોળીએ છીએ, પરંતુ આપણે તેને તિલાંજલિ આપવાની છે. નહિ તો આત્મબળ ક્યાંથી આવશે ? માટે, આવાં કાર્યો માટેનાં મારાં દાન એ મૌલિક કાર્યો છે. સાચો અનુભવી મૌલિક જ હોય. મારા ગુરુમહારાજ કહેતા કે 'બધા કરે એવું તું ના કરતો. કોઈને ના સૂઝે તેવું મૌલિક જ તું કરજે.'

**પ્રશ્ન :** (એક જાણીતા લેખકનો) : મારે થોડુંક પૂછવું છે ?

**ઉત્તર :** પૂછોને.

**પ્રશ્ન :** આપને લોકો 'મોટા' શાથી કહે છે ? આપની મોટાઈ શામાં રહેલી છે, તે મારે સમજવું છે.

**ઉત્તર :** (મોટાનું નિર્મળ હાસ્ય) હું મારી જાતને 'મોટા' તરીકે ગણતો જ નથી. હું પણ તમારા જેવો સામાન્ય માનવી જ છું.

**પ્રશ્ન :** પણ આપનામાં કંઈક મહાનતા, કંઈક સિદ્ધિ હશે તો જ લોકો દર્શન કરવા આવતાં હશેને ?

**ઉત્તર :** એવું કંઈ નથી. હું પણ પ્રભુનો ભક્ત છું. એની કૃપાથી જ બધું ચાલે છે. હું તો માત્ર નિમિત્ત છું.

**પ્રશ્ન :** મોટા, સાધકે સાધનાનો પંથ સ્વીકાર્યા પછી રૂઢિબંધનો વગેરે તોડવાની સામાજિક સુધારણામાં પ્રવૃત્ત રહેવું જોઈએ ખરું ?

**ઉત્તર :** સાધકે સમાજનાં રૂઢિબંધનોની ગ્રંથિમાંથી તેવા તેવા પ્રસંગો મળે ત્યારે ભાવના કેળવવાને અર્થે મુક્ત બનવાનું છે. કેવળ સમાજસુધારણાના હેતુથી કશી કોઈ પ્રવૃત્તિ એ ના કરે. પ્રભુકૃપાથી તેવા પ્રસંગ સાંપડે તો રૂઢિનાં બંધન તોડતાં અચકાવું

નહિ કે ગભરાવું નહિ. નરસિંહ મહેતાનો જીવનહેતુ સમાજને સુધારવાનો તો મુદ્દલે ન હતો. પરંતુ પરિસ્થિતિ એવી પ્રગટી કે હરિજન ભાઈઓએ ભજન કરવા આમંત્રણ આપ્યું, તો તે ત્યાં જતાં અચકાયા પણ નહિ, અને તે રૂઢિચુસ્ત જમાનાની જ્ઞાતિનો સમસમતો કોરડો પોતાના શરીર પર શ્રીભગવાનની કૃપાપ્રસાદી તરીકે ઝીલ્યો અને સ્વીકાર્યો.

**પ્રશ્ન :** મોટા, સાધકદશામાં કોઈ પણ કારણથી મનમાં ક્લેશ થાય, સંતાપ થાય તો શું કરવું ?

**ઉત્તર :** પરસ્પર પ્રકૃતિભેદને કારણે, વહેવારુ-અવહેવારુપણાને લીધે જે જે સંઘર્ષણ જાગે, ત્યારે સાધક હંમેશાં પોતાના પરત્વે જ લઈ લે છે. પોતાના જ દોષ જુએ છે. અને અન્ય પ્રત્યે સદ્ભાવ જ પેદા કર્યા કરતો હોય છે. સાધકના દિલનો સદ્ભાવ અને પ્રેમ જો તેવી તેવી અથડામણોમાંથી વિશેષ ને વિશેષ જાગૃત અને તેજસ્વિત થયા કરશે, તો સુમેળ અને સંવાદ પ્રગટવાનો છે, તે નક્કી જાણજો.

**પ્રશ્ન :** આપ નિરાગ્રહીપણા પર ભારે મૂકો છો, તો સાધકને મન તેનું શું મહત્ત્વ હોઈ શકે ?

**ઉત્તર :** સર્વ કોઈ પરિસ્થિતિમાં સંપૂર્ણપણે જ્ઞાનાત્મક દશા પ્રગટાવવી હોય તો ઉપયોગના જ્ઞાનભાન સાથે નિરાગ્રહીપણું રાખીએ તો સદાય નિરાંત, નિશ્ચિંતતા, પ્રસન્નચિત્તતા, સમતા, શાંતિ આદિ પેદા થયા કરે.

**પ્રશ્ન :** (એક દાક્તરબહેનનો) : કોઈ વ્યક્તિ ફક્ત એક જ વાર કે થોડી વાર સંતના સમાગમમાં આવે ત્યારે તેનું કામ થઈ જાય ખરું ?

**ઉત્તર :** હા, નિમિત્ત હોય તો કોક વાર એવું બને ખરું.

**પ્રશ્ન :** તમારો એવો અનુભવ કોઈને થયેલો ખરો ?

**ઉત્તર :** હમણાં જ એક ભાઈને આવો અનુભવ થયો છે. (આટલું બોલવું પૂરું થતાંમાં અમુક ત્રણ ભાઈઓએ-'ચી.મ.', 'વ.', અને 'લ.અ.'-નડિયાદ આશ્રમમાં પગ મૂક્યો. તેમને જોઈને પૂજ્ય શ્રીમોટા સાનંદ બોલી ઊઠ્યા :) મારો ભગવાન હાજરાહજૂર છે. આ આવનાર ભાઈઓને પૂછી જુઓ ! (વાત સાચી નીકળી.)

**પ્રશ્ન :** મોટા, ઘણી વાર આપ કોઈને જોતાં અથવા વિદાય આપતાં ગળગળા થઈ જતા, કંપતા અને ક્વચિત્ રડી પડતા જોયા છે, એવું એટલું બધું કેમ થઈ જતું હશે ?

**ઉત્તર :** એક તો આપણા માટે ભાવ છે, પ્રેમ છે, લાગણી છે, એ સામા માણસને જ્યારે ખરેખરી સમજણ પડે ત્યારે સામાને આપણા માટે કંઈક દિલમાં થયા વિના રહે જ નહિ, અને એના દિલમાં ભાવ પેદા કરવા માટે એ કંઈ નાટકિયા ખેલ છે નહિ. સંબંધનો ઉપયોગ ભાવ જગાડવાને, ભાવ તેજસ્વિત કરવાને અને એમાં ચેતન પ્રગટાવવા માટે છે. આવા ભાવ સામાના દિલમાં જાગે તો તે ભાવ દ્વારા આવા અનુભવી પુરુષો તેના દિલમાં પેસી શકે છે. પ્રવેશ કરવા માટે ભાવ એ મોટામાં મોટું સાધન છે.

**પ્રશ્ન :** મોટા, સદ્‌ગુરુ પ્રારબ્ધવશાત્ મળતાં હશે કે અકસ્માતે કરીને ?

**ઉત્તર :** કદાચ કર્મપ્રારબ્ધના સંજોગે અને ઈશ્વરીકૃપાએ પણ સદ્‌ગુરુ મળતા હોય છે, એમાં અકસ્માતને સ્થાન જ નથી.

**પ્રશ્ન :** કોઈ સાધક અતિ નીચલા થરનો હોય તો સદ્‌ગુરુ શું કરે ?

**ઉત્તર :** અનેક જાતની મથામણો સાધકના જીવનમાં ઉદ્ભવાવીને તેને ઊંચે લાવ્યા વિના સદ્ગુરુ રહેનારા નથી. સાધકને પોતાનું સ્પષ્ટ ભાન જાગે એવું કરાવવામાં તે કશુંય બાકી રાખતો નથી. તેની ધીરજ અપાર છે.

**પ્રશ્ન :** આપે એક ઠેકાણે લખ્યું છે, કે 'ગુરુ તો મડદા જેવો છે.' એનો અર્થ સમજાવશો ?

**ઉત્તર :** હા, ગુરુને જીવતો રાખવો કે મડદા જેવો રાખી મૂકવો તેનો આધાર સાધક પર, ભક્ત પર છે. આપણા આધારે જ તે જીવતો બની શકે. ગુરુની ભાવના આપણા સમર્પણભાવે, જીવતીજાગતી આપણા આધારના એકેએક કરણમાં ના બની જાય ત્યાં સુધી ગુરુ પણ લૂલો-પાંગળો હોય છે. ગુરુને સક્રિય રાખવા ગુરુમાં આપણો પૂરેપૂરો હૃદયથી હૃદયમાં એકરાગ થઈ જવો ઘણો જરૂરી છે. તેવું થઈ શકે તો જ યોગ્ય ગુરુ યોગ્ય સાધકને યોગ્ય રીતે હંકારી શકે. આનુંયે એક વિજ્ઞાનશાસ્ત્ર છે.

**પ્રશ્ન :** ગુરુ પાસે કોઈ સાધક ઘણાં વર્ષો સુધી રહેતો હોય છતાં પ્રગતિ થયેલી ના હોય, તેનું કારણ પણ આપે હમણાં કહ્યું તેવું જ હશે ?

**ઉત્તર :** હા, એવું જ. ઉપરાંત, પોતાની અધૂરી સમજણ અનુસાર ગુરુ વિશે મત બાંધીને તેમને અન્યાય કરતો હોય છે. આવાં વલણથી ગુરુની નિકટતા કંઈ લાભ અપાવી શકતી નથી. જો સાધક અભિપ્રાય ના બાંધી લેતાં ખુલ્લો રહેવા મથે અને રહે તો લાભ મેળવી શકે.

**પ્રશ્ન :** નિમ્ન પ્રકૃતિવાળા ભક્તને સદ્ગુરુ કશી સહાય કરી ના શકે, એવું તો નથીને ?

**ઉત્તર :** ના, એવી પ્રકૃતિવાળા જીવોમાં પેલા સદ્‌ગુરુનો સંકલ્પ વારે વારે પછડાઈને પાછો ફરતો હોય છે. એવી અનેક વારની પ્રક્રિયાને લીધે પેલા ચેતનનિષ્ઠની સાથે પેલા જીવપ્રકારના શરીરવાળા જીવનો સંબંધ કાયમ થઈ જતો હોય છે. તેથી પેલા જીવને ભલેને કેટલાયે જન્મ થાય, તેમ છતાં પેલા ચેતનનિષ્ઠ દ્વારા, પેલાના શરીરના મનાદિમાં પડેલો સંકલ્પ (જુદાં જુદાં હયાત શરીરો દરમિયાન પણ) ઝબકારા મારતો હોય છે. અને અંતે તો તેને ચેતનાના પ્રવાહમાં ઘસડી લઈ ગયા વિના તે સંકલ્પ રહેતો નથી.

**પ્રશ્ન :** મોટા, આપને આપના સદ્‌ગુરુ પાસેથી સહાય કેવી રીતે મળતી ?

**ઉત્તર :** કેટલી વાર કહ્યું છે, કે ‘મને મારા સદ્‌ગુરુને સ્થૂળ રીતે મળવાનું ત્રણચાર વાર જ બનેલું, તે પણ થોડા જ દિવસો માટે.’ જ્યારે પ્રેમભક્તિની ભાવનાથી સદ્‌ગુરુના હૃદયની સાથે હૃદયનું સંધાન થઈ જાય છે ત્યારે, જ્યારે જ્યારે આપણે જીવપણામાં આવી જતાં એની પ્રાર્થના કરીએ ત્યારે ત્યારે આપણે પાછા ઉપર તરી આવીએ છીએ, એવો મારો પાકો અનુભવ છે. એવું હૃદયનું સંધાન થઈ જતાં સ્થૂળ સંપર્કની આવશ્યકતા રહેતી નથી. જે સદ્‌ગુરુને સ્થૂળ રીતમાં જુએ છે, તે સાચો સાધક નથી.

**પ્રશ્ન :** મોટા, ‘હરિને ભજતાં હજી કોઈની લાજ જતી નથી જાણી રે !’ એ તમારું પ્રિય ભજન. એની પાછળ કોઈ કારણ ખરું ?

**ઉત્તર :** હા, ખરું. મારા મોટા ભાઈને ક્ષયની બીમારી થયેલી. તેમની દવા કરાવવા મારે એક ખૂબ નિકટના સંબંધી વડીલ પાસેથી સાતસો પચાસ રૂપિયા ઉછીના લીધા. દવા તો કરી પણ વડીલભાઈ ગુજરી ગયા. દરમિયાન સંબંધીએ પઠાણી ઉઘરાણી

શરૂ કરી. હું કહેતો, 'દૂધે ધોઈને તમારી પાઈએ પાઈ પાછી આપી દઈશ.' પણ એ મને પજવ્યા વિના રહે નહિ. એક દિવસ તેમણે ભરબજારે મારી આબરૂ લીધી. ના કહેવાનાં વેણ કીધાં. લોક ભેગું થઈ ગયું. હું રડી પડ્યો. દરમિયાન 'હરિને ભજતાં હજી કોઈની લાજ જતી નથી જાણી રે.' એ ભજન કોઈને મોઢે ગવાતાં સાંભળ્યું હતું તે યાદ આવ્યું. ભગવાને કેટકેટલા ભક્તોને કેવી કેવી રીતે બચાવેલા, એ બધું આ ભજનમાં આવે છે. તેથી મેં તો તે ભજનનો આશરો લીધો. થયું કે આ પણ પ્રયોગ છે. હ્દય નિચોવીને એ ભજન ગાતો, પ્રાર્થના કરતો. અને ખરેખર આશ્ચર્ય થયું. એક સવારે બરાબર ૭૫૦/- રૂપિયા એક જણ તરફથી રજિસ્ટર્ડ પોસ્ટથી મળ્યા અને હું ગદ્ગદ થઈને પ્રભુને પગે લાગ્યો. લેણદાર સંબંધીને પગે લાગીને દેવું ચૂકવી દીધું. બસ, ત્યારથી આ ભજન મને બહુ વહાલું લાગવા માંડ્યું અને હંમેશાં તેનો આશરો લેવાય છે.

**પ્રશ્ન :** મોટા, ઘરના માણસો સાથે પ્રકૃતિવશાત્ બહુ ક્લેશ થઈ જાય છે ! ત્યારે શું કરવું તે સમજાતું નથી. ઘણી અણગમતી સ્થિતિનો સામનો કરવો પડે છે !

**ઉત્તર :** જો, જેની સાથે જિંદગીભર જોડાયેલા તેને જે ગમતું હોય તેમાં જો હ્દયના ભાવથી સાથ ના આપી શકાતો હોય તો ભગવાનને માટે આપણાથી શું થવાનું છે ? ત્યારે એવી ભાવનાથી સમજવાનું કે આથી તો આપણી જે એક અણગમાની લાગણી, તેને નિર્મૂળ થવા, આવી મળેલાં કર્મનો હેતુ છે. જીવનનો શ્રેયાર્થી ગમે તેવાં પોતાને ના ગમતાં એવાં કર્મ આવી મળતાં તેને જીવનવિકાસના સતત જ્ઞાનભાન સાથે, તે વાળ્યા કરતો હોય છે.

ચેતી, જાગીને વિકાસના હેતુ માટે વર્તવું ઘટે.

**પ્રશ્ન :** મોટા, સાધનામાં ત્રાટક બહુ ઉપયોગી સાધન ગણાય છેને ? એને વિશે કંઈક કહેશો ?

**ઉત્તર :** આંતરિક ક્રિયાઓ ઉપર તેનાથી આપણો કાબૂ વધી જાય છે. આપણાં વિચારો, લાગણીઓ વગેરે અસ્તવ્યસ્ત રીતે વિહરવા ના દેવા માટે આ સાધન છે. આપણા સદ્‌ગુરુ અથવા ઈષ્ટદેવની (છબીમાં) હૃદય ઉપર ત્રાટક કરવાથી ભાવ ઉત્પન્ન થાય છે. મંદિરની મનગમતી મૂર્તિ ઉપર પણ એ રીતે ત્રાટક કરવાથી ભક્તિભાવ ઉદ્‌ભવે છે. અને જ્યારે ત્રાટક કરીએ ત્યારે, 'જાગો હૃદે જીવન ચેતનશક્તિ આવી' એવી પ્રાર્થના પણ કર્યા કરવી. સ્થિર જ્યોત ઉપર, કોમળ સૂર્યનારાયણ અને તેનાં કિરણ ઉપર, બિંદુ ઉપર પણ ત્રાટક થઈ શકે છે. ત્રાટકનો સમય ધીમે ધીમે વધારતા જવાય. આંખો થાકે ત્યારે ઠંડા પાણીની છાલક એના પર મારવી. ત્રાટકમાંથી એકાગ્રતા વધે તેનો ઉપયોગ સ્મરણભાવધારણામાં પણ કરી શકાય.

**પ્રશ્ન :** (સંકટમાં આવી ગયેલા એક ભક્ત વિશે) : મોટા, શું એનામાં જરાયે સાચી પ્રેમભક્તિ નથી કે તેના માટે કશું કરી શકાય નહિ ?

શ્રીમોટાએ પ્રત્યુત્તરમાં નીચેનું કાવ્ય લખી મોકલ્યું :-

(અનુષ્ટુપ)

*જે લોકોત્તર છે તેનાં મન પારખવા ખરું*
*-તે શક્તિમાન છે કોણ ? માનવીનું નથી ગજું.*
*તર્ક, દલીલ તે અર્થે શા ટૂંકાંટચ સૌ પડે !*
*જીવદશાની બુદ્ધિ તો તે અર્થે વામણી શી છે !*

*વિચાર કરવા તેથી શા વાહિયાત અર્થ તે !*
*અટપટા બધા પ્રશ્નો જીવને ઊપજ્યા કરે.*
*ઉકેલી શકવા તેને પૂરેપૂરા ન શક્તિ છે,*
*તો પછી ડો'ળવા યોગ્ય ત્યાં ડહાપણ કેટલું ?*

*મેળે વિચારી, પોતાને તોળવો ન્યાય યોગ્ય શો ?*
*તમારી કેટલી ચાલે તે હોશિયારી જીવને ?*
*શી પછડાટ ખાધી છે કેટલી વાર તો તમે ?*
*છતાં હજીય ઠેકાણે આવી શકાતું કાં ન તે ?*
*પંચાત છોડી બીજાંની, તેથી ઠામ બનો હવે.*

એક ભાઈ આવીને પૂજ્ય શ્રીમોટાને પગે લાગ્યા.

શ્રીમોટા પૂછે, 'આ શું કરે છે ?'

'પગે લાગું છું.'

'પગે લાગવું હોય તો કંઈક સમર્પણ થવું જોઈએ. સમજ્યા ?'

'હા જી.'

'ના જી.' નથી સમજ્યા. (બીજા ભાઈની સામે જોઈને) કહે છે કે 'સમજ્યો', પણ ખાલી ખાલી. સમજ્યા હોય તો કશુંક મૂકવાનું થાય. શું મૂક્યું ?'

'હવે બરાબર...ભાઈ, હું પૈસાનો લોભી છું. સમાજ ઉપયોગી કામોમાં દાન દેવા માટે જોઈએ છે. આશ્રમને ચોપડે બધું જમા-ઉધાર થાય છે. તમે તે જોઈ શકશો.'

એકવાર પૂજ્ય શ્રીમોટાએ વાતવાતમાં કહ્યું કે 'કોઈ વાર આપણી જડ ઘાલી બેઠેલી માન્યતા આપણને સાચું ગ્રહણ કરતાં અટકાવી દે છે. પણ તેથી હંમેશાં એવું જ કરવું જોઈએ એવો

સર્વસાધારણ નિયમ બાંધી લેવાય નહિ.'

**પ્રશ્ન :** મોટા, એવો કોઈ પ્રસંગ હોય તો કહી સંભળાવો તો સમજી શકાય.

**ઉત્તર :** કરાંચીની વાત છે, ઘણાં વર્ષો પર એક ફકીર એક સ્થળે પડી રહેતો હતો. ત્યાં હું તેમની પાસે અવારનવાર જતો. દરમિયાન સમાજના પાપે અને દોષે ના કરવાનો ધંધો કરતી બહેનો ત્યાં વસવા લાગી. હવે પેલા ફકીરને એવી એક બહેનને ત્યાં જવાનું દિલ થયું. પણ એના મનમાં થયું કે 'હું ત્યાં કેમ જઈ શકું ? મારી પવિત્રતા શી ? હું કુરાને શરીફ પઢનારો !' છતાં દિલમાં ગડભાંજ થયા કરે. મને પૂછ્યું, 'જઉં ?' હા, જાઓને. મનમાં કોઈ જાતની આશંકા શું કામ રાખો છો ?' અને ફકીર ત્યાં ગયો. બધું જોયા કરે, પણ એનો ભાવ જુદા પ્રકારનો અને પેલી બહેનનો ભાવ જુદા પ્રકારનો ! તેથી બંનેનો મેળ કેમ જામે ? એટલે તે બાઈએ એના નોકર પાસે ધપ્પા મરાવીને એને બહાર કાઢ્યો.

**પ્રશ્ન :** ખરેખર ?

**ઉત્તર :** જ્યાં ફકીરને ધપ્પા પડ્યા કે તુરંત એની જે ગ્રંથિ તૂટવાની હતી તે તૂટી ગઈ. અને ભાન જાગી ગયું અને આનંદ થયો. ખુદાની શુક્રિયા માની.

**પ્રશ્ન :** (મહાત્મા ગાંધી ૧૯૪૪માં જેલમુક્ત થતાં) : મોટા, ગાંધીજીની જેલમુક્તિ આપણે ઊજવવી જોઈએ. કઈ રીતે ઊજવીશું ?

**ઉત્તર :** આસુરી બળો ઉપર સાત્ત્વિક બળનો વિજય થયો એટલે તે દિવસે કંઈક સત્કર્મ કરવું ઘટે અને તે રીતે શુભદિન ઊજવવો.

આ પ્રશ્નોત્તરી ટ્રેનના ડબ્બામાં ચાલતી હતી. દરમિયાન બાજુમાં બેઠેલા મુસાફરો ચિંતિત સ્વરે ખાનગી વાતો દબાતે અવાજે કરી રહ્યા હતા, પણ પૂજ્ય શ્રીમોટા તે સાંભળી શકતા હતા. પ્રશ્નકર્તા તો એ દરમિયાન ઊંઘી ગયા હતા. જે વાત પૂજ્ય શ્રીમોટાના સાંભળવામાં આવી તેનો સાર આ હતો : એક કુંવારી કન્યા કે જેનાં લગ્ન લેવામાં આવનાર હતાં, તેને કોઈ બદમાશે ફસાવી હતી અને પરિણામે તેને સંતાન થનાર હતું. આનો રસ્તો કેમ નીકળે, એ કન્યાનાં માબાપને સમજાતું ન હતું. એટલે પૂજ્ય શ્રીમોટાએ તેમની સાથેના ભાઈ જે ઊંઘી ગયા હતા તેમને જગાડ્યા અને પેલી કમનસીબ કન્યાની કહાણી જણાવી અને સૂચવ્યું કે કન્યાને અમદાવાદના અનાથ આશ્રમમાં મૂકી આવો અને કોઈને તે બાબતની ખબર ના પડે તે જોવું. કન્યાનાં માબાપ રાજી થયાં. કન્યા બચી ગઈ. શુભદિન સત્કર્મ કરીને ઊજવવાની ભાવના આ રીતે ફળી !

**પ્રશ્ન :** કર્મ અથવા પુરુષાર્થ અને પ્રારબ્ધ એ દરેકને મૂંઝવતો પ્રશ્ન છે, મોટા, પ્રારબ્ધ જેવું ખરેખર કશું નહિ ?

**ઉત્તર :** જો, ભઈલા, પુરુષાર્થ અને પ્રારબ્ધ સિક્કાનાં બે પાસાં છે. છતાં અકળ કારણસર સાચો મહાત્મા લેખ ઉપર મેખ મારી જાય ખરો.

**પ્રશ્ન :** મોટા, એવો કોઈ દાખલો, વાંધો ના હોય તો કહેશો ?

**ઉત્તર :** અલ્યા, કોઈ કોઈનું કંઈક કરે-સંસારી દશામાં પણ, તો ઉપકૃત થયેલો માણસ તેનો બદલો વાળ્યા વિના રહેશે ?

ના જી.

તો ચેતનનિષ્ઠ આત્માની જો કોઈ સેવા કરતું હોય તો પેલો આત્મા શું કશું કર્યા વિના બેસી રહેશે ? (હાથમાં બાબો લઈને

ઊભેલા એક ભક્ત તરફ હાથ કરીને) આ ભાઈએ મારી ઘણી સેવા કરી છે. એણે કશાની માગણી કરી ન હતી. પણ એકવાર તેણે સંતાનમાં છોકરા માટે માગણી કરી. તો હું શું કરું ! મેં અંદર જોયું તો ગર્ભ છોકરીનો. એનું મને સ્પષ્ટ દર્શન થયું. એટલે મારે તપશ્ચર્યા કરવી પડી. તેને પરિણામે આ છોકરો. (જેના હાથમાં બાબો હતો તે)

**પ્રશ્ન :** આપને તપશ્ચર્યા કરવી પડે ? ના, ના, આપનો સંકલ્પ જ બસ થાય.

**ઉત્તર :** ના ભાઈ, તપ તો ખરું જ.

**પ્રશ્ન :** તમારે તપ કરવાના દિવસો પૂરા થઈ ગયા. હવે શેનું તપ ? અમને સમજાવવા માટે એમ કહેતા હશો ?

**ઉત્તર :** ગમે તેમ પણ બધા પક્ષે પુરુષાર્થ તો ખરોને ?

**પ્રશ્ન :** મોટા, ગ્રંથોનો અભ્યાસ અને ચર્ચાઓ આપણને ભગવાનને રસ્તે જવા મદદરૂપ થઈ શકે ?

**ઉત્તર :** જેને માત્ર ભગવાનને જ અને ભગવાનમાં જ મળવું છે, એણે ઝાઝા ગ્રંથોનો પણ અભ્યાસ કરવો નહિ કે વ્યાખ્યાનોની પ્રવૃત્તિ પણ ના કરવી જોઈએ, એવું મારું માનવું છે. મેં નહિ જેવા ગ્રંથો વાંચ્યા છે. ખાસ ગીતાજી સિવાય કંઈ નહિ. પણ મારા મંતવ્યમાં હું ખોટો હોઈ શકું.

**પ્રશ્ન :** મોટા, 'પરીક્ષા પાસ થયા પછી પણ ઘણાં વર્ષ સુધી એ જ પરીક્ષામાં બેસવાનું, જાણે અભ્યાસને અભાવે પરીક્ષાખંડમાં ગભરામણ થતી અનુભવવાનું અને એવાં બધાં સ્વપ્ન કેમ આવતાં હશે ?'

**ઉત્તર :** એ પરીક્ષા પાસ કરવા માટે જે ઈન્ટેન્સિટી

(આતુરતા) હશે, મહેનત કરી હશે અને પાસ થવામાં તકલીફ અનુભવેલી હશે તેના સંસ્કાર ઊંડા તમારા મનમાં પડ્યા હોવા જોઈએ. એટલે તેવાં સ્વપ્નાં આવતાં હશે.

**પ્રશ્ન :** પણ મોટા, પ્રૅક્ટિસ ૧૫-૨૦ વર્ષથી કરું છું અને તેને અંગે ઘણા આઘાત પ્રત્યાઘાત ખમેલા છે, છતાં તેનાં સ્વપ્ન આવતાં નથી. એનું શું કારણ હશે ?

**ઉત્તર :** તમે એની સાથે જોડાયેલા જ છો, એટલે એને લગતાં સ્વપ્ન ના આવે.

**પ્રશ્ન :** હું આપની સાથે ઠીક ઠીક સમયથી જોડાયેલો છું. તોયે આપનાં સ્વપ્નાં ઘણી વાર, મહિને એકવાર તો ખરું જ, આવે છે, તેનું શું ?

**ઉત્તર :** બરાબર. પરંતુ ધંધાનાં સ્વપ્નાં ના આવે તે સારું.

**પ્રશ્ન :** એ સારું ?

**ઉત્તર :** હા.

પૂજ્ય શ્રીમોટાના અંતેવાસી પૂજ્ય શ્રી નંદુભાઈએ વચ્ચે બોલી પ્રશ્નકારને સમજાવ્યું કે 'મોટાની ચેતના તમારી ચેતનામાં પ્રવેશેલી છે, એટલે મોટા, તમને સ્વપ્નમાં અવારનવાર આવે છે.'

**પ્રશ્ન :** મોટા, આપ ગુણભાવ ઉપર સારો ભાર મૂકો ત્યારે વાંચેલો એક શ્લોક યાદ આવે છે :-

शरीरस्य गुणानां च दूरमअत्यन्तमनन्तरम्
शरीरे क्षणविध्वंसि कल्पान्तस्थायिनो गुणाः ॥

(મનુષ્યનું શરીર અને તેના ગુણો એ બંને વચ્ચે ઘણું અંતર છે. શરીર ક્ષણમાં નાશ પામનારું છે જ્યારે સદ્‌ગુણો કલ્પ પર્યંત રહેનાર છે.)

**ઉત્તર :** જુઓ, આ શ્લોક વાંચ્યો ત્યારે મારા કહેવા પર હવે વિશ્વાસ બેસે છેને ?

**પ્રશ્ન :** ના, ના, મોટા, એમ નહિ.

**ઉત્તર :** પણ, એમાં 'ભાવ' શબ્દનો ઉલ્લેખ નથી. ગુણની સાથે ભાવ હોવો જ જોઈએ, કેમ કે કેટલાક ગુણો નિમ્ન પ્રવૃત્તિઓને પણ પ્રેરે. તો ગુણોની સાથે જો ભગવાન વિશેનો ભાવ વિકાસ પામે તો જીવન ઉચ્ચ ગતિને પામે.

**પ્રશ્ન :** મોટા, જેનામાં ભાવ પ્રગટેલો હોય તે (ભાવ) આમ બહુ સૂક્ષ્મ હોઈને દેખાતો નથી, છતાં તે તે વ્યક્તિમાં તેનાં લક્ષણ દેખાય ?

**ઉત્તર :** જરૂર દેખાય. ભાવનાં જ્યારે પૂર ઊછળે છે ત્યારે તેમાં મસ્તી ચડે છે, તેમાં મસ્તી પ્રગટે છે. 'ભાવ'નું લક્ષણ ખુમારી છે. કેટલાક લોકોને મેં 'આ તો ભારે અભિમાની છે', એમ કહેતાં જાતોજાત સાંભળેલા છે. જ્યાં ઊછળતા ભાવનો ધોધ છે ત્યાં ખુમારી છે જ. જ્યાં સૂર્ય ઊગે છે ત્યાં પ્રકાશ છે. તેવું જ 'ભાવ'નું અને ખુમારીનું લક્ષણ છે.

**પ્રશ્ન :** શરણાગતિ પ્રાપ્ત કરવા અમારે શું કરવું ઘટે ?

**ઉત્તર :** શરણાગતિની યોગ્ય ભૂમિકા રચવા માટે પ્રેમભક્તિ એ મુખ્ય હકીકત માગી લે છે. પ્રેમભક્તિ એટલે વિવેકશૂન્યતા તો નહિ જ. તેમ જ આંધળિયાં પણ નથી. હા, તેમાં ઝંપલાવવાનું રહેલું છે. સાહસ, હિંમત અને મરણિયો નિર્ધાર વગેરે પણ રહેલાં છે.

**પ્રશ્ન :** સાક્ષાત્કાર એટલે શું, તે સમજાવશો ?

**ઉત્તર :** માનવીના જીવનમાં જે અવ્યક્ત ઈશ્વરનું સ્વરૂપ

છે, તેને એકાગ્ર અને કેંદ્રિત સાધનાના ભાવ વડે છતું કરીને એને ક્રિયાના પ્રવાહ સ્વરૂપમાં, એની કૃપાથી વહેતું મૂકવાનું કરવું તેનું નામ સાક્ષાત્કાર. આપણામાં જે અવ્યક્ત પ્રભુમય જીવન છે, તેને જીવનમાં પ્રત્યક્ષ કામ કરતું અનુભવવું તે સાક્ષાત્કાર છે.

**પ્રશ્ન :** ભૂખતરસ ઉપર કાબૂ મેળવ્યા વિના મુક્તિ ના જ હોયને ?

**ઉત્તર :** ના હોય. ભૂખ, તરસ, શૌચ, ઇચ્છા આદિ ઉપર પૂર્ણ કાબૂ આવી ગયા પછી મુક્ત દશા શરૂ થાય. ભાવનાના જોશને લઈને તે બધું શક્ય બને છે. મન, પ્રાણ અને શરીરની સકળ માગણીઓ ત્યારે શાંત થઈ જાય છે અને તે સર્વ ઉપર સંપૂર્ણ કાબૂ સહજપણે આવે છે.

**પ્રશ્ન :** તૂટક તૂટક મંત્રજાપ કરતાં સિદ્ધિ થઈ શકે ?

**ઉત્તર :** કશું પણ તૂટક તૂટક કરવાથી વળે નહિ. પહેલાં એમાં અખંડતા આવવી જોઈએ, પછી એકાગ્રતા, કેંદ્રિતતા અને છેલ્લે વિસ્તારતા આવે. જ્યાં સુધી રાગદ્વેષ નિર્મૂળ થાય નહિ ત્યાં સુધી કોઈ સિદ્ધિ નહિ વરે.

**પ્રશ્ન :** શ્રેષ્ઠ સાધન કયું ગણાય ?

**ઉત્તર :** જપ. સાધનામાં સાતત્ય અને પ્રેમભાવ હોવા જોઈએ.

**પ્રશ્ન :** મોટા, ઘણી વાર એવા બનાવો બને છે ત્યારે તાજુબી લાગે છે - જાણે યોગાનુયોગ ! એની પાછળ કોઈ દિવ્ય દોરીસંચાર હોવાનું માની શકાય ?

**ઉત્તર :** જીવનમાં એવો 'કોઈન્સિડન્ટ્સ'-યોગાનુયોગ - થાય, ત્યારે તેમાં ક્યાંક દિવ્ય સાંકળ રહેલી છે. એવા અનુમાન

ઉપર આવવામાં વાંધો નથી. એનાથી શ્રદ્ધાવિશ્વાસ જીવંત થવાં ઘટે.

**પ્રશ્ન :** મોટા, ઘણી વાર ઑફિસે જતાં, બસમાં હોઈએ ત્યારે, અને એવી કોઈ શક્યતા ના હોય ત્યારે, એકાએક ધૂપની કે અગરબત્તીની સુવાસ આવતી અનુભવાય એનો શું અર્થ સમજવો ?

**ઉત્તર :** કોઈ સત્પુરુષ આપણને યાદ કરી રહ્યા છે, એમ માનીને તેના સ્મરણમાં ઊંડા ઊતરી જવું.

**પ્રશ્ન :** ઘણી વાર મહાત્માઓ પાસે જાતજાતના લોક ભેગા થતા હોય છે અને તે સામે કેટલાક ટીકા કરતા હોય છે, તે બરાબર છે ?

**ઉત્તર :** જેમ દરિયામાં અનેક નાનીમોટી નદીઓનાં વહેણ વહેતાં હોય છે, તેમ સંતમહાત્મા પાસે પણ અનેક જાતના લોકો સ્વાર્થ સાધવાના હેતુથી જતા હોય છે. તેવા શંભુમેળાભર્યા વાતાવરણને અંગે આપણને ત્યારે અન્યથાપણું ના પ્રગટવું ઘટે.

**પ્રશ્ન :** મોટા, શ્રીસત્યસાંઈબાબાએ તેમના ભક્તોને ઈસ્પિતાલોમાં દરદીઓ પાસે જઈને તેમની સાથે વાતો કરવા, જોઈતું કરતું આપવાની સૂચના આપી છે.

**ઉત્તર :** સારી વાત છે. કંઈક પ્રૅક્ટિકલ કરે તે સારું. દરદીઓની સેવા તે ભગવાનની સેવા કરીએ છીએ એવો ભાવ રાખવો.

**પ્રશ્ન :** સંસારમાં હોવાથી કૌટુંબિક, સામાજિક, ધંધાકીય એવાં અનેક પ્રકારનાં ઘર્ષણોનો સામનો કરવો પડે છે, ત્યારે આધ્યાત્મિક વિકાસ ગૂંગળાઈ જતો લાગે છે. તેનો ઉપાય સૂચવશો ?

**ઉત્તર :** વિકાસનો મૂળભૂત સિદ્ધાંત ઘર્ષણમાં રહેલો છે.

ઘર્ષણ વિના માનવી જેમનો તેમ પડ્યો રહે છે. એ તમે ગણાવેલાં ઘર્ષણોથી લેવાઈ જશો તો થઈ રહ્યું ! અંતર્મુખ વળેલા માટે ઘર્ષણ એ તો તેજસ્વિતાને જીવંત રાખવા માટેનું ખરું સાધન છે. અકળાવનારી સ્થિતિમાં વધુ જોરથી, ભાવથી, ઉત્કટતાથી તમારા સદ્‌ગુરુને પોકારો, નિવેદન કરો, પ્રાર્થના કરો. એ રસ્તો જરૂર બતાવશે.

**પ્રશ્ન :** પ્રકૃતિ અને સ્વભાવનું ઘડતર શેને આધીન હશે ?

**ઉત્તર :** એ છે અનેક જન્મજન્માંતરના એકઠા થયેલા સ્વભાવની સમગ્રતા.

**પ્રશ્ન :** એ સ્વભાવને કેવી રીતે બદલી કે જીતી શકાય ?

**ઉત્તર :** એના અનેક પ્રકારના સંસ્કારો આપણામાં જાગે ત્યારે આપણે એનાં વહેણમાં ભળી ના જવું. તેને વહી જવા દેવા. એવી વિચાર વૃત્તિની સ્થિતિમાં પણ જાગૃતિ કેળવી કેળવીને ભગવાનને ખરા દિલથી પ્રાર્થીએ કે 'હે પ્રભો ! મને તો તારો આનંદ જ એકલો ખપે !' ભગવાનને એવો સાદ કરવાની જે ઉત્કટ ધગશ છે, એ ધગશ આપણું બળ છે. એવા બળને આધારે આપણે એવા સ્વભાવના અંતરાયોમાં કદી ડૂબી શકતાં નથી. માટે, ભગવાનના ભાવભર્યા સ્મરણમાં પ્રકૃતિને મઠારવાની અને સુધારવાની અદ્‌ભુત શક્તિ રહેલી છે.

**પ્રશ્ન :** આપ 'સ્ત્રીહૃદય'નો ઉલ્લેખ ક્યાંક ક્યાંક કર્યો છે અને તેને માટે આપે બહુ ભાવ ધરાવો છો એમ સમજાય છે. એનું હાર્દ સમજાવશો ?

**ઉત્તર :** 'સ્ત્રીહૃદય'ની પ્રભુકૃપાથી મને ગતાગમ છે. અને एની કૃપાથી તે તેવી રીતે કેળવાયેલું પણ છે. એટલે તેની સમજણ છે. માનવીના દિલને, તેની રીતરસમને અને તેના સૂક્ષ્મ વહેવારને

પોતે જ પોતાને એવી રીતે કળી શકવાને સમર્થ નથી ત્યાં બીજાને તો શું સમજી શકે ? શરદબાબુના સાહિત્યમાં તેમણે સ્ત્રીપાત્રનાં હૃદયને જે આલેખ્યાં છે, તેવું દિલ પણ આ સંસારમાં પ્રત્યક્ષ અનુભવમાં પ્રગટે તો કેટકેટલો આનંદ થઈ જાય ? ‘સ્ત્રીનું હૃદય’, ‘સ્ત્રીનું હૃદય’ આપણે બોલીએ ખરાં, પરંતુ એવું ‘સ્ત્રીનું હૃદય’ તો કેટલું બધું વફાદારીથી, પ્રેમથી, અનંતગણું ત્યાગ અને સમર્પણનું લક્ષણ જો જીવનમાં પ્રગટેલું પ્રભુકૃપાથી અનુભવી શકાય તો તો ધન્ય થઈ જઈએ.

**પ્રશ્ન :** ઘણા સાધુમહાત્માઓ મંત્ર આપતા હોય છે અને દીક્ષા દેતા હોય છે, તો તેવી દીક્ષા લેવામાં વાંધો ખરો ?

**ઉત્તર :** દીક્ષા માટે સાધુસંતો પાસે દોડશો નહિ. એવી ભ્રમણામાં પડશો નહિ. સાધુમહાત્મામાં શક્તિ તો છે, પણ તેમના માટે આપણામાં ભક્તિ નથી જાગી. દીક્ષા હૈયામાંથી ઉગાડવાની છે. દીક્ષાનો અર્થ જીવદશાની સ્થિતિમાંથી ઉચ્ચ સ્થિતિમાં ગતિમાન થવાનું પગલું. ખાલી ગુરુમંત્ર લીધાથી કશું વળતું નથી. ભગવાનના નામનો કોઈ પણ એક મનગમતો મંત્ર આપમેળે લઈને તેનો જાપ કરવાનું શરૂ કરી શકાય અને તે મંત્ર વારંવાર બદલવો નહિ.

**પ્રશ્ન :** એવા જાપથી, નામસ્મરણથી રોગો મટે ? કામક્રોધાદિ મોળા પડે ?

**ઉત્તર :** જરૂર, જ્યારે સ્મરણ અખંડ થાય ત્યારે કામક્રોધાદિ મોળા પડે. તેને માટે આંતરિક સંગ્રામ ખેલવો પડે. મને સાપ કરડ્યો. મેં એની સામે સતત ‘હરિઃૐ’ના રટણથી સંગ્રામ ખેલ્યો ત્યારે અજપાજપ લાધ્યો. એમાંથી એક સિદ્ધાંત જડ્યો. શબ્દમાં નિરંતરતા પ્રગટે ત્યારે આકાશતત્ત્વ ખીલે અને આકાશતત્ત્વ ખીલે

ત્યારે સત્ત્વગુણ પ્રગટે. સત્ત્વગુણ પ્રગટે ત્યારે જ રજસ અને તમસ મોળા પડે. એટલે કામક્રોધાદિ મોળા પડે. રોગ પણ મટે, એટલું જ નહિ પણ આપણી બુદ્ધિ ખીલે છે. હું પહેલાં બહુ ભુલકણો હતો, પણ તે ટેવ સ્મરણને લીધે સુધરી ગઈ.

**પ્રશ્ન :** ગુરુ એમ ને એમ મળી જાય ખરા ?

**ઉત્તર :** જિજ્ઞાસા સેવો તો ગુરુ મળી જાય, પણ આ જિજ્ઞાસા સામાન્ય પ્રકારની નહિ હોવી જોઈએ. તે તો ગતિશીલ, ક્રિયાશીલ અને સર્જનશીલ હોવી ઘટે. અને ગુરુથી લાભ ક્યારે થાય ? જ્યારે તમે એનામાં હળી, મળી, ભળી અને ગળી જાઓ ત્યારે !

**પ્રશ્ન :** મોટા, કોઈની પત્ની એકદમ કદરૂપી હોય અને તેથી પતિ તરફથી તેને સુખ મળતું ના હોય તો તેવી પત્નીએ શું કરવું ?

**ઉત્તર :** આ પ્રશ્ન વિચારવા જેવો ખરો. માનવીજીવન એ માત્ર સ્થૂળ પર નભતું હોતું નથી. વેરીમાં પણ વાસ કરીને તેને પોતાનો કરી લેવાની એક કળા છે ખરી. કદરૂપી સ્ત્રી હોવા છતાં પણ તેણે જીવનના એકેએક પાસાંમાં અને ક્ષેત્રમાં ઝાઝાંની નજરે ચડ્યા વિના (નજરે ચડવાનું થતાં તેનો અણગમો વધે તેવી શક્યતા ખરી, કદરૂપી પત્ની હોય ત્યારે) પતિને એટલી બધી સરળતા અને મદદ કરવાનું થઈ પડવું કે પોતે એનામાં તન્મય થઈ જાય. તો વળી, કોઈ કાળે તેના પતિને એવી કદરૂપી પત્ની પરત્વે પણ વહાલ જાગવાની શક્યતા ખરી. આવી બાબત પતિના પક્ષે પણ હોય અને તેથી પત્નીને તે ગમતો ના હોય તેમ બને અને પત્ની બીજા પુરુષને ચાહતી હોય તો તેવી સ્થિતિમાં શું કરવું ઘટે ? આમ, બંને કિસ્સામાં પતિ અન્ય સ્ત્રીને અને પત્ની અન્ય પુરુષને

ચાહવામાં પડ્યાં હોય તેનું શૂળ આપણા દિલમાં પ્રગટેલું હોય છે અને તે માટે આપણે મનમાં ધૂંઆપૂંઆ થયાં કરતાં હોઈએ છીએ. આ એક મોટી મડાગાંઠ છે. તો આ બધી મડાગાંઠો સમજી સમજીને તોડવી જ જોઈએ. માલિકી હક્કનો વિચાર મનમાંથી કાઢી નાખવો જોઈએ. કોઈને આપણી સામે બાંધી રાખવાની વૃત્તિને જ તિલાંજલિ આપી દેવી જોઈએ. જોકે આમ કરવું મુશ્કેલ છે, છતાં આપણે શાંતિ અને સુખ આત્મવિકાસ દ્વારા જોઈતાં હોય, તો તે તે વ્યક્તિઓને તદ્દન સ્વતંત્રતા આપી દેવી, તે ઉપરાંત, આપણો ધર્મ તેમને ચાહવાનો હોવો જોઈએ. પરંતુ સંસારમાં મોટે ભાગે બધાંને પ્રેમ લેવો છે, માગવો છે, આપવો નથી. આપણે આપણા આત્મવિકાસને ખાતર સાચા દિલથી ચાહવું. તો જીવન જીવી શકાય. આને જ સાચી આધ્યાત્મિકતા કહેવાય.★

**પ્રશ્ન :** (હાથ જોડીને) : પ્રભુ, આજ્ઞા કરો, મારા જેવું કંઈક કામ આપો ?

**ઉત્તર :** ભઈલા, આજ્ઞા શું આપું ? નામસ્મરણ કર્યા કરો. કામક્રોધાદિ મોળા પડે છે કે નહિ તે તપાસતા રહો. આપણે બધા સ્વાર્થમાં જ મચેલા છીએ. બહુ ઓછા પરમાર્થ કરતા હોય છે, નહિવત્ કરતા હોય છે. તો આમાંથી તમને જે ઠીક લાગે તે કરો.

---

★ આના સમર્થનમાં પૂજ્ય શ્રી નંદુભાઈએ કહેલી એક હકીકતનો ઉલ્લેખ કરવો અમને યોગ્ય લાગે છે : માલિકી હક્કની ભાવનાનો ત્યાગ કરીને એક પતિએ પોતની પત્નીને તેનાં પ્રેમી સાથે રહેવા જવા દીધી હતી, પણ થોડો સમય વીતતાં પહેલાં પ્રેમીના ખરાબ વર્તનથી તેણીની આંખ ઊઘડી ગઈ અને પતિને શરણે ગઈ. પતિએ તેને સપ્રેમ આવકારી. અને આમ પતિપત્ની  અને બે બાળકોનો સંસાર સુધરી ગયો.

**પ્રશ્ન :** મોટા, આપે જ્યાં જ્યાં આશ્રમો કર્યા છે, તે બધા નદીકિનારે અને શહેરથી દૂર એકાંતમાં. દરેક જગ્યાની કોઈ ખાસ વિશેષતા ખરી ?

**ઉત્તર :** પ્રથમ આશ્રમ કુંભકોણમ્ ખાતે થયો. આ આશ્રમમાં એક સંતની સમાધિ છે, તેની કૉન્શસનેસ્-ચેતનાની અનુભૂતિ થયેલી. નડિયાદનો આશ્રમ જે જગ્યાએ છે ત્યાં પહેલાં કબીરપંથી સાધુઓ રહેતા હતા. વળી, મારા ગુરુમહારાજ મને આ જ જગ્યાએ મારા સાધનાકાળ દરમિયાન લઈ આવેલા અને સાધના કરાવેલી અને તેમણે ભાખેલું કે અત્રે મારો આશ્રમ થશે ! રાંદેરનો આશ્રમ પણ એવી તપોભૂમિ પર છે. પાસે જ નદી-તળાવ હોય તો એક તો પાણીની સગવડ રહે અને બીજું, જળરાશિ વિચારોનાં ઉગ્ર આંદોલનોને (જળતત્ત્વને લીધે) મોળાં પાડે છે. તેથી મનને શાંતિ લાગે છે, અને શહેરથી દૂર દૂર હોય એ ખાસ જરૂરી છે. શુચિ અને શુદ્ધિ તેને લીધે જળવાઈ રહે છે.

**પ્રશ્ન :** આદિ શંકરાચાર્ય મહાન વેદાંતી, અદ્વૈતવાદી હોવા છતાં તેમણે ઘણાં ભક્તિસ્તોત્રો રચ્યાં છે. એમ કેમ હશે ?

**ઉત્તર :** એ અદ્વૈતવાદી હતા અને નિર્ગુણ ઈશ્વરનો સાક્ષાત્કાર કરેલો છતાં શ્રીનગરમાં તેમને સગુણ બ્રહ્મનો અનુભવ થયો અને ત્યાં આગળ પંચાયતનની સ્થાપના કરી - શિવ, પાર્વતી, ગણપતિ, હનુમાનજી વગેરે. નિરાકાર પરબ્રહ્મમાં રાચતા આવા આચાર્યો પણ સાકારમાં પાછા ફરતા હોય છે, કેમ કે તેનો આનંદ ઑર હોય છે. શંકરાચાર્યે ભક્તિસ્તોત્રો રચ્યાં, કેમ કે સામાન્ય જનસમૂહ ભક્તિપ્રધાન હોઈને વેદાંતને સમજવું, આચરવું કઠણ છે એની તેમને ખબર હતી.

**પ્રશ્ન :** બ્રહ્મનિષ્ઠ હોય તેનાં લક્ષણો કૃપા કરીને સમજાવશો ?

**ઉત્તર :** એ સતમાંય વર્તે અને અસતમાં પણ વર્તે. તેને સ્થળકાળની મર્યાદા હોતી નથી. શરીર પણ બીજાં ધરી શકે છે. મૌનમંદિરમાં અને તેની બહાર મોટાનાં સ્થૂળ શરીરનાં દર્શન બીજાંને જુદી જુદી રીતે થયેલાં છે. બીજું કામ, મળેલાંઓમાં ભગવાનની ભાવનાનું બીજ રોપવાનું તે છે. બીજનું ફલિત થવું પછી સંજોગો ઉપર અવલંબે છે.

**પ્રશ્ન :** મોટા, આપને દક્ષિણ ભારત વધુ પ્રિય ખરુંને ?

**ઉત્તર :** હા, તેની ભાવનાને લીધે મને વધુ પ્રિય છે. ત્યાં જ મોટા મોટા આચાર્યો પેદા થયેલા. હવે હિંદ માટે અંધાધૂંધીનો કાળ નજીક આવ્યો છે. સ્થળ અને કાળના તબક્કા બદલાય છે. અંધાધૂંધીના કાળમાં આપણને ટકાવી રાખનાર કોઈ હોય, તો તે ભગવાન છે. આપણી સંસ્કૃતિનો પુનરોદય દક્ષિણ ભારતમાંથી થશે.★

**પ્રશ્ન :** આપ રૂઢિભંજક છો એમ અમે જાણીએ છીએ. તેનો મૂળ હેતુ આપ કહેશો ?

**ઉત્તર :** મૂળ હેતુ મારા પૂર્વગ્રહો હટાવવાનો. પૂછ્યું એટલે કહી દઉં. હું મુસલમાન મિત્રને ઘેર જતો આવતો. તેના ઘરનું પાણી પીતો. ચા પીતો. એટલે એ મિત્રે કહ્યું, 'તું મુસલમાન થઈ જા.' મુસલમાનના ઘરનું પાણી પીવે એટલે મુસ્લિમ થઈ ગયા, એમ પહેલાં મનાતું, પણ એ ખોટું છે. એ મિત્રે મને માંસ ખાવા કહ્યું, એ પણ ખાધું. પણ તેથી હું મુસલમાન બની ગયો ન હતો. પેલા મિત્રને મારાં આવાં કર્મના હેતુની ખબર નહિ. માંસ વગેરે

---

★ સં.૨૦૨૩માં કુંભકોણમ્ ખાતે ગુરુપૂર્ણિમાને રોજ કરેલી વાતચીત.

સામેનો મારો પૂર્વગ્રહ મારા મનમાંથી ટાળવો હતો. મારા સાધનાકાળ દરમિયાન જે કોઈ રૂઢિભંજક કામ કર્યાં છે, તે બધાંનો હેતુ આ જ હતો : મારા પૂર્વગ્રહોને મારી હઠાવવા.

**પ્રશ્ન :** દેશસેવા અત્યારે જે બધાં કરી રહ્યા છે, તે વિશે આપનો શું અભિપ્રાય છે ? ભારતનું ભાવિ કેવું દેખાય છે ?

**ઉત્તર :** જેના રૂંવેરૂંવે ભગવાન વસેલો છે, તે જ ખરી સેવા કરવાનો છે. એક આપણા ગાંધીબાપુ એવા નીકળ્યા કે જેમણે સાચી સેવા કરી. એની ગળથૂથી અમે પીધી છે એટલે અમારાથી થાય તેવી સેવા અત્યારે કરી રહ્યા છીએ. બાકી, રાજકારણ વગેરે રાગદ્વેષ વધારનારા છે. તેથી હું તેમાં ના પડ્યો. હવે થોડાં વર્ષો સુધી આ શરીર ચાલે, કેમ કે શરીર તો ભાંગી ગયું છે. તો કૃપા કરીને મારી યોજનાઓમાં મદદ કરો એવી પ્રાર્થના છે. આ મોટી સેવા છે. તેમાંથી હિંદુ સમાજનું ઉત્થાન જરૂર થશે, પણ ક્યારે થશે એ કહી શકતો નથી. એક એવો નરરત્ન, નરશાર્દૂલ પાકશે જે હિંદુસ્તાનને ઊંચે લાવશે. હું જ્યોતિષી નથી પણ આ કાળનાં એંધાણ છે. ઊથલપાથલો જરૂર થવાની, થવી જ જોઈએ. ત્યારે પ્રજામાં ચેતન પ્રગટે તે પછી કોઈ કાળપુરુષ પાકશે અને વધુ સારું થશે.

**પ્રશ્ન :** ઘણી વાર એવું થઈ આવે છે, કે ભગવાન દેખાતો નથી તો એની સેવા ક્યાં કરવી ?

**ઉત્તર :** અરે ! ભગવાન સર્વત્ર વસેલો છે. બ્રહ્માંડ એનું વ્યક્ત સ્વરૂપ છે. સૌમાં એ વસેલો છે, પણ આજે એ પથ્થરરૂપ થઈ ગયો છે. એમાંથી એને જગાડવો છે, બેઠો કરવો છે. એવી રીતે તમસમાં પડેલા ભગવાનને બેઠા કરીએ, તે ભક્તિ-સેવા

કહેવાય. તનથી, મનથી, બુદ્ધિથી, ધનથી ભગવાનની સેવા થઈ શકે. માત્ર મંદિરમાં જવાથી, માળા ફેરવવાથી એની સેવા નથી થતી.

**પ્રશ્ન :** બહારનાં વિકારી, વાસનાવાળાં તત્ત્વો આપણને હેરાન કરતાં હોય છે ખરાં ?

**ઉત્તર :** આપણી આસપાસના વાયુમંડળમાં વાસનાથી ભરેલાં સૂક્ષ્મ તત્ત્વો એટલાં બધાં છે, કે જો આપણને ભગવાને શરીર ના આપ્યું હોત તો તે બધાં આપણામાં પ્રવેશીને આપણને તેમનું મૂઢ હથિયાર બનાવી દઈને પોતાની વાસનાઓ સંતોષીને આપણું અધઃપતન કરાવત. આપણું શરીર પાર્થિવ તત્ત્વનું છે, ઘન છે, (માટીનું બનેલું નક્કર છે) : જ્યારે પેલાં અનિષ્ટ તત્ત્વો વાયુરૂપ-પ્રવાહી, બદલાતા આકારવાળાં હોઈ આપણા શરીરનાં સ્થૂળ તત્ત્વ સાથે અથડાઈને નિષ્ફળપણે પાછાં ફરે છે. આપણને કામ કે ક્રોધની જોરદાર વાસના થાય છે, ત્યારે તેમને રોકીને શરીર આપણું રક્ષણહાર થઈ પડે છે. જો આમ ના હોત તો કોણ જાણે આપણે આપણું જ કેટલુંયે નુકસાન કરી બેસત ! આમ, શરીર આપણું ભારે રક્ષણકર્તા છે.

**પ્રશ્ન :** આપ છેલ્લાં કેટલાંક વર્ષોથી કહી રહ્યા છો, કે ધનને પરમાર્થમાં વાપરો. 'કૅઓસ' ઊથલપાથલો આવશે. એ શા આધારે ? શાથી ? અને બચવાનો ઉપાય ખરો ? તે કૃપા કરીને કહેશો ?

**ઉત્તર :** હા, મને એવું કહેનારાં મળે છે, કે મોટા, તમે વારેવારે શું લઈ બેઠા છો ? (ઉત્સવો ઊજવવાનું) અલ્યા ભાઈ, ત્યારે તમે કેમ વારંવાર નવું નવું લેવેચ કર્યા કરો છો ? નવાં ઘર

કેમ ખરીદો છો ? તમે જે કરો છો તે નર્યા સ્વાર્થપ્રેર્યા કરો છો, હું આવા ઉત્સવો દ્વારા જે કંઈ મળે તે પ્રજાના કલ્યાણ અર્થે પાછું આપી દઉં છું. મારા આશ્રમ માટે તમારાથી અપાય તે આપજો. નકારાત્મક વિચારો ના કરશો, કેમ કે તેવા વિચારોથી તમને જ નુકસાન થશે, મને કંઈ થવાનું નથી. હું આ કર્મ કરું છું, પણ મને તેનું બંધન નથી. અનુભવી પુરુષ કાળની માગને સમજીને હંમેશાં મૌલિક કર્મ કરતો હોય છે.

હું ઘણાં વર્ષોથી સ્પષ્ટ દર્શન મેળવીને કહેતો રહ્યો છું, કે અંધાધૂંધીનો કાળ આવશે. પૈસો કલમને ગોદે ચાલ્યો જશે. માટે સ્વાર્થ કરતાં પરમાર્થ વધુ કરો અને પરમાર્થ એવો કરો કે જે સમાજની સમગ્રતાને સ્પર્શે. મંદિરો, યજ્ઞો અને સાંપ્રદાયિક કર્મકાંડોને થોડા કાળ માટે થંભાવી દો. તમને ભડકાવવા માટે નથી કહેતો, પણ તમારા ભલા માટે જ કહું છું.'

**પ્રશ્ન :** બ્રહ્મને અનુભવેલ માનવી બ્રહ્મ બની જાય છે, એમ કહેવાય છે એ ખરું છે ?

**ઉત્તર :** ના, એમ કહેવું બરાબર નથી. તે બ્રહ્મ જેવો સંપૂર્ણ થતો નથી, કેમ કે એવો શરીરધારી ચેતનનિષ્ઠ ચેતનની જેમ, ભગવાનની જેમ સર્જન કરી શકશે નહિ. વિશ્વામિત્રે પૃથ્વીનું સર્જન કરેલું, એમ કહે છે, પણ એ વાસ્તવિક નથી લાગતું. એ દ્વારા એની મહાનતા બતાવવામાં આવે છે. વળી, નિમિત્ત મળતાં ચેતનનિષ્ઠ વ્યક્ત થાય છે. પણ એ નિમિત્તનેય મર્યાદા હોય છે, ત્યારે ચેતનનો વિસ્તાર અનંત છે, મર્યાદા વગરનો છે. માટે, માનવીને ભગવાનથી મોટો બનાવશો નહિ. ચેતનને વ્યક્તિગતપણું હોતું નથી. એ અનંતરૂપે સચરાચર છે, પણ આજે માનવીને

સમાજે મોટો બનાવી દીધો છે ! ભલે એ મોટો રહ્યો, પણ ભગવાનની તોલે એ નહિ આવી શકે, એટલું ધ્યાનમાં રાખશો.

**પ્રશ્ન :** મોટા, સાધનામાં રસ ક્યારે પડે ?

**ઉત્તર :** જ્યારે કોઈ બાબતમાં 'ગરજ' જાગી હશે તો રસ પડશે. જેનું સતત ચિંતવન થયા કરતું હશે એવી બાબતમાં રસ પડશે. જીવનધ્યેયની પ્રતીતિ થઈ ગઈ હોય અને એના વિના જીવનમાં બીજા કશામાં રસ ના જામે તો રસ પડે. જીવનમાં જેને આપણે સૌથી મહત્ત્વનો પ્રશ્ન ગણતાં હોઈશું એમાં રસ પડશે. ઐહિક તમામ પ્રકારનાં સુખ, સગવડ હોવા છતાં એ બધાંથી દિલમાં ચેન ના હોય અને હૃદય અંદરથી હજી કશાક ઑરને ઝંખતું થયું હોય તો તેમાં રસ પડે. ભલેને આપણને શરૂ શરૂમાં કદાચ રસ ના પણ જામે, અથવા શરૂમાં રસ પડીને પછીથી મંદ ગતિ થઈ જાય, તોપણ જીવનનું હવે બાકીનું કાર્ય આ જ હોઈ શકે એવો દૃઢ નિર્ધાર જો પ્રગટાવી શક્યા હોઈશું અને એક અથવા બીજાં સાધનને વળગી રહીને પ્રેમભક્તિ જ્ઞાનપૂર્વક કશુંક ને કશુંક કર્યા કરતા રહીશું, તો કોક દિવસ એમાંથી વેગ જન્મી જવાનો છે.

**પ્રશ્ન :** મોટા, 'સાક્ષીભાવ' શબ્દ ઘણે ઠેકાણે વાંચવામાં આવે છે અને સાંભળવામાં આવે છે, પણ તેનામાં રહેલી ભાવની ખૂબી સમજાતી નથી, તો કૃપા કરીને સમજાવશો ?

**ઉત્તર :** સાક્ષીભાવ એટલે અલગપણું. તો અલગપણું શેમાં ? આપણાં વિચારો, લાગણીઓ, ભાવનાઓ, સંબંધો, વ્યાવહારિક ક્ષેત્રો-એવા અનેક પ્રસંગોમાં અલગ રહેવું, તટસ્થ રહેવું. પરંતુ અલગપણું એટલે બેદરકારી નહિ, ઉપેક્ષાભાવ નહિ, પણ આપણા સંબંધોમાં આપણે ભેળવાઈ જવાનું કે તણાઈ જવાનું બનવું જ ના

જોઈએ, પણ તે તે સાથે એવી રીતે રસ લેવાનો છે, કે જેથી તે તે યોગ્યપણે વર્ત્યા કરે, બન્યા કરે અને આપણને સરળતા રહે. સાક્ષીભાવ સાથે વિવેકવૃત્તિ પણ રાખવાની છે. સાક્ષીભાવ અથવા તટસ્થતા અને અનાસક્તિ લગભગ સમાન અર્થવાળા શબ્દો છે. છતાં તેમાં ભેદ છે. તટસ્થતાને અનાસક્તિનું પરિણામ પણ ગણી શકાય.

**પ્રશ્ન :** મોટા, આપના જીવન વિશે જે કંઈ પ્રભુકૃપાએ લખાય છે, તે ઠીક ઠીક વંચાતું લાગે છે.

**ઉત્તર :** અમારા કહ્યા વિના તમે તમારી જાતે 'પ્રશ્નોત્તરી' મોટાના જીવનના પ્રસંગો વગેરે લખી છપાવવા માંડ્યું છે તે સારું છે. એ લખવું ચાલુ રાખજો, કેમ કે એ તમારો પ્રાપ્ત ધર્મ ગણાય.

**પ્રશ્ન :** આપણે યાત્રાએ જઈએ ત્યારે કેવા ભાવથી જવું અને વર્તવું જોઈએ ?

**ઉત્તર :** યાત્રાએ જઈએ ત્યારે ઓછામાં ઓછું પાછા વળવાનું થાય ત્યાં સુધી સંસારી વાતો કરવાનું તદ્દન છોડી દેવું. જે સ્થાને જતાં હોઈએ તે જગ્યા વિશે, તે જગ્યાના ઈષ્ટદેવ અથવા ત્યાં રહેલા કે રહેતા મહાત્માની વાતો કરવી, જેથી કરીને તેના પરત્વે આપણો એકાગ્રતાભર્યો ભાવ અને ભક્તિ પ્રગટે. દર્શનને દિવસે જો એકલા જ જવાનું થાય તો ઉત્તમ. દર્શન સમયે ત્રાટકના એકાગ્રભાવે રહેવું, જેથી વાતાવરણનો સૂક્ષ્મ ભાવ હૃદયમાં ઉતારી શકાય અને દર્શન કર્યા પછી એકાંત સ્થળે જઈને ધ્યાનમાં બેસવું. દર્શનથી પ્રગટતી અસરનો આવો રચનાત્મક ઉપયોગ આવશ્યક છે, પણ આજકાલ ઘણા લોકો તીર્થમાંનું તીર્થમાં જ પાછું મૂકતાં આવે છે ! ઘરેડ રીતે થતી યાત્રાથી આપણું કશું વળવાનું નથી.

આજે માત્ર ફરવા જતાં હોય એવું મને તો લાગે છે.

**પ્રશ્ન :** મોટા, કેટલાંકને વિઝન્સ (સૂક્ષ્મદર્શન) આવતાં હોય છે, તે શાની અસર હશે ?

**ઉત્તર :** એ એક રીતે સાધનાનું સારું લક્ષણ ગણી શકાય, પરંતુ આપણે આવાં દૃશ્યોને મહત્ત્વ દેવાનું નથી.

**પ્રશ્ન :** વૈરાગ્ય અને સંન્યાસ એ બે વચ્ચે જો કોઈ ફરક હોય તો તે સમજાવશો ?

**ઉત્તર :** વૈરાગ્ય એટલે સંસારવહેવાર પરત્વે બેપરવાપણું એવું સમજવાનું નથી. જે જાતનું નિમ્ન જીવન આપણે જીવી રહ્યાં હોઈએ તેમાંથી ઉપરામવૃત્તિ જાગે, તે પ્રતિ અરુચિ જાગે તો આવા પ્રકારનાં વલણને એક પ્રકારનો વૈરાગ્ય ગણી શકાય. વૈરાગ્ય એટલે પ્રાપ્ત ધર્મ-કર્તવ્યમાંથી ભાગી છૂટવું એ નથી. સાચા વૈરાગ્યની ભાવના-દશામાં સાત્ત્વિક ગુણો, જેમ કે સમતા, શાંતિ, ધીરજ, તાટસ્થ્ય વગેરે પ્રવર્તતાં હોય છે. પરિગ્રહ કે અપરિગ્રહ એકેમાં તેવી ભાવના-દશાવાળો અટવાઈ પડતો નથી.

હવે સંન્યાસ બાબત : શાસ્ત્રોમાં વર્ણવાયેલો સંન્યસ્તનો ધર્મ અને હમણાં સાધારણપણે આચરાતો સંન્યસ્તધર્મ, એ બે વચ્ચે આસમાન જમીનનો ફરક છે. ગીતાનો સંન્યાસ તે વૃત્તિનો સંન્યાસ છે. ગીતાનો ધર્મ મળેલી પરિસ્થિતિ અને મળેલા ધર્મથી ભાગવાની સ્પષ્ટ ના પાડે છે. વૈરાગ્ય એટલે શ્રીભગવાનનાં ચરણકમળે સંપૂર્ણભાવે આસક્તિ. સંન્યાસ એટલે સકળ કર્મ કરવા છતાં એમાં પૂરેપૂરી સંન્યાસવૃત્તિ એટલે સર્વ કર્મનો પૂરો સંન્યાસ.

**પ્રશ્ન :** મોટા, આપણાં નાનાં અને પુખ્ત ઉંમરનાં સંતાનો પ્રતિ કેવું વલણ અખત્યાર કરવું જોઈએ ?

**ઉત્તર :** નાનાં બાળકોને પ્રેમભાવથી ઉછેરો. સ્તનપાન કરાવતી વેળાએ ખૂબ શાંત બની એકાગ્રચિત્તે ભગવાનનું નામસ્મરણ કરતાં રહો જેથી એ બધો ભાવ એનામાં ઊતરે, પણ પ્રથમ તમારા દિલમાં એ તમન્ના પ્રગટવી જોઈએ કે મારે એને એવો બનાવવો છે. તમારાં મોટાં પુત્રપુત્રીઓ વિશે કોઈ પણ પ્રકારની આસક્ત ઇચ્છા સેવશો નહિ. જે બાળકો ઉપર માબાપની રાગાસક્ત તીવ્ર ઇચ્છાઓના હુમલા થયેલા છે, તેઓ ઘણી વાર માબાપની ઇચ્છાથી વિરુદ્ધનાં જ નીવડેલાં છે. એટલે એને જેવાં થવું હશે તેવાં થશે. સંતાનને આપણી રીતે નહિ પરંતુ તેની રીતે, તે શોભે એમ એને પાસાં પાડવાનું કામ ભગવાને આપણને સોંપેલું છે. એને ઘડવાનું કામ આપણા (માબાપના) જીવનવિકાસ માટે છે એમ સમજી લો. તે કામમાં જેટલો મોહ, રાગ અને મમતા તેટલી જ જકડામણ વિશેષ અને મુક્ત થવું અશક્ય. વળી, આપણાં સંતાનોનું જે તે બધું પ્રેમથી સહી લેવાનું રહે છે. છોકરાં યોગ્ય રીતે નહિ વર્તે તો તેનું પરિણામ તેમને જ ભોગવવાનું છે. પ્રેમભાવે સહેવું અને ઉદાર દિલ રાખીને તેમને સમજાવટ કર્યા કરવી એ જ તેમને યોગ્ય સમજણમાં અને વર્તનમાં લાવવાનો માર્ગ છે. એ ના સમજે તો તેથી આપણે ત્રાસવાનું નથી, આપણો માનભંગ થાય છે એમ સમજવાનું નથી. 'તો પછી આપણું સ્થાન ક્યાં ?' એમ મન આપણને પૂછે તો આપણું સ્થાન આપણામાં જ રહેલું છે.

**પ્રશ્ન :** મુક્તાત્મા અને અવતાર વચ્ચે ફરક ખરો ?

**ઉત્તર :** મુક્તાત્મા કાળના ઘડવૈયા જરૂર હોય છે. તેઓ કાળની અસર પ્રમાણે વર્તે છે, તે હકીકત સાચી છે, પરંતુ તે

તેનાથી તણાઈને નહિ, તેનાથી ઉપર તરતા રહીને, અવતાર તો કાળની અસરથી પર હોય છે, પણ જગતની તેમના અવતાર સમયની બીજી કોઈ રીતે ના પુરાય એવી ચેતનાના આવિર્ભાવની માગણી તેઓ પૂરે છે, અને તે તેમના દેહધારણનો હેતુ હોય છે.

**પ્રશ્ન :** મોટા, અંગ્રેજીમાં એક કહેવત છે, કે 'પ્રેયર્સ કેન મૂવ માઉન્ટેન' (પ્રાર્થના પર્વતને હલાવી શકે છે) એવું ખરેખર થતું હોય તો પ્રાર્થના ક્યારે, કેવી રીતે કરવી, તે કૃપા કરીને સમજાવશો ?

**ઉત્તર :** હા, પુરુષાર્થથી કોઈ કામ બનવામાં ઘણો કાળ લાગે અથવા કોઈ વાર અશક્ય જેવું લાગે, તેમ છતાં પ્રાર્થનાના બળથી તેવું તેવું થઈ જતું ઘણાંએ અનુભવેલું છે, પરંતુ એ માટે પ્રાર્થનાની આપણને ગરજ લાગવી જોઈશે, તે વિના તેનો સાચો ઉઠાવ પ્રગટી શકતો નથી. જે જીવ હૃદયમાં હૃદયના સાચા ભાવથી આર્તનાદે અને આર્દ્રભાવે એનો આશરો લે છે, એને તેવી પ્રાર્થના કદી નિરાશ કરતી નથી. જો પ્રાર્થનાની કળા સાધકને સાંપડી હોય તો તેથી જીવનને બળ, પ્રેરણા, સહાનુભૂતિ, ધીરજ, હિંમત વગેરે મળી રહે છે. પ્રાર્થનાના એકધારા ભાવભીના અભ્યાસથી કર્મોમાં દોષો ઓછા થતા હોય છે અને સદ્‌વિચારોની પ્રેરણા પણ સાંપડે છે. પ્રાર્થના સકળ કંઈ કામ કરતાં થઈ શકે. તે કેટલું સરળ, સહજ અને ઉત્તમ સાધન છે !

(અનુષ્ટુપ)

*ખાઓ, પીઓ, સૂઓ, બેસો, ઊઠો, જે સૌ કર્યા કરો,*
*ધારી ત્યાં ધારણા એની તે તે સર્વ કર્યા કરો.*

**પ્રશ્ન :** ભગવાન સાથે વ્યક્તિગત સંબંધ કરી નાખવો, એમ

આપે કહ્યું છે, એ વિસ્તારથી સમજાવશો ?

**ઉત્તર :** વ્યક્તિગત સંબંધ એટલે એની સાથે આપણો ખૂબ અંગત સંબંધ બંધાય તે - 'પર્સનલ ટચ' જામી જાય તે. આપણા વૈષ્ણવ ધર્મમાં જે ખરો મરજાદનો ધર્મ છે, તે આવો વ્યક્તિગત અંગત પરિચય એની સાથે કેળવવા માટે છે.

**પ્રશ્ન :** રાષ્ટ્ર અને સમાજના ઉત્કર્ષમાં ધર્મ કે આધ્યાત્મિક વિજ્ઞાન શું ભાગ ભજવી શકે ?

**ઉત્તર :** ધર્મ એટલે શું ? આધ્યાત્મિક જ્ઞાનના પાયામાં ધર્મ રહેલો છે. ધર્મ એટલે જીવનમાં ઉચ્ચ ગુણ પ્રગટવા તે. ધર્મપાલન કરતાં પરમાર્થ અને ત્યાગ પ્રગટવા જોઈએ. સંસારમાં રહેવા છતાં કામક્રોધાદિ મોળા પડી જાય, લક્ષ્મીની લોલુપતા ઘટે, જો તે ખરેખરો ધર્મ પાળતો હોય તો. એવો સંસારી જીવ ઋણને ભૂલતો નથી. પિતૃઋણ, દેવનું ઋણ, ધરતીમાતાનું ઋણ, સમાજનું ઋણ વગેરે ઋણ અદા ના કરે તો તે ધર્મનો માણસ ના કહેવાય. સમાજનું ઉત્થાન થાય એ રીતે એમાં ભાગ લે, પોતાની આહુતિ આપે. આવો ધર્મિષ્ઠ માનવી ભગવાન પ્રતિ મોં ફેરવે છે. એવો માણસ કોઈને છેતરશે નહિ. પોતે કદાચ છેતરાઈ જાય, પોતે અન્યાય સહન કરશે, બધાંની સાથે એ વહેંચી વહેંચીને ખાશે. ચેતનામાં પ્રગટેલો માનવી બધે જ ભગવાનને જુએ છે અને સમાજની, દેશની સેવા કરે છે. એ રીતે સમાજના ઉત્કર્ષમાં આધ્યાત્મિક વિજ્ઞાન ભાગ ભજવે છે.

**પ્રશ્ન :** 'સમર્પણ' એક મોટી સાધના ગણાય ખરુંને ?

**ઉત્તર :** હા, એ એક ઉત્તમ પ્રકારનું સરળ અને સહજ સાધન છે.

**પ્રશ્ન :** એમાં શેનું શેનું સમર્પણ કરવાનું હોય ? ધન વગેરે ?

**ઉત્તર :** ધન વગેરે આપો તે સ્થૂળ સમર્પણ કહેવાય, પણ એટલેથી બધું પતી જતું નથી. સ્થૂળનું સમર્પણ સૂક્ષ્મ પ્રગટાવવા કાજે છે. પ્રત્યેક કર્મ, વિચાર, વૃત્તિ, લાગણી, ભાવના, પ્રાણનો આવેશ, આવેગ, કામના, આશાતૃષ્ણા, લોલુપતા, અહમ્, ગમાઅણગમાઓ અને બુદ્ધિના જડ આગ્રહો એ બધું, શ્રીભગવાનને ચરણે પ્રેમભક્તિપૂર્વક સમર્પણ કર્યાં કરવાનાં છે. જોકે આવું સમર્પણ એકદમ થઈ શકતું નથી, પણ સાધક તકેદારી રાખે તો ધીમે ધીમે થઈ શકે. અને એવું સમર્પણ ઘરેડથી થવું ના જોઈએ, એની પાછળનો ભાવ જીવતો રહેવો ઘટે. ભલે આપણાં આવાં કર્મો અધૂરાં હોય, અયોગ્ય હોય છતાં ભક્તિપૂર્વક, પ્રભુને તે બધું, સારું અને નરસું સમર્પ્યાં કરશો. આવો (સમર્પણ કરવાનો) અભ્યાસ જેમ જેમ વધતો જશે તેમ તેમ અહમ્ભાવ ઓગળતો જશે.

**પ્રશ્ન :** મોટા, સમર્પણની જેમ આત્મનિવેદન પણ એક સાધન છેને ?

**ઉત્તર :** હા, આત્મનિવેદનમાં હૃદયનો ભાવ મહત્ત્વપણે હોય છે. આત્મનિવેદનથી આપણા હૃદયનો સંબંધ ભગવાન સાથે બંધાય છે. જેમ મળની શુદ્ધિ માટે ખાસ વિધિ અને ક્રિયા છે, તેમ મનાદિના મેલ ધોવા માટે તે શ્રીપ્રભુને ચરણકમળે થયેલું નિવેદન છે. તેનાથી નમ્રતા પ્રગટવી ઘટે, શક્તિ પ્રગટવી જોઈએ. એવાં નિવેદનો કંઈ રોદણાં નથી. જે બાબતનું નિવેદન થઈ શક્યું હોય તેવા એકરારમાંથી તો ફરીથી તેવું કર્મ ના બની શકે એવી જ્ઞાનયુક્ત જાગૃતિ પ્રગટવી ઘટે, તો જ તે સાચો હૃદયનો એકરાર ગણાય.

**પ્રશ્ન :** કોઈ દંપતીના દાખલામાં પત્ની કજિયાળી હોય તો પતિએ કેવું વલણ અખત્યાર કરવું ઘટે ?

**ઉત્તર :** આપણે પ્રેમથી સહન કરવું જોઈએ. સમજણથી, કળથી અને પ્રેમથી તેને સમજાવવા પ્રયત્ન કરવો. ગૃહકામમાં બને તેટલો સાથ આપવો. એમને એમની રીતે વર્તવા સ્વતંત્રતા આપવી. આપણે કંઈ ખાસ ગુમાવવાપણું હોય નહિ તો 'હા જી, હા' કરવામાં શરમ રાખવી નહિ. આપણે આ રસ્તે આગળ વધવું હોય તો પત્નીનું જે તે સહેવાની તૈયારી રાખવી-પ્રેમથી, આનંદથી. તેથી આપણા અહમ્ ઉપર ફટકા છોને પડે ! એ બધું સહેવું એક પ્રકારની સાધના છે. અરે ! હું તો કહું છું કે એને (પત્નીને) શરણે જાઓ ! કોઈ કિસ્સામાં પતિ એવો હોય તો આ શિખામણ પત્નીને લાગુ પડે છે. જેને જીવનવિકાસ કરવો છે એના માટે આ સલાહ છે.

**પ્રશ્ન :** મોટા, એવું દૃઢાવવામાં આવે છે, કે 'જે થાય તે આપણા સારા માટે છે'. તો દરેક કડવા મીઠા અનુભવને આ સૂત્ર લાગુ પાડી શકાય ?

**ઉત્તર :** હા, શ્રદ્ધા હોય તો. જે જે પરિસ્થિતિ આપણને મળે છે કે પ્રસંગો સાંપડે છે, તે બધા જ કોઈ ને કોઈ નવી સમજણ ઉગાડવા માટે છે. માનવીના અભ્યુદય કાજે પૂરેપૂરી શક્યતાથી ભરપૂર હોય છે. કશાથી ભાગી છૂટવાની જરૂર નથી. પરિસ્થિતિ અને પ્રસંગો તો અનેક પ્રકારના આવશે અને જશે, પરંતુ એમાં આપણે કેવાં રહીએ છીએ અને કેવી રીતે જીવીએ છીએ એના પર આપણા જીવનવિકાસનો આધાર રહેલો છે. કશું જ નકામું નથી. પ્રસંગો સિવાય આપણે જીવનમાં બીજા શેનાથી ઘડાઈ શકાવાનાં છીએ ? પ્રસંગો સારા નરસા બેઉ હોય, પરંતુ આપણે તો તે બંનેમાં પ્રભુભાવના જ દૃઢાવવાની હોય.

**પ્રશ્ન :** આપણી આસપાસનું વાતાવરણ આપણા જીવન પર મોટી અસર કરતું હોય છે ખરું ?

**ઉત્તર :** ચોક્કસ, આપણી આસપાસ એકબે નહિ પણ અનેક પ્રકારનાં ભિન્ન ભિન્ન વાતાવરણ છવાયેલાં, ફરી વળેલાં હોય છે. આની જાણ સામાન્ય જીવને હોઈ શકતી નથી. જીવને વાતાવરણ હલાવી મૂકે છે અને તેના બળે એક યા બીજા પ્રકારે તે ઘડાય છે. સાધકનું કર્તવ્ય અનિષ્ટ સૂક્ષ્મ વાતાવરણમાંથી ઊગરી જવાનું હોય, અને તે માટે એક રસ્તો-કંઈ પણ પારમાર્થિક, એટલે કે પ્રભુના સતત વિચારોમાં કે તેવા ભાવ સાથે કોઈ કાર્યમાં સતત સખત મંડ્યા રહેવાનો છે. મનને સતત સાત્ત્વિક રીતે પ્રવૃત્તિશીલ રાખવાથી આપણી ઉપર બીજાં વાતાવરણની અસર થતી નથી.

**પ્રશ્ન :** 'સાત્ત્વિક રીતે પ્રવૃત્તિશીલ' એટલે કેવું ?

**ઉત્તર :** ગુણોની વિશુદ્ધિ જેટલી આવશ્યક છે તેથી કદાચ અનેકગણી વધારે વિશુદ્ધિ આવા વાતાવરણની સાધક માટે જરૂરી છે. પોતાના રાહબર (સદ્ગુરુ) પ્રત્યે અશ્રદ્ધાનું મનનું કે એવા કશાનું એક પણ મોજું ના થાય એ જોવાનું કામ તેને માટે ઘણું આવશ્યક બની જાય છે. આવી દૃષ્ટિ અને શુદ્ધિ સારા વાતાવરણથી સર્જી શકાય છે. સારું વાતાવરણ ઊભું કરવા માટે ખરાબનો સામનો કરવા કરતાં સારાનું બળ વધારવાનો પ્રયત્ન કરવો, એ વધારે સહેલો ઉપાય છે.

**પ્રશ્ન :** મોટા, કેટલાક પૂછે છે, કે 'હરિઃૐ' જપ કરવા યોગ્ય મંત્ર છે ?

**ઉત્તર :** કેમ એમ પૂછે ?

**પ્રશ્ન :** કદાચ બીજા ઘણાખરા મંત્રો 'ૐ' થી શરૂ થાય અને

પૂર્ણ થાય કે વચ્ચે આવે છે. 'નમઃ', જેમ કે 'ૐ નમો નારાયણ', 'ૐ નમઃ શિવાય', 'ૐ શ્રીનારાયણ નમઃ', 'ૐ શ્રીરામાય નમઃ' વગેરે.

**ઉત્તર :** 'હરિઃૐ' નિર્ગુણ, વૈદિક મંત્ર છે. 'હરિ' બોલતાં કોઈ અમુક દેવદેવીનું સ્વરૂપ આપણી આગળ ખડું થતું નથી. જોકે શબ્દકોશમાં 'હરિ' એટલે 'વિષ્ણુ', 'કૃષ્ણ', 'શિવ', 'ઇંદ્ર' એવા અર્થ બતાવાયા છે. ગમે તે હોય એના જપ થાય. ઈશ્વરનાં હજાર નામોમાં 'હરિ' એક નામ છે અને ગુણવાચક છે.

**પ્રશ્ન :** (મુંબઈના એક સદ્‌ગત સમાજસુધારક) : મોટા, આપની તબિયત હવે કેમ રહે છે ?

**ઉત્તર :** ચાલ્યા કરે છે, પ્રોસ્ટેટ ગ્લેન્ડની તકલીફ વધી છે.

**પ્રશ્ન :** તો ઑપરેશન કરાવવું જોઈએ.

**ઉત્તર :** આપનું કહેવું સાચું, પણ આ રોગ કેટલે સુધી સહી શકાય છે, તેની હું કસોટી કરવા માગું છું. આમાં આપણાં ખમીર અને ખુમારીની કસોટી થાય છે.

(ત્યારે હાજર રહેલા એક બીજા પ્રત્યે પૂજ્ય શ્રીમોટાના ભક્તે કહ્યું કે 'ચેતનામાં નિષ્ઠા પામેલાનાં કર્મ અને પ્રારબ્ધ બળીને ભસ્મ થઈ ગયેલાં હોય છે, ત્યારે આવા રોગો તેમને થતા હોય છે, એ 'વિકેરીઅસ સફરિંગ' હોય છે. એટલે કે બીજાના વતી ભોગવતા હોય છે, પરંતુ પેલા સદ્‌ગૃહસ્થે સસ્મિત નકારમાં માથું ધુણાવ્યું. એવું માનવાની ના પાડી. અમદાવાદમાં પણ બીજા એક જાણીતા સદ્‌ગત સમાજસુધારકે પૂજ્ય શ્રીમોટાને મોઢા મોઢ સંભળાવ્યું હતું કે 'જંતરમંતરથી રોગ મટે નહિ !' પૂજ્ય શ્રીમોટાએ ત્યારે 'હા જી, હા' કહીને વાત પર પડદો પાડેલો.')

**પ્રશ્ન :** મોટા, આપને કોઈ સ્વજનનો રોગ લાગુ પડી જાય છે, તેને આપ આપના શરીરમાંથી વિદાય આપી ના શકો ?

**ઉત્તર :** ભઈલા ! જે હેતુથી આ રોગ આવ્યો, તે હેતુ જ્યાં સુધી સરે નહિ, ત્યાં સુધી તે જાય શી રીતે ?

**પ્રશ્ન :** એનો અર્થ એ, કે જ્યાં સુધી સ્વજનને પૂરેપૂરું સારું થઈ ના જાય ત્યાં સુધી એ રોગ આપના શરીરમાં રહેવાનો. બલકે, સ્વજનને સારું થઈ જાય તોય તમારા શરીરની શક્તિ મુજબ તે રોગની અસર તમને થવાની. અને કોઈ રોગ લાંબા વખત સુધી તમારા શરીરમાં રહે, કોઈ રોગ તુરંત પસાર થઈ જાય, કોઈ રોગ થોડા સમય બાદ ચાલ્યો જાય, કોઈ રોગ જીવલેણ પણ નીવડે, ખરુંને મોટા ?★

**ઉત્તર :** બરોબર.

**પ્રશ્ન :** મૃત્યુનો ડર કાઢી નાખવા માટે શું કરવું જોઈએ ? મૃત્યુનો ભય શાથી લાગતો હશે ?

**ઉત્તર :** મૃત્યુ એટલે શું તે પહેલાં સમજી લેવું જોઈએ. અત્યારે જે જે પળ વીતી રહી છે અને ભૂતકાળની અનંત છાયામાં જે જઈ રહી છે તે પણ મૃત્યુ પામે છે. આપણી આગળ પાછળનું બધું જ પરિવર્તનશીલ છે. આ ક્ષણે ક્ષણે થતાં પરિવર્તનને આપણે મૃત્યુ કહીએ છીએ. અજાણમાં ભૂસકો મારતાં માનવી સ્વભાવ મુજબ ડરતો હોય છે. જન્મની પૂર્વે અને મૃત્યુ પછી જીવનું શું

---

★ સ્પોન્ડિલાઈટિસ - કરોડના મણકાનો ખસી જવાનો રોગ-તેમનાં એક અત્યંત વહાલાં સ્વજનનાં પત્નીનો રોગ તેમના શરીરને લાગી ગયો, જે રોગે તેમના પગની શક્તિને હરી લીધી અને ઊભા રહેવાનું અશક્ય બનાવી દીધું હતું.

થાય છે, એ એને નથી સમજાતું, ત્યારે માનવી મૃત્યુથી ભય પામે છે. પણ જ્યાં મૃત્યુ છે ત્યાં નૂતન જીવન પણ છે - આ હકીકતને આપણે સમજી લઈએ તો મૃત્યુનો ભય લાગવો ના જોઈએ. બાકી, મૃત્યુ પાછળ શોક કરવાની પાછળ તો નરી આસક્તિ જ છે અને અજાણી પણ ઊંડી સ્વાર્થવૃત્તિ પણ હોય છે.

**પ્રશ્ન :** મોટા, આપના બધા આશ્રમોનાં વૃક્ષો, બગીચા સુંદર છે ? આપને એ માટેના પ્રેમનું કારણ, ખાસ કોઈ હોય તો સમજાવશો ?

**ઉત્તર :** વાત સાચી. જ્યાં જ્યાં હું રહ્યો છું ત્યાં ત્યાં મેં વૃક્ષો ઉછેર્યાં છે. સાબરમતી આશ્રમે ૧૯૩૮માં એક પીપળો વાવેલો અને ઉછેરેલો, તે પીપળો હજી પણ રસ્તા પર ઊભો છે.* સાધનાકાળમાં હું ગાઢ, એકાંત જંગલવાળી જગ્યા પસંદ કરતો અને ત્યાં બેસી જતો. કુદરતની સાથે પ્રેમભક્તિભર્યો સહવાસ થવાથી આપણામાં નિર્મળતા, નિર્દોષપણું અને એક એવા પ્રકારની દૃષ્ટિ ઊગે છે જે બીજા કશાથી કેળવાઈ શકાતી નથી. કુદરત સાથેની તાદાત્મ્યતા, એની સાથેનો પ્રેમભર્યો સહકાર, સહવાસ અને એનામાં સતત રહેવાથી આપણા જીવનમાં જે વિકાસ થાય છે એની અનુભવીને જ સમજણ પડે. કબીરવડનો જીર્ણોદ્ધાર કરવા માટે આપણે (આશ્રમે) રૂ.૨૫૦૦/-ની રકમ ભરૂચ જિલ્લા પંચાયતને આપી છે. આથી, કબીરવડનું સ્થાન પર્યટન માટે વધુ આકર્ષક બનશે.

**પ્રશ્ન :** બીજા સંતભક્તોએ રચેલાં ભજનો અને પ્રાર્થના આપણે અપનાવીને ગાઈએ, કરીએ તે આપણને ફળદાયી બની શકે ?

---

* ઈ.સ. ૨૦૧૨માં વરસાદનાં તોફાનમાં તે પીપળો પડી ગયો અને હવે રસ્તો પહોળો કરી દીધો છે.

**ઉત્તર :** એ ભક્તોનાં ભજનો વગેરે ગાતાં ગાતાં આપણામાં એવો ઉત્કટ ભાવ જાગે, તો તે આપણા માટે કામનો. ઘણી વાર એવી પ્રાર્થના એવો ભાવ પેદા કરી શકતી નથી, કારણ કે એવી એમની પ્રાર્થના આપણે બોલીએ તેવી પળે તે તે પ્રાર્થનાઓ કે ભજનો રચનારાંઓની તેમની તેવી રચના સમયની અંતર્દશા આપણી જાગેલી હોતી નથી. એટલે ખરી રીતે તો આપણે આપણી પોતાની જેવી સ્થિતિ હોય અને તેવી સ્થિતિને મઠારવાને માટે આપણને જેમ યોગ્ય સૂઝે, તેમ આપણી પોતાની અંતર્દશાને યોગ્ય પ્રાર્થના કરીએ. આપણી ભાષામાં અને ભાવમાં ભગવાનને ભજીએ, પ્રાર્થીએ, નિવેદન કરીએ તે ઉત્તમ.

**પ્રશ્ન :** પ્રાર્થના અને ધ્યાનને કેટલો સંબંધ હશે ?

**ઉત્તર :** પ્રાર્થનામાં ઉત્કટપણે ઉત્તમ પ્રગટેલો ભાવ તે એક પ્રકારનું ધ્યાન છે. તે ભાવાત્મક ધ્યાન છે. એમાં શબ્દ હોય પણ ખરા અને ના પણ હોય. શરૂ શરૂમાં શબ્દની આવશ્યકતા, પણ ભાવ પ્રગટતાં ભાવાવસ્થામાં શબ્દનો લય થઈ જાય છે.

**પ્રશ્ન :** પ્રાર્થના ક્યારે ફળે ?

**ઉત્તર :** જે માગવું હોય તે સતત એકધારું પ્રાર્થનાભાવે માગવું. એમાં સળંગતા પ્રગટવી ઘટે. એનું જ મનન અને એનું જ રટણ. તે સાથે પ્રાર્થનાના ભાવને અનુકૂળ વર્તન રોજિંદા વર્તનવહેવારમાં પ્રગટેલું હોવું જોઈએ. બીજાં કામો કરતાં હોઈએ ત્યારે પણ પ્રાર્થના અંતરમાં ચાલુ રહેવી જોઈએ. આવી રીતે ભાવભરી પ્રાર્થનાના સાતત્યને લીધે, તે ફળે કે ના ફળે, પરંતુ શ્રીભગવાનની સાથે આપણા અંતરનો સંબંધ બંધાય છે.

**પ્રશ્ન :** મોટા, દાન વિશે, એના મહત્ત્વ વિશે કંઈક કહોને ?

**ઉત્તર :** દાન દેખાદેખીથી આપો, બે આંખની શરમે આપો, અહમ્ પ્રેરિત આપો, બબડતાં બબડતાં નાછૂટકે આપો, એ દાન નથી, સમર્પણની ભાવનાથી, આત્મવિશ્વાસની ભાવનાથી, નમ્રતાપૂર્વક ઊભા થઈને, બે હાથે ભગવાનનું નામ લઈને દાન આપો તો તે ખરું દાન છે. દાન લેનારો બેઠો બેઠો સ્વીકારે, દેનારો ઊભો થઈને નમ્રતાથી ભાવપૂર્વક આપે. ગુણ અને ભાવના વિકસાવે એવાં દાન કરો તે જ સાચાં છે, કેમ કે મૃત્યુ પછી તે જ સાથે આવશે. સત્કર્મ કરતાં હું ફના થઈ જઉં, આશ્રમ ઉડાડી દઉં. દાન કરતી વેળા જેને દાન કરતા હોઈએ તેના પરત્વે હૃદયથી ભક્તિ પ્રગટે અને આપણામાં ઉદારતા, વિશાળતા વગેરે ભાવો પ્રગટે તો તેવું દાન જીવનવિકાસને ફળાવે ખરું. નહિ તો જગતની રીતે કરેલું દાન કેટલીક વખતે અહમ્તાને પોસવામાં પરિણમે છે.

**પ્રશ્ન :** ઘણા એમ કહેતા હોય છે, કે 'ઘડપણમાં ગોવિંદ ગાઈશું'. આ શક્ય છે ?

**ઉત્તર :** ઘડપણમાં મોટે ભાગે કોઈ ગોવિંદના ગુણ ગાઈ શકવાનું નથી. જીવનની સાધના એટલી સહેલી નથી. સાધનામાં જોઈતાં સાહસ, હિંમત, પુરુષાર્થનું બળ, ઉત્સાહ, ખંત, ધીરજ વગેરે ગુણો જુવાનીમાં જ વધુ ખીલેલા રહે છે. તે વેળાએ સાધનામાં જો ખૂંપી જવાનું બન્યું તો ઉત્તરોત્તર વિકાસ થયા કરવાનો. ત્યારે એવા માનવીને ઘડપણ હોવા છતાં ઘડપણ નહિ હોય. જુવાની એ તાજું ફૂલ છે. શ્રીભગવાનને ચરણે તાજાં ફૂલો ચડાવવાનાં હોય.

**પ્રશ્ન :** કેટલાક સાધુમહાત્માઓ સ્ત્રીસ્પર્શથી અભડાઈ જતા હોય એમ વર્તે છે, તે બરાબર છે ?

**ઉત્તર :** સ્ત્રીસ્પર્શનો સંકોચ હોવો તે પણ યોગ્ય નથી, તેમ તે પરનો વિસ્તાર થવો તે પણ યોગ્ય નથી. સર્વ પ્રકારની ભડક અને ફડકમાંથી મુક્ત થવાનું છે. શરીરની ભડક આપણે ભાંગવાની છે, શરીર તો સાધનાને માટે છે.

**પ્રશ્ન :** એક મહારાજ સ્ત્રીનું મોં જોતા ન હતા પણ પછી પરણી ગયા !

**ઉત્તર :** કંઈ નહિ, ફરીથી જાગશે. જીવદશાની ગતિમાં ચડઊતર થયા કરવાની.

**પ્રશ્ન :** ઘણાખરા પોતાના જન્મદિવસને બહુ મહત્ત્વ આપીને તેની ઉજવણી કરતા હોય છે, એ વિશે આપ શું કહેશો ?

**ઉત્તર :** એવી ઉજવણીનો કાંઈ અર્થ નથી. આપણા શરીરનું માહાત્મ્ય અને રહસ્ય સમજવા માટે જ જન્મ દિવસને આપણામાં મહત્ત્વનું સ્થાન છે. જન્મદિવસે વધારે અંતર્મુખ થઈને વિચારવાનું રહે છે.

**પ્રશ્ન :** મોટા, 'મૌનએકાંતનો હેતુ શો ?' એમ ઘણાં પૂછે છે તો આપણે ટૂંકમાં કેમ સમજાવવું ?

**ઉત્તર :** તેનો હેતુ લગની લગાડવાનો છે, એમ કહેવાય. સાધનામાં વધુ એકાગ્રતા કેંદ્રિતતા પ્રાપ્ત થાય તે કાજેનો છે. કોમળ, ઉચ્ચ, ભાવનાઓ પ્રગટાવવાનો હેતુ છે.

**પ્રશ્ન :** મોટા, વહેલો પુનર્જન્મ કોનો થાય ?

**ઉત્તર :** જેટલાં પ્રમાણમાં ઉત્કટ પ્રકારની ભાવના વધુ સાત્ત્વિક, તેટલાં પ્રમાણમાં તેનો જન્મ વહેલો થાય. અને આધ્યાત્મિક માર્ગની જેને લગની લાગેલી છે, એવા જીવનો જન્મ બીજા પ્રકારના જીવો કરતાં ઘણો વહેલો થાય છે.

**પ્રશ્ન :** પોતાના સદ્‌ગુરુને કોઈ ભક્ત છોડી દે, તો સદ્‌ગુરુ પણ એને છોડી દે ?

**ઉત્તર :** ના, ભૂત વળગે તે તો કોઈ કાઢી શકે, પણ જે કોઈ ચેતનામાં પ્રગટેલા છે એવા આત્માઓને કોઈ ખરેખર વળગેલા હોય અને પ્રકૃતિવશાત્ એવા આત્માથી દૂર રહેતો હોય તોપણ પેલો આત્મા (સદ્‌ગુરુ) તેને છોડી શકતો નથી.

**પ્રશ્ન :** ઈશ્વર પ્રત્યે, ભક્તિભાવ કેમે કરી ઊપજતો નથી, તે માટે શું કરવું ?

**ઉત્તર :** કામક્રોધાદિ સંપૂર્ણપણે ટળે ત્યારે ઈશ્વર પ્રત્યે ભાવ અને ભક્તિ જાગે. કામક્રોધાદિ ટાળવા બ્રહ્મચર્યપાલન જરૂરી છે, પણ આ બધું એકદમ થઈ જતું હોતું નથી. ત્યાં સુધી શું કરવું ? સત્સંગ કરવો, સદ્‌વાંચન કરવું, સત્કર્મ કરવું, પરમાર્થ કરવો, સત્પુરુષની સોબત કરવી. આપણને શાંતિ અને આનંદ જેની પાસે બેસવાથી મળતાં હોય એવા સત્પુરુષનો સંગ કરવો. સાધના થઈ ના શકે તો એવા પુરુષની મૈત્રી તો કરવી, અર્જુનની જેમ. એની સેવા કરવી, એનાં ચીંધેલાં કામ કરવાં. એવા સત્પુરુષોની કરેલી સેવા નિષ્ફળ જતી નથી. તેને લીધે જિજ્ઞાસા જાગશે, ભાવ જાગશે, ભક્તિ જાગશે, નામસ્મરણ કરવાનું મન થશે. સતત, નિયમિત, ભાવપૂર્વક નામસ્મરણ કરવાથી ભગવાન વિશે ભાવ જાગશે, પડતાં-આખડતાં, એમ કરતાં કરતાં, આગળ વધાશે-પ્રભુકૃપાએ-તે નક્કી જાણશો.

**પ્રશ્ન :** અખંડ સ્મરણ કરવું એટલે ?

**ઉત્તર :** એટલે મુદ્દલે ખંડિત થયા વિના-એક પળ માટે પણ ખંડિત થયા વિના, જેમાં મુદ્દલે તૂટ ના પડે. એક મિનિટની પણ તૂટ નહિ.

**પ્રશ્ન :** યુવકશક્તિનો આજે ઊલટી દિશામાં હ્રાસ થઈ રહ્યો છે, તે સામે શું થઈ શકે ?

**ઉત્તર :** એની જવાબદારી સહુ પ્રથમ માબાપની છે, પછી બહારના વાતાવરણની. યુવકોની શક્તિને યોગ્ય પટમાં વાળવા ચિંતન કરતાં મને તેમના માટે ગુણભાવપ્રેરક, વિકાસક યોજનાઓ જાહેર કરવાનું પ્રભુકૃપાએ સૂઝ્યું અને ત્યારથી આ પ્રવૃત્તિ ઉપાડી છે, તે સિવાય છૂટકો નથી.

**પ્રશ્ન :** (બહેનોનો) : આજે સ્ત્રીઓથી કઈ રીતે ધર્મનું પાલન કરીને સમાજ અને કુટુંબને ઉપયોગી બની જીવનની મુશ્કેલીઓ હળવી કરી શકાય ?

**ઉત્તર :** આ બહુ વહેવારુ પ્રશ્ન છે, અગત્યનો પણ છે, અત્યારે આપણે બધાં સ્વાર્થી બનીને જીવીએ છીએ. એકબીજાની સાથે સંકળાયેલાં છીએ, તે આપણે ભૂલી ગયાં છીએ. એ ઉચ્ચ ભાવના જાગે તો બધાંને ઉપયોગી થઈ શકાય. ત્યાગની ભાવના ખીલવી જોઈએ. આશાઅપેક્ષા વિના એકબીજાને ચાહવું જોઈએ. એકબીજાને માટે ઘસાવું જોઈએ. એ બહુ જરૂરી છે. સ્ત્રીનું જીવન એક યજ્ઞ છે. એની કોઈ કદર કરતું નથી. સ્ત્રીની શક્તિ અને તેનો ભોગ, તેનું રિબાવું, તેની સતામણી, એ બધું જોઈને કોઈ વિચારતું નથી. સ્ત્રી પરત્વેની આપણી ભાવના બદલાવી જોઈશે. સ્ત્રી તો જગજ્જનની છે. એની જેટલી ઉચ્ચ ભૂમિકા હોય અને એનું જેટલું સન્માન થાય તેટલો વધુ ઊંચો સમાજ આવે.

**પ્રશ્ન :** હમણાં હમણાં 'ચમત્કાર'ની વાતો બહુ સંભળાય છે. બાળકના પગમાંથી કંકુ ઝરે છે, કોઈ બહેનના હાથમાં કંકુ આવે છે અને બીજું ઘણું ! આપ એવા ચમત્કારો વિશે શું માનો છો ?

**ઉત્તર :** આ ચમત્કારની વાતને આપણે બહુ મહત્ત્વ નહિ આપવું જોઈએ, પણ મને પૂછો છો તો કહું કે ચમત્કારો સંભવિત છે. કોઈ નિષ્ઠાભર્યા આત્માની ચેતનાને સાધન બનાવી પેલી ગૂઢ શક્તિ આવો ચમત્કાર વારંવાર બતાવે છે, પણ કોઈ જ્ઞાની કે અનુભવીના જીવનમાં આવા ચમત્કાર વારંવાર બનતા નથી, નિત્યના વહેવારમાં તો નહિ જ. ગમે તે હોય, પણ આપણે ચમત્કારની વાતો વિશે ધ્યાન આપવું નહિ. તેનાથી આપણને કશો ફાયદો થશે નહિ. આપણું કર્તવ્ય તો સમાજમાંથી રાગદ્વેષ, કામ, ક્રોધ, ભય, અહંકાર વગેરે મોળા પડે તેમ કરવાનું છે.

**પ્રશ્ન :** સમાજનું ઊર્ધ્વીકરણ સાધવા માટે શું કરવું જોઈએ ?

**ઉત્તર :** પ્રત્યેક વ્યક્તિમાં, ખાસ કરીને માતાઓમાં ગુણ અને ભાવના કેળવાય એ જોવું ઘટે. ભગવાન આ સમાજમાં ખોવાઈ ગયો છે. સામાજિક પ્રવૃત્તિ દ્વારા તેને ખોળવો રહ્યો. કથાવાર્તામાં હજારો માણસો જાય છે, પણ એનું એવું કશું ધાર્યું પરિણામ આવતું નથી.

**પ્રશ્ન :** 'એક ક્ષણમાં બધું પલટાઈ જાય છે', એમ જે કહેવામાં આવે છે, તેમાં કેટલું તથ્ય હશે ?

**ઉત્તર :** આમ કહેવામાં સામાન્યપણે અતિશયોક્તિ હોય છે. સ્વભાવનું કે કશાયનું રૂપાંતર પૂર્ણપણે એકદમ થતું હોતું નથી. ભાગ્યે કોક જ વિરલ અપવાદ હોઈ શકે.

**પ્રશ્ન :** જીવન પ્રતિક્ષણે બદલાતું હોય છે, એ કેવી રીતે, તે સમજાવશો ?

**ઉત્તર :** નદીના પ્રવાહની જેમ જીવન પ્રતિક્ષણે પલટાતું જાય છે, અને છતાં તે પલટા જૂનાના આધાર ઉપર જ થતા

રહેતા હોય છે. તેથી, ઇંદ્રિયોના સામ્રાજ્ય હેઠળ માનવીઓ કર્મનાં પોટલાં, સંસ્કારનાં પોટલાં બાંધીને જગતમાં આવ્યા હોય છે અને વધારે મોટાં પોટલાં બાંધીને ચાલતાં થાય છે. આમ, જીવન છિન્નભિન્ન નથી પણ અવિચ્છિન્નપણે એક છે.

**પ્રશ્ન :** મોટા, તમે હરિજન સેવા દરમિયાન જીવન વિકાસાર્થે સાધના કરતા હતા, તો તમે સત્યાગ્રહના સંગ્રામમાં ભાગ શા વાસ્તે લીધો હતો, તે કહેશો ?

**ઉત્તર :** હા, એ બરાબર પૂછ્યું. એવા સંગ્રામમાં ભાગ લેવા પાછળનો હેતુ અભય, અહિંસા, ધીરજ, હિંમત, અનાસક્તિ, નિષ્ઠા વગેરે કઠણ માર પડતી વેળાએ પણ આંતરિક ભાવના કેવી જળવાઈ રહે છે, આ બધું પ્રયોગાત્મક અનુભવ મેળવવાની મારી નેમ હતી. જ્યારે લાઠીઓ પડતી ત્યારે તે જગ્યાએથી એક તસુ પણ ખસ્યા વિના 'હરિઃૐ'ના સ્મરણ સાથે પ્રભુકૃપાએ અડગ ઊભો રહેતો હતો.

**પ્રશ્ન :** મૌનમાં ઊંઘ ઓછી થાય છે. જોકે સુસ્તી આવતી નથી, તે શું સૂચવે છે ?

**ઉત્તર :** તે સારી વાત છે, આવકારપ્રદ છે. એકાગ્રતા જેટલાં પ્રમાણમાં વધુ તેટલાં પ્રમાણમાં ઊંઘ ઘટે. તે તેનું લૉજિક છે.

**પ્રશ્ન :** ઘણા લોકો 'શ્રીસત્યનારાયણ'ની કથા કરાવતા હોય છે, તેથી કોઈ ફાયદો થાય ખરો ?

**ઉત્તર :** બ્રાહ્મણો પાસે કથા કરાવવાનો કશો અર્થ નથી. એના કરતાં ભગવાનનું સ્મરણ કરીએ એ ઉત્તમ. ભગવાનનાં સહસ્રનામનો પાઠ જાતે કરીએ એ વધુ સારું. ભગવાનની એવી પૂજા, પાઠ અને કથા આપણે જાતે કરીએ તે ઉત્તમ.

**પ્રશ્ન :** માદીકરાના સતત ઝઘડામાં પુરુષે શું કરવું ? ભાઈબહેન લડ્યાં કરતાં હોય તો માબાપે શું કરવું ?

**ઉત્તર :** માદીકરાના સતત ઝઘડામાં પુરુષે તો અલગ રહેવું. તે બંને પોતાની મેળે જ, પોતપોતાની રીતે સમાધાન કરી લે એ જ યોગ્ય. હું ઘણાં કુટુંબોને તેમનાં દીકરાદીકરી બહુ લડતાં હોય એટલે કે ભાઈબહેન બહુ લડતાં હોય છે ત્યારે તેમને સલાહ આપું છું, કે તેવાં ભાઈબહેનોના ઝઘડામાં મા કે બાપે કદી પડવું નહિ. ભાઈબહેનનો તેવો એક સ્વતંત્ર સંબંધ છે અને તેઓ પોતપોતાનો પોતાની મેળે નિકાલ કરે તો તેઓ એકબીજાની વધુ નજીક આવી શકે. આપણે એકવાર તે બંનેને કહી દઈએ કે 'હવેથી હું તમારા બંનેના ઝઘડામાં પડવાનો નથી. મારા દેખતાં તમે બંને એવું કરતાં હશો ત્યારે કાં તો હું હાજર નહિ રહું, કાં તો બહાર ચાલ્યો જઈશ. એટલે તમે બંને પોતપોતાનું સમજી લો એ ઘણું સારું.' આ હું નાનાલાલ દાક્તરને કે રતિલાલ મહેતાને નથી કહેતો, પણ બધાંને કહું છું.

**પ્રશ્ન :** પ્રભુને બદલે સદ્‌ગુરુનું સ્મરણ કરીએ તો ના ચાલે ?

**ઉત્તર :** જો સદ્‌ગુરુને પ્રભુના પ્રતિનિધિરૂપે આપણે માન્યા હોય અને તેમનામાં પ્રભુનો ભાવ દઢાવવાનું કરી શક્યા હોઈએ તો પ્રભુને બદલે ગુરુનું સ્મરણ જરૂર ચાલે. તેટલું જ નહિ પણ તે વધુ સુલભ અને સરળ પણ છે. પ્રભુના સ્થૂળ આવિર્ભાવરૂપે ગુરુને મનહૃદયે સ્વીકાર્યા હોવા ઘટે.

**પ્રશ્ન :** પરમ તત્ત્વમાં ભળી ગયેલ મુક્તાત્મા ફરીથી જન્મ લે ખરા ?

**ઉત્તર :** ભગવાન-ચેતન સાક્ષાત્ પોતે જ અવતાર ધારણ

કરવાની શક્યતાવાળું હોય તો પછી મુક્તાત્માને તેવી શક્યતા હોય ખરી. પરમ તત્ત્વમાં ભળી ગયેલ હોવા છતાં ભક્તિ વડે કરીને ભગવાનના અવતરણને આપણે વાસ્તવિકતામાં જન્માવીએ છીએ. તેવી રીતે મુક્તાત્માને તેના ભક્તો પ્રેમભક્તિથી ઝંખતા હોય છે. એટલે તેઓ ફરી આવતા હોય છે. ભાવ મુજબ મુક્તાત્માનું શરીર ના હોય તોપણ તે ભક્તો માટે શરીરધારી બનતાં હોય છે. મીરાંબાઈને શ્રીકૃષ્ણ પ્રગટ થયા હતા. તે રીતે મુક્તાત્મા પણ તેના ભક્તોની આર્દ્ર અને આર્ત પ્રાર્થનાને કારણે દેહ ધારણ કરતાં હોય છે, તેનું યોગક્ષેમ ચલાવતા હોય છે.

**પ્રશ્ન :** મોટા, વિષ્ણુ સહસ્ર નામના પાઠને અંતે નીચેનો એક શ્લોક આવે છે :

वासनात् वासुदेवस्य वासितं भुवनत्रयम् ।
सर्वभूतनिवासोऽसि वासुदेव नमोऽस्तुते ॥

અહીંયાં 'વાસના'નો અર્થ શો સમજવો ? વાસુદેવ ભગવાનની 'વાસના' એટલે શું ?

**ઉત્તર :** આવા શ્લોકમાં અક્ષરશઃ શબ્દનો અર્થ લેવો ઠીક નહિ. વાસુદેવની 'વાસના' એટલે કે ભગવાનનું ભગવત્ તત્ત્વ સારી સૃષ્ટિમાં સમાયેલું છે, એવો અર્થ લઈએ તો તે ખોટું નહિ. જે તે બધું ભગવાનના વસ્ત્રથી અથવા તો રહેઠાણથી આખું વિશ્વ વસેલું છે અને સકળ ભૂતમાત્ર એ વાસુદેવરૂપે જ છે, એવો અર્થ લઈ શકાય. આપણે કોઈ શબ્દને માટે બહુ માથાકૂટ ના કરવી. જે તે બધું સારરૂપે સમજી લેવું. વિષ્ણુ સહસ્ત્ર નામનો કેવળ પાઠ કરવાથી કશું નહિ વળે, પરંતુ ભગવાનની ભાવનાથી સકળ કર્મ પ્રગટેલાં રહે તો જ આપણે બધાં ભગવાનની ભક્તિમાં ઓતપ્રોત

થઈ શકીએ. એ પાઠ કરવાથી આપણા કામક્રોધાદિ મોળા પડે, તો તે કામનું.

**પ્રશ્ન :** પતિપત્ની તરીકે જોડાતાં બે જીવોનો સંબંધ આકસ્મિક હોતો હશે ?

**ઉત્તર :** ના, એ બે જીવોનો સંબંધ અનેક જન્મજન્માંતરોમાં કોઈ ને કોઈ રીતે ચાલુ રહ્યા કરેલો જ હોય છે. એટલે એક વખત લગ્નથી જોડાયેલાં બે જીવોનો સંબંધ કદી છૂટી શકતો હોતો નથી.

**પ્રશ્ન :** એક વખત જે લોકો પતિ અને પત્ની તરીકે જોડાયાં હોય તેઓ તે જ સંબંધે બીજા જન્મમાં જોડાવાનાં ?

**ઉત્તર :** એ ચોક્કસ ના કહી શકાય. તેનો આધાર તેઓ કેવા ભાવથી આખું જીવન જીવ્યાં હોય તે પર રહે છે. જે એક જન્મમાં પતિ હોય તે બીજા જન્મમાં પતિ તરીકે જ જોડાય એવું ચોક્કસ નહિ, એ પત્ની તરીકે પણ જોડાય. જો બંને જણ એક જન્મમાં લાંબા કાળ સુધી બ્રહ્મચર્યપાલન કરીને પવિત્ર જીવન જીવ્યાં હોય તો તેઓ બીજા જન્મમાં તેમની છેલ્લી ઇચ્છા મુજબના સંબંધે જોડાવાનાં, પણ જોડાવાનાં તો ખરાં જ. કાં તો ભાઈબહેન તરીકે અથવા માદીકરાના સંબંધે કે પતિપત્નીના સંબંધે કે ગુરુશિષ્યના સંબંધે પણ (જો તેઓ સાધુજીવન આ જન્મમાં જીવ્યા હોય તો) જોડાવાનાં.

**પ્રશ્ન :** લગ્ન કરવું એટલે 'પ્રભુતામાં પગલાં પાડવાં', એમ કહેવામાં આવે છે, તો તે વિશે બે શબ્દ કહેશો ?

**ઉત્તર :** લગ્નભાવના એકલા ભોગવિલાસ માટે નથી. એ તો તપશ્ચર્યા માટે છે. સમાજનું, દેશનું, પિતૃઓનું, ઋષિઓનું

અને દેવનું ઋણ અદા કરવા માટેનું એ ભવ્ય દિવ્ય સાધન છે. શુદ્ધ સાત્ત્વિક ભાવના કેળવીને આત્માના સ્વરૂપમાં એકબીજાને ઓળખીને જો જગતને ચરણે એકાદ બુદ્ધ ભગવાન, એકાદ ઈશુ ભગવાન, એકાદ શંકરાચાર્ય, એકાદ શ્રીઅરવિંદ કે એકાદ મહાત્મા ગાંધીને ભેટ ધરશે તો જગતની ભારેમાં ભારે સેવા કરી શકશે. લગ્ન આવી પ્રજોત્પત્તિ માટે છે. સર્વથી શ્રેષ્ઠ દાનનો ભાવ તો લગ્નની ભાવનામાંથી જ કેળવાતો જાય છે. આથી, પોતાની સાથે જોડાયેલાં જીવની જે અવગણના કરતો હોય છે, તે સમાજની પણ અવગણના કરતો હોય છે. એવા જીવોનાં લાખ્ખોનાં દાન વૃથા છે.

**પ્રશ્ન :** પતિપત્નીના સંબંધમાં ઘણે ઠેકાણે પત્નીનું ચલણ વધારે હોવાનું દેખાય છે, તો કેટલાંક કુટુંબોમાં પતિ આગળ પત્ની ગરીબ ગાયની જેમ વર્તતી હોય છે, તે વિશે આપનું શું કહેવું છે ?

**ઉત્તર :** ભલેને પુરુષ, સ્ત્રી ઉપર રોફ મારતો હોય, પણ જાણેઅજાણે પુરુષને સ્ત્રી જ દોરી જતી હોય છે, પણ એનું જીવતુંજાગતું ભાન પુરુષજીવને હોતું નથી. કોઈ પણ પુરુષનું જીવતું દૃષ્ટાંત નજર સામે લાવી જુઓ. કાં તો તે માની દોરવણીથી ચાલતો હોય છે, કાં તો બહેનની દોરવણીથી કે કાં તો પત્નીની કે કોઈ ઉપપત્નીની કે કોઈ એવી બીજી સ્ત્રીજીવની દોરવણીથી. પુરુષ જીવનમાં સ્ત્રીજીવન મહત્ત્વનો ભાગ ભજવે છે, અને એમાં પુરુષ અને સ્ત્રી એવા બે જીવોના સંબંધથી જ સમગ્ર જીવન ઘડાતું હોય છે. તેવી રીતે જ પ્રત્યેક સ્ત્રીજીવના જીવનમાં પણ કોઈક ને કોઈક પુરુષ જીવની પ્રતિભા કે છાયા કામ કરી રહેલી હોય છે.

**પ્રશ્ન :** તો આપણા સંબંધો ઋણાનુબંધને કારણે કહેવાય છે, તે સાચુને ?

**ઉત્તર :** ચોક્કસ.

**પ્રશ્ન :** એ સંબંધો કદી તૂટે નહિ ? એના પર પૂર્ણવિરામ કેવી રીતે મૂકી શકાય ?

**ઉત્તર :** ના તૂટે. જ્યારે કોઈ જીવ જીવનવિકાસ કરતો કરતો બધાંથી મુક્ત બની જાય અને ચેતનામાં નિષ્ઠા પામી જાય ત્યારે તેવા જીવના સંસારી સંબંધો પર પૂર્ણવિરામ આવી શકે, બાકી નહિ.

**પ્રશ્ન :** તો એવાં બંધનથી કેમ છુટાય તે કૃપા કરીને કહેશો ?

**ઉત્તર :** પ્રત્યેક જીવનો સંબંધ કર્મના હેતુરૂપે હોય છે અને કર્મને જો આપણે બંધનરૂપે નવાં થવાં દેવાં ના હોય તો તેને સર્વ સંબંધમાં આપણે ભગવાનની ભાવનાનો અથવા તો આપણા (આધ્યાત્મિક) જીવનવિકાસની ભાવનાનો જીવંત ખ્યાલ, હેતુ રાખીશું, તો તે જીવોનો સંબંધ કર્મબંધનરૂપે આપણને થવાનો નથી.

**પ્રશ્ન :** આ બધું કરવું ઘણું આકરું લાગે છે ?

**ઉત્તર :** હા, આકરું તો લાગે, પણ એક વખત સ્વભાવને જીતી લેવાની સીમા સુધી આવી ગયા પછીથી આ બધું કશું આકરું, અઘરું નથી.

**પ્રશ્ન :** મોટા, ગુરુપૂર્ણિમાની ઉજવણીની શરૂઆત ક્યારથી થઈ અને શા હેતુથી થઈ હશે ?

**ઉત્તર :** વેદકાળમાં ગુરુની પ્રથા ન હતી. ત્યારે ઋષિઓ હતા, ગુરુકુળો હતાં. શિષ્યો ભણવાને ત્યાં જતા, પણ ભાવનાનું જેમ જેમ પતન થતું ગયું તેમ તેમ ભાવનાનું 'મિડિયમ'-વાહન સૂક્ષ્મમાંથી સ્થૂળ થતું ગયું. ભાવના કૂંણી કૂંણી રાખવા મૂર્તિપૂજા સ્થપાતી ગઈ. એ લોકોએ જીવનનો સ્વીકાર કરેલો હતો. તે પછી

સંસાર મિથ્યા હોવાનો વિચાર આવ્યો. શંકરાચાર્યે પણ તેમ કહ્યું, પણ એમનું કહેવું બધું રિલેટિવ-સાપેક્ષ છે.

**પ્રશ્ન :** શંકર ભગવાનના મંદિરમાં સુંદર પોઠિયો અને તેની આગળ કાચબો હોય છે, તે શા માટે હશે ?

**ઉત્તર :** ચોમાસુ ચરેલો, માતેલો સાંઢ હોય, પણ જેમ તેનું મોં મહાદેવ તરફ ફરી જતાં એની ઇંદ્રિયો કાચબાની જેમ સંકોચાઈ જાય, અંતર્મુખ થઈ જાય અને વિકાસ સધાઈ જાય, તેમ આપણે પોઠિયા જેવી જીવદશામાં રાચતા ઈશ્વરના પ્રતિ મોં ફેરવી દઈએ તો કાચબાની જેમ ઇંદ્રિયો સંકેલી શકાય અને જીવનવિકાસ સાધી શકાય. આવી મહાદેવના પોઠિયા અને કાચબાના પ્રતીકની આ વાત છે.

**પ્રશ્ન :** શ્રીસાંઈબાબાએ આપને કાંઈ સ્થૂળ ચીજવસ્તુ રાજી થઈને આપેલી ખરી ?

**ઉત્તર :** હાસ્તો, સૂકા લીલા મેવાના કરંડિયા આપેલા તે વાત **'જીવન દર્શન'**માં આવી જાય છે. તેમણે મને એક રૂપિયો પણ આપેલો. તે મેં મારી બાને આપ્યો, પણ તેણે તે ખોઈ નાખ્યો ! અક્કરમીના પડિયા કાણા !

**પ્રશ્ન :** આપને કમાવાનું મન કદી થયેલું ખરું ?

**ઉત્તર :** શરૂમાં પેરિસ જવાની દરખાસ્ત મળેલી, પણ દેશસેવાનું વ્રત લીધું હતું એટલે ના ગયો. આફ્રિકા જવાનું પણ તૈયાર હતું તેય માંડી વાળ્યું.

**પ્રશ્ન :** મૃત્યુ પછી ગતાત્માનું કેવું જીવન હોય છે, તે કૃપા કરીને સમજાવશો ?

**ઉત્તર :** પછી એ માણસનો જીવ જ્યાં એને આસક્તિ હોય

તે જગ્યાએ, તેના વાતાવરણમાં તેર દિવસ સુધી વળગેલો રહે છે. સૂક્ષ્મ શરીરધારી હોવાથી એ સાંભળે છે, જુએ છે પણ ખરો, પરંતુ એ બોલીચાલી શકતો નથી કે અનુભવી શકતો નથી, કારણ કે એના સૂક્ષ્મ શરીરમાં જળ અને પૃથ્વી તત્ત્વનો અભાવ છે. આ તેર દિવસ દરમિયાન આપણે એ જીવ માટે રડવું જોઈએ નહિ, ગુસ્સો કરવો નહિ, પ્રાર્થના કર્યા કરવી. સતત નામસ્મરણ કરવું, એના હિતાર્થે સત્કર્મ કરવું. એને ગમતાં કાર્ય કરવાં, તો તેને શાંતિ લાગશે.

**પ્રશ્ન :** પછી એને પુનર્જન્મ લેતાં કેટલો સમય લાગે ?

**ઉત્તર :** એને ફરીથી જન્મ લેતાં ઘણો કાળ વહી જાય છે. સામાન્ય સંસારી જીવો (મુક્તોની, ભક્તોની અને સાધુસંતોની વાત જુદી છે.) સમીકરણના ગાળા (Period of assimilation) દરમિયાન પોતાના અનેક જન્મોના વાતાવરણને વાગોળે છે અને એમાંથી તે આપમેળે બીજા જીવનનો અનુભવ લેવાનું નક્કી કરે છે. જેવા સંસ્કાર, જેવાં રાગમોહાદિ વલણો, જેવું ઉચ્ચ સાત્ત્વિક પ્રકારનું વલણ હોય, જેમ કે કોઈ સાધક હોય. આવાં અનેક પ્રકારનાં વલણવાળો જીવ જુદા જુદા કાળે જન્મ લે છે. જે પ્રકારના જીવનના અનુભવ લેવાનો નિર્ણય આપમેળે નક્કી થઈ જાય, તેવા પ્રકારનો અનુભવ લેવા માટે તે જન્મ લે છે. તે કોઈ વખત શ્રીમંત, કોઈ વખત ગરીબ, કોઈ વખત ખેડૂત, કોઈ વાર મજૂર એમ અનેક પ્રકારના અનુભવ લેવાનું જીવ કર્યા કરતો હોય છે. એ અનુભવ લેવા માટે જે જે એવાં નિમિત્ત પ્રકારના જીવોનો સંયોગ ત્યાં થવો ઘટે, એવા સંયોગ જ્યાં સાનુકૂળ બની શકે, એવા કાળની તબક્કાની શક્યતા સંભવે તેવા કાળે જ તે જીવ

તેવા સંજોગોમાં નક્કી થયેલા અનુભવ લેવા જન્મ લે. અને ત્યારે એની સાથે એ વાગોળવાના સમય દરમિયાન નક્કી થયેલા હોય એવા અનુભવ લેવાને જે જે બીજા જીવોની જરૂરિયાત હોય તેવા જીવો પણ તે તબક્કામાં જન્મે.

**પ્રશ્ન :** અવતારી અને અનુભવી (રીઅલાઇઝ્ડ) પુરુષોના પુનર્જન્મ વિશે કંઈ કહોને પ્રભુ ?

**ઉત્તર :** અવતારી પુરુષો એવો જન્મ લેવાની ઈચ્છા સેવે નહિ. અનુભવી પુરુષને કોઈ ઈચ્છા હોતી નથી અને ઈચ્છા હોય તો અજ્ઞાનીની દશા કહેવાય. એમની દિવ્ય ચેતના મૂળ ચેતનામાં સંકળાયેલી હોવા છતાં, એકાકાર હોવા છતાં, અનોખી છે, અલગ છે. એટલા માટે કે જ્યારે એ એમના જીવનમાં હતા ત્યારે એમની સાથે કેટલાય જોડાયેલા જીવો એમને પ્રેમભક્તિ ભાવે પોકારે છે, જોકે એવા બહુ જૂજ માણસો હોય છે. છતાં ભક્તોને ખાતર એ અવતારી અને અનુભવી પુરુષો પુનર્જન્મ લેવાને તૈયાર થાય. આમ છતાં શ્રીરામકૃષ્ણ પરમહંસની દિવ્ય ચેતના આપણા ભારતમાં હજુયે વિદ્યમાન છે.★ એવી રીતે બીજા અનુભવી, ચેતનનિષ્ઠ સંતાત્માઓ વિશે સમજી લેવું.

**પ્રશ્ન :** નામસ્મરણથી રોગ મટે છે, એ કેવી રીતે, તે સમજાવશો ?

**ઉત્તર :** નામનો સ્ફોટ થાય, અવાજ થાય ત્યારે જ્ઞાનતંતુઓનાં અનેક કેંદ્રોને તે સ્પર્શે છે. વારંવાર તેવો સ્પર્શ થવાથી જ્ઞાનતંતુઓ ('tone up') પ્રાણવાન થાય છે, મજબૂત થાય છે. આ રીતે

★ શ્રીરામકૃષ્ણે કહેલું કે મારા ભક્તોને અપાય તેટલું જ્ઞાન અપાયું નથી તેથી મારે ફરી પાછા આવવું પડશે.

મારા ફેકરાના રોગને સહન કરવાની મને શક્તિ મળી નામસ્મરણથી. આથી, 'શબ્દ' એ ખાલી શબ્દ નથી, એને આપણી સંસ્કૃતિમાં 'બ્રહ્મ' કહેલો છે. હવે શબ્દ જ્યારે અખંડ થાય છે- સતત દીર્ઘકાળ પર્યંત નામસ્મરણ કરતાં કરતાં-ત્યારે આપણી ભૂમિકામાં આકાશતત્ત્વ 'પ્રિડૉમિનન્ટ' - મોખરે રહે છે. (આકાશ તત્ત્વનો સંબંધ સત્ત્વગુણની સાથે છે) ત્યારે રજસ અને તમસ ગૌણ બની જાય છે. કામક્રોધાદિ વિષય એ રજસ અને તમસ ગુણના છે. એટલે જ્યારે સત્ત્વગુણ મોખરે હોય ત્યારે આપણામાં કામક્રોધાદિની અસર ના હોય અને રોગ મટી જાય. જોકે આટલા સ્ટેજ પર પહોંચવું એ સહેલ વાત નથી, બહુ ઓછા આ કરી શકતા હોય છે. આ રીતે 'શબ્દ'નું 'નામસ્મરણ'નું કેટલું બધું મહત્ત્વ છે, તે તમને સમજાશે. કોઈ તમને ગાળ દે, વહાલપનો બોલ બોલે, તો તમને કેવી અસર થાય છે ?

ઘણી જ.

ત્યારે 'શબ્દ'ની આ અસર છે. રાજકારણીઓની ભાષાનો જાદુ જુઓ. એ લોકો કેટલા સહૃદયી અને પ્રમાણિક હોય છે ! હોય છેને ? !

(હાસ્ય...)

છતાં તેમની પાછળ બધાં ખેંચાઈ જાય છે. જો ભાષાનો આવો જાદુ છે, તો ભગવાનનાં નામનો, શબ્દનો, ભગવાનના ભાવમાં રંગાયેલા માણસની વાણીનો પ્રભાવ તો ઑર હોય છે. આથી, નામસ્મરણના જાદુથી રોગ કેવી રીતે મટી જાય છે અને કામક્રોધાદિ કેવી રીતે મોળા પડી જાય છે, તે તમને સમજાવ્યું. આ પણ 'શબ્દ'નું એક વિજ્ઞાન છે.

**પ્રશ્ન :** આપે સંન્યાસ કેમ લીધો ન હતો ?

**ઉત્તર :** સંન્યાસ તો વૃત્તિઓનો હોય. માત્ર ભગવાં પહેરવાથી સંન્યાસ નથી આવતો. પહેલેથી જીવન અને કર્મનો સ્વીકાર કર્યો હતો.

**પ્રશ્ન :** પુત્રાદિ માટે પહેલાંના સમયમાં યજ્ઞો કરાવતા, તો શું આવા યજ્ઞો ઈષ્ટ ફળ આપી શકે ખરા ?

**ઉત્તર :** મૂળ તો યજ્ઞ કરનાર અને કરાવનાર-યાજક અને યજમાનની ભાવના ઉપર, યાજકની (યજ્ઞ કરનારની) પવિત્રતા ઉપર, સંકલ્પબળ ઉપર બધું અવલંબે છે. એવા સંકલ્પબળથી ઈષ્ટ પ્રાપ્તિ શક્ય છે, પરંતુ હાલમાં જે યજ્ઞો બ્રાહ્મણ કરે છે તેમાં યાજકની એવી સંકલ્પશક્તિ હોતી નથી કે ઈષ્ટ પ્રાપ્તિ થાય. 'સાપ ગયા અને લિસોટા રહ્યા,' એવી હાલની સ્થિતિ ગણાય. યજ્ઞનો અર્થ પણ કાળે કાળે બદલાતો રહે છે. દરેક કાળનું લક્ષણ અને તેનું મહત્ત્વ જુદું જુદું હોય છે. યજ્ઞના સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ અને જુદા જુદા ઉત્તરોત્તર અર્થ હોય છે. એ પણ ઊંડું શાસ્ત્ર છે. જવા દેને યાર એ બધું. આપણે તો કંઈ પણ જોઈતું કરતું હોય તો ભગવાન પાસે ધા નાખવી, નિવેદન કરવું, પ્રાર્થના કરવી. આર્દ્ર અને આર્ત ભાવે, ચિત્તશુદ્ધિ કરવાનો પ્રયત્ન નિયમિત નામસ્મરણ દ્વારા કરવો.

**પ્રશ્ન :** સાધનાના પંથે પડેલ વ્યક્તિ જીવદશાનાં વળગણમાંથી છૂટી ના જાય તો તે બરાબર છે ?

**ઉત્તર :** ના, જરાયે નહિ. જેણે જીવનવિકાસ કરવાનું નક્કી કર્યું છે, તેણે મોહમાયા, ભોગવિલાસ વગેરે કામનાઓમાંથી છૂટવું જ રહ્યું. કાં તો તેણે ગમે તે એક માર્ગ સ્વીકારવો રહ્યો. અર્ધો આ

માર્ગે અને અર્ધો જીવદશાની સ્થિતિમાં ચાલુ રહે તો તેની શક્તિ વેરણછેરણ થઈ જશે અને રોગનો ભોગ બનવા સંભવ. એ કશાયનો-ઘરનો કે ઘાટનો રહેશે નહિ.

**પ્રશ્ન :** 'નિર્બલ કે બલ રામ'નો અર્થ સમજાવશો ?

**ઉત્તર :** જીવથી બને તેટલો બધો પુરુષાર્થ કરી કરીને તેમાં અંત સુધી મથ્યાં કરે અને તેમ છતાં કંઈ કારી ના ફાવે ત્યારે તે પ્રભુને મદદ માટે પોકારે. અંતે તો મહેનત કરી કરીને એનામાં ગળી અને મરી જવાનું છે. એમ બનીને તેના સાચા અર્થમાં 'નિર્બલ' બનવાનું છે. હાથ જોડીને બેસી રહે તેના માટે આ લાગુ પડતું નથી. છેવટ સુધી પુરુષાર્થ કરીને 'હારે કો હરિનામ' એવી સ્થિતિ પ્રાપ્ત થાય ત્યારે 'નિર્બલ કે બલ રામ' એમ સાચા ભાવથી આપણે પોકારી શકીએ.

**પ્રશ્ન :** આપણા દોષો પરત્વે કેવું વલણ રાખવું ઘટે, તે કહેશો ?

**ઉત્તર :** દોષોના બહુ વિચાર ના કરવા. એનો અર્થ એ નથી કે દોષો પ્રતિ દુર્લક્ષ કરવાનું છે. દોષોને ટાળવાનો જ માત્ર પુરુષાર્થ કરવાનું કર્મ તો કોરું કોરું કર્મ છે. એના કરતાં પ્રભુભાવથી ભીંજેલું હૈયું રાખવાનો પુરુષાર્થ થતો રહે તો તે વધુ સારું, ભગવાનની ભક્તિમાં મન પલળેલું રહે એ વધારે ઉત્તમ. એક વખતે સહૃદયી પશ્ચાત્તાપ થઈ જાય અને એનું પુનરાવર્તન ના થાય એવી જાગૃતિ રાખવી ખાસ જરૂરી. વારંવાર દોષોને યાદ કરવાથી ફાયદાને બદલે ઊલટું નુકસાન થશે. નુકસાન એટલા વાસ્તે કે વારંવાર દોષોને યાદ કરવાથી એના સંસ્કારો વધારે ચોંટશે, એ ધ્યાનમાં રાખવું.

**પ્રશ્ન :** મારી ઈચ્છા સાહિત્ય જેવા વિષયના પ્રોફેસર થવાની હતી, પણ એનાથી ઊલટી જ દિશામાં ફંગોળાઈ ગયો !

**ઉત્તર :** તમારે આવતે જન્મે જે થવું હોય તે વિષયમાં તમે સતત રત રહો, મંડ્યા રહો, એની પાછળ દિલ લગાડી એ જ કામ કરતા રહો, તો તેવા તમે આવતે જન્મે જરૂર બની શકો.

**પ્રશ્ન :** હું અત્યારે જે બન્યો, પ્રોફેસનલ પ્રૅક્ટિસનર તે નિયમ મુજબ હશે ?

**ઉત્તર :** સંજોગોને પણ આભારી હોય. દૃઢ મનોબળ, સંકલ્પ પ્રારબ્ધને પણ ફેરવી શકે છે. પ્રારબ્ધ ઉપર બહુ ઝોક ના દેવો. પ્રારબ્ધને બનાવે છે પુરુષાર્થ. એ બંને એક સિક્કાનાં બે પાસાં છે.

**પ્રશ્ન :** વિકારો ઘટાડવાનો રસ્તો બતાવશો ?

**ઉત્તર :** મહેનત કે શ્રમ વડે શરીર લોથપોથ થતું હોય તેનામાં તેવો વિકાર ઝાઝો ફાલતો હોતો નથી. માટે, ખૂબ શરીરશ્રમ કરો અને વિકારવાળાં પુસ્તકો, ફિલ્મો, વાતાવરણ વગેરેથી દૂર રહો. પહેલાં કેળવણીમાં મહેનતને સ્થાન હતું, આજે એ નથી. સેંકડે ૯૫ ટકા વિદ્યાર્થીઓમાં હસ્તદોષની કુટેવ પડેલી હોય છે. તે સુધારવાને નથી કોઈ માબાપને પડી કે નથી કેળવણી સંસ્થાઓને પડી. બેઠાડુ જીવન વિષયવિકાર વધુ ફેલાવતું હોય છે.

**પ્રશ્ન :** આજની અપાતી કેળવણી અને વિદ્યાર્થીઓ વિશે આપનો શું મત છે ?

**ઉત્તર :** આજે કેળવણીમાં શરીરનો ભપકો કે વિલાસ વધે એવી જાણેઅજાણે પેરવી હોય છે. ઊંચા ગણાતા લોકોની રીતભાત, ઓઢવા પહેરવાની રીતરસમ, રહેણીકરણી વિષય-વિકારને પોસણ

મળે તેવી જ છે. ઊંચો કહેવાતો વર્ગ શરીરશ્રમને ધિક્કારતો હોય છે. એવા સમાજની અસર મધ્યમ વર્ગ ઉપર પડ્યા વિના રહેતી નથી. માબાપ પણ તેમને માર્ગદર્શન આપતાં નથી. અધૂરામાં પૂરું, કેળવણીની સંસ્થાઓમાં અને વિદ્યાર્થી મંડળોમાં રાજકારણ પેઠું છે. એટલે જ્યાં ત્યાં રાગદ્વેષ અને મારામારી દેખાય છે. આ સારાં ચિહ્નો નથી. કોઈ એનો ગંભીરતાથી વિચાર કરતું નથી. ક્યાંયે સંયમ કે શિસ્તની ભાવના જીવતી જ ના હોય એવું લાગે છે.

**પ્રશ્ન :** સાધુ મહાત્માઓ, વિદ્વાનો, વિચારકો એ સંબંધે કશું કરી શકે ?

**ઉત્તર :** એવા લોકો પણ સમાજને જગાડવાનું કરી શકતા નથી. સમાજનું ઋણ એવા લોકો પર પણ છે, અને તે ઋણ અદા કરવાનો તેમનો ધર્મ છે.

**પ્રશ્ન :** બાળકોની સંભાળ અને ઉછેર બાબતે આપ કંઈક કહેશો ?

**ઉત્તર :** બાળકોને ખાવાની બાબતમાં ખાસ કરીને માએ ધ્યાન આપવાની જરૂર છે. બાળકને નાનપણથી જ જો યોગ્ય આહારવિહારના નિયમોનું પાલન કરાવી શક્યાં હોઈએ, તો શરીરની સુખાકારી લાંબો ગાળો ટકી શકે છે. કશાનો બળાત્કાર બાળક ઉપર ના થાય તેવી રીતે કળથી કામ ઉકેલવું જોઈએ. બાળકની સ્વાદેન્દ્રિય કેળવાય તે જરૂરનું છે, તેથી વિવિધ વાનગીઓ માએ બનાવી ખવડાવવી, પણ મોટું થતાં એને અનેક પ્રકારની ટેવો બંધનકારક ના થઈ પડે તેવું જોવાનો પણ માનો વિશેષ ધર્મ છે. બાળક ટાઢુંસૂકું જમે, તેને ના ભાવતું હોય તે અવારનવાર

કરીએ અને કળથી ખવડાવીએ, તંગી-તંગાશ પ્રેમથી સહી લેવાની તેને ટેવ પડાવીએ. બધું જે તે અમુક રીતે જ એને મળવું જોઈએ તેવી પ્રથાને તિલાંજલિ દેવી ઘટે. આવી બધી ટેવો પાડવાની ફરજ માની છે, પણ એવી સમજ જો મામાં ઊગી હોય તો જ તેવી મા તે પ્રમાણે કરાવી શકશે.

**પ્રશ્ન :** છોકરાંઓ જ્યારે જ્યારે ખાવાપીવાનું માગે ત્યારે આપવું તે બરાબર છે ?

**ઉત્તર :** ના, ઘણાં પૈસાદારનાં બાળકો કાં તો ખાઉધરાં કે કાં તો અનેક વેળા ખાતાં નજરે પડે છે. એમનાં બૈરાંને બાળકને ક્યારે, કેટલો અને કેવો ખોરાક આપવો તેની કશી ગતાગમ હોતી નથી. જમવા બેસતી વખતે જ જે તે ખાવાનું હોય અને તે વિના કશું નહિ. એવી ટેવ હોય તો ખરી ભૂખે જે ખાવાનું થાય છે, તે અન્ન જેવું પચે છે તેવું કકડીને ભૂખ લાગ્યા વિનાનું બીજું અન્ન-ખવાયેલું અનાજ-પચતું હોતું નથી અને શરીરને બગાડવાના જ કામમાં તે આવે છે.

**પ્રશ્ન :** મોટા, કેટલાંક મોટાં મોટાં ઘરોમાં ત્રણચાર વાર ખાવાનો રિવાજ હોય છે !

**ઉત્તર :** ચાર વાર જમવાનું અને તે ઉપરાંત, હરતાં ફરતાં ખાય તે જુદું ! પૈસાદાર કુટુંબમાં બાળકને કકડીને ભૂખ લાગે અને જમતાં હોય તેવા જ ટાણે યથાયોગ્યપણે જમતાં હોય એવું દીઠું નથી. બાળકના જીવનમાં કકડીને ભૂખ લાગવાની જે 'સેન્સ'-વૃત્તિ કેળવાવી ઘટે તે વૃત્તિ એનામાં નાનપણથી જ કેળવવી ઘટે.

**પ્રશ્ન :** મોટાં ઘરોમાં મોટી ઉંમરનાં છોકરાંઓને ઘરનું કામ

કે ચા બનાવવાનું પણ શિખવાડાતું હોતું નથી, તે બરાબર છે ?

**ઉત્તર :** એવું શિખવાડવું 'સ્ટેટસ' બહારનું તેમને માટે ગણાય છે, પણ આ પ્રશંસાપાત્ર નથી, બધા દિવસો કોઈના સરખા જતા હોતા નથી. માટે, ખોટા 'સ્ટેટસ'નો ખ્યાલ છોડીને છોકરાંને ઘરકામ, ચાપાણી, રસોઈ વગેરે કામચલાઉ પણ કરતાં આવડે તે માબાપે જોવાની ફરજ છે.

**પ્રશ્ન :** પણ મોટા, આ છોકરાંઓ પરદેશમાં જાય છે ત્યારે હોટેલનાં કપરકાબી ધોવાનું અને લિફ્ટમૅનનું કામ કરતા હોય છે !

**ઉત્તર :** તેવું કામ ખાસ આપણા મધ્યમ વર્ગનાં છોકરાંઓ કરે છે. શ્રીમંતોનાં છોકરાંઓને તેવી મજૂરી કરીને અભ્યાસ કરવાની જરૂરત ત્યાં હોતી નથી, એ હકીકત છે.

**પ્રશ્ન :** એ સાચું, પરંતુ મોટા, એવું જાણવા મળે છે, કે પશ્ચિમના દેશોમાં મોટાં ઘરોનાં છોકરાંઓ પણ ભણતા હોય ત્યારે રજાઓ દરમિયાન કામ કરવા જતા હોય છે.

**ઉત્તર :** બરાબર છે. 'અર્નિંગ ઍન્ડ લર્નિંગ'નો મહાવરો બધાંને જરૂરી છે. 'ડિગ્નીટી ઑફ લેબર'-શ્રમનું ગૌરવ, શ્રમની પ્રતિષ્ઠા ગાંધી બાપુએ આચરીને બતાવી હતી. આજે તેને આપણે ભૂલી ગયાં છીએ. બાળકનું જીવન નક્કર બને, સહિષ્ણુ બને, નબળું પોચું ના રહે, ડરપોકપણું એનું જાય, બહાદુર બને, એવા પ્રયોગો કરવાનું તો કોઈ માને ગમતું હોતું નથી.

**પ્રશ્ન :** આજે બાળકને સ્તનપાન નહિ કરાવવાની રસમ શરૂ થઈ છે. ખાસ કરીને શ્રીમંત, ભણેલા વર્ગમાં તે બરાબર છે ?

**ઉત્તર :** ના, જરાયે નહિ. આપણે લોકો સમજતા નથી કે, બાળકને ધવડાવવાનું કાર્ય તે યજ્ઞકર્મ છે. તેનાથી બાળકને માના

સંસ્કાર પડે છે, પોસણ મળે છે, જોમ મળે છે. બાળકને સ્તનપાન ક્યારે, કેવા વાતાવરણમાં કરાવવું તેનું માતાઓને ભાન નથી. જ્યાં અવાજ થતો ના હોય, શાંતિ હોય, માનું મન પણ શાંતિ, ધીરજવાળું હોય, આનંદ અને ઉલ્લાસવાળું હોય તેવી સ્થિતિમાં બાળકને ધવડાવવું યોગ્ય છે. મનમાં ક્રોધ હોય, મનમાં ગુસ્સો હોય ત્યારે બાળકને કદી ધવડાવવું નહિ. ધવડાવતી વખતે માતાએ પ્રભુસ્મરણ કરવું ઘટે, ભજન ગાવું, પ્રાર્થનાભાવમાં રહેવું, પણ આજે ફૅશનમાં, દેખાદેખીમાં, શરીર વિશેના ખોટા ભ્રમમાં આ બધું ભુલાઈ રહ્યું છે, તે કમનસીબી છે.

**પ્રશ્ન :** મોટા, જે જગ્યાઓ મોટાં તીર્થસ્થળો તરીકે પંકાય છે અને હજારો માણસો ત્યાં દર્શન માટે ભેગાં થાય છે, તે કઈ શક્તિને કારણે હશે ?

**ઉત્તર :** કુંભમેળામાં લાખો લોકો ભેગાં થાય, તે જોઈને નાસ્તિક જેવા પંડિત જવાહરલાલ નહેરુને પણ પ્રશ્ન ઉદ્‌ભવ્યો કે 'કઈ શક્તિથી લાખો લોકો ખેંચાઈ આવી અત્રે એકઠા થાય છે ?' એક જ સમયે આખો સમાજ દિવ્ય ચેતનામાં એક જ પ્રકારની ચેતનામાં સજાગ રહે, એકાગ્ર રહે તેટલા વાસ્તે આવા ઉત્સવોની ઉજવણી આપણા ચેતનનિષ્ઠ મહાત્માઓએ શરૂ કરેલી. એવા મહાન આત્માઓની ભાવના, એમનાં ચેતનાપૂર્ણ આંદોલનો તીર્થસ્થળોએ કામ કરી રહેલાં હોય છે. મને એનો અનુભવ ડાકોરમાં થયેલો. બાલાજીમાં નારાયણ સ્વામી (હિમાલયવાળા) અને હું ગયેલા ત્યારે અમને બંનેને અજબ ધ્યાન લાગી ગયું હતું. ઈશુની ચેતના, શ્રીરામ અને શ્રીકૃષ્ણની ચેતના આજે જીવંત છે. મહંમદ પયગંબર સાહેબની સ્વતંત્ર ચેતનાભાવના જીવંત છે-હજારો વર્ષ

માટે. આમ, કોઈ અવતારની પાંચ હજાર વર્ષ માટે, કોઈની બે હજાર કે એક હજાર વર્ષ માટે તો કોઈની બસો કે પાંચસો વર્ષ માટે એ ચેતના જીવંત રહેતી હોય છે, અને તેને લઈને તે તે સ્થળોનું તીર્થયાત્રા તરીકે માહાત્મ્ય હોય છે. મનુષ્ય તે તે સ્થળે પ્રેમભક્તિ જ્ઞાનપૂર્વક અંતર્મુખ થઈને જતો હોય, તો તે સ્થળની ચેતના તેને સ્પર્શ કર્યા વિના રહેતી નથી.

**પ્રશ્ન :** ઘણા વખત સુધી જપ કરવા છતાં તેની અસર જીવનમાં કેમ પ્રગટતી નહિ હોય ?

**ઉત્તર :** જો રાગદ્વેષાદિથી આપણે મુક્ત થતા જઈએ તો જ જપાદિ સાધનની અસર પ્રગટી શકે. અને જીવદશાવાળી આપણી ભૂમિકા હશે તો લાંબા વખત સુધી સતત એકધારું સ્મરણ થઈ નહિ શકે અને ટકી પણ નહિ શકે. જો એવું ના થાય તો પછી તે (સ્મરણ) અખંડ તો થાય જ કેમ ? માટે, કોઈ પણ સાધન કરતાં ચિત્તશુદ્ધિ થવી જોઈએ.

**પ્રશ્ન :** આપણે જે કમાઈએ છીએ તે આપણા બુદ્ધિબળને લીધે અને પ્રારબ્ધવશાત્ ના કહેવાય ? અને તે ના હોય તો કોઈને તે સામે, ખાસ કરીને જેની પાસે નથી તેમણે, શા માટે ભાગ માગવો જોઈએ ?

**ઉત્તર :** કૃપા કરીને આપણે બધાંએ એક વાત ચોખ્ખી સમજી લેવાની છે, કે આપણે રોટલો રળીએ છીએ તે સમાજ કનેથી. સમાજને પણ તેનું વળતર મળવું જ જોઈએ. જેના પરસેવાથી તે કમાણી માલિકને થાય છે, તેમાં પરસેવો પાડનારનો પણ હિસ્સો છે. હવે કાળ એવો આવ્યો છે, કે આપણે માત્ર પૈસો જ ભેગો કરી એશઆરામ, વૈભવવિલાસ ભોગવ્યાં કરીએ તેવું લાંબો કાળ

નહિ ચાલે.★ આપણી કમાણીમાં કેટલાંયનો ભાગ હોય છે, તે હકીકત આપણાથી, બુદ્ધિથી કબૂલ ના થતી હોય તોપણ તેમાં સમાજનો તો ભાગ છે જ. એટલે ત્યાગી ત્યાગીને (ઉમળકાથી અને સમજી સમજીને) ભોગવીશું તે જ પચી શકવાનું છે. મારી પોતાની અંગત, જેને હું મારી પોતાની કહી શકું એવી પચાસથી સાઠ હજારની★★ મારાં લખેલાં પુસ્તકોના વેચાણની રકમ, કશું જ રાખ્યા વિના, સમાજનાં સત્કર્મમાં પ્રભુકૃપાથી વપરાયેલી છે. તેથી તમને હું જે કહું છું તે પોથીમાંનાં રીંગણાંના જેવી વાત નથી. આચરીને, તેમ વર્તીને તમને કહું છું.

**પ્રશ્ન :** મોટા, દક્ષિણ ભારતમાં વધુમાં વધુ ભાવ છે એમ આપ કહો છો તે શા પરથી, એ સમજાવશો ?

**ઉત્તર :** જ્યાં કળા છે, સુંદર ચિત્ર, નૃત્ય, ગીત, સંગીત જીવંત છે ત્યાં વધુ ભાવના હોવી જોઈએ. દક્ષિણ ભારતમાં વધુ ગરીબાઈ છે, છતાં ત્યાંનાં અલૌકિક મંદિરો, શિલ્પકળા વગેરે અનુપમ છે. વળી, કળા વેઠથી કે મજૂરીથી ખીલી ના શકે, સ્વતંત્ર હૃદયની ઊર્મિથી એ પ્રગટી શકે છે. ભાવના વિના શક્ય નથી. પૈસાથી એવો ભાવ નહિ આવે. એ ભાવને કારણે તો હિંદુ ધર્મના મહાન આચાર્યો દક્ષિણ ભારતમાં પેદા થયા. ભલે અત્યારે એમાં ઓટ આવી હોય, પણ આપણી સંસ્કૃતિનો ઉદ્ધાર દક્ષિણ

---

★ તા.૨૯-૭-૧૯૬૭ને રોજ પૂજ્ય શ્રીમોટાએ આ વાત કરેલી.

★★ ૧૯૬૦માં એ રકમ મળી જે ૧૯૬૨માં ગુજરાતી સાહિત્ય પરિષદને પહેલું દાન આપ્યું. દેહત્યાગ પહેલાં અને ત્યાર બાદ આ ઉપરાંત, બીજાં આશરે ૧ લાખથી ૧૧ લાખનાં પુસ્તકો વેચાયાં છે. જે રકમ સમાજને ચરણે ધરી દેવામાં આવી છે.

ભારતમાંથી થશે એ નિઃસંશય વાત છે.

**પ્રશ્ન :** ચેતન અને જગજ્જનની, એ બે વચ્ચે કશો ફરક ખરો ?

**ઉત્તર :** કશો ફરક નથી. એક જ તત્ત્વનાં બે પાસાં છે. એ તત્ત્વ અનંત સ્વરૂપે અભેદરૂપે વિલસી રહ્યું છે. ભેદભાવ પ્રકૃતિમાં રહેલો છે. જેવી જેવી અભિરુચિ અને જેના દિલનું જેવું સ્વાભાવિક વલણ હોય તેમ તે તેને ભજે, તે તેવા તેવાને માટે યોગ્ય પણ છે. કોઈને જગજ્જનનીની ભક્તિ યોગ્ય લાગે તો તે તેમ કરી શકે છે, પરંતુ મૂળતત્ત્વ તો તે એક જ છે, બે જુદાં જુદાં નથી. કોઈ ને કોઈ રીતે પરમાત્મભાવની ભાવના ટકી રહે તેવું આપણે કરવાનું છે. રોજબરોજના આપણા કાર્યક્રમમાં શ્રીપ્રભુપ્રીત્યર્થની ભાવનામાં નિરંતરતા પ્રગટતી રહે, તે રીતે આપણે પ્રભુકૃપાથી પ્રવર્તવાનું છે. શુદ્ધ ચેતન જ્યારે પ્રકૃતિરૂપે વિલસે છે ત્યારે તે જગજ્જનનીનું રૂપ લે છે.

**પ્રશ્ન :** અમારે ભાવના પ્રગટાવવા માટે શું કરવું જોઈએ ?

**ઉત્તર :** ભાવનાને પ્રગટાવવા માટે સાધનના અભ્યાસની જરૂર. અને તેવા અભ્યાસની સાથે મનાદિકરણમાંથી રાગદ્વેષ મોળા પડે, તે પણ સાથે સાથે જરૂરનું ઘણું ઘણું છે. જેને આગળ, ઉપર ચડવું છે, તેને ઉદ્યમ કરવાની પણ જરૂર છે.

**પ્રશ્ન :** આવો ઉદ્યમ કેમ કરીને બરાબર થાય ?

**ઉત્તર :** એ બધું એકધારું થવું ઘટે અને તે કાજે કોઈ ને કોઈ ધક્કાની જરૂર રહે છે. અને તે ધક્કો કાં તો કોઈ સત્પુરુષની સાથે જોડાયેલા હોય તેના તરફથી મળ્યા કરે, અથવા આપણને પોતાને એવી જ્વાળામુખી જેવી પ્રગટેલી ધ્યેય પરત્વેની

તમન્નામાંથી મળ્યા કરે. આ સિવાય બીજો કોઈ ઉપાય નથી. જો ભાવના આપમેળે ના પ્રગટે તો બુદ્ધિગમ્ય પ્રયોગો કરી કરીને, સમજી સમજીને પ્રગટાવતાં રહેવું. આખરે તે થવાનો આધાર પણ આપણને તે વિષય પરત્વેની ઉત્કટ અને તીવ્રતમ લગની પેદા થયેલી હશે તો જ.

**પ્રશ્ન :** મોટા, આપણી હિંદુ સંસ્કૃતિ આટઆટલી ઊથલપાથલો છતાં ટકી રહી છે, તેનું શું કારણ હશે ?

**ઉત્તર :** આપણી સંસ્કૃતિ ટકી રહી છે, તેનું કારણ આપણી સંતપરંપરા છે. કાશ્મીરથી કન્યાકુમારી અને દ્વારકાથી છેક બંગાળ સુધી સંતોની પરંપરા પ્રગટેલી છે. સમર્થ રામદાસ સ્વામીએ છત્રપતિ શિવાજીને ચેતનાવંત ગૌરવ અર્પણ કર્યું, ધર્મના સંસ્કાર રેડ્યા તે અનોખા પ્રકારના હતા. અને તેના પ્રતાપે શિવાજી મહારાજે જે બધું કર્યું તે મોટો ચમત્કાર હતો. જે શક્તિ સમગ્ર સમાજના હાર્દને સ્પર્શે છે, તે સાચી શક્તિ અને સાચો ચમત્કાર.

**પ્રશ્ન :** શંકા સાથે કોઈ સત્સંગ કરે તો તેને કેવું ફળ મળે ?

**ઉત્તર :** માનવીના જીવનમાં પ્રત્યેક વસ્તુના સંસ્કાર પડે છે. શંકા સાથે પણ સત્સંગ થશે તોપણ તેનું ફળ તો મળશે, પણ તે ભેળસેળવાળું હશે. સંતોના સમાગમમાં આવીએ છીએ ત્યારે તેમનું સૂક્ષ્મ શરીર આપણા બધા સંસ્કાર ચૂસી લે છે.

**પ્રશ્ન :** 'ૐ'ને આટલું બધું મહત્ત્વ કેમ અપાતું હશે ?

**ઉત્તર :** બોલવા માટે નાભિ, કંઠ અને બ્રહ્મરંધ્ર - એ ત્રણ જગ્યાઓ. અવ્યક્તમાંથી સ્ફોટ થયો (આવિર્ભાવ) તે શબ્દ 'ૐ' આકાશનો સ્ફોટ એ શબ્દ છે. આકાશ અને શબ્દ ઓતપ્રોત છે. જ્યારે શબ્દમાં નિરંતરતા પ્રગટે ત્યારે આકાશતત્ત્વ ખીલે. આમ,

'ૐ' એ સ્વયંભૂ છે એટલે 'ૐ'નું મહત્ત્વ. દેવતાનાં (મંત્રોના દેવતા) સ્વરૂપ કલ્પિત હોય છે. કલ્પિત એટલા માટે કે 'રામ', 'કૃષ્ણ', 'શિવ' વગેરેને આપણે ચિત્રોથી જ ઓળખીએ છીએ, તે જ ચિત્રો સાચાં છે એમ ના કહેવાય. માત્ર સાચો તે 'ૐ' જ છે.

**પ્રશ્ન :** મોટા, તમારે હવે શા સારુ આવાં (સમાજને દાન દેવાનાં) કામ કરવા જોઈએ ?

**ઉત્તર :** અનુભવીને કર્મ કરવું રહ્યું, લોકસંગ્રહ કરવો રહ્યો. અનુભવીની ભક્તિ જતી રહેતી નથી. એ હંમેશાં ગતિશીલ, ક્રિયાશીલ અને સર્જનશીલ હોય છે.

**પ્રશ્ન :** મોટા, 'ચમત્કાર' જેને લોકો કહે છે, તેને ખરેખર 'ચમત્કાર' કહેવાય ?

**ઉત્તર :** અનુભવીના જીવનમાં-ખુદ મોટાના જીવનમાં એવા પ્રસંગો બન્યા છે, જેના સાક્ષી હજુ હયાત છે. એવા પ્રસંગો બને છે, એ તદ્દન વાસ્તવિક હોય છે. તેનું કારણ એ છે, કે તે તે પ્રસંગે તેવી તેવી વ્યક્તતાની યોગ્યતા હોવાથી અને તે આવશ્યક હોવાથી, તે તેમ તેમ સહજપણે, આપમેળે બન્યા કરતું હોય છે. એને ચમત્કાર પણ ના કહેવાય. છતાં સમાજની આ 'ચમત્કાર' પરત્વેની જે અભિમુખતા છે, એમાં કોઈ પ્રકારનું વાસ્તવિક સમજણપૂર્વકનું જ્ઞાન નથી. સમાજ એના વડે કરીને ઊલટો વધુ પરાવલંબિત થતો જાય છે, એટલું જ નહિ પણ એમને માટે એ વિકાસનું કારણ પણ જરાયે નથી.

**પ્રશ્ન :** મોટા, તમે રાતે સ્મશાને જતા તો ત્યાં કદી સૂઈ જવાનું નહિ થતું ?

**ઉત્તર :** ના, સ્મશાને રાત્રે સાધના કરતો ત્યારે પલાંઠી

વાળીને બેસતો અને થાંભલા સાથે મારાં પેટ અને છાતી ઉપરના ભાગને બંધાવી દેતો. જેથી આસન સ્થિર થાય અને ટટાર બેસાય-લાંબા વખત સુધી. વહેલી સવારે ઘરે પાછો જઈને થોડી વાર આરામ કરી લઉં. મારી બાના પડખે ભરાઈ જઉં અને વહાલ કરું ત્યારે તે મને ભાંડવા માંડે !

**પ્રશ્ન :** આપના ગુરુમહારાજે આપને મુશ્કેલીમાં સૂક્ષ્મપણે મદદ કરી તેની કોઈ વાત ના કરો ?

**ઉત્તર :** જેલમાં ઘણું દળવાનું આપે. અમુક કલાકમાં અમુક વજન જેટલું દળી નાખવું જ જોઈએ, નહિ તો વધુ શિક્ષા થાય. વળી ઊભાં ઊભાં દળવાનું. હાથમાં ફોલ્લા પડી જાય અને ઘંટીનો દાંડો પકડાય નહિ એવી સ્થિતિ થઈ જાય ત્યારે ગુરુમહારાજને પ્રાર્થના કરું : 'શક્તિ આપ કે જેથી કામ પૂરું થઈ શકે.' અને થાય પણ તેમ જ. જોતજોતાંમાં બધું એવા હાથે દળાઈ જાય ! ત્યારે મને ખાતરી થઈ જાય કે મારા ગુરુમહારાજ મારી સામે જ બેઠા છે અને મારી કાળજી રાખે છે. આવી સૂક્ષ્મ મદદના કેટલાય દાખલા સાંપડ્યા છે, પણ તે સાંભળીને, જાણીને તમારામાં કેટલી ભક્તિ જાગી જશે ?

**પ્રશ્ન :** 'સર્વ ધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ' એ શ્લોકમાં અર્થ સમજવો ભારે નથી, છતાં 'ધર્માન્' શબ્દ આવે છે, તો તે વિશે શું સમજવું ?

**ઉત્તર :** લોકો એનો જુદો જુદો અર્થ કરે છે. મારી દૃષ્ટિએ તો એનો અર્થ છે, કે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ વગેરેના સર્વ પ્રાકૃતિક ધર્મોનો સંપૂર્ણ ત્યાગ કરી પોતાનું સર્વસ્વ, વિચાર્યા વિના, સદ્‌ગુરુને ચરણે ન્યોછાવર કરવું એ જ સાચી શરણાગતિ

છે. સદ્‌ગુરુ તો આપવા બેઠા હોય છે, પણ શિષ્યોની લેવાની તૈયારી પ્રમાણે તે મળે છે.

**પ્રશ્ન :** મોટા, 'ચેતન' 'ચેતન' ઘણી વાર બોલાય છે. છતાં તેની સાથે આત્મીયતા હોય એવું લાગતું નથી, સમજાતું નથી, તો શું કરવું ?

**ઉત્તર :** માનવીજીવનમાં આંતરિક દશામાંથી પ્રગટતી જુદી જુદી જાતની સમજણની ભૂમિકાઓ હોય છે. આપણે જીવદશામાં હોઈએ છીએ, તો તે પ્રકારની સમજણ આપણને પેદા થતી હોય છે. આપણી જેવી ભૂમિકા તે પ્રમાણે આપણને સમજણ પડ્યા કરે છે. આપણે સંસારને સમજી શકીએ છીએ, કેમ કે આપણી ભૂમિકા સંસારીની છે, પણ બાળક કંઈ સંસારને નહિ સમજી શકે. તેવી રીતે આપણે જો ચેતનને સમજવું હોય, તો તેને સમજવા માટેની તે પ્રકારની ભૂમિકામાં આપણે પ્રગટવું જોઈએ.

**પ્રશ્ન :** ગીતા, વિષ્ણુ સહસ્રનામ, શ્રીમદ્ ભાગવત વગેરેના પાઠના અંતે આટઆટલું ફળ મળશે એમ જણાવવામાં આવે છે, એ સાચું ?

**ઉત્તર :** એવું બધું લોકોને વાંચતા કરવા લખ્યું હશે. જો એમ જ થતું હોય તો જેઓ સેંકડો વાર વાંચે છે, તેઓ તો એવા ને એવા જ રહે છે. હા, પણ તે સાવ નકામું જતું નથી. તેના સંસ્કાર પડે છે. જો નિયમિત, ભાવપૂર્વક અને સતત એ વંચાયા કરે તો ઈશ્વર પ્રતિ પ્રેમભક્તિ જાગે અને એની સાથે જો આપણા આચાર સુધરી જાય તો તેનું ફળ મળે - આ જન્મમાં નહિ, બીજા જન્મમાં.

**પ્રશ્ન :** બ્રહ્મા, વિષ્ણુ, મહેશની ત્રિમૂર્તિમાં મહેશની શી વિશિષ્ટતા હશે, તે કૃપા કરીને સમજાવશો ?

**ઉત્તર :** એ ત્રણેમાં મહેશની સ્થિતિ અને તેનું સ્વરૂપ અલૌકિક અને અનોખું છે. શિવજીની જમણી જાંઘે પાર્વતી બિરાજે છે. એક તરફથી જેની સાથળે નારી એટલે વિજાતીય તત્ત્વ બેઠેલું છે અને અન્યને તે વિશેની પૂરી કામુકતા લાગે છે અને બીજી તરફથી જેણે મદનને (કામને) બાળીને ભસ્મ કર્યો છે, એક તરફથી જે શરીરે રાખ ચોળે છે અને તદ્દન નિર્ધન અવસ્થામાં રહે છે અને બીજી તરફથી અઢળક ધનનો પતિ કુબેર ભંડારી જેનો સેવક છે. એક તરફથી જે દેવોનો દેવ-સ્વામી મનાયો છે અને બીજી તરફથી જેના ગણો તદ્દન મામૂલી બેહાલ સ્થિતિવાળા ઢંગધડા વિનાના છે. આમ, મહાદેવ બંને છેડાની પરિસ્થિતિના સ્વામી છે-બંને પર જેનો કાબૂ છે અને બંને જેના દાસ છે. વિષ્ણુ અને બ્રહ્મામાં આ પરિસ્થિતિ નથી. તેઓ એક છેડાના સ્વામી છે, ત્યારે શિવજીમાં બંને અંતિમ અવસ્થાઓ સમાયેલી છે. એ શિવજીની વિશિષ્ટતા છે.

**પ્રશ્ન :** જે બે જણા આ જીવનમાં જિગરજાન દોસ્તો હોય, તે આવતા જન્મમાં તે જ રીતે મળે ખરા ?

**ઉત્તર :** જે બે જણા એવા જિગરજાન, લાંબા ગાળા સુધી એટલે કે ચાળીસેક વર્ષ સુધી મિત્ર તરીકે રહ્યા હોય, તેઓ બીજા જન્મમાં મળે ખરા, પણ તેનો આધાર છે તેમના મૃત્યુ સમયની તે તે જીવની મતિ-ગતિ ઉપર. જન્મોજન્મની સમગ્ર અને સળંગ સંસ્કારશક્તિ. તેઓ મિત્ર તરીકે જ મળે એમ નહિ, પણ પિતાપુત્ર તરીકે, ભાઈબહેન તરીકે, પતિપત્ની તરીકે પણ મળે. દોસ્તીની ભાવનાને તેમના સ્થૂળ સૂક્ષ્મ સંબંધના પ્રકાર ઉપર પુનર્જન્મનો આધાર રહે છે.

**પ્રશ્ન :** (એક ભક્તનો) : એક મધરાતે હું જ્યારે રેલવે

દ્વારા મુસાફરી કરી રહ્યો હતો ત્યારે પૂજ્ય શ્રીમોટાનો દેહ, રૂપેરી ચાંદનીએ મઢેલો, પ્રકાશમાન, રૂપેરી પ્રકાશે ઝગમગતો, જાણે દર્શનમાં એકવાર આવ્યો, ગયો અને બીજી વાર આવ્યો અને અદૃશ્ય થઈ ગયો. હું ગાડીના પાટિયા ઉપર નામસ્મરણ કરી રહ્યો હતો, ત્યારે આવું દિવ્ય દર્શન થયું હતું, આ શું હશે ?

**ઉત્તર :** આવો અનુભવ સારો, પણ તેના પૃથક્કરણમાં ઊતરવા કરતાં તેવા જે જે અનુભવ થાય, તેના વડે શ્રદ્ધાબળ મેળવીએ અને આ માર્ગ જે લીધો છે, તેમાં વધુ પ્રાણ પ્રગટે તેવા પ્રયાસો જારી રાખવા જોઈએ. જેનું Being-આધાર-ભક્તિ-ભાવવાળું હોય તેને આવા અનુભવ થાય તે સહજ અને સારું છે. મહત્ત્વ આપણું નહિ પણ તે સ્વરૂપનું છે. આપણી તેવી પૂરી લાયકાત ના હોવા છતાં કોઈક અગમ્ય હેતુસર એવા અનુભવ એ કરાવતો હોય છે. એટલે તે બધું માથા પરથી ચાલી ના જાય તેની તકેદારી રાખીને પ્રકૃતિનું રૂપાંતર થયે જાય તેની ચીવટાઈ રખાય તો ઉત્તમ.

**પ્રશ્ન :** મોટા, અર્જુન અભિમાની હતો, યુધિષ્ઠિર ઓછા લાયક ન હતા, છતાં શ્રીકૃષ્ણે અર્જુનને જ કેમ દિવ્યદર્શન કરાવ્યું ?

**ઉત્તર :** સખાભાવે અર્જુન, શ્રીકૃષ્ણ ઉપર ઘણો પ્રેમ રાખતો હતો. તેનું અભિમાન તેમણે 'ગીતા' સંભળાવીને તોડ્યું હતું.

**પ્રશ્ન :** તો એવા માત્ર સખાભાવથી જ ભગવાન રાજી થાય ?

**ઉત્તર :** જરૂર, તમે મારી સાથે શિષ્યભાવે ના આવો, બીજી કોઈ સાધના ના કરો, મૌનમાં ના બેસો, તોપણ કેવળ મિત્રતા તો રાખો. તમને કદાચ એમ લાગશે કે 'મોટા, પૈસા

માગશે.' તો પૈસા પણ ના આપશો-જોકે પૈસા હું સમાજ માટે માગું છું, મારે માટે નહિ. એવી મૈત્રીથી તમને કેવી ઓથ મળે છે, કેવો આત્મવિશ્વાસ પ્રગટે છે, જીવનમાં કેવો રસ પડે છે, કેવી સૂઝ પ્રગટે છે. તેનો અનુભવ થશે.

**પ્રશ્ન :** 'ભગવાન, હું તારો, તું મારો' એમ ના કહેવાય ?

**ઉત્તર :** 'હું તારો એમ જરૂર કહેવાય, પણ 'ભગવાન મારો' એમ ના કહેવાય.' આપણે તો એના જ થઈને રહેવાનું છે. એનામાં હળી, મળી, ભળી, ગળી જવાનું છે.

**પ્રશ્ન :** ઘણી વાર નામસ્મરણ દરમિયાન એવો ઉત્સાહ આવે છે, કે કૂદકા મારવાનું મન તો થઈ જાય અને ઘણી વાર એવા બેસી પડાય છે, કે ઊભા જ ના થવાય ! ત્યારે શું કરવું ?

**ઉત્તર :** જ્યારે વેપાર કરતાં નફો થાય ત્યારે વધારાની આવકને આપણે કશામાં રોકવી જોઈએ, તો વધુ નફો થાય. જો તે વાપરી નાખીએ તો કશું બચે નહિ. વધે નહિ. તેવી રીતે સાધના કરતાં એવો ઉત્સાહ પ્રગટતો હોય તો હેતુમાં જ્ઞાનપૂર્વક સ્વસ્થ રહીને નામસ્મરણમાં તે ઉત્સાહનો વ્યય કરવો જોઈએ. જેથી, વધુ ને વધુ લાભ થાય અને ઘણી વાર નામસ્મરણ બેળે બેળે પણ ના થાય. એટલે પ્રકૃતિને વશ નહિ થવાનો પ્રયાસ કરવો જોઈએ અને વધુ પ્રાર્થનાપૂર્વક સાધનામાં મંડ્યા રહેવું ઘટે.

**પ્રશ્ન :** કોઈ પૈસાદાર માણસ હોય છતાં બે જ રૂપિયા દાનમાં આપે તો તેની અધોગતિ ના થાય ?

**ઉત્તર :** ના, કંજૂસ તે કંજૂસ જ રહે.

**પ્રશ્ન :** (એક બહેનનો) : મોટા, આત્માને બહુ અશાંતિ વારેવારે થાય છે, તો શું કરવું ?

**ઉત્તર :** આત્માને અશાંતિ નથી થતી. એ તો આપણા દિલને થાય છે. અશાંતિ થવાનું કારણ આપણે પોતાની મેળે શોધી કાઢવું જોઈએ અને એ કારણને દૂર કરવા પ્રયત્ન કરવા. આપણા ગમાઅણગમાને લઈને આપણને અશાંતિ થાય છે, માટે, આપણો આગ્રહ વાતવાતમાં વરતાતો હોય છે, તે કાઢી નાખવો.

**પ્રશ્ન :** સાકાર કરતાં નિરાકાર ભક્તિ વધુ સારી નહિ ? મુસલમાનો અને ખ્રિસ્તીઓ નિરાકારને ભજે છેને ?

**ઉત્તર :** આપણે આપણાં માબાપના ફોટા રાખીએ છીએ, તે પ્રત્યક્ષ પ્રગટ કરવા ખાતર. એક આધાર તરીકે, અવલંબન તરીકે સાકારની જરૂર છે. મુસલમાનો કાબામાં પથ્થરને પૂજે છે, તેને અતિ પવિત્ર માને છે. ખ્રિસ્તી લોકો ક્રૉસને નથી પૂજતા, ભજતા ? એ બધું સાકાર જ છેને ! એથી, સાકારને ભજવામાં કશું ખોટું નથી. સાકારમાંથી નિરાકારમાં જવાય. નિરાકારને ભજવું, પ્રાર્થવું, તેની સાથે તાદાત્મ્ય કેળવવું બહુ ભારે છે.

**પ્રશ્ન :** (૧૯૬૮માં તાપી-નર્મદામાં ભયંકર પૂર આવતાં) : મોટા, એ પૂરથી ઘણો વિનાશ સર્જાયો છે - એકસામટો !

**ઉત્તર :** ભાઈ, થોડું વધારે, કરે બરાબર.

(ભાવાર્થ : જ્યાં અસમાનતા છે ત્યાં ઈશ્વર આ રીતે એક સરખાપણું લાવે છે.)

**પ્રશ્ન :** પણ આ તો enmass destruction (જથ્થાબંધ વિનાશ) કહેવાય અને ગરીબો તથા મધ્યમ વર્ગ જ ભોગવે છે તેનું શું ?

**ઉત્તર :** enmass (જથ્થાબંધ) અનાચાર પણ થાય છેને ? 'ઍક્શન' અને 'રીઍક્શન'નો કાયદો સદાકાળ ચાલે છે. ઈશ્વરને

ત્યાં અન્યાય નથી. એ લોકોએ શું નહિ કર્યું હોય એની આપણને શી ખબર ?

**પ્રશ્ન :** આવાં પૂરને કારણે આકસ્મિક મૃત્યુથી ગત થયેલા જીવાત્માની કેવી ગતિ થાય ?

**ઉત્તર :** આવી રીતે મૃત્યુ પામતાં જીવો ખૂબ અકળામણથી જાય, સ્વસ્થતા ના રહે એટલે તેઓ લગભગ બધાં પ્રેતયોનિમાં જાય. બહુ ઓછા આવે વખતે ઈશ્વરને યાદ કરે અને જે આવે તેનો સ્વીકાર કરે. જો તેવે સમયે નામસ્મરણ થાય તો ઘણું સારું થાય, પણ એવું તો કોઈ ભક્ત જ કરી શકે.

**પ્રશ્ન :** પ્રેતયોનિમાં એ જીવની આયુમર્યાદા કેટલી હોઈ શકે ?

**ઉત્તર :** માનવજીવનની આયુમર્યાદા કરતાં થોડી વધુ.

**પ્રશ્ન :** મોટા, આપે લખ્યું છે, કે ચેતનાનાં આંદોલનો પકડી લેવાની કળા જો આવડી જાય તો આપણામાં નવું સર્જન થઈ શકે, તો એવી કળા કેવી રીતે આવે ?

**ઉત્તર :** જો આપણું હૃદય આપણા ગુરુમહારાજમાં કે કોઈ પણ મહાત્મામાં કેંદ્રિત થયેલું હોય, તો તેવાં આંદોલનો પકડી શકાય. એના માટે સદા જાગૃતિ રહેવી જોઈએ. એકાગ્રતા રહેવી જોઈએ.

**પ્રશ્ન :** ભક્તથી જીવદશામાં કોઈ ભૂલચૂક થઈ જાય તોયે તેના સદ્ગુરુથી તે બચી જાય છે, એ વાત ખરી ?

**ઉત્તર :** હા, પણ તેવી ભક્તિ પ્રગટેલી હોવી જોઈએ.

**પ્રશ્ન :** ભગવાનનું સ્મરણ કરતાં કરતાં કે અન્ય સાધન કરતાં કોઈ વાર પ્રેમાશ્રુ આવે ત્યારે સાધકે શું કરવું ઘટે ?

**ઉત્તર :** પ્રેમાશ્રુ આવે, ભગવાનનું સ્મરણ કે વાંચન કરતાં, તો તે સારી નિશાની છે, પરંતુ એવી સ્થિતિ થયા પછી બેસી રહેવું સારું નહિ. ત્યારે પ્રભુને જે કાંઈ કહેવું હોય તેનું નિવેદન કરવું, વધુ ભાવનો ઉમેરો કરતા રહેવું અને તેવી સ્થિતિમાંથી એકદમ અન્ય નિમ્ન પ્રકારની સ્થિતિમાં ચાલ્યા ના જવું.

**પ્રશ્ન :** મોટા, અમારાથી ઘણી વાર ભૂલો થઈ જાય છે - જીવદશાથી, શું કરવું ?

**ઉત્તર :** ભૂલો તો થાય, પણ એથી હારી ના જવું. તે પછી તુરંત જાગી જવું અને ભૂતકાળને ભૂલી જવો. મારાથી પણ બે વાર ભૂલો થઈ ગઈ હતી. તેથી એકવાર તો કપાળે ધગધગતી કલેડી ચોંટાડી દીધી હતી.

**પ્રશ્ન :** મોટા, આપ સાધના કરવા જે જે જગ્યાઓએ જતા હતા તેની પસંદગી આપ પોતે કરતા હતા કે ગુરુમહારાજની આજ્ઞા મુજબ ?

**ઉત્તર :** ના, એ જગ્યાઓનું મને 'વિઝન'-દર્શન-ફિલ્મની જેમ નજરે ચડી આવતું. હૂબહૂ એ દેખાય-નદી, પર્વત, ગુફા, મંદિર કે જંગલ, ટેકરા પરનું ઝાડ બરોબર 'વિઝન'માં આવે. પછી તે જગ્યા ક્યાં આવી હશે તેની હું તપાસ કરતો. તે ગામે જઉં અને પછી ત્યાંથી અંદરના ભાગમાં ફરી ફરીને શોધી કાઢું ત્યારે 'વિઝન' મુજબનું સ્થાન જડી આવે. અને ત્યાં હું બેસી જતો.

**પ્રશ્ન :** આપ એવી જગ્યાએ જાઓ ત્યારે સાથે શું શું લઈ જતા ?

**ઉત્તર :** કશું ખાસ નહિ. પાથરવા-સૂઈ જવા રાત્રે ધોતિયું કે પંચિયું પાથરું અને ઓશીકા તરીકે પથ્થર જેવું. પણ નિદ્રા માંડ

બે કલાક જેટલી હોય. એકાંત હોય એટલે નગ્ન રહું તોયે વાંધો નહિ.

**પ્રશ્ન :** જાન પર જોખમ તેવી જગ્યાઓ કોઈ વાર આવેલી ?

**ઉત્તર :** ના, કદી નહિ પ્રભુકૃપાએ.

**પ્રશ્ન :** ખાવા માટે શું કરતા ?

**ઉત્તર :** બેચાર દિવસ તો કડાકા થાય. પછી કોઈ આવીને શાકરોટલો આપી જાય. હું તેવાનો ખૂબ આભાર માનું અને તેમનો આગ્રહ હોય એટલે તેમને દિવસમાં એક જ વાર એક રોટલો અને શાક કે દાળ આપવા વિનંતી કરતો. આ ભગવાનની કૃપા.

**પ્રશ્ન :** તે લોકોને કેવી રીતે ખબર પડતી કે આપ એવી એકાંત જગ્યાએ બેઠેલા છો અને ખોરાકની આપને જરૂર છે ?

**ઉત્તર :** હા, હું તે ખોરાક લાવનાર ભાઈને પૂછું કે 'ભાઈ તમને કેવી રીતે ખબર પડી કે હું અત્રે બેઠો છું અને ભૂખ્યો છું ?' ત્યારે તે ભાઈ કહેતા કે 'સ્વપ્નમાં કોઈ કોઈ મને કહી જાય કે તમારાં દર્શન થાય કે ફલાણી જગ્યાએ તમે સાધના કરવા બેઠા છો અને આટલા દિવસથી ભૂખ્યા છો, માટે ખાવાનું આપી આવવું. તેથી ખાવાનું લાવ્યા છીએ.' આ મારા ભગવાનની કેવી કૃપા !

**પ્રશ્ન :** એટલે દૂર જવા માટે ખર્ચનું કેમ થતું ?

**ઉત્તર :** P.N. મહેતા★ કરી ('બાપુ' તરીકે જેમને માનતો) એક જણ મને દરેક વખતે તારથી પૈસા મોકલતા.

---

★ પરસદરાય મહેતા. મૂળ કાલોલના. ગુજરાતી સાહિત્યકાર નરસિંહરાવ દિવેટિયાના જમાઈ. એમની બે પુત્રીઓ ચિત્રા અને કુરંગીની દેખરેખ પૂજ્ય શ્રીમોટાએ બનારસમાં રાખેલી.

**પ્રશ્ન :** આપે એકવાર કહેલું કે 'અભય કેટલો થયો છું તે ચકાસવા' એકવાર આપ ગિરનાર ગયેલા અને સિંહ પાસે રહેલા તે વિશે વિગતો, પ્રભુ કહોને ?

**ઉત્તર :** હું અને વજુ (વજુભાઈ જાની) એકવાર ગિરનાં જંગલમાં સિંહની બોડમાં જવાને ગિર ગયા. દત્તાત્રયનાં પગલાં જ્યાં આવેલાં છે, તે બાજુ ચડતાં પહેલાં એક કુંડ આવે છે. તે બાજુથી તેની પાછળના ભાગમાં જંગલ-કોતર આવેલું છે-એકદમ ગાઢું જંગલ-બિહામણું-ત્યાં નીચે ઊતરીને સાધુ બાવાઓને કહીને નક્કી કર્યું કે અમે નીચે ઊતરીને બેચાર દિવસ રહેવા ઇચ્છીએ છીએ. ત્યારે તેઓ કહે કે 'અરે ! ત્યાં તો તમે સિંહનો કોળિયો થઈ જશો !' એમ કહ્યું, 'અમે તો ભક્ષ થવા માટે જ જઈએ છીએ. જોઈએ તો ખરા. અમને બપોરે એકવાર રોટલો અને શાક કે દાળ બે જણ માટે આપવા આવવું. તેના પાંચ રૂપિયા આપીશું.' એ લોકો કહે, 'ના, અમે છેક નીચે આપવા નહિ આવીએ, સિંહનો ભય રહે છે. અર્ધે રસ્તે અમે આવીશું. અર્ધે રસ્તે તમારે આવીને લઈ જવું.' અમે હા પાડી. વજુ અર્ધે રસ્તે જઈને ખાવાનું લઈ આવે.

**પ્રશ્ન :** તો સિંહ તમારી આજુબાજુ કે પાસે નહિ આવેલા ?

**ઉત્તર :** આજુબાજુ આવીને ફરતા. પાસે પણ આવતા. ભય તો અંદરનો છે, બહારનો નથી. વજુને ભયને લીધે ઝાડોપેશાબ થઈ ગયો હતો, પણ અમને સિંહે કશું કર્યું ન હતું. આ રીતે આપણે કેટલા નિર્ભય થયા છીએ તેની કસોટી થાય.

**પ્રશ્ન :** મોટા, વહેલી સવારે બેત્રણ વાગ્યે જપ-ધ્યાન કરવા બેસીએ તે સારુંને ?

**ઉત્તર :** રાતના બારથી વહેલી સવારના ત્રણ સુધીનો સમય સાધના કરવાનો શ્રેષ્ઠ સમય છે. ત્યારે તમે ગુરુને યાદ કરો તો તે તમને જરૂર મદદ કરશે. ત્યારે તમને ભય જેવું લાગે, અકળામણ લાગે, ઊંઘ આવે, કંટાળો આવે તોયે નિશ્ચયપૂર્વક એ બધાંને હટાવી દેવાં અને સ્મરણ, જપ, ધ્યાનમાં લાગી જવું. એકવાર ટેવ પાડી પછી કશું અઘરું નહિ લાગે. હું સ્મશાનમાં સૂવા પ્રથમ વાર ગયો ત્યારે પરસેવો થઈ ગયો, પણ ગભરાયા વિના ચાલુ રાખ્યું. માટે, ટેવ પાડીશું તો કશું મુશ્કેલ નથી.

**પ્રશ્ન :** સત્પુરુષની ખરેખરી સોબત જીવદશાવાળા માનવીને પણ ફાયદો આપે ખરી ? કેવો ફાયદો થાય ?

**ઉત્તર :** આપણા શરીરમાં સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એવાં ત્રણ શરીર છે. સ્થૂળ શરીરમાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ સ્થૂળ રીતે કામ કરે છે-સંસ્કાર મુજબ-નિમ્ન અને ઊર્ધ્વ. તે આપણે જોઈ શકીએ છીએ. સૂક્ષ્મ શરીર છે તે અનુભવી મહાત્માની સોબતને લીધે તેના ચેતનવાળા સંસ્કારો જાણેઅજાણે ઝીલી લેતું હોય છે. સૂક્ષ્મ શરીરને સ્થૂળ શરીરનાં કર્મ સાથે એવો સંબંધ નથી. તેથી મૃત્યુ સમયે સૂક્ષ્મ શરીર પરના સાત્ત્વિક સંસ્કારોને લીધે તે જીવ ઈશ્વરને યાદ કરી શકતો હોય છે અને મૃત્યુ થાય ત્યારે સૂક્ષ્મ શરીર એ સંસ્કારો લઈને જતું હોય છે. તેથી તેની ઊર્ધ્વ ગતિને મદદ મળતી હોય છે. માટે, સ્થૂળ શરીરે ગમે તેવી નિમ્ન પ્રવૃત્તિ થયા કરતી હોય તોયે ચેતનનિષ્ઠ સાથે મૈત્રી રાખીને તેની સોબતમાં રહેવું ઘણું લાભદાયી છે.

**પ્રશ્ન :** મોટા, ઘણી વાર ‘ઘર અને ઑફિસનું કેમ કરવું ?’ ‘શું થશે ?’ વગેરે પ્રશ્નોથી મનમાં ઉદ્વેગ થાય છે, તો શું કરવું ?

**ઉત્તર :** 'પ્રભુકૃપાએ દાળરોટલો ખવાય તેટલું તો મળે છે, પછી શાને ચિંતા ?' - આવી રીતે 'પૉઝિટિવ'-(રચનાત્મક) વિચારો કરવા. 'નેગેટિવ'-(નકારાત્મક) વિચારો કરવાથી નુકસાન થશે. પૉઝિટિવ વિચારોથી સુખ લાગશે. આવે સમયે સત્પુરુષનો સમાગમ કરવો. તેથી સમાધાન થશે, રસ્તો સૂઝશે, ગડભાંજો ઓછી થઈ જશે અને રાહત લાગશે. આપણે જે કંઈ કરીએ તે શ્રીપ્રભુપ્રીત્યર્થે કરીએ અને સુખદુઃખમાં ધીરજ રાખીએ. આ જ ખરો રસ્તો છે.

**પ્રશ્ન :** હમણાં કશું સ્થિર રહેતું નથી, મન બહુ અસ્થિર રહે છે અને નિર્ણયો લઈ શકાતા નથી. ધંધાને અંગે કશું નક્કી કરી શકાતું નથી. વળી, નિમ્ન પ્રકારનાં કામમાં મન ખેંચાઈ જાય છે.

**ઉત્તર :** 'તમે ક્યાં સ્થિર થયા છો જેથી સ્થિરતા મળે ?' પહેલાંનું અંદર ભરેલું હોય તે તક મળતાં ઊભરે. એ કંઈ નવું આવતું હોતું નથી. આવે સમયે પ્રાર્થના, આત્મનિવેદન વગેરે કરો. મને આવી સ્થિતિ થતી ત્યારે હું ખૂબ લખીને ભજનો ગાતો. **'કેશવચરણકમળે'**માં બધી પ્રાર્થનાઓ છપાયેલી છે. સત્સંગથી રસ્તો સૂઝે.

**પ્રશ્ન :** મન એવું લુચ્ચું છે કે આપણને આમથી તેમ ભમાવી દઈને ગોથાં ખવડાવે છે.

**ઉત્તર :** ખોટી વાત. જો મન માણસના રૂપમાં હોય તો તમને તે તમાચો મારીને કહે કે 'ખોટા તો તમે છો અને વાંક મારો કાઢો છો ?' તેવે વખતે આપણે મજબૂત રહીને શું કામ યોગ્ય પગલું ના ભરવું ?

**પ્રશ્ન :** કેટલાક માણસો 'બાધા' રાખતા હોય છે, તે બરાબર છે ?

**ઉત્તર :** મારી બાધા રાખશો નહિ. એ તો નરી મૂર્ખાઈ છે. પણ મને આવીને તમારી કોઈ તકલીફની વાત કરશો અને સલાહ માગશો, તો તે હું સાંભળીશ અને ભગવાનને પ્રાર્થના કરીશ.

**પ્રશ્ન :** મોટા, તમારા શરીરમાં આટલી બધી વેદના છતાં આપ આટલાં ભજનો વગેરે કેવી રીતે લખી શકો છો ?

**ઉત્તર :** શરીરનાં દર્દને હલકું કરવા ભજન લખી શકું છું એની કૃપાથી. તે મારે માટે બહુ મોટી અગત્યની અને મહાઆનંદની વાત છે. ભજનલેખન મારે માટે દર્દની દવા છે.

**પ્રશ્ન :** આપ ક્લિનિકમાં શરીરની સારવાર માટે રહેલા ત્યારેય આશ્રમમાં વહેલી સવારે, એટલી ઠંડીમાં કોઈનું લગ્ન કરાવવા ગયા હતા, એમ સાંભળ્યું !

**ઉત્તર :** હા, ભઈ. પરમાર્થે કંઈક થતું હોય તો શરીરની આવી હાલતમાં પણ ઊભો થઈને જઉં, એની ના નહિ. પણ મારો માજણ્યો ભાઈ (મૂળજીભાઈ) ગુજરી ગયો છે પણ ત્યાં નથી ગયો. ત્યાં દોડી જઉં એમાં સ્વાર્થે કામ કર્યું કહેવાય. બંને કર્મમાં ભેદ સમજાય છે ? હા જી.

**પ્રશ્ન :** મોટા, હરિભક્તો શૂરવીર હોય છે, રણયોદ્ધાઓ પણ શૂરવીર હોય છે, તો બંનેની શૂરવીરતામાં કોઈ ફરક ખરો ?

**ઉત્તર :** ભક્તની મર્દાનગી મહાપરાક્રમી યોદ્ધો હોય તેના કરતાંય ચડી જાય છે. નેપોલિયન નાનો યોદ્ધો હતો ? છતાં તે બિલાડીથી બીતો હતો, એમ કહે છે. તો એવા યોદ્ધાઓની મર્દાનગી સંપૂર્ણતાવાળી નથી. ભક્તિ ફૂટી નીકળે છે ત્યારે એનું પરાક્રમ, એની ધીરજ, એનો ત્યાગ એવા અનંત ગુણો એનામાં સહજ પાંગરે છે. એકલા કેળવવા જતાં કેટલાયે જન્મો લેવા પડે.

**પ્રશ્ન :** પણ ભક્ત હોય તેનામાં રહેલા ગુણ અને ભાવની ખબર કદાચ તેની સામે રહેનારાઓને પણ ના પડે એવું બને છેને ?

**ઉત્તર :** હા, મોટાના શરીરમાં અત્યારે એટલી બધી વેદના થાય છે, કે જીરવાય એવી નથી. ઘણી વાર સોયો ભોંકાતી હોય એવું દર્દ ઊપડે છે. જ્યારે આ દર્દ અસહ્ય થાય છે ત્યારે હું ભજન લખાવું છું. એ ભજન ગાતાં ગાતાં મને કંઈક રાહત થાય છે. આ ભક્તિનો પ્રતાપ છે. મારી વાતો મારે જાતે કહેવી તે બરાબર નથી, પણ વાત નીકળી ત્યારે તમારા સમજવા માટે આ કહ્યું છે.

**પ્રશ્ન :** જે કોઈ ભક્તિમાર્ગે આગળ વધ્યો હશે, તે આપના જેવાના ધક્કેલાથી જ બની શક્યો હશેને ?

**ઉત્તર :** મારા જેવો કોઈ, કોઈ પણ જીવને એમ ને એમ ધક્કેલો મારે નહિ, પ્રેરણા આપે નહિ. હૃદયની સાચી નેક દાનતથી, સંપૂર્ણ એકનિષ્ઠાથી ભગવાનને સન્મુખ ધારી ધારીને જે કોઈ મથનાર હશે તેવા સદાય ઉત્સુકતાવાળા જીવને, પ્રભુકૃપાએ કરીને, ધક્કેલો દેવાને કે પ્રેરણા દેવાને માગણી કરવાની હોતી નથી.

**પ્રશ્ન :** મોટી ઉંમરનાં છોકરાં આપણું કહ્યું માનતા ના હોય તો... (શ્રીમોટા વચ્ચે જ બોલી ઊઠ્યા.)

**ઉત્તર :** મારી તમને સલાહ છે, કે ભઈ, છોકરાંને સુધારવાની વાત છોડી દેજો. આપણી પોતાની જાતને સુધારવાની છે. આજે કાળ એવો છે, કે જુવાન છોકરાં માબાપનું કહ્યું કરશે નહિ. મોટી ઉંમરનાં છોકરાંઓ સાથે ઝઘડા થયા કરે તો પ્રેમભાવે એક દહાડો તેમને કહી દેવું કે 'ભઈ, જુદો થઈને રહે જેથી કરીને આપણે

પ્રેમભાવે રહીએ.' માટે, આપણો આગ્રહ તેમની પર ઠોકી બેસાડવાની ઇચ્છા રાખવી નહિ.

**પ્રશ્ન :** મોટા, મહાત્માઓ ધ્યાનમાં જઈને જે વિશે જાણવું કરવું હોય તે કરી શકે છે, તો આપનાં પુસ્તકોમાં એવા નહિ જણાવેલા કોઈ બીજા પ્રસંગો વિશે કહેશો ?

**ઉત્તર :** એકવાર શ્રીકૃષ્ણમૂર્તિને કરાંચી ખાતે સાંભળવા મળેલા. તે પછી મારા પૂજ્ય વડીલે (સ્વ. P. N. મહેતાએ) કહ્યું, 'એમનું સૂક્ષ્મ શરીર કેવું છે તે ધ્યાનમાં જઈને જો.' એટલે હું ધ્યાનમાં ગયો અને જોયું તો શ્રીકૃષ્ણમૂર્તિનું સૂક્ષ્મ શરીર સ્ફટિક જેવું સુંદર અને નિર્મળ હતું. ક્યાંય ડાઘો નહિ. બાકી, અન્ય જીવદશાવાળાઓનું સૂક્ષ્મ શરીર કેટલાય રંગે રંગેલું અને ડાઘાડૂઘીવાળું હોય. વળી, શ્રીકૃષ્ણમૂર્તિએ એક જણનું બહેરાપણું કેટલાંક સિટિંગ્સ આપીને દૂર કર્યું હતું. એક મુસલમાન મોટા હોદ્દેદાર અને પ્રતિષ્ઠિત માણસ બંદગી કરતા હતા, નમાજ પઢતા હતા ત્યારે તેમના મનમાં બીજા કોઈ વિચારો હતા કે કેમ તે જોવા મને મારા બાપુએ કહ્યું એટલે મેં જોયું. અને જે કાંઈ જોયું, તે બાપુને કહ્યું. તે સાંભળીને તેમણે પેલા મુસ્લિમ ગૃહસ્થને કહ્યું અને ઠપકો આપ્યો કે નમાજ પઢો છો કે બીજાત્રીજા વિચાર કરો છો ? જ્યારે મને આ વાતની ખબર પડી ત્યારે મને ના ગમ્યું. અને કોઈને આવું ના કહેવું તે નક્કી કર્યું, કેમ કે એવું કહેવા કરવાથી પાપમાં પડાય. બસ, ત્યારથી આવી રીતે જોવા કરવાનું કે કહેવાનું બંધ કરી દીધું પ્રભુકૃપાએ. એ અલગ વાત. પણ આ રીતે જોવાની પ્રક્રિયાને યોગની ભાષામાં 'સંયમ' કહેવાય છે. તે વિશે અન્યત્ર કહ્યું છે.

**પ્રશ્ન :** પેલા રોબીને ૩૮૮ દિવસનું મૌન લીધું, પછી બહાર નીકળતાં તે ગમે તેમ વર્તતો હતો, એમ કેમ હશે ?

**ઉત્તર :** આમ તે 'હરિઃૐ'મય થઈ ગયો હતો અને મન પર તેનો કાબૂ રહેતો ન હતો. ગાંડાવેડા પણ કાઢે, કપડાં કાઢી નાખે, વસ્તુઓ ફેંકી દે, ભાન ના રહે, સભાનતા ના રહે.

**પ્રશ્ન :** તેનું શું કારણ ?

**ઉત્તર :** જ્યાં સુધી આંતરશુદ્ધિ ના થાય ત્યાં સુધી સાધનાનું ફળ મળે નહિ.

**પ્રશ્ન :** આપે કહેલું છે, કે ગુરુમહારાજે તમને બોલાવીને દીક્ષા આપી હતી. એનો અર્થ એ કે તેઓશ્રી સાથે આપનો પરાપૂર્વનો સંબંધ હશે, એમ જને ?

**ઉત્તર :** સમજવા માટે એમ કહી શકાય, છતાં એવા માણસોના વહેવાર નહિ સમજી શકાય. એવા મહાત્માઓ નિરિચ્છ, મુક્ત હોઈને તેમને પરાપૂર્વનો સંબંધ પણ કેમ હોઈ શકે ? કેમ કે એમને પ્રારબ્ધ તો હોતું નથી, છતાં સંસારીઓને સમજવા એવું કહેવું હોય તો કહી શકાય.

**પ્રશ્ન :** તમન્ના અને તામસ બંને સાથે હોઈ શકે ?

**ઉત્તર :** હા, એક જ માણસમાં તદ્દન પરસ્પર વિરોધી ગુણો એકસાથે રહી શકે છે.

**પ્રશ્ન :** મોટા, મહાત્મા ગાંધીએ એક વર્ષમાં સ્વરાજ લેવાનો સંકલ્પ કર્યો હતો, તેમ હું પણ એક વર્ષમાં આત્મપ્રાપ્તિ કરવા ખૂબ પ્રયત્ન કરું અને તેમાં તમે મને સાથ આપો ?

**ઉત્તર :** બીજીત્રીજી ચોપડી ભણતો કોઈ વિદ્યાર્થી એમ કહે કે 'આવતે વર્ષે મને બી.એ. પાસ કરાવો' તો તેમ થઈ શકે ખરું ?

**પ્રશ્ન :** (એક વેદાંતનો વિદ્યાર્થી) : કામક્રોધ સંસારના ચલન માટે જરૂરી નથી લાગતાં ?

**ઉત્તર :** આ પ્રશ્ન હું સમજી શક્યો નથી. એમ કહેવું છે કે કામવાસના ના હોય તો પ્રજોત્પત્તિ બંધ થઈ જાય ? પણ લોકો કદી કામવાસનાથી મુક્ત બનેલા સાંભળ્યા છે ? છતાં કામ વગેરેની જરૂર છે અને એ ચલાવ્યે રાખો, એમ જ કહેવું હોય તો મારે કશું કહેવાનું નથી. તમારું ધ્યેય કયું ? એ નક્કી ના હોય તો ખાડામાં પડો. એ સામે કોઈને વાંધો નથી. દરેક વસ્તુને મર્યાદા હોય છે. વ્યક્તિગત રીતે આપણું શું ધ્યેય છે, એ નક્કી કર્યા સિવાય આવા સવાલો ઊભા કરવા અર્થ વગરના છે.

**પ્રશ્ન :** ઈશ્વરપ્રેમી થનાર સાધક રોજીધંધા તરફ ઉપેક્ષા કરતો થઈ જાય, તો તે બરાબર છે ? સહજ છે ?

**ઉત્તર :** સાધના કરનાર માણસ નિત્ય નૈમિત્તિક કાર્યોમાં વધુ તેજસ્વી બનશે, વધુ ઓછા વખતમાં ઘણું બધું કરી શકશે. હું જ્યારે સાધના કરતો હતો ત્યારે ઑફિસકામ વધુ સારું કરતો. એ કામમાં ઢીલાશ કે નબળાઈ આવતી નહિ. જો નબળાઈ આવે તો સમજવું કે આપણી સાધના સાચી થતી નથી. એમાં સમજદારી કે વફાદારી નથી.

**પ્રશ્ન :** મોટા, વિષ્ણુસહસ્ત્ર નામનો પાઠ પ્રભુકૃપાએ રોજ થાય છે, એ પાઠ કરતાં આપણે કેવો ભાવ રાખવો ઘટે ?

**ઉત્તર :** એ કરતાં કરતાં ભગવાનની અનંતતાનો ખ્યાલ મનમાં રાખવો.

❑

॥ હરિઃૐ ॥

## ખંડ : ૨

# શ્રીમોટાનો આવિર્ભાવ

(ગઝલ)

અમારે તો તમારામાં પ્રવેશી કામ કરવું છે,
પરંતુ બારમણિયાં શાં બધે તાળાં જ માર્યા છે.

**- શ્રીમોટા**

## શ્રીસાંઈબાબાનું દર્શન

પૂજ્ય શ્રીમોટા, હરિજન સેવક સંઘની સેવામાંથી નિવૃત્ત થઈને સાબરમતી આશ્રમ ખાતે શ્રી નંદુભાઈના ઘરમાં ૧૯૪૦ના સપ્ટેમ્બરમાં રહેતા હતા ત્યારની એક વાત છે. શ્રીમોટા અને શ્રી હેમંતકુમાર નીલકંઠ એક જ રૂમમાં સૂઈ રહેલા ત્યારે એક વહેલી સવારે તેમની વચ્ચે થયેલી વાતચીત :-

**શ્રીમોટા :** આજે મને દર્શન થયું !

**પ્રશ્ન :** શાનું દર્શન, મોટા ?

**ઉત્તર :** કોઈ એક સાંઈબાબાએ (ઓલિયા જેવા હતા-કદી નહિ જોયેલા તેમણે) મને કરાંચી આવવાનું કહ્યું અને વળી એમ કહ્યું કે 'વિમાનમાં તારી વરસગાંઠને દિવસે આવી પહોંચ.'

**પ્રશ્ન :** તમે શું કહ્યું ?

**ઉત્તર :** મેં કહ્યું કે 'મારી પાસે પૈસા ક્યાં છે, તે વિમાનમાં આવું ?' ત્યારે શ્રીસાંઈબાબાએ કહ્યું, 'પૈસે ભેજેંગે.'

અને તે જ દિવસે રજિસ્ટર્ડ ટપાલમાં રૂ.૬૦/- મળ્યા. પત્રમાં આ પ્રમાણે લખેલું : 'કરાંચી કે સાંઈ કે હુક્મ સે યે ભેજે ગયે હૈં. પૈદાઈશ કે દિન તુમ કરાંચી હવાઈ જહાજ સે ચલે જાના ઐસા હુક્મ હૈ.' લખનારની સહી ન હતી. રકમ કોણે મોકલી તેની ખબર કદી પડી નહિ એમ શ્રી હેમંતકુમાર નોંધતાં વધુમાં જણાવે છે : 'કવર પરના પોસ્ટ ઑફિસના સિક્કા પરથી જણાયું કે કવર પૂજ્ય શ્રીમોટાને દર્શન થયું તેને આગલે દિવસે અમદાવાદથી ડિસ્ટ્રિક્ટ કોર્ટની પોસ્ટ ઑફિસેથી રવાના થયું હતું. તે દિવસોમાં શ્રીમોટા ક્યાંય બહાર ગયા ન હતા, જતા ન હતા. અને અમે બધાં તેમને રૉયલ ઍન્ડ ઑફ આપવા ગયા હતા. એમનો ઍરોપ્લેનની મુસાફરીનો પહેલો અનુભવ !'

કરાંચીથી શ્રીમોટા સાબરમતી આશ્રમે પાછા આવ્યા ત્યારે શ્રી હેમંતભાઈએ તેમની વિમાની મુસાફરીનો અનુભવ જાણવા માગતાં શ્રીમોટાએ કહ્યું, 'વિમાનમાં બેઠા પછી તુરંત જ ખૂબ સરસ ધ્યાન લાગી ગયું. સૌથી ઊંચી કક્ષાનું એ ધ્યાન હતું. છેક ભુજ આવ્યું ત્યાં સુધી ધ્યાન ચાલુ હતું. બીજા ઉતારુઓને થયું કે મને કાંઈ થઈ ગયું છે, બેભાન થઈ ગયો છું, એટલે મને વિમાનની બહાર કાઢ્યો અને ખૂબ પવન નાખ્યો અને સારી પેઠે હલાવ્યો ત્યારે દેહભાન પાછું આવ્યું.'

## ભક્તિભાવનો પ્રભાવ

શ્રીમતી મંજુલાબહેન તમાકુવાળાં (સુરત), તેમની જમણી આંખની દૃષ્ટિ મૅનિન્જાઇટીસના રોગને લીધે, ૧૯૬૧માં ચાલી ગઈ હતી. ૧૦૧ દિવસ સુધી તેમને ઇસ્પિતાલમાં રહેવું પડેલું. 'હવે કાંઈ થઈ શકે નહિ,' એમ સુરતના આંખના દાક્તરે કહી

દીધેલું, ત્યારે શ્રીમોટાએ તે બહેનને તે જ વર્ષના ઑગસ્ટ માસમાં, તેમના ઘરના એકાંત ઓરડામાં ૨૧ દિવસ સુધી મૌન લેવાનું સૂચવ્યું. તે દરમિયાન કશું વાંચવાનું નહિ, કોઈની સાથે બોલવાનું નહિ, કેવળ 'હરિઃૐ'નું રટણ કરવાનું. શ્રીમોટા ત્યારે કુંભકોણમ્ ખાતે રહેતા હતા. ૨૧ દિવસ સુધી મંજુલાબહેનને શ્રીમોટાનું છાયાદર્શન થયાં કરેલું અને તે બાદ તેમને તે આંખે દેખાવા લાગ્યું. એ સ્થિતિ આજે ટકી રહી છે, વાંચી લખી શકે છે. ભક્તિભાવનો આ પ્રભાવ છે. ચેતનશક્તિનો ચમત્કાર કહેવો હોય તો કહો, પણ આમાંય 'વન વે ટ્રાફિક' નથી હોતો. એ કુટુંબની શ્રીમોટા પરત્વેની ભક્તિ, એ બહેનનાં સુકૃત ભગવાનનાં કૃપાબિંદુ માટે જવાબદાર હોઈ શકે.

## 'જેને દૃષ્ટિ હોય તે સમજે'

તા.૫-૯-૧૯૭૦ને રોજ ડુમસમાં પૂજ્ય શ્રીમોટા હતા ત્યારે તે રાત્રે બારે મેઘ વરસી રહ્યો હતો. શ્રીમોટા પરસાળમાં મચ્છર દાનીવાળા ખાટલા પર સૂઈ રહેલા. આજુબાજુ બધું ખુલ્લું.પરસાળ અને ઓરડા પાણીથી ભીંજાઈ ગયા હતા. શ્રી નંદુભાઈ પરસાળના ઓરડે સૂઈ રહેલા. તે પણ વરસાદને લીધે મધરાતે અંદરના ઓરડામાં જઈને સૂઈ ગયા. શ્રીમોટા તો બહાર જ પવનના સુસવાટા અને ધોધમાર વરસાદ છતાંય વહેલી સવારે ઊઠતાં શ્રીમોટાએ એક ભાઈને પૂછ્યુ. 'જો તો, ખાટલો ભીનો થઈ ગયો છે ?' 'ના જી, ખાટલો નથી ભીંજાયો.' શ્રીમોટા કહે, 'મધરાતે અંદર ચાલ્યા જવાનું મન થયું, પણ બધાંને ઊંઘમાંથી ક્યાં ઉઠાડું ! એમ કરીને પડી રહ્યો.' તો ખાટલો કેમ ના પલળ્યો ? તેમની પથારી કેમ ના પલળી ? આશ્ચર્ય !

તા. ૬-૯-૧૯૭૦ને રોજ આખા ડુમસમાં ભારે વરસાદને લીધે વીજળી બંધ થઈ ગઈ હતી. બપોરના દોઢબે વાગ્યાનો સમય હશે. **'જિજ્ઞાસા'** પર નવાં લખેલાં કાવ્યો-શ્લોકો શ્રીમોટા વાંચતા જાય અને અમને તે અનુક્રમે ગોઠવવા આપતા જાય. એકાએક આખા બંગલામાં અંધારું થઈ ગયું. અમે બધાં 'હરિઃૐ' બોલ્યાં. અને તુરંત અમે બેઠેલાં હતાં તે ઓરડામાં વીજળીનો દીવો પુનઃ ચાલુ થયો ! શ્રીમોટાએ ભાઈ દિલીપને આખા બંગલામાં બીજે લાઈટ ચાલે છે કે નહિ તે તપાસ કરવા મોકલ્યા. તપાસ કરીને દિલીપે હેવાલ આપ્યો. મોટા, 'આપણા આ ઓરડા સિવાય બધે અંધારું છે.' અને શ્રીમોટાએ કામ ચાલુ રાખ્યું. અડધો પોણો કલાક આ કામ ચાલ્યું અને કામ પૂરું થતાં શ્રીમોટા 'હરિઃૐ તત્ સત્' બોલ્યા અને અમારા ઓરડાની પણ લાઈટ ગઈ ! અમારામાંથી કેટલાકના મુખમાંથી 'અરે વાહ !' શબ્દો નીકળી પડ્યા. 'જેને દૃષ્ટિ હોય તે આ બનાવને જુએ, સમજે,' એમ શ્રીમોટા સહજભાવે બોલ્યા હતા.

## છતાં ભક્તિ ક્યાં ?

પૂજ્ય શ્રીમોટા એક વહેલી સવારે આશ્રમમાં (સુરત) ભજનો લખાવતા હતા ત્યારે કીર્તિદાબહેન ચા લઈને તેમની કને જઈને કહે, : 'પ્રભુ, ચા લાવી છું.'

**શ્રીમોટા :** પેલા રતિભાઈ બહાદુર આવ્યા છે કે ?

**ઉત્તર :** હા જી.

**શ્રીમોટા :** આણે મારા ભજનમાં ભંગ પાડ્યો. તે ખૂબ ખોટું કર્યું. રતિભાઈએ તને આગળ ધરી અને તે બચી ગયા, પણ ભજનમાં ભંગ પાડે તે માફ ના થાય. (આવું તે ત્રણચાર વાર બોલ્યા)

**પ્રશ્ન :** મોટા, એનું પ્રાયશ્ચિત્ત નહિ ?

**ઉત્તર :** ના, અલ્યા, આટઆટલા અનુભવ થયા છતાં ભક્તિ ક્યાં પ્રગટી છે ? પગલાં પડ્યાં (સાંઈબાબાનાં) તેથી તારી ભક્તિ કેટલી વધી ? યાહોમ કરીને ઝુકાવવાનું ક્યાં થયું છે ?

**કીર્તિદાબહેન :** મોટા, મારોને તમાચો, ફરી જાય.

**ઉત્તર :** મારા કહ્યા પ્રમાણે કરતો હોય તો મારું. આપણે આપણું સંભાળતા નથી અને બીજાની પંચાતમાં કેમ પડવાનું થાય છે ? ખરી જિજ્ઞાસા જાગી હોય તો સ્મરણ, ભજન, નિવેદન કેમ થતાં નથી ? સ્વજનની જડતા બદલ તેઓશ્રી કોઈ વાર આ રીતે ઊભરો ઠાલવતા.

## બુદ્ધિભેદ પાડવાનું અમારું કામ નથી.

**પ્રશ્ન :** મોટા, લક્ષ્મીજીનું અનુષ્ઠાન કરવાથી લક્ષ્મી મળશે, એમ મારા ગુરુમહારાજે કહેલું, પણ કાંઈ વળ્યું નહિ, તો મારે એ જાણવું છે, કે મારા ગુરુમહારાજે જે જે કહેલું તે સાચું કે ખોટું ?

**ઉત્તર :** આવા સવાલનો જવાબ હું નહિ આપી શકું.

**પ્રશ્ન :** કેમ નહિ ? જવાબ ના આપો તે કેમ ચાલે ? (એકથી વધુ વાર એ ભાઈએ આવું પૂછ્યું.)

**ઉત્તર :** (ગરમ થઈને) : એકવાર તમને કહી દીધું, પણ તે બાબતે વારંવાર પૂછવું નહિ. કોઈનામાં બુદ્ધિભેદ પાડવાનું અમારું કામ નથી. આ ગીતામાતાનો આદેશ છે.

न बुद्धिभेदं जनयेत् अज्ञानां कर्मसंगिनाम् ।
जोषयेत् सर्वकर्माणि विद्वान् युक्तः समाचरन् ॥ (३-२६)

અર્થ : જ્ઞાની માણસે કર્મફળને આસક્ત એવા અજ્ઞાની મનુષ્યોની બુદ્ધિને ડામાડોળ કરવી ના જોઈએ.

-એ ભાઈની એવી હઠ અને દુરાગ્રહથી શ્રીમોટા ખૂબ ગરમ થઈ ગયા હતા. પાછળથી એ ભાઈને પોતાની ભૂલ સમજાતાં ક્ષમા માગી.

## ‘હવે પરવારવા માંડો’

૧૯૭૩માં પૂજ્ય શ્રીમોટા, મુંબઈમાં ભાઈશ્રી ચંદ્રકાંત મહેતાને ત્યાં હતા. તેમને ત્યાંથી તા. ૨૬-૬-૧૯૭૩ને રોજ વહેલી સવારે અન્યત્ર જવા તૈયાર થતાં શ્રી ચંદ્રકાંતભાઈનાં વયોવૃદ્ધ માતુશ્રીને શ્રીમોટા કહે, ‘બા, હવે પરવારવા માંડો. હુંયે પરવારું છું. જે કંઈ ભેગું કરવાનું છે, તે ભેગું કરી લઉં છું. તમે હવે બીજી વાતોમાંથી મનને પાછું વાળી લો. આ બધાં (સગાંવહાલાં) કોઈ સાથે નહિ આવે. માત્ર ભગવાનનું નામ સાથે આવશે, એને જ હવે યાદ કરો. બીજી કોઈ માથાકૂટમાં પડશો નહિ. સ્મરણ કર્યા કરો.’

‘હું એકવાર મારી બાને લઈને મારા ગુરુમહારાજ પાસે જવા તૈયાર થયો. નાનો ભાઈ બાને બહુ વહાલો તેથી તે કહે, ‘સોમભાઈને સાથે લઈ લે.’ મેં કહ્યું કે ‘બા, સોમભાઈ હજુ નાનો છે. આમાં એ કંઈ સમજે નહિ અને નકામું ભાડું ખરચવું પડે. ગમે તેમ કરીને બે જણાની ભાડાની રકમ કોઈની કનેથી માગી લાવ્યો છું.’ ગમે તેમ કરીને સમજાવી ત્યારે બા માની.

‘પછી ગુરુમહારાજને આશ્રમે (સાંઈખેડા-જબલપુર પાસે) પહોંચ્યાં. ગુરુમહારાજ તો દિગંબર અને ગમે તેવું બોલે. એટલે મારી બા કહે, ‘મેર મારા રોયા ! આની કને લાવ્યો ?’ મેં એને બહુ સમજાવી, ‘બા, જો તો ખરી ?’ નિરાંત રાખીને તેનું દર્શન કરજે.

‘પછી તો એની પાસે રૂ. પાંચ હતા, તે મેં તેને ગુરુમહારાજને

આપવા કહ્યું, પણ તે આપે નહિ, 'હોવે ! બહુ પાછું તેં મને આપી દીધું છેને ?' મેં કહ્યું, 'બા, તને પાંચના દશ આપીશ. મહારાજને આપ. તારું કલ્યાણ થઈ જશે.' પણ તેણે તે ના જ આપ્યા. પછી જોકે બાજરીનાં વડાં કરીને ખવડાવ્યાં હતાં.

'આવી પૈસાની માયા છે. તો બા, હવે બધું છોડવા માંડો. જેને જેમ કરવું હોય તેમ કરવા દો. આપણે તેમાંથી છૂટી જઈએ.'

**શ્રીમોટા, કેવું ધ્યાન રાખે છે !**

એકવાર અમે સવારે ચાર વાગ્યે ટેપ કરવા મશીન લઈને (મુંબઈમાં શ્રી હરમુખભાઈ જોગીને ઘરે) પહોંચી ગયાં. વીસેક મિનિટ સુધી તેઓશ્રી બોલ્યા. ટેપ બરાબર થયું હતું. બીજું કંઈ ખાસ પૂછ્યું ન હતું અને તેઓશ્રી શાંત રહ્યા. આરામ કરતા હોય એમ લાગ્યું. એટલે મશીન લઈને ઘેર ફર્યો. લગભગ પાંચ વાગ્યે ઘરે આવીને ટેપ વગાડી જોયું, બરાબર થયું હતું એટલે સંતોષ થયો. અને અંધારું કરીને થોડો જપ કરીને આડો પડ્યો. જ્યાં આંખ ઘેરાવા લાગી કે ટૅલિફોનની ઘંટડી વહેલી સવારની શાંતિને જગાડતી રણકી : 'રતિભાઈ, મોટા પુછાવે છે, કે ટેપ બરાબર થયું છેને ?' ભાઈ કિરણ જોગીનો અવાજ હતો : 'હા, આવીને થોડું વગાડી જોયું. બરાબર થયું છે. 'ભલે'. અને ભાઈ કિરણે ફોન મૂકી દીધો. મારાં પત્ની કહે, 'ટેપ મૂકોને, મોટાને સવારના પહોરમાં સાંભળીએ.' અને ટેપ ફરી મૂકી. વીસેક મિનિટ ચાલ્યું. આનંદ થયો. એટલામાં ફરીથી ફોનની ઘંટડી વાગી : 'રતિભાઈ, મોટા પુછાવે છે, કે ટેપ કરેલું સાંભળ્યું ? બરાબર સમજાય છેને ?' કિરણભાઈનો અવાજ હતો. શ્રીમોટાના પ્રેમથી આનંદ, આશ્ચર્ય અને સુખ લાગ્યું.

'હા, અમે બંનેએ બધું સાંભળ્યું. બરાબર સમજાયું છે. બહુ આનંદ થયો. મોટાને મારા વતી આભાર કહેશો.' આમ બે વાર તેમનો ફોન-સંદેશો આવતાં અમને ઘણો ઘણો આનંદ થયો. મારાં પત્ની બોલે, 'મોટા, ત્યાં બેઠાં બેઠાં કેવું ધ્યાન રાખે છે ! ઘરમાં આવી ગયા !' 'હા, હા, આપણા મનની બધી વાતો તેઓ ત્યાં બેઠાં બેઠાં જાણે છે, સાંભળે છે, એ આ પરથી સાબિત થાય છે.'

મને આ ટેપ કર્યા પછી સહેજ અસંતોષ રહ્યો હતો. તેમણે તેમના વક્તવ્યના અનુસંધાનમાં તેમના મોટા ભાઈની બીમારી, તેમનાં દવાદારૂ અંગે થયેલું દેવું, પેલા ભજનમાંથી ('હરિને ભજતાં...') મળેલી પ્રેરણા વગેરે વાતો આશ્રમે કહેલી, તે આ વખતે તેમણે કરી ન હતી એટલે એટલું ઓછું લાગતું હતું. અને એ બધું વિચારતો હતો એટલામાં ભાઈ કિરણનો સંદેશો ત્રીજી વાર ફોન પર આવ્યો : 'રતિભાઈ, મોટા કહે છે, કે 'બીજું જો કંઈ પૂછવું હોય તો મશીન લઈને પાછા આવો.' 'હમણાં જ આવું છું.' એમ કહીને અમે પાછા સાનંદ તેમની કને પહોંચ્યાં. શ્રીમોટાનું ધ્યાન અમારા પર કેંદ્રિત હતું તે કહેવાની જરૂર નથી.

શ્રીમોટાને તેમને માથે તેમના મોટા ભાઈની બીમારી અંગે થઈ ગયેલું દેવું અને અગમ્ય રીતે તે પાછું વળાઈ ગયેલ તેની વાત કહેવા વિનંતી કરી. ત્યારે તેમણે, તેવી અંગત વાત ટેપ ના થાય, માત્ર તમારી જાણ માટે કહું, 'એમ કહીને આખી વાત કરી. (આ વાત અન્યત્ર આવી ગઈ છે.) આવો પૂજ્યશ્રીનો સ્વજનો માટે પ્રેમ હતો ! તેઓશ્રી આપણો મનોવ્યાપાર પણ જાણતા હોય છે, તે આ દાખલા પરથી સ્પષ્ટપણે સમજાય છે.'

## સ્વર્ગ અને નરક બધુંયે સરખું !

પૂજ્ય શ્રીમોટા કુંભકોણમ્‌થી તા. ૨-૮-૧૯૭૧ને રોજ મુંબઈ પાછા ફર્યા ત્યારની એક વાત છે. વચ્ચે બેંગ્લોર થઈને વિમાનમાર્ગે આવ્યા. ઍલેમ્બિક કેમિકલ્સવાળા શેઠશ્રી રમણભાઈ અમીને બેંગ્લોરથી તે મુંબઈ સેન્ટ્રલ સ્ટેશન સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરેલી. આથી, અમને કોઈને ઍરપૉર્ટ પર લેવા જવાની ના કહેલી. શરીરની અશક્તિને લઈને વિમાનમાર્ગે મુસાફરી કરનાર અને શેઠ રમણભાઈ અમીન જેવાના સાહેબીભર્યા બંગલામાં આરામ કરનાર શ્રીમોટા, મુંબઈ સેન્ટ્રલના પહેલા વર્ગના આરામગૃહમાં કેવળ એક કોચ ઉપર જઈને સૂઈ ગયા ! થાકી ગયા હતા અને ઊંઘી જવું હતું. બેત્રણ કલાકે સુરતની ‘ફ્લાઈંગ રાણી’માં જવાનું હતું. બીજા ખાટલાવાળા ઓરડામાં સૂવાની વ્યવસ્થા કરવા સૂચવ્યું પણ તેમણે ના પાડી. બિસ્તરમાંથી ઓશીકું લઈ આવવાની પણ ના પાડી. તેમનો માથાનો ફેંટો હતો તે કાઢીને પોતાના માથા હેઠળ મૂક્યો અને કોચ ટૂંકો પડતો હતો તેથી આડે પડખે ટૂંટિયું વાળીને સૂઈ ગયા અને અમને બધાંને પ્લૅટફૉર્મ ઉપર જઈને શ્રી નંદુભાઈની પાસે બેસી વાતો કરવા સૂચવ્યું ! કેટલાંક બાળકો આરામગૃહમાં આમ તેમ રમતાં હતાં, થોડા મુસાફરો આરામ ખુરશીઓમાં લાંબા થઈને સૂતા હતા, બાજુના રેસ્ટોરન્ટમાંથી તેલમાં તળાતી વસ્તુઓની ગંધ આવતી હતી. આવા વાતાવરણમાં શ્રીમોટા સૂઈ ગયા ! તેઓશ્રી ઘણી વાર કહેતા કે ‘નરકમાંય સૂઈ જવાની તૈયારી રાખવી જોઈએ.’ આવા મુક્તોને સ્વર્ગ અને નરક, મહેલ કે ઝૂંપડું બધું સરખું હોય છે. આ પ્રસંગ પ્રત્યક્ષ અનુભવનો છે.

## 'સાહેબ ક્યાંથી ?'

રાજકોટમાં તા. ૨૪-૯-૧૯૭૨ના રોજ ઉજવાયેલા એક ઉત્સવનું પ્રમુખસ્થાન સદ્‌ગત શ્રી ઢેબરભાઈએ શોભાવેલું. તેમને પૂજ્ય શ્રીમોટાએ 'ઢેબરભાઈ સાહેબ', એમ કહીને સંબોધ્યા, જેમ ઘણાને તેઓશ્રી સંબોધતા હોય છે. એટલે ઢેબરભાઈ પૂછે, 'સાહેબ ક્યાંથી ?' પૂજ્યશ્રીએ ઉત્તરમાં કહ્યું, 'કબીર સાહેબ જે અર્થમાં 'સાહેબ' કહે છે, તે અર્થમાં હું ઘણાને 'સાહેબ' કહું છું.'

એ જ સભામાં શ્રીમોટાની સ્તુતિ-પ્રશંસા કરતું સંસ્કૃત કાવ્ય વાંચવા એક ભાઈ ઊભા થયા. તેમને તે શરૂ કરતાં જ શ્રીમોટાએ બેસાડી દેતાં કહ્યું, 'ખાલી ખાલી વખાણ મારે નથી સાંભળવા. મારું કામ કરશો તો વધુ ગમશે.' શ્રી ઢેબરભાઈએ પણ 'વાંચવા દોને મોટા' એમ કહ્યું તોય તેમણે ના જ પાડી. બાકી, પ્રશંસા સાંભળવી કોને નથી ગમતી ? પણ શ્રીમોટા જુદી વ્યક્તિ હતા.

## વજન ઘટાડ્યું અને રોગ થયો !

સુરતના એક પ્રતિષ્ઠિત લેખક શ્રી ઈશ્વરભાઈ દેસાઈ એકવાર પૂજ્ય શ્રીમોટાને ડુમસમાં મળવા આવ્યા હતા. શ્રી ઈશ્વરભાઈ પાછા ગયા. શ્રીમોટાને તે વાતની જાણ થઈ એટલે તેઓ તેમને મળવા ઊપડ્યા. તેમને જોઈને શ્રી ઈશ્વરભાઈ ઊભા થઈ ગયા, 'પધારો મોટા, પધારો. આપે તસ્દી લીધી ! તબિયત કેમ છે ?'

**શ્રીમોટા :** ઠીક ઠીક ચાલે છે, તમને કેમ છે ?

**ઉત્તર :** મીઠી પેશાબને લીધે બાર માસ હું દૂધ પર જ રહ્યો. વળી, હૃદયરોગ, તોયે તે મટ્યો નહિ. તમને કેમ છે ?

**શ્રીમોટા :** પ્રભુકૃપાએ મને મીઠી પેશાબનો રોગ મટી ગયો. દાક્તર કહે કે વજન ઘટાડો. ઓહો ! એમાં શી મોટી વાત ?

૧૫ દિવસમાં ૧૫ રતલ ઘટાડી દીધું અને રોગ મટી ગયો.

**પ્રશ્ન :** પણ આ રોગ તો મટે જ નહિ !

**શ્રીમોટા :** સાચી વાત.

હા, સુરતના જાણીતા ડૉ. શ્રી આર. કે. દેસાઈએ પણ તપાસીને કહેલું કે મોટાને એ રોગ હવે નથી ! શ્રીમોટાના રોગનું નિદાન અને દવા કરતા દાક્તરો બહુ વિચારમાં પડી જતા અને દક્ષિણના એક દાક્તરે તો 'મોટાના રોગની દવા કરવી મુશ્કેલ છે.' એવી કબૂલાત પણ કરી હતી !

## આનંદની લહાણ

તા. ૨૨-૮-૧૯૭૨ બૉમ્બે સેન્ટ્રલ પરની વાત છે. શ્રીમોટા 'ફ્લાઈંગ રાણી'માં સુરત જતા હતા. તે દિવસોમાં મુંબઈ શહેરમાં વા અને હાડકાંના કેટલાક રોગો ઉપર તાંબાનું કડું હાથે પહેરવાનું બહુ ચાલ્યું હતું. ઘણાને ફાયદાકારક લાગેલું. તે ખરીદવાને એક સ્થાને લાંબી લાઇન લાગતી. કોઈ પરગજુ ભાઈએ તે શોધી કાઢેલું, અને એક રૂપિયામાં વેચાતું. એક ભાઈ તેવું કડું લઈને શ્રીમોટા કને આવેલા અને તેમની એવી ઇચ્છા કે પૂજ્યશ્રી તે પહેરે જેથી કરીને તેમને શરીરના રોગથી રાહત મળે. જોકે એ રોગો તો બીજાના અને દવાથી પર હોય છે, છતાં તેઓ બધી જાતની દવા કરતા. જે કોઈ કાંઈ સૂચવે તેનું કહ્યું કરતા. એવી તેમની ભક્તોને રાજી રાખવાની કળા હતી.

એટલે તે કડા વિશે પેલા ભાઈએ વાત કરી અને શ્રીમોટાએ તુરંત જ કહ્યું, 'લાવ, હું પહેરી લઉં.' અને તુરંત જ તેમણે ડાબા હાથે ચડાવી દીધું ! અને પછી પૂછે, 'એ કડામાં શું છે ?'

'તાંબું અને બીજી કેટલીક ધાતુઓનું મિશ્રણ.'

'કિંમત ?'

'એક રૂપિયો.'

'બહુ કહેવાય.'

સુરતના તમાકુવાળા કુટુંબનાં એક બહેન એ જોઈને કહે કે 'મોટા, મને એ પહેરવાથી વા પર ઠીક લાગે છે, અને બ્લૅકમાં તેનો ભાવ આજે ચાળીસ છે !'

'ત્યારે લઈ લે આ કડું જોઈતું હોય તો' શ્રીમોટા કહે.

'મારી પાસે આવાં ચાર પડ્યાં છે', તે બહેન કહે.

'હું તો તે વેચી દઈશ,' શ્રીમોટાએ સ્મિત કરતાં કહ્યું. હા, તેઓશ્રી ક્યાં પોતાના શોખ ખાતર કશું પહેરતા ? ધૂળ જેવી ચીજનો પણ સદુપયોગ કરતા. તેમના હિસાબે કશુંયે નકામું નથી. આ બધી વાતોથી તેમની આજુબાજુ વીંટળાઈને ઊભેલા ભક્તોને ગમ્મત પડતી અને અન્ય માણસો પણ 'કોણ હશે આ બહુરૂપી જેવી વ્યક્તિ ? !' એવા વિચારે તેમને જોવાને થોડી વાર રોકાઈ જતા. આનંદની લહાણ કરવાની તેમનામાં અનોખી કળા હતી.

## નિર્ભય બનાવવા માટે

અમદાવાદના શ્રી ચીમનલાલ શાહની (મહાજન બુક ડીપોવાળાની) બે દીકરીઓ એકવાર નડિયાદ આશ્રમે ગઈ. શ્રીમોટાએ એકને વડના ઝાડ પરના માંચડા પર અને બીજીને પીપળાના ઝાડ પર આખી રાત સૂઈ રહેવા કહ્યું. તેમાંથી એક બહેનને ઠીક ફાવ્યું અને નાની બહેનને ભય લાગ્યો એટલે મૌનરૂમમાં રહેવા ગઈ. શ્રીમોટાએ તેમને તેમનાં ઘરે ખુલ્લી અગાસીમાં સૂઈ જવાની સલાહ આપી. 'એકલાં સૂઈ જતાં બીક લાગે છે.' એમ છોકરીઓએ કહ્યું ત્યારે શ્રીમોટાએ એક કાળો દોરો સાતેક ગાંઠો

વાળીને ગળે બાંધવા આપ્યો અને તે બાંધીને સૂઈ જવાથી ભય નહિ લાગે' એમ પણ કહ્યું. તેમ કરીને તે સૂઈ રહેવા લાગી. છોકરાંને નિર્ભય બનાવવાં એ તેમની પાયાની કેળવણી હતી, અને ઘણાં છોકરાં-છોકરીઓને તેવી જાતજાતની તાલીમ આપી હતી.

## ભાવ ખીલવવાની રીત

સુરતના આશ્રમથી એકવાર પૂજ્યશ્રીની સાથે એક સ્થળે જવાનું થયેલું. મોટરગાડીની પાછલી બેઠકમાં જગ્યા ન હતી એટલે ડ્રાઈવર અને પૂજ્યશ્રીની વચ્ચે આ લેખકને બેસવાનું સદ્‌ભાગ્ય મળ્યું. ગાડી ચાલતાં શ્રીમોટાની નજર 'વિન્ડસ્ક્રીન'ની નીચેની જગ્યા પર જડેલા ફોટા પર પડી. તે જોઈને અમને પૂછે કે 'આ કોના ફોટા છે ?'

'એક સ્વામીનારાયણના શ્રીજી ભગવાન અને બીજા રામદેવ પીરના' એટલે તેમણે શ્રીજી ભગવાન વિશે કેટલીક વાતો કરી. ગાડી ચલાવનાર સદ્‌ગૃહસ્થ શ્રી જાદવભાઈ શ્રીજી મહારાજના ભક્ત હતા. તેમને ઉદ્દેશીને કહે, 'મને શ્રીજી મહારાજ પરત્વે ઘણું માન છે, પ્રેમભાવ છે. તેમણે અદ્‌ભુત કાર્ય કર્યું છે. હરિજનોને ઉદ્ધાર્યા છે. બહારવટિયાઓનું હૃદયપરિવર્તન કર્યું છે. તેઓશ્રી કોઈ ભેદભાવમાં, ઊંચનીચમાં માનતા નહિ. એમની વાતો અનોખી છે. તમે ભગવત્ પ્રેમી છો એટલે મને એમની વાતો કરવાનું ગમે છે.' અમે બધાં તેમને બહુ ધ્યાનથી સાંભળતાં હતાં.

છેવટે તેમણે બહુ ભાવથી અને ધીમેથી શીખ આપતાં કહ્યું, 'જુઓ ભાઈ, આપણે એકાશ્રય રાખવો. શ્રીજી ભગવાનની ભક્તિ કરતાં હોઈએ તો તેમની જ ભક્તિ કરવી. આ ભાવ ખીલવવાની રીત હું બતાવું છું. આપણા જેવા માટે એકાશ્રય બહુ જરૂરી છે.

એટલે હું કહું છું.' અને શ્રી જાદવજીભાઈએ તે શીખનો સ્વીકાર કર્યો.

## રમૂજ સાથે શીખ

મુંબઈમાં એકવાર 'વેલાર્ડ વ્યૂ'માં શ્રી હરમુખભાઈ જોગીને ત્યાં પૂજ્ય શ્રીમોટા હતા ત્યારે ત્રણેક બહેનો આવી. મોટા ઘરની અને સ્માર્ટ લાગે. તેઓ શ્રીમતી પૂર્ણિમાબહેન પકવાસાના 'શક્તિદળ'માં કામ કરે છે, એમ તેમણે જણાવ્યું. શ્રીમોટાએ તેમનાં નામ પૂછ્યાં. જવાબમાં 'ઉષાબહેન', 'દામિનીબહેન' અને 'કૃષ્ણપ્રિયા'- એક બહેને બધાંની ઓળખ આપી. શ્રીમોટા સ્મિત કરતાં કહે, બધાંનાં નામ સુંદર છે. 'દામિની' હા ! દામિની ચમકે તો કંઈનું કંઈ થઈ જાય ! આપણે એવાં થઈએ. અને 'કૃષ્ણપ્રિયા'- ખરેખર સુંદર નામ છે ! એવાં કૃષ્ણને પ્રિય થઈએ તો કેવું સારું ! આવી તેમણે રમૂજ સાથે શીખ આપી.

એમાં દામિનીબહેન વધુ હિંમતથી બોલે, પણ વિવેકપૂર્વક, 'મારે એક પ્રશ્ન પૂછવો છે.'

'દુનિયામાં કશું મફતમાં મળતું નથી. બે પૈસાની વરિયાળી પણ મફતમાં મળે છે ?'

'ના, તે બહેન કહે.'

'તો દક્ષિણા મૂકજો.'

'જરૂર.'

'તો હવે પૂછો, પૂછવું હોય તે.'

'ઘરમાં મૌનમાં બેસવું અને આશ્રમમાં જઈને મૌનમાં બેસવું, એ બેમાં તફાવત છે ?'

શ્રીમોટાએ ઘર અને આશ્રમ એ બે સ્થાનોનાં વાતાવરણમાં

રહેલો ફરક સમજાવ્યો. છતાં તેઓશ્રી ‘આશ્રમમાં જ બેસવું’ એવું કોઈને કદી કહેતા નહિ અને તેમ દામિનીબહેનને પણ કહ્યું નહિ. ઊઠતાં પહેલાં તે બહેનો દક્ષિણા મૂકીને, શ્રીમોટાને પગે લાગીને ગયાં. મંદિરમાં કે સંતો પાસે ખાલી હાથે ના જવાય, એમ શ્રીરામકૃષ્ણ પરમહંસે સમજાવતાં કહેલું કે ‘મને મળવા આવો ત્યારે કંઈ નહિ તો સોપારીનો એક કટકોય લેતાં આવજો.’ શ્રીમોટા એ જ પાઠ શીખવતા.

## નાના માણસ માટેય કરુણા

શ્રીમોટાના હ્દયમાં નાનામાં નાના માણસ માટેય કેવી કરુણા છે, તે એકવાર રાંદેર આશ્રમે જોવા મળ્યું. આશ્રમનો એક નાની ઉંમરનો સેવક કેટલાક દિવસથી તાવથી પીડાતો હતો. તાવ ઓછોવત્તો થયા કરે. એટલે તે સ્નાન કરી ના શકે. એટલે પૂજ્યે ડાહીબહેનને કહ્યું, ‘તને સેવાનું કામ બતાવું. પેલાને શરીરે ‘સ્પંજ’ કરી નાખ, ગરમ પાણી લઈને, બેત્રણ દિવસથી નાહ્યો નથી. અને ડાહીબહેને તેમ કર્યું. એક દાક્તરભાઈ ગામમાંથી તે છોકરાને તપાસવા આવે. તેમને શ્રીમોટા કહે, ‘ભાઈસાહેબ, રોજ આવતા રહેજો અને છોકરાને તપાસતા રહેજો. તમારો ચાર્જ જે હોય તે લેવાનો.’ ‘મોટા, એમાં લેવાનું કાંઈ ના હોય.’ દાક્તર કહે. વળી, શ્રીમોટા કહે, ‘બાપડાને આવી સ્થિતિમાં એના ગામ પણ કેમ મોકલી દેવાય ? આપણાથી થાય તેટલું કરી ચૂકવું.’ તાવ નહિ ઊતરતાં છેવટે એને ઈસ્પિતાલમાં મોકલવો પડ્યો અને થોડા દિવસ પછી સારો થઈને આવ્યો.

## પૂજા કેમ સ્વીકારો ?

શ્રીમોટાની પાદપૂજા કેટલાક ભક્તો કરે, આરતી ઉતારે, તે

ગુજરાતના એક જાણીતા લેખક શ્રી ઈશ્વર પેટલીકરના જોવામાં આવ્યું. તે જોઈને તેઓએ શ્રીમોટાને એ મતલબનું કહ્યું, 'તમારા જેવા ક્રાંતિકારી સાધુ પૂજા સ્વીકારીને લોકોને અંધશ્રદ્ધાળુ થવા ઉત્તેજન નથી આપતા ?'

શ્રીમોટા કહે, 'હું તેમને મારી પૂજા કરવાનું કહેતો નથી. તેમ તેઓ ભાવનાથી મારી પૂજા કરવા માગે તો તેમને હું ના પાડી શકતો નથી. ભાવનાને ગૂંગળાવવાનું કાર્ય થાય નહિ.'

શ્રી ઈશ્વર પેટલીકર બુદ્ધિજીવી અને સુધારક વિચારના હોઈને લોકોની આવી ભાવનાના વિરોધી છે, પણ મહાત્મા ગાંધીજીની પૂજા અને આરતી ઘણા લોકો કરતા, ઉતારતા તે આપણે ભૂલી જઈએ છીએ. બુદ્ધિ અને હૃદયના પ્રદેશોની વાતો ન્યારી છે, નોખી નોખી છે.

## 'એકની એક લીલાનો માત્ર નાનો પ્રસંગ'

તા.૧૧-૮-૧૯૬૪ થી તા. ૧૮-૮-૧૯૬૪ માટે આ પુસ્તકના લેખક શ્રી રતિલાલ મહેતાએ રાંદેર આશ્રમે મૌન લીધેલું, ત્યારે તેમને શ્રીમોટાની શક્તિનો અનુભવ થયો હતો. મૌનમંદિરમાં પ્રવેશતાં પહેલાં તે પૂજ્ય શ્રીમોટાને પગે પડવા ગયા, ત્યારે તેઓશ્રી કહે, 'મૌનમાં સારી રીતે બેસજો.' અને શ્રી મહેતા વિનંતી કરે : 'હું તો તમારે આશ્રમે આવ્યો છું, પછી શું ? આપ કોઈ જાદુ જેવું કરો અને બધું સરસ થાય !' પૂજ્ય કહે, 'જાદુબાદુ તો ભાઈ ના જાણું,' અને સ્મિત કરી બરડે હાથ ઠોક્યો.

ગુરુવાર તા. ૧૩-૮-૧૯૬૪ની બપોરે પૂજ્યે એક હાર મોકલ્યો. સફેદ ફૂલના હાર મધ્યે એક જ ગુલાબનું ફૂલ. ટિપાઈ પરની તેમની છબીને હાર પહેરાવી દીધો. બે કલાક પછી ત્યાં

જુએ તો હાર છબી પર હોવાને બદલે ટિપાઈ પર ફૂલોની રકાબી અને ફોટાની વચ્ચેની જગ્યાએ તદ્દન સીધી લીટીમાં મુકાયેલો દેખાયો ! તેથી આશ્ચર્ય થયું ! બારીબારણાં બધું બંધ હોય છે. કોઈ અંદર આવ્યું નથી. કોઈ તેને અડ્યું નથી. ફોટા પરથી તે પડી જાય એવી સ્થિતિ પણ ન હતી. પૂજ્ય શ્રીમોટાની આ લીલા નહિ હોય ? ! આ હાર ફરીથી તેમની છબીને પહેરાવી દેવાયો ! રાત પડી. શ્રી મહેતા સૂઈ ગયા અને હારનું વિસ્મરણ થઈ ગયું. બીજે દિવસે વહેલી સવારે સવા ત્રણ વાગ્યે ઊઠીને છબી આગળ નમસ્કાર કરવા ગયા તો પરમ આશ્ચર્ય થયું ! ફૂલનો હાર ફોટાની નીચેની ખાલી જગ્યા પર (ટિપાઈ પર) ઊંધા ચોગડાના આકારમાં ગોઠવાયેલો જોવામાં આવ્યો ! પહેલી વખતે તદ્દન  સીધી લીટીમાં અને આ વખતે આવા આકારમાં ! કંઈ કોઈ જાતે ગોઠવે તો જ હાર આવી આકૃતિમાં મુકાય. એટલે આભા બની જવાયું. બારીબારણાં અંદરથી બહારથી બંધ હોવા છતાં આવું કોણ કરી જાય ? ! અત્યાર સુધી વાંચેલું અને સાંભળેલું કે પૂજ્ય શ્રીમોટા ગમે તે જગ્યાએ હોય તોયે મૌનમંદિરમાં આવજા કરે છે અને કેટલાંકને તેમનાં સ્થૂળ દર્શન મળે છે. આમ, શ્રીમોટાની શક્તિનો પરચો મળ્યો. તે સંબંધે તુરંત જ તેમને પત્ર લખ્યો. પ્રત્યુત્તરમાં તેમણે જણાવ્યું, ‘આ તો એકની એક લીલાનો માત્ર નાનો પ્રસંગ છે, પણ તેથી શું વળ્યું ? તેથી ભક્તિ વધુ પાંગરે કે નવપલ્લવિત થાય નહિ, નવાંકુરિત થાય નહિ.’ અંતમાં તેમણે વધુ તમન્નાથી પ્રભુસ્મરણ કરવા અને કામક્રોધાદિ દુશ્મનોને મારી હટાવવાની શિખામણ આપી.

### ‘દુઃખમાં ભાગ જોઈએ છે’

મૌનએકાંતમાંથી બહાર નીકળેલા અને અંદર બેસવા

જનારાની સંયુક્ત પ્રાર્થના તા.૩-૧-૧૯૬૭ને રોજ સવારે ૭ વાગ્યે આછી ચાંદની અને ઠંડીના ચમકારા વચ્ચે રાંદેર આશ્રમે થઈ રહ્યા બાદ પોતાની તબિયત સારી નહિ હોવાથી પલંગ પર સૂતાં સૂતાં શ્રીમોટાએ એક ટૂંકું પણ દર્દભર્યું પ્રવચન કર્યું હતું તે યાદ કરવા જેવું છે.

'મૌનએકાંત સાથે સંકળાયેલાં ભાઈબહેનો અને સ્વજનો, તમે બધાં મારી પાસે આવીને તમારાં દુઃખોનું નિવેદન કરો છો, પણ તે પૂરેપૂરું કહેતાં નથી, પડદો રાખો છો. તેમ ના થવું જોઈએ. તમારાં સુખમાં મારે ભાગ નથી જોઈતો, પણ તમારાં દુઃખમાં ભાગ લેવો છે. તમે બેપાંચ લાખ કમાશો તો એમ નથી કહેવાના કે, ચાલો એમાંથી થોડા મોટાને આપીએ. જોકે મોટાને એમના પોતાના ઉપયોગ માટે નથી જોઈતા, એ તો તમે બધાં જાણો છો. છતાં કાંઈ નહિ, તમારાં દુઃખમાં ભાગ જોઈએ છે. હવે થોડા વખત માટે આ દેહ છે. મારે એમ તો મરવું નથી અને જીવવું પણ નથી, પણ તે ક્યાં સુધી ચાલશે ? તો ત્યાં સુધી તો હું તમને મદદ કરું !'

## વિવિધ સંતોનું વિવિધ વર્તન

વિલેપાર્લે-જુહુ ખાતે એકવાર શ્રી ભાઈલાલભાઈ પટેલને ત્યાં પૂજ્ય શ્રીમોટા પ્રસાદ લેવાને ગયેલા. ત્યારે ૨૫-૩૦ ભક્તો ભેગા થયેલા. કોઈ ખાસ વાત ચાલતી ન હતી. એટલે પૂજ્ય ભાઈ (નંદુભાઈ)એ શ્રી મહેતાને ઉદ્દેશીને પૂછ્યું, 'રતિભાઈ, કેમ ચૂપ છો ?' (આ ભાઈને પહેલાં ઘણા પ્રશ્નો પૂછવાની ટેવ હતી.)

પૂજ્યશ્રી બોલ્યા, 'એને ડર હશે કે કદાચ મોટા બેચાર ચોપડાવી દે તો ?' તે ભાઈએ સ્મિત સાથે કહ્યું કે 'એવો ડર

નથી.' 'તો તો સારું.' શ્રીમોટાએ સંતોષ વ્યક્ત કર્યો. એટલે રતિભાઈને પ્રશ્ન પૂછવાનો પાનો ચડ્યો.

**પ્રશ્ન :** મોટા, વિવિધ સંતો વિવિધ રીતે વર્તતા હોય છે અને તેમનો 'મેનિફેસ્ટેશન્સ' (વર્તાવ) જુદો જુદો હોય છે, તેનું શું કારણ ?

**ઉત્તર :** પ્રકૃતિ અને ગુણને કારણે પણ હોય. છતાં એનો અર્થ એ નથી કે તેઓ કશું જાણતા હોતા નથી. કાળ અને સંજોગોની માગ મુજબ તેઓ બધા કાળપુરુષ તરીકે વર્તતા હોય છે. એટલે તે કામ તે કાળ પૂરતું, ઘટના પૂરતું સત્ય હોય છે.

## હનુમાનકૂદકો

શ્રીમોટાને પ્રત્યેક કર્મમાં ઝડપ પ્રિય. જરૂર પડે ત્યારે અપાર ધીરજ પણ ધરી શકે. જો કોઈ મોટરગાડીમાં લાંબા અંતરે જવાનું હોય તો શક્ય તેટલી ઝડપે જવામાં તેમને ઑર આનંદ આવતો. ગુજરાત વિદ્યુત બોર્ડના સલાહકાર સભ્ય શ્રી પી. ટી. પટેલ આ બાબતમાં સાક્ષી પૂરે છે. એક દિવસ શ્રી પી. ટી. પટેલ, તેમનાં ધર્મપત્ની અને શ્રી મથુરીબહેન ખરે (જાણીતાં રેડિયોગાયક)ને લઈને શ્રીમોટાએ ગળતેશ્વર જવાનું નક્કી કર્યું. તે ૧૯૫૮નો રામનવમીનો દિવસ હતો. તેઓશ્રી કહે કે 'રામનવમી એટલે હનુમાનકૂદકો.' રામનવમીને રોજ (૧૯૩૯) તેમને નિર્ગુણનો સાક્ષાત્કાર થયો હતો. અમે બધાં જીપગાડીમાં ઊપડ્યાં. શ્રીમોટા નિયમ મુજબ ડ્રાઈવરની સાથે બેઠા. ડ્રાઈવર તરીકે શ્રી પી. ટી. પટેલ હતા.

**શ્રીમોટા પૂછે :** 'મોટરકંપનીવાળાએ સ્પીડોમિટર ૧૨૦ માઈલનું બનાવ્યું છે, તો એટલી ઝડપે ગાડી ચલાવી શકાય ખરી ?'

શ્રી પટેલે ના પાડી. એટલે શ્રીમોટાએ એટલી જ ઝડપે ગાડી ચલાવવાનો આગ્રહ કર્યો. એટલે ગાડી દબાવવા માંડી. ૧૦૦-૧૧૦ પર કાંટો ચડ્યો. ભાઈશ્રી પટેલને તેની ખબર પડી નહિ. સાથો સાથ શ્રી મથુરીબહેનનું ભજન ચાલતું હતું. જીપ જમીનથી દોઢ ફૂટ ઊંચે દોડતી અને કૂદકો મારતી હોય એમ લાગ્યું. શ્રીમોટાએ શ્રી પટેલની પીઠ થાબડી. શ્રી પટેલ તે સંબંધે કહે, 'મને કશી ખબર ના પડી કે ગાડી કેટલી દોડે છે.' પણ તે દરમિયાન એક અદ્‌ભુત અનુભવ થઈ ગયો. વળી, શ્રીમોટાનો તે સાક્ષાત્કારનો દિવસ હતોને !

**'...બાર મણિયાં શાં બધે તાળાં જ માર્યાં છે'**

પૂજ્ય શ્રીમોટા કોઈનો સ્વભાવ સુધારવા સીધો ઉપદેશ કદી ના આપે. તેઓશ્રી કહેતા, 'જેઓ મારી નિકટતા સાધે છે તેનો હું પહેલાં સ્વભાવ, ટેવો વગેરે જોઈ લઉં છું.' અને પછી આડકતરી રીતે મજાક દ્વારા કે અન્ય સાધન કે બીજાને ઉદ્‌બોધનનું નિમિત્ત બનાવીને ઈશારો કરી દઉં. એક બહેન આમ ભાવવાળાં પણ સ્વભાવે બહુ ઉગ્ર. શ્રીમોટા માટે ગમે તે અર્પણ કરવા તૈયાર અને પોતાનાં ગૃહે ચોખ્ખાઈ-સફાઈ, વ્યવસ્થા રાખવા પાછળ ખૂબ ખૂબ ધ્યાન આપે, ખૂબ ખૂબ શક્તિ વાપરે, જાતમહેનત કરે. ઘરનાં અન્ય કામ કરતાં આવું કામ જાણે બહુ અગત્યનું હોય એમ તેમને લાગે. શ્રીમોટાના ધ્યાનમાં આ બધું આવી ગયું.

એકવાર નિમિત્ત મળતાં, 'આવો કાળકા માતા !' એમ કહીને તેમને નવાજ્યાં. જ્યારે જ્યારે તે બહેન આશ્રમે સજોડે જાય ત્યારે શ્રીમોટા કહે, 'આને (બહેનના પતિને) હું લખી આપું એટલી ગાળો માઈક ઉપર દે તો તને પાંચ રૂપિયા આપું. આને

સીધો કર, હમણાંના બહુ રોફ મારે છે નહિ ?' બીજી વાર કહે, 'એને ધોળે દહાડે તારા બતાવજે !'

એ જ બહેનને તેઓશ્રી બીજી વાર કહે, 'છોકરાને મનભાવતું કરીને ખવડાવો છો કે પછી 'હરિ' 'હરિ' ?'... આવો હીરા જેવો છોકરો ! ક્યાં વધારે બીજા છોકરાં છે ? છોકરાં પરત્વેની માબાપની બેદરકારી બદલ તેઓશ્રી હંમેશાં નારાજી વ્યક્ત કરતા. છોકરાંને વહાલ કરવાનું હંમેશાં કહેતા.

એ બહેનને આશ્રમે દોડી જવાનું બહુ મન ના થાય, અને જ્યારે જ્યારે તે જાય ત્યારે શ્રીમોટા બહુ ખુશ થઈ જાય અને માતા-પિતાથીય અધિક ભાવ દર્શાવે. કહે કે 'બહેન, આ સાહેબ (તેમના પતિ) તને સાથે ના લાવે તો મારી પાસેથી ગાડીભાડું લઈ લેવું અને આવવું. તું આવે તે મને બહુ ગમે.'

શ્રીમોટા હંમેશાં કહેતા, 'અમારો ધર્મ બધાંને ચાહવાનો છે. તે દ્વારા ઈશ્વર પ્રતિ બધાંનું મોં ફેરવવાનું છે.' પણ બહુ ઓછા જણ તેમના પ્રતિ પડઘો પાડતાં ત્યારે દુઃખ સાથે ઉપરના શીર્ષકવાળું વાક્ય કહેતા.

## સોમવતી અમાસને દિવસે

૧૪ જુલાઈ, ૧૯૬૯ અધિક માસનો છેલ્લો દિવસ, વાર સોમ હતો-સોમવતી અમાસ. બહુ પવિત્ર દિવસ ગણાય. શ્રીમોટા (મુંબઈમાં ભાઈશ્રી ચંદ્રકાંત મહેતાને ત્યાં) કહે, ભાઈ, અહીં (એમનાં ચરણે) થોડું થોડું આજે મૂકશો તો બહુ પુણ્ય મળશે. લોકો આજે નદીએ નાહવા જાય, મંદિરે જાય, મહાદેવની પૂજા કરવા જાય.' અમારા મનમાં વિચાર આવ્યો, 'અહીં જીવતાજાગતા દેવ કે મહાદેવ છે. ચેતનનિષ્ઠ મહાત્મા હાજરાહજૂર હોય તો

તેમની પૂજા કાં ના કરવી ?' પણ અમે તેમની કને ખાલી હાથે ગયેલાં 'ગૃહખાતા'એ કંઈક લઈ જવાની સલાહ આપેલી છતાંયે ! ત્યારે શ્રીમોટાના ઉપરોક્ત બોલ સાંભળતાં તેની યથાર્થતા સમજાઈ.

શ્રીમોટા ત્યારે દાઢી કરાવતા હતા. એ કામ પૂરું થતાં ડાહીબહેન, નર્મદાબહેન કાંટાવાળા, યોગિનીબહેન, ગંગાબહેન રા. પટેલ વગેરે શ્રીમોટાની પૂજા કરવા પૂજાપાનો થાળ લઈને આવ્યાં. શ્રીમોટા કહે, 'મને મોઢું ધોઈ આવવા દો.' બાથરૂમમાં જઈને હાથમોં ધોઈ આવીને ખુરશી પર પલાંઠી વાળીને બેઠા. બહેનોએ એક પછી એક આવીને પૂજા કરી ને પાંચ પાંચ રૂપિયાની દક્ષિણા મૂકી. શ્રીમોટા હાથ જોડી આંખો મીંચી ધ્યાનસ્થ બેસી રહ્યા. પછી બહેનોએ તેમની પ્રદક્ષિણા કરવા માંડી અને ફરતાં ફરતાં 'હરિઃૐ'નું ઉચ્ચારણ કરતાં દશેક ફેરા ફરીને પગે પડ્યાં. Frail body with a small lion-cloth, bare head clean-shaven,. he was unique in appearance. Inward divinity filled the whole atmosphere with unique peace and spiritual Vibrations.★

નાનું પંચિયું વીંટેલો, સાફ દાઢી કરેલો એમનો દુર્બળ દેહ દેખાવમાં અનોખો હતો. તેમની આંતરિક દિવ્યતાએ સમગ્ર વાતાવરણને અનોખી શાંતિ અને આંદોલનોથી ભરી દીધું હતું.

ત્યારે પ્રતીતિ થઈ કે એમનામાં એવું શું છે, કે જેને બધાં નમે છે, જેનાથી લોકો આકર્ષાઈને તેમના ચરણોમાં ઢળી પડે છે !

---

★ (સુકલકડી શરીર, કમર ઉપર વીંટાળેલી પોતડી, સદ્ય હજામત કરાવેલ ખુલ્લા માથે, તેઓશ્રીનો દેખાવ અનુપમ હતો. આંતર દિવ્યતાએ અનોખી શાંતિ અને આધ્યાત્મિક આંદોલનોથી સમગ્ર વાતાવરણને ભરી દીધું હતું.

## ખાલી વખાણ ખપનાં નહિ

મુંબઈમાં શ્રીમોટા એક ભાઈને ત્યાં ગયેલા. ત્યારે યજમાનને ત્યાં એક ભાઈ બહારથી આવ્યા. તેઓ તો આવતાવેંત જ પૂજ્ય શ્રીમોટાનાં વખાણ કરવા લાગ્યા અને બોલ્યા, 'ઓહો મોટા ! આપને વિશે તો હું કેટલું બધું છાપાંમાં વાંચું છું. આપ ઘણું સારું કામ કરો છો. એ બહુ સરસ કામ છે.' વગેરે ખૂબ જોશમાં આવીને પ્રશંસા કરવા લાગ્યા. એ કદાચ બોલતા અટકત નહિ એટલે શ્રીમોટા કહે, ''ખાલી ખાલી વખાણ કામનાં નથી. કામ ગમતું હોય તો ફાળો આપો. 'હા, હા મોટા, જરૂર.' અને જતાં જતાં રૂ.૨૫/- આપતા ગયા. શ્રીમોટાને એવી પ્રશંસા કદી ગમતી ન હતી. એવો જ એક બીજો પ્રસંગ જોઈએ :-

મુંબઈમાં શ્રી ધીરુભાઈ મોદીને ત્યાં એકવાર શ્રીમોટા પધારેલા. ત્યારે એક જાણીતી કૉલેજના આચાર્ય શ્રી અમૃતલાલ યાજ્ઞિક પણ પધારેલા. શ્રીમોટાએ 'જ્ઞાનગંગોત્રી' માટે વિચાર પ્રેરેલો અને તેને મૂર્ત સ્વરૂપ આપવા દાન કરેલું. પછીથી તેના કેટલાય ભાગ એક પછી એક પ્રગટ થવા લાગ્યા તે વિશે વાત થઈ. યાજ્ઞિક સાહેબે આ કાર્યની બહુ પ્રશંસા કરી, ત્યારે પૂજ્ય શ્રીમોટા કહે, 'યાજ્ઞિક સાહેબ, ખાલી ખાલી વખાણ કરો તે શા કામનું ? મારું કાર્ય ગમ્યું હોય તો તેને અંગે કંઈક નક્કર દાનમાં આપો તો સારું. બાકી, ઘણાં વખાણ કરે છે ! તે શા કામનું ? યાજ્ઞિક સાહેબે યથાશક્તિ દાન દેવાનું વચન આપ્યું અને બીજે દિવસે રૂપિયા ૨૫૧/-નો ચેક મોકલી આપ્યો.'

## વહાલ અને સખતાઈ

એકવાર એક ભક્ત આશ્રમે આવીને શ્રીમોટાને પગે લાગ્યા

અને બેઠા. થોડી વારે ઊઠીને જવા માંડતાં શ્રીમોટાએ ગુસ્સો વ્યક્ત કરતાં કહ્યું, 'તમારું મન ક્યાં છે ? સાંઈબાબાનું અને એવું બધું લખો છો પણ મન ક્યાં મારામાં છે ? ધારું તો ભરસભામાં અપમાન કરું.' તેમના બોલ સોંસરા પેસી જાય તેવા હતા. નિકટના ભક્તને જે સ્વજન બની ગયો હોય તેને તેઓશ્રી કોઈક વાર આવું પણ બોલે. એ બોલમાં રંજમિશ્રિત ચીમકી આપતો થોડો ગુસ્સો પણ હોય. જે કોઈ માટે પ્રેમ હોય, આશા હોય, તે આડફંટે ચડી જતો હોય તો તેનું તેમને દુઃખ થતું અને તેને જાગૃત કરવા યોગ્ય 'ટ્રીટમેન્ટ' આપતા. ઉપરોક્ત ભાઈને બીજી વાર ચાબકો માર્યો : 'ભાઈ સાહેબ બેઠા છે રોફથી, પણ એક દિવસ તેનું ધોતિયું ખેંચી કાઢીશ.' વળી, કોઈ વાર એ ભાઈ એમની કને આવતાં પગે પડે તો તેની સામે જોયું ના જોયું કરી નાખે. એક સભામાં એ ભાઈએ અમુક પ્રશ્ન પૂછ્યો તો તેનું નામ દીધા વિના તેને ઝાડી નાખ્યો, 'તું અત્યારે ક્યાં પડ્યો છે, તેનું તો તને ભાન નથી !' વળી, એકવાર એ ભાઈ તેમની પાસે પહોંચ્યા તો તેના સંબંધે શ્રી નંદુભાઈને પુછાવ્યું કે 'આ સાહેબનું માથું બોડિયું કરી નાખીશું ?' શ્રી નંદુભાઈ કહે, 'હમણાં નહિ.' શ્રીમોટાએ જેમને સ્વજન બનાવ્યાં હોય તેમનું અગડં બગડં તે સહી શકતા નહિ. ત્યારે વ્યક્ત થતી તેમની સખતાઈથી છક્કા છૂટી જાય. વહાલ સાથે સખતાઈ જીરવવાની તૈયારી રાખવી રહી.

## ઈશ્વર રાખે તેમ રહીએ

તા. ૧૪-૯-૧૯૭૪ને રોજ અમે રાંદેર ગયાં હતાં. શ્રીમોટા બપોરે એક વાગ્યા પછી હીંચકા પર તેલ ઘસાવતા હતા. શ્રી મુકુંદભાઈ સચદે સકુટુંબ આવેલા. પગે પડીને દક્ષિણા મૂકી. બે

મહિનામાં પૂજ્ય શ્રીમોટાને શરીરે બહુ ફરક પડી ગયો હતો. ચામડીનો રંગ એકદમ કાળો થઈ ગયો હતો. લોહી શરીરમાં જણાતું ન હતું. આંખો સંકોચાઈને ફૂલી ગઈ હતી. બોલવામાં જીભના લોચા વળતા હતા અને અવાજ ક્ષીણ થઈ ગયો હતો. જુસ્સો, સ્પષ્ટતા અને ઝડપી સવાલ જવાબ અદૃશ્ય થઈ ગયાં હતાં. કહે છે કે યાદદાસ્તને પણ કોક કોક વાર અસર થઈ હતી. ઊભા તો થવાતું નથી. પગ સોટી જેવા થઈ ગયા હતા. આ જોઈને બહુ દુઃખ થયું. તેમણે કહ્યું કે 'બે વાર ડાયાબિટીસ થઈ ગયો અને મટી ગયો. કામપોઝ-ટ્રાન્કૂવિલાઈઝરની બે ગોળીઓ રાત્રે લઉં છું, તેથી ઊંઘ વધુ રહે છે. એટલે સૂઈ રહેવાથી દમ ચડતો નથી અને હૃદય પર અસર થતી નથી, પણ શરીરની સ્ફૂર્તિ, તાજગી વગેરે રહ્યું નથી, ભૂખ લાગતી નથી.' વધુમાં કહે છે : 'ઈશ્વર રાખે તેમ રહીએ. તેનો હુકમ થાય તો હમણાં શરીર છોડી દઉં, પ્રાર્થના કરું, પણ હુકમ વિના થાય નહિ. પ્રેમથી સહન કરીશું. સહન કરવાની શક્તિ માટે પ્રાર્થના કરીશું.'

સવાર સાંજ હમણાં ફરવા પણ જતા નથી. છતાં આવી સ્થિતિમાંય તેઓશ્રી ભજનો લખતા જાય છે. દરમિયાન અમારાં બધાં માટે ચા મંગાવી. રસોડે જઈને પીવાને બદલે તેઓશ્રી કહે કે અહીંયાં (તેમની પાસે) પીવો. તેમણે પણ શ્રી મુકુંદભાઈની વિનંતીથી ખાંડ વગરની ચા પીધી.

## પ્રેમ રખાય તો રાખજો

તા.૨૬-૧૦-૧૯૭૪ને રોજ રાંદેર આશ્રમે અમે ગયેલાં. ત્યારે શ્રીમોટા અમને કહે, 'રતિભાઈ, આ શરીર હવે ખોખરું થઈ ગયું છે. હાર્ટને અસર થઈ છે. ફેફસાંમાં પાણી ભરાતાં

‘હાર્ટ ડાઈલેટ’ થયું હોય એમ લાગે છે. મોઢું ફૂલેલું અને હસતું રાખી બધાંની સાથે પ્રેમથી વાતો કરું એટલે કોઈને શરીરની બીમારી અને દુખાવાનો ખ્યાલ ના આવે. તો પ્રેમ રખાય તો રાખજો. હવે તેઓશ્રી ફંડફાળા માટે કોઈને ત્યાં જતા નથી. બે વખત ગાડીમાં ફરવા જાય છે. બાકી પથારીમાં. બહુ બોલતા પણ નથી. ભૂખ મરી ગઈ છે. થોડી રાબ જમવાના સમયે અને બે વાર સવારે બપોરે ચા. વર્તમાનપત્રો જાતે વાંચતા નથી. કોઈ એકાદ જણ સમાચારનાં મુખ્ય મુખ્ય મથાળાં વાંચે તે સાંભળે. સ્વજનોને પોતાની ખબર કાઢવા આવવાની અને પૂછવાની પણ મનાઈ કરી છે. ‘બહુ વાતો કરી, કહેવા જેવું ઘણું કહ્યું છે. ઘેર રહીને નામસ્મરણ કરો. મને તે વધુ ગમશે, આ તેમનો દરેક સ્વજનને સંદેશો છે. આમ, બધું સમેટવા માંડ્યું.’

## તદ્દન નિઃસ્પૃહી

શ્રીમોટાનું જીવનચરિત્ર જાણીતા વિક્રેતા આર. આર. શેઠની કંપનીએ બહાર પાડેલું છે. તેમાં શ્રીમોટાનાં જન્મસ્થાન, ઉછેર, અભ્યાસ અને બીજે જે જે સ્થળોએ તેઓ રહેલા તેના ફોટા પાડેલા તે પ્રસિદ્ધ થયા છે. તે તેમને ૧૯૭૪ના ઑક્ટોબરમાં બતાવ્યા. તે જોઈને તેઓશ્રી બોલ્યા કે ‘જીવનચરિત્ર લખવાની આ જ સાચી રીત છે. લેફ્ટ. કર્નલ શ્રી બળવંત ભટ્ટે ઘણો ખર્ચો કરીને ફોટા લીધા છે.’ એ તેમણે યાદ કરીને તેમનાં કાર્યની કદર કરી.

અને તેમને વધુમાં કહ્યું કે ‘અમારો વિચાર તમારી સાધનાના અને ઈતર જગ્યાઓના ફોટાઓ લેવાનો છે. એ જીવનચરિત્રમાં છપાય કે નહિ તેની પરવા નથી, પણ એ બધાંનું એક આલબમ બનાવીને આશ્રમને ભેટ આપવું, એવી શ્રી બળવંતભાઈની ઈચ્છા

છે, જેથી કરીને ભાવિ પેઢીને ચિત્રોમાં આપનું જીવન યાદ રહે.' પૂજ્યશ્રીને આ વિચાર ગમ્યો, પણ સ્મિત વેરતાં કહ્યું કે 'મને મારી હયાતી દરમિયાન ના આપશો. નહિ તો હું વેચી દઈશ.' આ સાંભળીને બધાં હસી પડ્યાં. હા, તેમને મળતી ભેટો તેઓ સંઘરી રાખતા નથી અને વેચીને સારાં કામ માટે પૈસા ઉપજાવે છે, એ જાણીતી વાત છે.

બનારસમાં ૧૯૩૯ની સાલમાં રામનવમીને રોજ તેમને નિર્ગુણનો સાક્ષાત્કાર થયેલો. ત્યારે તેઓશ્રી જે જગ્યાએ રહેતા તેની છબી લેવાનો અમારો ઈરાદો દર્શાવી તેનું ઠેકાણું જાણવા માગ્યું, જો તે તેમને યાદ હોય તો. ત્યારે તેઓશ્રી કહે, 'એ જગ્યાનું મને કશું યાદ નથી. બે વાર હું ત્યાં ગયેલો અને બીજાઓની સાથે પત્રવહેવાર કરેલો. તેમાં સરનામું હોઈ શકે. પણ તે પત્રો મેં સાચવી રાખ્યા નથી. બીજા કોઈની પાસે તે હોય તો હોય.' પછી અટકીને કહે, 'પણ ત્યાંના ફોટાનું શું કામ છે ? જવા દેને, ખાલી ફરવા જવું હોય તો જજો, પણ ફોટા માટે ના જતા.' આવી તેમની સ્પષ્ટ આજ્ઞાને લીધે ત્યાંના ફોટાનું માંડી વાળ્યું. આમ, તેમને કશાય માટે આસક્તિ નહિ, તદ્દન નિઃસ્પૃહી.

## મોંઘું કોલનવૉટર ક્યાંથી વપરાય ?

શ્રીમોટાને સ્પોન્ડિલાઈટિસ-કરોડના મણકા ખસી જવાનો રોગ થયેલો. તેની અસર પગ ઉપર થઈ હતી. પગ અશક્ત થઈ ગયા હતા. એટલે હાડકાંના રોગના નિષ્ણાત મઢીવાલા શ્રી મંચેરશાની સલાહ મુજબ પગે રોજ તેલમાલિસ થતું. ત્યારે તેઓ ઘણી વાર ચોપાટ પલાંઠી વાળીને બેસતા પણ ખરા. તે જોઈને અમે કહ્યું કે 'મોટા, આવા દર્દવાળા તો બેસી જ ના શકે, શરીર

પણ વાળી ના શકે, પણ આપ તો ઘણી વાર બરાબર ચપ્પટ બેસો છો. એ કેમ ફાવે છે ?' ત્યારે તેઓશ્રી કહે, 'બેસવું ફાવે તો નહિ, દુઃખે. પણ સૂઈ રહેવાથી પાઠાં બળે, બરડો દુઃખે.' દાક્તર કહે કે 'કોલનવૉટર ચોપડો, પાઉડર લગાવો.' 'અલ્યા ભાઈ, આટલું મોંઘું કોલનવૉટર ક્યાંથી આપણે વાપરીએ ? પૈસા કોના બાપના છે ? આપણે તો ભગવાનના કારકુન છીએ. એ કરાવે તેમ કરીએ અને રહીએ. આપણાથી પૈસા વેડફી ના દેવાય.' આવી તેમની લક્ષ્મી અને આશ્રમની મિલકત પરત્વેની નીતિ હતી.

### હું કોણ ?

પૂજ્ય શ્રીમોટા એકવાર મુંબઈમાં હતા. ત્યાં તેમને જાણીતા નેતા સદ્‌ગત શ્રી ઉછંગરાય ઢેબર (ઢેબરભાઈ) મળવાને આવેલા. તેમની સાથે ત્રણેક કલાક સુધી વાતો થઈ. આ લેખક તે વખતે તેમની સાથે ન હતા. પૂજ્ય કહે 'તું ત્યારે હોત તો મજા આવત. ઘણો સત્સંગ થયો.' મને દિલગીરી થઈ. પૂજ્યશ્રીએ ભાઈશ્રી ચંદ્રકાંતને સત્સંગનો સાર કહી દેવા જણાવ્યું. એ સારમાંથી એક વાત યાદ આવે છે. શ્રી ઢેબરભાઈએ પૂછ્યું, 'હું કોણ ?' એવો પ્રશ્ન પૂછીને પોતાની જાતને ઢંઢોળવાની મહર્ષિની ક્રિયા સહેલી નથી ?

**શ્રીમોટા :** એક રીતે એ સહેલી છે. પણ 'હું કોણ ?' 'હું કોણ ?' એ પ્રશ્ન આપણા મનમાં નિરંતર ઘૂંટાવો જોઈએ. તો જ તેની અસર થાય. કોઈ પણ સાધનામાં સાતત્ય અને જાગૃતિ પ્રગટવાં જોઈએ.

### કેવળ પુરોહિત તરીકે

એક ભાઈ શ્રીમોટા કને આવીને કહે, 'મોટા, તમારા હાથે

પેલા...ભાઈનું લગ્ન થયેલું પણ નિષ્ફળ ગયું,' 'તો એમ કરોને બે પૈસાની મેશ લાવીને મારે મોઢે ચોપડો.' પ્રશ્નકાર આવા પ્રત્યુત્તરથી ઠંડો થઈ ગયો. તે કહેવા લાગ્યો, 'મોટા, લોકોના મનમાં એવી અપેક્ષા કે આપના આશ્રમે, આપના આશીર્વાદથી લગ્ન થાય તો તેઓ સુખી જ થાય.' 'ના, એવું નાયે બને. એ લોકો મારી પાસે આવે તો હું ના ન પાડું. તેથી મને દાન મળે છે અને હું સમાજના હિતમાં વાપરું છું. લગ્ન કરી આપું પણ તેમનો સંસાર સુખી થાય તેની ગૅરંટી નથી આપતો, પણ જેઓ ચેતનનિષ્ઠમાં હળી, મળી, ભળી, ગળી ગયેલાં છે, તેવાના કેસમાં મુક્તાત્માના આશીર્વાદ ફળે ખરા.' બાકી તો તેઓ કેવળ પુરોહિતનું કામ કરતા હોય છે. આ બહુ સમજવા જેવી વાત છે. મહાત્માના આશીર્વાદ મળે તો આપણો બેડો પાર થઈ જાય એવી આપણી માન્યતા કેટલી ભૂલભરેલી છે, તે આ દાખલાથી સમજાઈ જશે.

## મારી સાથે થાક નહિ લાગે

શ્રી નંદુભાઈના બે ભત્રીજાઓ, મોટો હરિ અને નાનો હરિ, રામનવમીના ઉત્સવમાં ભાગ લેવા ત્રિચિથી મુંબઈ આવેલા. તેમની સાથે પૂજ્ય શ્રીમોટા વાત કરે, 'અમે એક માસ એક જંગલમાં ગાળવા જવાના છીએ, ત્યાં બધું કામ હાથે કરવું પડશે. વાસણ, કપડાં, કચરો બધું જાતે સાફ કરવાનું. અમારી સાથે આવીને કામ કરતાં થાકશો નહિને ?'

નાનો હરિ જરા બોલકો અને રમૂજી છે. તે કહે, 'મોટા, કામ તો કરીશું પણ થાક લાગે તો નહિ થાય.'

**શ્રીમોટા :** 'મારી સાથે તમે હશો તો થાક નહિ લાગે.'

'તો વાંધો નહિ.'

વાત સાચી. પૂજ્ય શ્રીમોટા કોઈના ઘરમાં રહ્યા હોય ત્યારે યજમાનને ત્યાં ખૂબ કામ રહે. વહેલી સવારે ચાર વાગ્યે ઊઠવાનું અને રાત્રે સાતઆઠ વાગ્યા સુધી સતત કામ રહે. જે યજમાનને ચાર વાગ્યે ઊઠવાની ટેવ ના હોય તેને પણ તેટલા વહેલા ઊઠવાનું અને વહેલા ઊઠે, પણ કદી થાક ના લાગે, કંટાળો નહિ, એમ તેઓ કહેતા. શ્રીમોટા વિદાય થાય પછી કંઈક લાગે, તેમની ચેતના બધાંને મદદ કરે. એ દરેકનો અનુભવ છે.

## ત્યાગ અને ગુણોની કદર

મહાત્મા ગાંધીજીના સાથી અને ભક્ત પંડિત શ્રી નારાયણ ખરે **'આશ્રમ ભજનાવલિ'**ના સંપાદક, સાબરમતી આશ્રમે રહેતા. તેઓ એક ઊંચી કોટિના શાસ્ત્રીય સંગીતકાર હતા. સાબરમતી આશ્રમમાં આવતાં પહેલાં કોઈ એક દેશી રાજ્યમાં સંગીતકાર તરીકે ખૂબ માનમરતબા સાથે એમનું જીવન વ્યતીત થતું હતું, પરંતુ દેશ પ્રત્યેની દાઝને ખાતર અને રાષ્ટ્રીયતાને રંગે રંગાઈને એમણે જીવનનું એ સુખચેન ત્યાગ્યું અને ફકીરી સ્વીકારી. હૃદયના એ ભક્ત હતા. સંગીત અને હૃદયની સાચી ભક્તિનો એમનામાં સુમેળ હતો. આ જ કારણે પૂજ્ય શ્રીમોટા, સાબરમતી આશ્રમમાં રહેતા ત્યારે બંને વચ્ચે એક સાત્ત્વિક ભાવાનુરાગનો સંબંધ હતો. એકમેકના હૃદયના સૌંદર્યને તેઓ પિછાનતા હતા. પંડિત શ્રી નારાયણ ખરેએ મનોમન પૂજ્ય શ્રીમોટાનું (તે વખતના ચૂનીલાલ ભગતનું) હીર પારખ્યું હતું. પૂજ્ય શ્રીમોટા પણ એટલા જ અંતરના ગુણાનુરાગી હતા. તે વખતે તો આશ્રમમાં એમની નમ્રતાની સાધના થતી હતી. એટલે બહુ વ્યક્ત ના થતા. સમય

જતાં શ્રી નારાયણ ખરેનો દેહાંત થયો. વખત જતાં પૂજ્ય શ્રીમોટાએ સાક્ષાત્કાર પછી આશ્રમ સ્થાપના કરી અને આધ્યાત્મિક માર્ગદર્શન આપવું શરૂ કર્યું. તે સમયે એમની ઘેર ઘેર પધરામણી થતી. એ કાળે પૂજ્યશ્રીને, શ્રી નારાયણ ખરેના, નમ્ર ભક્તના ગુણોની કદર કરવાનું મન થયું.

શ્રી નારાયણ ખરેનાં દીકરી મથુરીબહેન ખરે પણ સારાં સંગીતકાર અને આકાશવાણીના ભક્તિસંગીતનાં નામી કલાકાર. પૂજ્ય શ્રીમોટાને એમનાં પર દીકરી સરખું વહાલ. પૂજ્ય શ્રીમોટાની જે કોઈ પધરામણી કરવા ઇચ્છે તેને મથુરીબહેનને આમંત્રણ આપવાનું તેઓશ્રી સૂચવે. એમનાં ભજનો ગોઠવાય અને પધરામણીને કારણે જે કાંઈ ભેટ પૂજ્ય શ્રીમોટાને ચરણે ધરવામાં આવે તે આગવી રખાય. આ રીતે પૂજ્ય શ્રીમોટાએ દસેક હજાર જેટલી રકમ એકઠી કરી તેનું અલગ ટ્રસ્ટ રચી મથુરીબહેનને સુપરત કર્યું. આ રીતે પોતાના જૂના સ્નેહી અને રાષ્ટ્રીયતાને રંગે રંગાયેલા એક અનોખા સંગીતકાર અને અંતરના સાધુપુરુષ કે જેણે પોતાની ભવ્ય કારકિર્દીનો ત્યાગ કરી સાધુતા સ્વીકારી હતી, તેના ગુણોની કદરદાની રૂપે પૂજ્ય શ્રીમોટાએ આ કાર્ય કર્યું.

## હાલતાં ચાલતાં ભજન લેખન

એકવાર શ્રીમોટા, મુંબઈથી બૅંગ્લોર વિમાનમાર્ગે જઈ રહ્યા હતા. સાંજે વિમાન ઊપડવાનું હતું. એટલે કેટલાક ભક્તો ઍરપૉર્ટ પર આવી પહોંચેલા. અમે જઈને તેમને નમન કર્યું. મારો હાથ પકડીને દબાવ્યો. એમાંય પ્રેમનો સ્પર્શ અનુભવ્યો. દરમિયાન તેમને કંઈક કડીઓ ‘અનુભવ’ વિશે સ્ફુરી આવી. એ કડીઓનો અર્થ

એવો હતો કે અનુભવીનું કામ મૌલિક, સ્વાભાવિક અને અનોખું હોય છે. તેમણે કહ્યું, 'ભગવાને કેવા કેવા ગૂઢ સબજૅક્ટ (વિષયો) પર લખાવ્યું છે !' 'સ્વાર્થ', 'રાગદ્વેષ', 'જિજ્ઞાસા', 'કૃપા', 'ભાવ', 'સદ્‌ગુરુ' વગેરે. આવું લખેલું ક્યાંય જોવામાં આવતું નથી ! વર્ષો પછી જ્યારે કોઈક અભ્યાસી જાગશે અને જોશે ત્યારે કહેશે કે 'કોઈ માણસ નીકળ્યો હતો, જેણે આવું શાસ્ત્ર લખ્યું છે ?' અત્યારે કોઈને એવી ખબર નહિ પડે કે કદર નહિ કરી શકે. આ સમય દરમિયાન તેઓશ્રી ખૂબ ભજનો લખતા હતા.

### અહમ્ ઉપર પ્રહાર

પૂજ્ય શ્રીમોટાનું જીવનચરિત્ર જાણીતા પુસ્તક વિક્રેતા આર. આર. શેઠની કંપનીએ પ્રસિદ્ધ કર્યું છે. તે માટે 'વીણેલાં મોતી' નામક એક વિભાગ તૈયાર કરેલો. 'વીણેલાં મોતી' એ 'મુંબઈ સમાચાર'નું એક એવું કૉલમ હતું, જેમાં મહાપુરુષોના જીવનના પ્રેરણાદાયી પ્રસંગો પ્રસિદ્ધ થતા. (આજે એ કૉલમ બંધ છે.) એ કૉલમ હેઠળ પૂજ્ય શ્રીમોટાના ઘણા ઘણા પ્રસંગો છપાયા છે. એ જ પ્રસંગો પ્રસ્તુત જીવનચરિત્ર પુસ્તકમાં છપાય તો તે દરેક પ્રસંગની નીચે 'મુંબઈ સમાચાર' અને તેમાં પ્રગટ થયાની તારીખ લખવી, એવી સૂચના શ્રીમોટાએ કરી. તે સામે તે કૉલમના અને આ પુસ્તકના સંપાદક શ્રી રતિલાલ મહેતાએ એવી દલીલ કરી કે 'મુંબઈ સમાચાર'નું નામ વગેરે લખવાની શી જરૂર ? એ લેખો કંઈ 'મુંબઈ સમાચારે' પોતે લખ્યા-લખાવ્યા નથી કે તેનો કૉપીરાઈટ નથી. ત્યારે શ્રીમોટાએ જણાવ્યું કે એ દૈનિકના નામનો ઉલ્લેખ કરવાથી આપણું સારું દેખાશે. તોય શ્રી મહેતા એ સૂચન સ્વીકારવા રાજી ન હતા. એટલે શ્રીમોટા મોંનો ભાવ અને અવાજ

બદલીને રોષપૂર્વક ગર્જ્યા : 'એવું લખવામાં આપણું જાય છે શું ? ઊલટું એને (મું.સ.)ને સારું લાગશે.' એમની આંખો અને ચહેરો લાલ થઈ ગયાં હતાં. એ રૌદ્ર સ્વરૂપ આજે આઠ વર્ષ પછી પણ ભુલાયું નથી. ત્યારે એમની સામે જોવાની હિંમત રહી નહિ, એમનું એવું રૂપ કદી જોયું ન હતું. ચેતનાનાં બે પાસાં : 'પ્રેમ અને સખતાઈ.' એવું તેઓશ્રી કોઈ કોઈ વાર સમજાવતા. સખતાઈનો આવો અનુભવ પહેલી વાર અને એક જ વાર થયેલો ત્યારે ઠરી જવાયું. અહમ્ ઉપર એ જબરો પ્રહાર હતો. ક્યાંય સુધી અમે આઉટ ઑફ મૂડ થઈ ગયાં હતાં, પણ તેઓશ્રી તો તુરંત જાણે કશું ના બન્યું હોય તેમ વર્તતા.

**ભગવાનને 'ત્રિગુણરહિતં' ના કહેવાય**

એકવાર આ સંપાદકને ત્યાં પૂજ્યશ્રીની પધરામણી થઈ. આ પધરામણી નવી નવી હતી. એટલે તેઓશ્રીની પાદપૂજા કરવાનું મન થયું. પૂજા દરમિયાન નીચેનો શ્લોક બોલાયો :-

*બ્રહ્માનંદં પરમ સુખદં કેવલં જ્ઞાનમૂર્તિં*
*દ્વંદ્વાતીતં ગગનસદૃશં તત્ત્વમસ્યાદિલક્ષ્યમ્ ।*
*એકં નિત્યં વિમલમચલં સર્વધીસાક્ષીભૂતં*
*ભાવાતીતં ત્રિગુણરહિતં સદ્‌ગુરું તં નમામિ ॥*

છેલ્લી લીટી સાંભળ્યા પછી પૂજ્યશ્રી કહે : છેલ્લી લીટીમાં 'ત્રિગુણરહિતં' આવે છે, તે બરાબર લાગતું નથી. ચોપડી જુઓ. જોયું. પુસ્તકમાંથી એ શ્લોક કાઢીને વાંચી બતાવ્યો. તેમાં પણ 'ત્રિગુણરહિતં' લખેલું હતું. પૂજ્યશ્રી કહે કે ભગવાનને 'ત્રિગુણરહિતં' ના કહેવાય. 'દ્વંદ્વાતીતં', 'ભાવાતીતં' આગળ આવે છે, તેમ 'ત્રિગુણાતીતં' જોઈએ. એ (પરમેશ્વર) ત્રણે ગુણોથી પર

છે. 'ગુણરહિત કે બહાર છે' એમ કહીએ તો તે ખોટું કહેવાય. એ બે શબ્દો વચ્ચેના અર્થમાં ફરક છે, એ ધ્યાનમાં આવે તો મારું કહેવું સમજાશે.

'સમજાય છે, મોટા.' આપનું કહેવું બરાબર છે. તો આ શ્લોકમાં 'ત્રિગુણરહિતં' કેમ લખ્યું હશે ?'

'કદાચ પ્રાસ મેળવવા ખાતર લખ્યું હોય, પણ એટલા ખાતર જ એવું ના લખાય. જે હોય તે. આ તો સમજવા માટે કહ્યું.'

પૂજ્યશ્રીની દૃષ્ટિ કેટલી સૂક્ષ્મ છે, તે આ પરથી જાણાય છે.

## વાદવિવાદથી દૂર

પૂજ્ય શ્રીમોટાના એક વખતના ઉપરી, પછી મિત્ર અને પછી ભક્ત બનેલા સ્વ. શ્રી હેમંતકુમાર નીલકંઠ પૂજ્યશ્રીની લાક્ષણિકતાઓ નોંધે છે, તે બોધદાયક હોઈને તેમાંથી થોડું સાભાર ઉતારવાનું મન થાય છે. સાક્ષાત્કાર પહેલાંની આ વાત છે :-

શ્રી હેમંતકુમાર કહે, 'ચૂનીભાઈ, તમને જોઈને મને ઈશ્વરનું ભાન થાય છે.'

'તો તો સારું,' શ્રીમોટાએ હસીને જવાબ આપ્યો. શ્રીમોટાનું એક બીજું વાક્ય તેમને યાદ રહી ગયેલું તે આ છે : - 'મારું બેટું મન ! ક્યાંનું ક્યાં દોડી જાય છે !' કહેવાની જરૂર નથી કે આ વાક્ય દ્વારા અસ્થિર મનવાળા પર તેમનો કટાક્ષ હતો કે બળાપો હતો.

એકવાર શ્રી હેમંતભાઈએ પૂજ્યશ્રીને દરખાસ્ત કરી, 'મારા જે દોષ તમને દેખાય, તે મને જણાવશો અને તમારા હું જણાવીશ.'

'ના, મને તમારા દોષ નહિ દેખાય' એમ કહીને તે દરખાસ્તનો શ્રીમોટાએ અસ્વીકાર કરેલો.

'શ્રીમોટા ત્યારે પણ કોઈની સાથે ચર્ચામાં કે વાદવિવાદમાં ઊતરતા નહિ.' અને શ્રી હેમંતભાઈ જણાવે છે, 'સાબરમતી આશ્રમમાં પણ રાજદ્વારી ચર્ચાઓ થાય, પણ શ્રી ચૂનીભાઈ તેમાં ભાગ ના લે. મારો તો વાદવિવાદનો સ્વભાવ જ, પણ એમને ભાગ્યે જ ચર્ચામાં ભાગ લેતા જોયા છે. ૧૯૩૯ પહેલાં તો એકે પ્રસંગ યાદ નથી. કેવળ ભગવાનની જગતથી ગુપ્ત રીતે થતી સાધના સિવાય બીજા કોઈ વિષયમાં તેમને રસ ન હતો. એમને કોઈ પણ પુસ્તક વાંચતા પણ જોયા નથી. આધ્યાત્મિક વિષયનું એક પણ પુસ્તક એમણે ૧૯૩૮ સુધી તો વાંચ્યું હોય એમ યાદ નથી. માત્ર એક ગીતાનો અભ્યાસ ખરો.'

### ભક્તોના શ્રેય ખાતર

જેણે શ્રીમોટાને પોતાના હ્રદયમાં પધરાવ્યા તેનું શ્રેય પ્રેય કરવા તેઓશ્રી તત્પર હોય. એક બહેનને તેમના માટે ઘણો ભાવ, પણ તે તેમને પ્રસાદ લેવા નોતરતાં ગભરાય, કેમ કે તેમની સાથે ચારપાંચ ભક્તો તો હોય જ. એટલે રસોઈ કરતાં તે બહેન 'નર્વસ' થઈ જાય. પૂજ્યશ્રીને આની ખબર પડી ગઈ. એટલે તેઓશ્રી જાતે લખી જણાવે કે 'અમુક દિવસે સાંજે આપને ત્યાં ખીચડી શાક જમીશું અને શાક રીંગણાં બટાકાનું.' અને એ બહેન બનાવે. પૂજ્યશ્રી ઘરમાં પધારતાં જ બહેનની ખબર પૂછે અને શાક ચાખવા માગે, ચાખીને કહે કે 'સરસ થયું છે.' આ રીતે તેને ઉત્તેજન આપે. પણ એકવાર પૂજ્યશ્રી સવારે પ્રસાદ લેવા પધારવાના હતા ત્યારે તે બહેનને ઝાડા થઈ ગયા. પૂજ્યશ્રીને ખબર પડી. બહેનને પાસે બોલાવી તેની ખબર પૂછતાં બહેનનો હાથ પકડ્યો

અને નાડી જોઈ. સહજ રીતે, કોઈને ખબર ના પડે એ રીતે. તે પછી બહેન કહે, 'મારામાં જાણે શક્તિનો સંચાર થઈ ગયો, ભડક અને ફડક ચાલી ગઈ. ઝાડા બંધ થઈ ગયા !' બીજી બાજુ પૂજ્યશ્રીને તે જ સમયે ઝાડા થઈ ગયા ! માબાપથી અધિક પ્રેમ વરસાવતા હતા એ 'મોટા.'

એ જ બહેનને ત્યાં એકવાર પ્રસાદ લીધા બાદ અન્યત્ર જવાની તૈયારી કરતાં બોલ્યા, 'ખાનારનું ભલું થજો, ખબડાવનારનુંયે ભલું થજો. આ ઘર સાંઈબાબાનું ઘર છે.' આમ, તેઓશ્રી કોઈ પણ નિમિત્ત કાઢીને ભક્તના કલ્યાણ માટે તૈયાર રહેતા અને તેની શ્રદ્ધા બળવત્તર કરતા.

પૂજ્ય શ્રીમોટાનાં એક ભાભી નડિયાદની મિલમાં કામ કરતાં હતાં. તેથી તેમની કમાણી કેટલી હોય ? એટલે શ્રીમોટા કોઈ કોઈ વાર સ્વતઃ તેમના ઘરે જઈ ચડે અને 'ભૂખ લાગી છે, કંઈ પણ ખાવાનું ચાલશે.' એમ કહીને ભાભીને લાભ આપે. 'જેનું લૂણ ખાધું છે, તેનું વળતર મારો હજાર હાથવાળો આપશે.' એની ઘણી વાર યાદ અપાવતા. આવી તેમની અદ્‌ભુત વર્તનકળા હતી !

## સ્વજનનું સ્મરણ

સ્વજનનું શ્રેય કરવા તેનું સ્મરણ રાખવું પડે. એટલે શ્રીમોટા વિવિધ રીતો યથાસમયે આચરતા. એક બહેન પાસેથી તેની રેશમી ફાટી ગયેલી સાડી માગી લીધેલી. અને ફાટેલી સાડીના એવી રીતે ટુકડા સાંધીને કર્યા કે તે લુંગીની જેમ પહેરી શકાય. અને તેઓશ્રી રોજ રાત્રે કેટલાય વખત સુધી તે પહેરતા હતા, એમ શ્રી નંદુભાઈએ નોંધ્યું છે. ભલેને બીજાઓ તે જોઈને હસે. બંગડી પહેરી રાખતા તો સાડી પહેરવી એ શું તેમને માટે મોટી વાત

હતી ? અરે ! કન્યાકુમારી માતાનાં દર્શને તેઓશ્રી સાડી પહેરીને ૧૯૪૧માં ગયા હતા. કારણ ! માતા પ્રત્યે એક સ્ત્રીની ભાવનાનું ઉદ્દીપન થાય અને ઊંચા ભાવથી પ્રાર્થના થાય.

### શક્તિ હ્રાસ

એક બહેન પૂજ્ય શ્રીમોટાને કહે, 'મોટા, હું શ્રીસત્ય સાંઈબાબાના આશ્રમે જઈ આવી. બહુ આનંદ થયો !'

'પણ, તમારા સદ્‌ગુરુ તો...'

'તેથી શું થઈ ગયું ? હું બધાંમાં મારા સદ્‌ગુરુને જ જોઉં છું.'

'તો તો સારું, પણ એવી સ્થિતિનાં લક્ષણો જુદાં હોય છે.'

'મોટા, એમ કહીને શ્રદ્ધા કાં તોડો છો ?' તે બહેન જરા ગંભીર અને પછી રડતા અવાજે બોલ્યાં. એટલે પૂજ્ય શ્રીમોટાએ તેમની બેઠક પરથી ઊઠીને બહેનના ખોળામાં માથું મૂકીને માફી માગી અને બોલ્યા, 'તમારી શ્રદ્ધા તોડવા નથી કહેતો, પણ જ્યાં સુધી આપણે આગળ વધ્યાં ના હોઈએ ત્યાં સુધી એકાશ્રય કરવો સારો. અહીં તહીં દોડવાથી શક્તિનો હ્રાસ થાય છે. હા, જેની સાથે હૃદયનો સ્નિગ્ધ ભાવ હોય તો તેવા મહાત્માનાં દર્શને જવામાં ખોટું નથી, પણ જે જે મહાત્મા પાસે જઈએ ત્યાં ત્યાં આપણા સદ્‌ગુરુનો જ ભાવ દઢાવવો.'

### બાળકો કેમ બગડે છે ?

એક બહેન તેના નાના દીકરાને લઈને પૂજ્યશ્રી કને આવીને છોકરાનાં તોફાનો સામે વરાળ કાઢતાં કહે છે, 'મોટા, આ છોકરો બહુ પજવે છે. બહુ તોફાન કરે છે. તેમાં તેના હાથે વાગ્યું અને પાટો બાંધવો પડ્યો.' પૂજ્ય શ્રીમોટા, નાના છોકરાને પૂછે, 'તારી

બા તને મારે છે ?'

'હા.'

'છોકરાને મારવાને બદલે એના બાપને કેમ વઢતાં કરતાં નથી.' પૂજ્ય શ્રીમોટા, થોડા રમૂજ ભાવે કહે.

શ્રીમોટા, છોકરાને પૂછે, 'તને તારા બાપા મારે છે ?'

'હા, મોટા.'

'જોયુંને ?' શ્રીમોટા ગંભીર અવાજે કહે, 'છોકરાંને વહાલ કરવાનું કોઈને આવડતું જ નથી. પછી છોકરાં તોફાન કરે તો ફરિયાદ કરે, 'છોકરાં ખરાબ છે, તોફાની છે.' આવા વાતાવરણમાં છોકરાં બગડે નહિ તો બીજું શું થાય ?'

આવાં કારણે એ છોકરો મોટો થતાં બહાર રખડતો થઈ ગયો. ૧૫-૧૬ વર્ષની વયનો થવા છતાં બાપ એને મારે અને ઘરની બહાર કાઢી મૂકે. પછી એકવાર છોકરાને ઘરમાં આવવાની બંધી કરી તે આજ સુધી. છોકરો ગમે ત્યાં ભટક્યા કરે છે. હાલ તે ચક્રમની જેમ ફરે છે અને ઘણી વાર કહે છે. મારાં માબાપ ગાંડા છે એટલે હું પણ ગાંડો થઈ ગયો છું ! આથી જ પૂજ્ય શ્રીમોટા, હંમેશાં બાળકોને વહાલ કરવા પર ખૂબ ભાર મૂકતા હતા.

## આપેલું નકામું નથી જતું

પૂજ્ય શ્રીમોટા તેમના કર્મયોગથી જાણીતા થતાં કેટલાક ભક્તો તેમને ધંધામાં નફો થાય, તો તેમાંથી બેપાંચ ટકા જેટલો ભાગ દર વર્ષે આપવા લાગ્યા. આ વિશે સહેજ વાત નીકળી.

'મોટા, જે કોઈ આપને તેમના નફામાં ભાગ આપે તેનું કલ્યાણ ના થઈ જાય ?'

'ઠીક પૂછવામાં આવ્યું.' શ્રીમોટા ગંભીર થઈને બોલ્યા, 'જો કોઈનો હેતુ આવો હોય કે મોટાને આપવાથી મોટા તેનું રક્ષણ કરશે, તો તેવી નિશ્ચિતતા મારાથી મુદ્દલે આપી શકાય નહિ. છતાં એટલું સ્પષ્ટ કહી દેવું જોઈએ કે હું કોઈનું કંઈ પણ મફત લેતો નથી તેમ મફત ખાતો પણ નથી. મને આપવાવાળો તો મારો હજાર હાથવાળો ભગવાન છે. એને ગમે તેને પણ નિમિત્ત ઊભું કરી દેતાં થોડી જ વાર લાગે તેમ છે ? જે મને મળે છે તે આખરે દાનમાં જ જાય છે. એનું પુણ્ય પણ મારે જોઈતું નથી.'

**પ્રશ્ન :** પરંતુ મોટા, દાન દેનારને કંઈક લાભ તો થાય જને ?

**શ્રીમોટા :** 'જેઓ પ્રેમભાવથી, બદલાની આશા વિના મને આપે છે, તેમને માટે હું તો સંકલ્પ કરીને તે પુણ્ય તેમને મળો એવી મારી પ્રાર્થના પ્રભુને હોય છે. કોઈનોય પેટમાં પડેલો દાણો બોલી ઊઠે છે, તેવી રીતે અમે કોઈને પણ બેવફા તો થઈ શકતા નથી. જેનું લૂણ ખાધું, તેનું વળતર વાળવાનું કામ તો સમર્થ હજાર હાથ અને હજાર આંખવાળા ભગવાનનું છે. મારી પાસે જે કોઈ વળતરની આશા અપેક્ષા રાખશે તેને નિરાશા જ મળશે.'

આમ છતાં કરુણાસભર ભક્તપ્રેમી શ્રીમોટા તુરંત જ વધુમાં બોલતાં આશ્વાસન આપે છે : 'તમે મને આપો છો, તે નકામું જતું નથી. અને તમારું ઋણ હોવાથી હૃદયમાં હૃદયથી પ્રાર્થના તો થયા જ જશે. સાચવવાનું કામ તો ભગવાનનું છે.'

**'રામ રા...મ', 'રામ રા...મ !'**

આપણે ઘણી વાર પૂજ્ય શ્રીમોટાને આશ્રમમાં કે આશ્રમની બહાર રસ્તામાં મોટેથી 'હરિઃૐ'ની બૂમ મારી ભક્તોને

આવકારતા કે વિદાય આપતા સાંભળ્યા છે. પાશ્ચાત્ય દેશોમાં મોટેથી બોલવું અવિનય ગણાય છે, પરંતુ પૂજ્ય શ્રીમોટા શા માટે મોટેથી 'હરિઃૐ' કે 'રામ રા...મ' કરતા ? સાધકને આગળ વધતાં વધતાં ઘણી વાર 'ભાર' લાગતો હોય છે. તેવી રીતે સંસારી જીવને 'ભાર' કે 'તાણ' લાગતાં હોય છે. બહેનોને વિના કારણે રડું આવતું હોય છે. ત્યારે પૂજ્ય શ્રીમોટા આ 'ભાર'ને હલકો કરવા મો...ટેથી એકાંતમાં જઈને 'હરિઃૐ' પોકારવાની સલાહ આપતા, પરંતુ તેમની એવી બૂમ તો સામેની વ્યક્તિને ભાવથી ભરીને ઉછાળી દે. શ્રી હેમંતભાઈ જણાવે છે, કે 'મેં તેમને કદી ગ્લાનિમાં જોયા નથી પણ તેઓ વધારે સ્ફૂર્તિ-આનંદ મળે (પોતાને તથા અન્યને) તે માટે તેઓ મોટેથી એમ બોલતા હશે. જે હોય તે પણ આખો આશ્રમ (સાબરમતી) જાણે કે ગાજી ઊઠે એવી રીતે.'

'મોહ...ન !' (નરહરિભાઈનો દીકરો) રામ રા...મ.'

'વનુબહે...ન ! (નરહરિભાઈની દીકરી) રામ રા...મ.'

'ધૂળાભા...ઈ ! (એક હરિજનભાઈ) રામ રા...મ.'

એમ કરતાં કરતાં નૂતન વર્ષ જેવા શુભ પ્રસંગે આશ્રમનાં (સાબરમતી) બધાં ઘર આગળથી ફરી વળે અને સામસામું 'રામ, રામ' 'રામ, રામ' ચાલ્યા કરે.

એકવાર તેઓશ્રી અને શ્રી હેમંતભાઈ ખારથી મુંબઈ લોકલ ગાડીના બીજા વર્ગના ડબ્બામાં બેસી જતા હતા. એટલામાં એમની નજર સામેના પાટા પરની ગાડીમાં બેઠેલા એમના એક વખતના સાથી કાર્યકર્તા પર પડી અને શ્રીમોટાએ તો આખો ડબ્બો ગાજી ઊઠે એવી બૂમ પાડી : 'એ રામ રા...મ શ્યામલાલભાઈ ! રામ રા...મ !' શ્રી હેમંતભાઈ કહે છે, કે 'એમનું (શ્રીમોટાનું) આખું

શરીર ધ્રૂજી ઊઠેલું એટલો પ્રેમ અને 'સિન્સીઍરિટી' એમાં હતાં. લગભગ બધા જ ઉતારુઓ આ 'ગામડિયા' તરફ જોવા મંડી પડ્યા. તે વખતે પોશાક તો પીળું પહેરણ અને ધોતિયું તથા ગાંધી ટોપી હતી. અને શ્યામલાલભાઈ પણ સ્માર્ટ હતા, છે - એમણે ભાવ પકડી લીધો : 'એ ભગ...ત રામ રા...મ !'

ભગવાનનો ભાવ ભરવાની એમની એ અનોખી કળા હતી. એનો અનુભવ અનેક સ્વજનોને મળેલો છે.

**કાળકા માતા... બચાવજો !**

શ્રીમોટાને સાબરમતી આશ્રમમાં બહુ ઓછા અથવા કોઈ પણ ઓળખે નહિ, કેમ કે એમણે એવું મહોરું પહેર્યું હતું. બહેનો એમને ગાંડા ગણાવી ઉડાવે, પાયખાને જતાં તેમને 'આજે માંડી વાળો' એમ બહેનો કહેતાં તેઓ પાછા વળતા. આ બનાવ તેમણે ક્યાંક લખ્યો પણ છે. છતાં બહેનો પ્રત્યેનો તેમનો ભાવ અદ્ભુત હતો, દૈવી હતો એમ કહીએ તો ચાલે. નાનીમોટી છોકરીઓ મળે તેમને કહેતા, 'કાળકા માતા !' તમારા ખપ્પરમાંથી બચાવજો !' અને માથું નમાવી 'જે જે' કરે. બહેનો ખડખડ હસે ! એ બાપડી તે પાછળ રહેલો 'ભગત'નો ભાવ શું સમજે ? શ્રી હેમંતભાઈ નીલકંઠ આવા પ્રસંગોના સાક્ષી છે. તે વિશે આમ નોંધે છે : 'ધેર વૉઝ મેથડ ઈન હિઝ મૅડ્નેસ (તેમનું ગાંડપણ પદ્ધતિસરનું હતું) નાનાં છોકરાંઓને ભણાવે અને વઢે, સજા કરે, પણ સાથે સાથે જ હાથ જોડીને એમને ભગવાનનાં સ્વરૂપે મનમાં પૂજતા જાય, એવું મને તો ઘણી વાર માલૂમ પડ્યું છે.'

**માથે પેટી મૂકીને...**

શ્રી હેમંતભાઈ નીલકંઠને એકવાર સાબરમતી આશ્રમેથી

બહારગામ જવાનું હતું. પૂજ્ય શ્રીમોટા તેમને સ્ટેશને મૂકવા જવા તૈયાર થયા. સાબરમતીના નાના સ્ટેશને પહોંચવાનું હતું. એ સ્ટેશને પહોંચતાં પહેલાં કેટલાક રેલવેના પાટા ઓળંગવા પડે છે અને એક ઠેકાણે મોટી (બ્રૉડ ગેજ) ગાડીના, ગુડ્ઝ (ભારખાનું)નો સામાન ચડાવવા ઉતારવા પ્લૅટફૉર્મ જેવું કરેલું છે. તેના ઉપર ચડીને તે ઊતરીને જવાનું આવે છે. શ્રી હેમંતભાઈ પ્લૅટફૉર્મ ઉપર ચડીને ઊતરીને આગળ નીકળી ગયા છતાં તેમને ખ્યાલ ના રહ્યો કે પાછળ મોટા તેમની પેટી માથે મૂકીને આવે છે ! ત્યાં પાછું વળીને જુએ છે, તો શ્રીમોટા, માથે પેટી સાથે પ્લૅટફૉર્મ ભારે શ્રમ લઈને ચડઊતર કરતા હતા. શ્રી હેમંતભાઈ તેમને મદદ કરવા પહોંચ્યા તે પહેલાં તો શ્રીમોટા પ્લૅટફૉર્મ ઊતરી ગયા. શ્રી હેમંતભાઈ આ વિશે નોંધતાં જણાવે છે, કે ‘આમ મોટા કરે છે, પણ મદદ માટે બૂમ નથી પાડતા. પેટી પાછી મારી જ છે. પછી મને પસ્તાવો એવો થયો કે એ જગ્યાએથી પસાર થતાં કેટલાય વખત સુધી એ પ્રસંગ યાદ આવતો.’ મહાપુરુષોની આવી નાની વાતો કેટલી મોટી હોય છે, એ કહેવાની જરૂર છે ?

**ધ્યાનાવસ્થા**

શ્રીરામકૃષ્ણ પરમહંસની ધ્યાનાવસ્થા અને સમાધિ અવસ્થા વિશે શ્રી હેમંતભાઈએ વાંચેલું એટલે એવી સમાધિ જોવાની એમની ઈચ્છા. ત્યાં એક યોગાશ્રમના પૂજ્ય શ્રી અમરનાથજીએ વાતચીત દરમિયાન કહ્યું કે ‘હું એવી સમાધિ બતાવું જો કોઈ દશ હજાર રૂપિયા આપે તો ? શ્રી હેમંતભાઈના મનમાં એક હજાર રૂપિયા આપવાની તૈયારી. એટલે એ ના બન્યું. દરમિયાન ૧૯૩૮માં તેઓ કરાંચી ગયા. કરાંચીમાં પૂજ્ય શ્રીમોટા તે વખતે શ્રી

પરસદભાઈ મહેતા જેમને 'બાપુ'ના હુલામણા નામે બોલાવતા, તેમને ત્યાં રહેતા હતા. ત્યારે તેમની પેલી ઈચ્છા વગર કહે સંતોષાઈ હતી, તેમ શ્રી હેમંતભાઈ જણાવે છે. શ્રી હેમંતભાઈ કહે છે, કે 'પૂજ્ય શ્રીમોટા કેટલીક વાર જાણી જોઈને ધ્યાનમાં બેસે અને દેહભાન તદ્દન જતું રહે. કોઈ વાર આવી રીતે ધ્યાનમાં ગયા હોય અને એકાએક સમાધિમાં જતા રહે. સમાધિ બહુ લાંબો વખત રહેતી ન હતી, કારણ કે એમણે હંમેશાં સંસારનાં કર્તવ્યોને જાળવીને જ પોતાની અનુભવદશા મેળવી છે. આ ધ્યાન કે સમાધિ દરમિયાન એમની આંખો ઘણું ખરું તદ્દન ઉઘાડી અને પહોળી રહેતી, પણ ડોળા બિલકુલ હાલે નહિ. શરીર તદ્દન લાકડા જેવું અક્કડ. કેટલીક વાર ટટાર બેઠાં બેઠાં પણ પડી ગયા વગર આવી રીતે સ્થિર થઈ જતા. પૂજ્ય બાપુએ (સ્વ. શ્રી પરસદભાઈ એન. મહેતા) આ જાતની સમાધિનું નામ શોધેલું - 'શાંભવી મુદ્રા'- શંભુની-મહાદેવની મુદ્રા, જેનું લક્ષણ હતું અંતર્લક્ષ બહિર્દૃષ્ટિ.'

## સાચી કળા...વિદ્યા

આ પુસ્તકના સંપાદકને હસ્તરેખાશાસ્ત્રમાં કંઈક રસ તેથી તે એક નિષ્ણાત મિત્રને કોઈ કોઈના હાથની રેખાની છાપો મોકલે અને અભ્યાસ કરે. ૧૯૬૩ના ફેબ્રુઆરીમાં તેમને પૂજ્યશ્રીનું પ્રથમ દર્શન થયું અને કંઈક નિકટતા પામતાં તેમની હસ્તરેખાઓની છાપ લેવાની વૃત્તિ સળવળી. તે સંબંધે તેમને વિનંતી કરતાં પૂજ્ય શ્રીમોટાએ તુરંત જ પ્રેમથી તેમના બે હાથ આગળ ધર્યા અને કહેવા લાગ્યા : 'હા, હા, લઈ લો છાપ અને મને કહેજો કે મારા નસીબમાં શું છે ? !' એક જણ હાથ જોઈને કહે કે 'મોટા,

તમારા હાથમાં હાથીઘોડાનું સુખ બતાવે છે !' મેં કહ્યું, 'અરે ભાઈ ! ગધેડાનુંય સુખ નથી.' હસા હસ.

અને તેમની હથેળીઓ કાળી શાહીથી કાળી કરીને તેની છાપો લીધી. પછી એ છાપવાળો કાગળ તેમની સહી (ઑટોગ્રાફ) માટે આગળ ધરતાં તેમણે તે ઉપર આમ લખ્યું. : **'જીવનને જાણવું, સમજવું અને અનુભવવું એ જ સાચી કળા અને સાચી વિદ્યા-મોટા. તા. ૩૧-૧૨-૧૯૬૩.'**

આ ઉપરથી તેમના સમાગમમાં આવતાં ભાવુકોને તેઓશ્રી કેવી રીતે જીતી લેતા તેનો ખ્યાલ આવશે. એ એમની અદ્‌ભુત કળા હતી, કહો પ્રેમકળા હતી. એટલે જ પૂજ્યશ્રી સાથે સત્સંગ વધતાં આ સંપાદકનો હાથ જોવાનો રસ સુકાઈ ગયો.

બીજી એકવાર તેમની હસ્તરેખાઓ પર વાતચીત થતાં તેમણે પૂછ્યું, 'આ હાથમાંની રેખાઓને આભારી આ 'મોટા' છે, કે 'મોટા'ને લીધે આ રેખાઓ છે ?' 'અલબત્ત, મોટાને લીધે.'

**મદદ**

શ્રીમોટાએ અપાર ગરીબી સહન કરેલી તેથી બીજાઓની સ્થિતિ સમજતા હતા અને તેથી તેમણે કર્મયોગ અપનાવેલો. ફાળો ઉઘરાવતા અને સમાજને ચરણે ધરી દેતા. તેમણે ક્યારથી આવી પ્રવૃત્તિ શરૂ કરી હશે તે ચોક્કસપણે કહી ના શકાય, પણ તેઓશ્રી હરિજનસેવામાં હતા ત્યારથી તેમણે તેમની શક્તિ પ્રમાણે શરૂઆત કરેલી, કેમ કે કરુણા અને કદરભાવના એ તેમને પહેલેથી સ્વભાવગત હતી. જાહેર રીતે ફાળો ઉઘરાવ્યાનો એક નાનો પ્રસંગ ૧૯૫૧માં અમદાવાદ ખાતે બન્યાનું શ્રી હેમંતભાઈ જણાવે છે. એ આપણે જોઈએ, કેમ કે એ દ્વારા શ્રીમોટાની મૌલિક રીતની જાણ મળે છે.

અમદાવાદના સાંઈ સમાજના સંચાલક શ્રી રતિલાલ શેઠે પૂજ્ય શ્રીમોટાને સાંઈ ભક્તોની સભામાં સત્સંગ માટે આમંત્રેલા. શ્રીમોટાએ થોડું બોલીને જાહેર કરેલું કે 'જે કોઈને પ્રશ્ન પૂછવો હોય તે પૂછે.' તેનો જવાબ તેઓ આપશે, પણ દર પ્રશ્નદીઠ અમુક આના કે રૂપિયો પ્રશ્નકર્તાએ આપવો અને તે રકમ અમદાવાદના રક્તપિત્તાશ્રમને મોકલી આપવાની છે, એમ પણ તેમણે જાહેર કર્યું. સભાને અંતે રૂ. ૬૭/- ભેગા થયા અને પેલા આશ્રમને મોકલી આપ્યા !

❑

॥ હરિ:ૐ ॥

# ખંડ : ૩

# હળવી પળોમાં શ્રીમોટા

બધી એકાદશી પાળી, બધાં વ્રત આચાર્યા કીધાં,
બધા આચાર વિચાર પૂરી સંભાળથી પાળ્યા.
જઈ દેવાલયે દર્શન કર્યાં, કીધાં સમે સમયે,
છતા લગની ન લાગી જો, ગણો સર્વસ્વ બાકી છે.

- **શ્રીમોટા**

એક ભાઈએ તેની પત્નીને મારી. તે બનાવ વિશે પૂજ્ય શ્રીમોટા આમ લખે છે : 'હૃદયમાં જે દુખાવો ઊપડ્યો છે, તે શમતો નથી. ગઈ રાત્રે પ્રાર્થનામાં એ જ ઉદ્‌ગારો હતા. જો તે બંનેએ તે સાંભળ્યા હોત તો પછી રાતે તે ના બનત. સ્ત્રીઓ સાથે હેવાનિયતપણે કોઈ વર્તે તો જીવ ઝાલ્યો રહેતો નથી. નડિયાદમાં પણ એક પટેલભાઈને ત્યાં રાતે સૂતો હતો. તેમણે તેમની બૈરીને મારવા લીધી. અને રાતે ને રાતે, મધરાત વીતી ગયેલી તોયે, ત્યાંથી ભાગી છૂટ્યો !'

❑

સાંઈબાબાની વાતો કરતાં તેમણે કહ્યું, 'શિરડીમાં બાપુએ (શ્રી પી.એન.મહેતા) ૨૮ દિવસનું મૌન લીધેલું. મને સાથે લીધેલો. ત્યારે તેમની સાથે એકવાર હું સમાધિ મંદિરમાં બેઠેલો. આરતી થઈ રહી હતી ત્યારે જ મને સમાધિ લાગી ગઈ. એટલે બેસી જ રહેવાયું. બાબા તેમનો વરદ હાથ ઊંચો કરીને આશીર્વાદ આપતા

દેખાયા. પાસે આવ્યા અને લાફો જડાવી દેતાં કહ્યું, 'અલ્યા, આરતી વખતે બધાં ઊભાં થયાં છે અને તું કેમ બેસી રહ્યો છે ? ઊભો થા !' મેં તેમની માફી માગી અને ઊભો થયો...તે કાળ દરમિયાન એકવાર સાંઈબાબાના એક ભક્ત અબદુલબાબા મને જોઈને બીજાઓને બતાવતાં કહે, 'હા, આમચા નાતીલા આહે' - આ અમારી ન્યાતના છે !'

❑

એક સ્વજન વહેલી સવારે રાંદેર આશ્રમે આવ્યા. તેથી એક સેવકને પૂજ્ય શ્રીમોટા કહે, 'રતિભાઈ બહાદુર આવ્યા છે, તેમને ચાપાણી અને નાસ્તો કરાવો. ભાઈ, આતો લાંચ-રુશવતનો કાળ છે !' હાજર રહેનારાંઓમાં રમૂજ ફેલાઈ.

❑

મુંબઈનાં એક સામાજિક કાર્યકર્તા બહેન મૌનમંદિરમાં બેસવા જતાં પહેલાં પૂજ્યશ્રીને પગે પડી પ્રાર્થે, 'મોટા, મને મુક્તિ મળે એવી કૃપા કરો.'

'કૃપા એમ મળતી નથી, એવી મારામાં શક્તિ નથી અને દશ દિવસ મૌનમાં બેસવાથી મુક્તિ મળતી નથી.' શ્રીમોટાએ સમજાવ્યું.

❑

પૂજ્ય શ્રીમોટા, શ્રી વસંતભાઈ કોટક (મુંબઈ)ને જોઈને કહે કે 'ભઈ, તમે આમ આવતા રહેજો, મને ગમે છે. બાકી, કોણ મારી પાસે આવે ? તમારા આવવાથી અમારી આબરૂ વધે છે. (બધાં હસી પડ્યાં) વસંતભાઈએ કહ્યું, 'ના, મોટા, અમારી આબરૂ વધે છે.' ❑

એક ભાઈને તેઓશ્રી કહે, 'આજે બધા સાધુસંન્યાસીઓ પણ ચીલેચલુ ચાલે છે. મંદિરો બાંધવાં, યજ્ઞો કરવા આજે જરૂરી નથી. અરે ! તમારાં મંદિરો પણ ઉખેડી નાખશે એવો કાળ આવશે.'

❑

એક પારસી જુવાનને કહે, 'પરણજે, પણ ગરીબ છોકરીને પરણજે, કેમ કે પૈસાદાર ઘરની છોકરી સહન નહિ કરે. જોકે બધી પૈસાદાર ઘરની છોકરીઓ તેવી નથી હોતી, કોઈ કોઈ સારી પણ હોય છે. છતાં ગરીબ ઘરની છોકરી સારી. હું ગરીબ છું માટે એમ નથી કહેતો.'

❑

જાણીતાં લેખિકાબહેન શ્રીમતી વર્ષાબહેન અડાલજા એકવાર શ્રીમોટાનાં દર્શને આવ્યાં. તેમને જોઈને શ્રીમોટા કહે, 'સુંદર નામ છે ! વરસ્યાં કરજો ! તમારી ચોપડી... 'મારે એક ઘર હોય.'★ મને ગમી હતી...પણ મનેય ઘર જોઈએ છે - મારે રહેવા કંઈ નથી.' 'મોટા, આખું વિશ્વ એ આપણું ઘર જ છેને !' વર્ષાબહેન કહે. શ્રીમોટાએ સસ્મિત હાથ જોડ્યા.

❑

કોઈ જીવ શ્રીમોટાનો 'સ્વજન' જેવો બની જાય ત્યારે તેણે પોતાની ટેવો પર તેમનો પ્રહાર ઝીલવા માટે તૈયારી રાખવાની રહેતી. તેમને બેદરકારી, શિથિલતા, મંદગતિ, ભુલકણાપણું, સમયપાલનમાં બેદરકારી એવું બધું ગમતું નહિ. એકવાર સુરત આશ્રમેથી તેમને બહાર જવાનું હતું. મુંબઈથી આવેલ રતિલાલ

★ આ પુસ્તકને હરિઃૐ આશ્રમ પ્રેરિત ભગિની નિવેદિતા પારિતોષિક મળેલું.

મહેતાને તેમણે કહ્યું, 'રતિભાઈ, પાંચ મિનિટમાં તૈયાર થઈ જાઓ, શહેરમાં જવાનું છે.' અને તે ભાઈએ કપડાં બદલવા માંડ્યાં. સાથે કોઈ વસ્તુ લઈ જવાની હતી, પણ તે મળે નહિ. પાંચ મિનિટ થઈ ગઈ, એટલે શ્રીમોટાનો અવાજ સંભળાયો, 'કેમ રતિભાઈ, કેટલી વાર ? આમ કરશો તો સ્ત્રીનો અવતાર આવશે ! નરમ ઠપકા સાથે રમૂજ માણવાનું આમ કોઈ કોઈ વાર મળી જતું.'

❑

પૂજ્યશ્રી અમારે ત્યાં મુંબઈમાં હતા ત્યારે કેટલીક બહેનો આવીને બેઠેલ. કોઈ કંઈ સત્સંગની વાત કરે નહિ. એમાં એક બહેન આંખો મીંચીને નજર નીચી ઢાળીને બેઠેલાં. તેમની ઓળખાણ શ્રીમોટાને આપતાં કહ્યું, 'આ બહેન આપનાં દર્શને પહેલી વાર આવે છે, પણ તેમણે આપનાં બેત્રણ પુસ્તકો વાંચ્યાં છે.' 'ખાલી ચોડાં જોવાં એના કરતાં વાંચવું સારું.' શ્રીમોટા બોલ્યા. વધુમાં તેઓશ્રી કહે, **'જીવન દર્શન'** વાંચજો. નવલકથા જેવું લાગશે.

હા જી.

❑

બૉમ્બે સેન્ટ્રલ સ્ટેશન ઉપર આરામગૃહમાં તેઓશ્રી એક કોચ પર બેઠેલા. કેટલાક ભક્તો આસપાસ ઊભેલા, કેટલાક નીચે બેઠેલા. ત્યારે ઊભેલાઓને તેમની બાજુએ આવીને બેસી જવા કહ્યું, 'ઊભા ના રહો.' તેમની બાજુમાં લગોલગ કેમ બેસાય ? સંકોચ થાય. એટલે તેઓશ્રી કહે, 'બેસાય હોં.' આમ, જો જગ્યા ના હોય તો તેમની બાજુમાં પ્રેમથી બેસાડે. આવી તેમની નમ્રતા હતી. જરાયે મોટાઈ નહિ. ❑

'મોટા, પહેલાં મને અત્રે (આશ્રમે) દોડી આવવાનું ઘણું મન થતું અને તરત દોડી આવતો. હવે હજાર વિચાર કરવાના આવે છે.' ત્યારે શ્રીમોટા કહે, 'એ બતાવે છે, કે મનનું વલણ એ પરત્વે મોળું પડી ગયું હોય !'

❑

મુંબઈમાં શ્રીમોટાની સાથે અમે બધાં એક જણને ત્યાં ગયાં હતાં. ત્યાં યજમાનના ભાઈએ અમારી ઓળખાણ કરી અને ક્યાં રહીએ છીએ તે જાણીને બોલવા લાગ્યા, 'તો તમારી પડોશમાં એક મારવાડી રહે છે, તે મારા પૈસા આપતો નથી અને રોજ ધક્કા ખવડાવે છે. તમે તેને ઓળખો છો ?' 'હા, હું એમની લાઈનમાં જ રહું છું.' તુરંત જ શ્રીમોટા રમૂજ કરતાં બોલી ઊઠ્યા, 'રતિભાઈ, તમે તેમની લાઈનના છો ?' અને બધાં હસી પડ્યાં. શ્રીમોટાએ સ્નાતક થવા સાહિત્યનો વિષય લીધેલો અને નવલકથા લખવાનું શરૂ કરેલું, પણ તે મહાત્માજીની ચીમકીને લીધે અધૂરાં રહ્યા. શબ્દશ્લેષ માટેની કળામાં પણ પારંગત હતા.

❑

સાંઈબાબાના ચમત્કારની વાત નીકળતાં :-

**શ્રીમોટા :** એ વાત સાચી, પણ તેથી આપણને કેટલો ફાયદો થયો ?

**ભક્ત :** શ્રદ્ધા વધી.

**શ્રીમોટા :** એની સાબિતી શી ? કેટલા આગળ વધાયું ?

**ભક્ત :** હા જી. અમે આગળ વધ્યા નથી.

**શ્રીમોટા :** શ્રદ્ધા વધવાના પરિણામરૂપે આપણામાં વધુ ધગશ, વધુ તીવ્રતા અને સ્પૉન્ટેનિયસ-સહજ ભાવના ઉદ્‌ભવવી જોઈએ. ❑

એક ભાઈ પૂજ્ય શ્રીમોટા કને આવી નમસ્કાર કરીને બેઠા. શ્રીમોટાએ તેમને પૂછ્યું, 'કેમ પધારવું થયું ?'

'આપનાં દર્શન કરવા આવ્યો છું.'

'એમ ના કહો, મળવા આવ્યો છું.' એમ કહેશો તો ચાલશે. તેવો જવાબ મને વધુ ગમશે, કેમ કે દર્શન કરનારનાં લક્ષણ જુદાં હોય છે. મારું કામ, ભગવાન નિમિત્તે, કરશો તો એ મારું સાચું દર્શન છે. દંભ છોડો. તેઓશ્રી હંમેશાં કહેતા, 'હું કોઈનો ગુરુ નથી. મારો કોઈ શિષ્ય નથી.' નિકટના ભક્તોને 'સ્વજન' ગણતા, 'શિષ્ય' નહિ. 'સ્વજનો'ને પત્ર લખતા તો પત્રને અંતે 'તમારા મોટાનાં સપ્રેમ ઘણાં ઘણાં વહાલ-' એમ લખતા. કોઈની આગળ કોઈ 'સ્વજન'ની ઓળખ આપતાં કહે, 'આ મારા મિત્ર છે.' આવી તેમની 'સ્વજનો'ને પ્રભુમાર્ગે વાળવાની અનોખી પ્રેમકળા હતી.

❑

૧૯૭૦માં એકવાર પૂજ્ય શ્રીમોટા ચારેક ભક્તો સાથે ડુમસમાં રસ્તા પર ફરતા હતા, ત્યારે એક જણને કહે, 'દિલીપ, કોકાકોલા મળે છે ? જો.' ભાઈ દિલીપ ચાર બાટલી લઈ આવ્યા. પૂજ્ય શ્રીમોટા એક જ ઘૂંટડે પી ગયા અને પછી કહે, 'બહુ ઓછું પાણી છે !' 'હા મોટા. બાટલીનો દેખાવ મોટો પણ પાણી ઓછું.' 'બધે એવું જ હોય છે,' શ્રીમોટાએ વ્યંગમાં કહ્યું, રમૂજ સાથે કટાક્ષ.

એકવાર મુંબઈમાં શ્રી હરમુખભાઈ જોગીને ત્યાં પૂજ્ય શ્રીમોટા હતા ત્યારે વર્ષાઋતુ હતી. એક દિવસ ભારે વરસાદ, વાદળાંની ગર્જના, ગડગડાટ અને વીજળીના ચમકારા સાથે વરસી

રહ્યો હતો. ત્યારે શ્રીમોટા અમારી સાથે વાત કરતાં કરતાં કહે કે 'આવે સમયે આપણા જીવનમાં ખમીર અને ખુમારી પ્રગટે ત્યારે ખરું.' તેમને પોચટપણું, તનમનની નબળાઈ જરાયે ગમતાં નહિ. હિંમત, સાહસ, મર્દાનગી, ધીરજ કેળવવાનું અને મુશ્કેલીઓ સામે ટક્કર ઝીલવાનું હંમેશાં શીખવે.

❑

અનુભવીને જ્યારે નિમિત્ત મળે છે ત્યારે તે એની મેળે પ્રગટ થાય છે, વ્યક્ત થાય છે. પણ તે પણ તે સંઘરતો હોતો નથી, સમર્પણ કરી દઈને ખાલી ને ખાલી જ રહેતો હોય છે.

❑

પચીસ ટકા પરમાર્થ કરો તો આપણે સરકારનાં કામ કરતાંય આગળ વધી જઈશું.

❑

એક બહેન તેમનાં સગાંસંબંધીઓ સાથે શ્રીનાથજીની યાત્રાએ જઈ રહ્યાં હતાં. તે બધાં શ્રીમોટાને પગે પડવા આવ્યાં. ત્યારે શ્રીમોટા પેલાં બહેનને પૂછે, 'એકલાં જાઓ છો કે સજોડે ?' 'એકલી જઉં છું.' 'તો યાત્રા ના ફળે.' શ્રીમોટાએ કહ્યું, 'આજકાલ લોકો યાત્રાને નામે ફરવા જાય છે. જ્યાં સુધી તમે શ્રીનાથજી પહોંચીને દર્શન કરો નહિ ત્યાં સુધી રસ્તામાં સંસારી વાતો કરશો નહિ. આટલું ધ્યાનમાં રાખશો.'

૧૯૩૮ની સાલમાં પૂજ્ય શ્રીમોટાને ખૂબ ઝાડા વગેરે થયું હતું. ઝાડામાં લોહી પણ પડતું હતું. તેથી અમદાવાદમાં, વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલમાં થોડા દિવસ રહેવું પડેલું અને પછી આરામ માટે બાપુ (શ્રી પરસદભાઈ મહેતા)ના આમંત્રણને માન આપીને

કરાંચી ગયા. ત્યારે શ્રી હેમંતકુમાર નીલકંઠ પણ તેમની સાથે રહેતા હતા અને પોતાની તબિયત સુધારવા યોગાસનો શીખેલા તે કરતા. એટલે તેમણે શ્રીમોટાને આસનો કરવાનું સૂચવ્યું. શ્રીમોટા કહે કે એવું આસન બતાવો કે એના પર પડી રહીને જાપ તો ચાલુ રહી શકે. શ્રી હેમંતભાઈ કહે, 'તમારું મન બધો વખત જાપમાં રહે છે એટલે તમારા શરીરને આરામ નથી મળતો. તો થોડા દિવસ માટે જાપ છોડી દો તો ઊંઘ આવે અને તબિયત સારી રહે. (ત્યારે તેમને ઊંઘ પણ આવતી ન હતી.) પણ શ્રીમોટાએ તેમ કરવાની ના પાડી. અજપાજપ જેને થયો હોય, શ્વાસે શ્વાસે 'હરિઃૐ'નું ગુંજન સહજપણે ચાલતું હોય તે કેવી રીતે અટકી શકે ? અને પોતાની એવી માંદગીઓ વિશેનાં કારણો તેઓશ્રી ત્યારે ભાગ્યે કોઈને સમજાવતા, કારણ કે સમજાવવાથી કોઈ અર્થ સરવાનો ન હતો.'

❑

॥ હરિઃૐ ॥

## ખંડ : ૪

# માંદગી અને પ્રવાસો

એ છે પ્રતાપ પદની રજધૂલિકાનો,
દાંડી પીટી જગને કહું - ધ્યાન લેજો

- **શ્રીમોટા**

## માંદગીઓ

અનેક બગલબામલીઓ, લોહીના ઝાડા ૧૯૩૮માં. ૧૯૪૩માં ત્રિચિમાં અત્યંત ઠંડા પડી જવું, ત્યારે સૂંઠ ચોળેલી. ૧૯૪૪માં સખત કમળો-કમળી, અને તેવી માંદગીમાં ચોરવાડથી ત્રિચિ દાક્તરની સલાહને અવગણીને ગયા. હાઈ અને લો બ્લડપ્રેશર - હાઈ ૨૩૫, લો ૬૫, ૧૯૪૨માં. ૧૯૭૦થી શરીરનું વજન ઘટવું. સ્પોન્ડિલાઈટિસ (કરોડના મણકાનો રોગ) અને પગની શક્તિ ગઈ. મધુપ્રમેહ થાય અને મટે, ઝામર, દમ, ૧૯૭૫થી કોઈ પણ ભક્તને ત્યાં રહેવા જવાનું બંધ. ૧૯૭૫-૧૯૭૬ દરમિયાન ખોરાક નહિવત્ લેવાય, વાંચવા લખવાનું તદ્દન બંધ. ઉત્સવો બંધ. સ્વજનો-ભક્તોને આશ્રમે આવવાની મનાઈ. તેમના શરીરની ખબર પૂછવાની (પત્રદ્વારા પણ) મનાઈ. ઘણાં વર્ષો સુધી જે કરવાનું, (નામસ્મરણ, સત્કર્મ વગેરે) કહ્યું છે તેટલું કરશો તો મને વધુ ગમશે, સ્થૂળ શરીરનાં દર્શન ક્યાં સુધી કરશો ? શરીર તો પડવાનું છે. શરીર એ ગુરુ નથી. ચેતનને વળગો, આ તેમનો ઉપદેશ ઠસાવવા તેઓશ્રી

છેલ્લાં દોઢ બે વર્ષથી અળગા રહેવા લાગેલા.

## પ્રવાસો

પાસે પૈસો ના હોવા છતાં, નિમિત્ત પ્રગટતાં, કોઈના આમંત્રણને માન આપીને કે ફંડફાળો ઉઘરાવવા માટે તેમણે કેટલા બધા પ્રવાસ ખેડ્યા છે ! રંગૂન આક્યાબ (એમના 'બાપુ' સાથે), કલકત્તા, લખનૌ, કાનપુર, દિલ્હી, અમૃતસર, લાહોર, કાશ્મીર (જેને ભણાવતાં એનાં માબાપ સાથે-બાપ ગાંડા જેવા હોવાથી સાચવવા) કરાંચી, લીંબડી, વઢવાણ, જૂનાગઢ, ભાવનગર, ચોરવાડ, શિરડી-સાકુરી, પૂના, પંચગિની, મહાબળેશ્વર (એક હરિજન વિદ્યાર્થી સારુ) અને હરિજન ફંડ સારુ. શ્રી નંદુભાઈ સાથે દક્ષિણ હિંદના બધાં મોટાં શહેરો તથા કોલંબો, હિમાલયની યાત્રા ત્રણ વાર અને બે વાર નર્મદાજીની પરિક્રમા (સાધનાકાળ દરમિયાન). તે ઉપરાંત, અનેક નાનાંમોટાં ગામડાં અને શહેરોનો પ્રવાસ ફંડફાળા માટે. હેતુ વગર હરવા ફરવા માટે તેઓ કદી ક્યાંય ગયા નથી.

❑

|| હરિઃૐ ||

# ખંડ : ૫

# વિદાય

'ગુરુમહારાજ જીવતા પ્રાણી છે એમ નથી. એ તો એમને કે આપણને ખપ પડે માણસ જેવા થઈ આપણી આગળ થઈને જે તે આપણું ઉકેલી આપે છે. ખરે વખતે ખરા વખતના ભક્તનું ન અટકી રાખે છે. નિજના ભક્તનું કામ કદી પણ ન અટકાવે છે.'

**(અંતિમ પત્રોમાંનો એક પત્ર)** **- શ્રીમોટા**

જે શરીર વડે કરીને અનેક કઠિન સાધનાઓ દ્વારા સાક્ષાત્કાર થયેલો, સમાજકલ્યાણની યોજનાઓ માટે એક કરોડ ઉપરાંત રકમના ફાળા ઉઘરાવાયા. તે શરીર જર્જરિત થઈ જતાં પૂજ્ય શ્રીમોટાએ બારેક માસથી પ્રવૃત્તિઓ સંકેલવા માંડી હતી, તેમના સ્થૂળ શરીરનો મોહ છોડવા ભક્તોને ફરમાવી દીધું હતું અને હંમેશની જેમ, નવા અવતારમાં ક્રિયાશીલ, ગતિશીલ થવા માટે પોતાના 'રોગથી ઘેરાયેલા દેહને....આનંદપૂર્વક' છોડવાનું નક્કી કર્યું. તા. ૧૯-૭-૧૯૭૬ને રોજ એક ચિઠ્ઠી લખી રાખીને.

જાહેરાત-પ્રચારથી હંમેશાં વેગળા રહેલા પૂજ્ય શ્રીમોટાએ તા. ૨૩-૭-૧૯૭૬ની વહેલી સવારે દોઢ વાગ્યે, સાંઈબાબા જેવા અવધૂતની જેમ માત્ર છ જણની હાજરીમાં, લગભગ સાડા નવ કલાકની સમાધિ બાદ, જડ દેહને વિદાય આપી. અને તેમની તે

ચિઠ્ઠીમાં વ્યક્ત થયેલી ઇચ્છા મુજબ છ જણની હાજરીમાં જ તેમના શરીરને મહીસાગને કાંઠે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. ત્યાર બાદ દુનિયાએ જાણ્યું કે પૂજ્ય શ્રીમોટાનો હંસલો ઊડી ગયો !

હજારોને પોતાના દિવ્ય પ્રેમામૃતનું પાન કરાવનાર પૂજ્ય શ્રીમોટા કેવા ચૂપચાપ ઊપડી ગયા, એમ વિચારીએ છીએ ત્યારે ગીતાકથિત નિરાસક્ત કર્મયોગીનું દર્શન થયાં વિના રહેતું નથી. એ કર્મયોગી હતા, અવધૂત હતા, પરમહંસ હતા. કર્મયોગ મોખરે હોવા છતાં શાસ્ત્રોક્ત ચારે પ્રકારના પરમહંસોનો સુભગ સુમેળ તેમનામાં અનુભવાતો હતો.

તેમનો અંતિમ આદેશ આ હતો, ‘મારા મૃત્યુ નિમિત્તે જે કોઈ નાણાભંડોળ ભેગું થાય, તેનો ઉપયોગ પ્રાથમિક શાળાના ઓરડા બાંધવામાં કરવો.’ તેમના નિઃસ્પૃહી જીવનની અસર સમાજ ઉપર એવી થઈ છે, કે તેમના ગયા બાદ, તેમના આદેશ મુજબ સમગ્ર ગુજરાતનાં પછાત ગામડાંમાં શાળાના ઓરડા બાંધવા માટે, નાણાંનો પ્રવાહ વહેવા માંડ્યો. આજે ઓરડા નવા બંધાઈ રહ્યા છે. તે માટે કુલ ફાળો રૂ. ૧,૦૦,૪૩,૭૭૫ની રકમનો અપાયો.★ આવા એ વિરલ મુક્તાત્માનું વિરલ સ્મારક !

॥ હરિઃૐ ॥

---

★ આજે ૧૯૯૭ના ઉત્તરાર્ધમાં રૂ. ૩,૯૪,૧૯,૬૬૯નો ફાળો અપાયો છે.

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ :** તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪, ગામ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ.

**માતાપિતા :** માતાનું નામ સૂરજબા, પિતાનું નામ આશારામ ભગત. વ્યવસાયે રંગરેજ અને ‘અલ્લાની ગાવડી જેવા.’ ભજનાનંદી તેથી ‘ભગત’ તરીકે જાણીતા. (પૂજ્ય શ્રીમોટા પણ તેમના સાધનાકાળ દરમિયાન ‘ભગત’ તરીકે જાણીતા, બાકી, અટક ‘ભાવસાર’) ૧૯૧૬માં પિતા આશારામનું છત્ર ગયું. માતાનો સ્વર્ગવાસ ૧૯૪૧.

**નાનપણથી નોકરી અને અભ્યાસ :** કિશોર ચૂનીલાલને પોતાની પાંચેક વર્ષની ઉંમર પછી ગરીબાઈની કઠણાઈની શરૂઆત. આર્થિક સંકડામણને લીધે સળંગ એકધારો અભ્યાસ ના થાય. ગોધરામાં અનાજના વેપારીની દુકાને માસિક પગાર રૂ.૫/-માં નોકરી. પોતાની પ્રમાણિકતા શેઠને નાપસંદ એટલે નોકરીનો ત્યાગ. પાછું ભણવાનું શરૂ. કાલોલમાં નવી ઊઘડેલી ઍંગ્લો વર્નાક્યુલર મિડલ સ્કૂલમાં પટાવાળાનું કામ કરે અને ભણે. વય વધી જાય તો મામલતદાર ના થઈ શકાય, એવી દહેશતથી નિયમાનુસાર અશક્ય છતાં, દોઢ વર્ષમાં ચાર ધોરણ કૂદી ગયા.

**મૅટ્રિક :** ૧૯૧૯માં પેટલાદની હાઈસ્કૂલમાંથી ઊંચા માર્કે પાસ.

**બરોડા કૉલેજમાં :** ૧૯૧૯-૧૯૨૦ દરમિયાન વડોદરાની કૉલેજમાં.

**કૉલેજ ત્યાગ :** મહાત્મા ગાંધીજીની હાકલને માન આપીને તા. ૬-૪-૧૯૨૧ને રોજ કૉલેજ ત્યાગ.

**ગુજરાત વિદ્યાપીઠમાં :** ભાષા અને સાહિત્યનો વિષય લઈને સ્નાતક થવા જોડાયા, પણ મહાત્માજીના ઉદ્‌બોધનથી પરીક્ષાના ત્રણ માસ પૂર્વે જ અભ્યાસ છોડ્યો અને રચનાત્મક કાર્યમાં જોડાયા સને ૧૯૨૧.

**હરિજન સેવા :** ૧૯૨૧ના ડિસેમ્બરથી અમદાવાદ-સાબરમતી આશ્રમે. ૧૯૨૨થી નડિયાદમાં 'શ્રીપ્રભુપ્રીત્યર્થે' હરિજન સેવાનો નિશ્ચય.

**'તુજ ચરણે' :** એક પાદરીના પડકારને ઝીલીને પ્રથમ કાવ્યરચના 'તુજ ચરણે' અને ૧૯૨૮માં તેનું પ્રથમ પ્રકાશન. તેની આવકમાંથી હિમાલયની પ્રથમ યાત્રા.

**નર્મદાજીમાં ઝંપલાવ્યું :** ૧૯૨૨માં ફેકરુંના રોગને કારણે, ગરુડેશ્વર આગળથી, નર્મદાજીમાં શરીરનો અંત આણવા, બહુ ઊંચી ભેખડ ઉપરથી ઝંપલાવ્યું, પણ દૈવી બચાવ.

**'હરિઃૐ' જપવાની સલાહ :** ફેફરુંના રોગથી કંટાળતાં શાંતિ અર્થે નર્મદાજીને કિનારે સુરપાણેશ્વર નજીક એક મંદિરમાં વાસ કરવો. ત્યાં રહેતા એક મહાત્માની સેવા કરી. મહાત્માએ ફેફરું મટાડવા 'હરિઃૐ'નો જપ કરવા સલાહ આપી. પણ ના રુચ્યું. દરમિયાન વડોદરામાં બે માળ પરથી ફેફરું આવતાં પડી ગયા. બેભાન અવસ્થામાં પેલા મહાત્માનું દર્શન અને પુનઃ 'હરિઃૐ' જપવાની આજ્ઞા. આખરે આજ્ઞાપાલનને કારણે પાંચેક માસમાં રોગ મટ્યો, તેમાંથી 'આંખ ખૂલી ગઈ.'

**દીક્ષા :** સાંઈખેડા (જબલપુરથી દૂર) રહેતા અવધૂત શ્રીકેશવાનંદ દાદાના 'પ્રેર્યા' શ્રીબાળયોગી મહારાજે નડિયાદ આવીને ૧૯૨૩ની શરૂઆતમાં દીક્ષા આપી અને તે જ સાલમાં

શ્રીસદ્‌ગુરુ કેશવાનંદજીનાં પ્રથમ દર્શને ગયા. રૂબરૂમાં શ્રીબાળયોગીનું પ્રથમ દર્શન અને ત્યારથી ભજન, લેખન અને રાત્રે સ્મશાનવાસ.

**લગ્ન :** માતાની હઠને લીધે ૧૯૨૬માં લગ્ન. પણ પત્ની લગ્ન પછી તુરંત જ તેના પિયેર ગઈ અને ચારેક માસમાં સ્વધામ પહોંચી ગઈ.

**નર્મદાજીની પરિક્રમા :** પહેલી વાર ૧૯૨૬માં

**સર્પદંશ :** ૧૯૨૭ના માર્ચ માસમાં બોદાલ હરિજન આશ્રમનું ઉદ્‌ઘાટન સરદાર સાહેબના શુભ હસ્તે. તે જ રાત્રે સર્પદંશ. ઝેરની અસરનો સામનો કેટલાય કલાકો સુધી 'હરિઃૐ' મોટે મોટેથી રટીને. તેમાંથી અજપાજપ. સાડા ત્રણ વર્ષે મંત્રસિદ્ધિ.

**હિમાલયની યાત્રા :** પહેલી વાર ૧૯૨૮માં

**મનની નીરવતાનો સાક્ષાત્કાર :** ૧૯૩૦ આસપાસમાં. ત્યારથી વર્ષોનાં વર્ષો સુધી રાત જાગૃતદશામાં. તોયે ગુજરાત હરિજન સેવક સંઘનું કામ ૧૨-૧૨ કલાક કરે-બધું 'ભાવનાના પ્રાબલ્યને પરિણામે.'

**જેલવાસ :** ૧૯૩૦ થી ૧૯૩૨ દરમિયાન કુલ બે વર્ષ સુધી સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા. ઉપરાંત, લાઠીમાર અને દંડની પ્રસાદીઓ, જોકે દંડ ભરવાની તો અશક્તિ હતી. એટલે ઘરવખરી, ભજનની લખેલી નોટબુકો ઉપાડી ગયા.

**સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર :** ૧૯૩૪માં ગીતાના પુરુષોત્તમનો સાક્ષાત્કાર.

**ગૃ.હ.સે. સંઘના સહમંત્રી :** ૧૯૩૪ થી ૧૯૩૯

**ઘોર સાધનાઓ :** મોટે ભાગે રાતવાસો સ્મશાનમાં. દર વર્ષે એક માસની રજા હરિજન સેવક સંઘ (સાબરમતી)માંથી

લઈને તદ્દન ઘોર અને નિર્જન જંગલ જેવી જગ્યાએ-માત્ર જળાશય પાસે હોય તેવી જગ્યાએ સાધના માટે જાય. ચિત્રકૂટ અને કચ્છ (ભુજ) જ્યાં કોઈને રાત રહેવાની રજા ના મળે તેવી ભયંકર જગ્યાએ રાત રહેવું. મધ્ય પ્રદેશના નિર્જન સ્થાને લગભગ એક માસ સુધી સ્વ-મળમૂત્ર પર રહીને સાધના. હિમાલયમાં અઘોરીબાવા પાસે જવું, જીવલેણ માંદગીમાં સપડાવું, પણ દૈવી બચાવ, ૧૯૩૪માં. જબલપુર પાસે ધુંવાધારના ધોધ નજીક છક્કા છૂટી જાય તેવી એકાંત જગ્યાએ ગુફામાં ૨૧ દિવસ રહેવું. સાધનાં સ્થળોએ જતાં પહેલાં મોટે ભાગે ગુરુઆજ્ઞા સૂક્ષ્મ રીતે મળતી, સંભળાતી, તે તે સ્થળોનાં 'વિઝન'-ફિલ્મની જેમ દર્શન થતાં અને તે જગ્યાઓ શોધી કાઢતાં અને બેસી જતા. શ્રીઉપાસની મહારાજના આશ્રમે (સાકુરી) છસાત દિવસ સુધી સ્વ-મળમૂત્રની પથારીમાં ધ્યાનમાં લાગી જવું. ભર ઉનાળામાં નર્મદાજીના એક નિર્જન ઘાટ પર કેટલાં બધાં છાણાંનું ધગધગતું વર્તુળ બનાવી તેની વચ્ચેની ખાલી જગ્યામાં સવારથી સાંજ સુધી સાધનામાં બેસી રહેવું ને સાંજે માત્ર કડવા લીમડાનો બે વાડકા રસ પીવો. આવી સાધના એક માસ સુધી કરેલી. તદુપરાંત, બીજાં કેટલાંક સ્થળે ગયા હશે જેની ખબર નથી.

**અનેકમાં એકનું દર્શન :** ગુરુમહારાજના પ્રેર્યા અનેક મહાત્માઓ કનેથી પ્રસાદી સાંપડી છે, પણ તે બધા કને તેઓશ્રી કારણવશાત્ જ પોતાના સદ્‌ગુરુની ભાવના દઢાવીને જતા, બેસતા. શ્રીજાનકીદાસજી, શ્રીસરયૂદાસજી, શ્રીગોદડિયા મહારાજ (પ્રકાશાનંદજી), શ્રીતેજુદ્દીનબાબા, શ્રીઅક્કલકોટના સ્વામીજી મહારાજ (છેલ્લા ત્રણે બ્રહ્મલીન હોવા છતાં) વગેરે કનેથી

સાધનાક્ષેત્રે મદદ મળી છે. છેલ્લા બે વિશે તેમણે કશું વિગતે લખ્યું નથી કે કોઈને કહ્યું નથી, કેમ કે તેના કોઈ સાક્ષી ન હતા. તદુપરાંત, ડાકોરમાં એક રસ્તા પર મેલાઘેલા પડી રહેતા 'મગરમચ્છ'-મસ્ત ફકીર-કને સદ્‌ગુરુના પ્રેર્યા જતા.

**શ્રીસાંઈબાબાની પ્રસાદી :** કરાંચી ખાતે ૧૯૩૮માં કાળીચૌદશની મધરાતે શ્રીસાંઈબાબાની આકરી કસોટીમાંથી પસાર અને પ્રસાદી મેળવી. તદુપરાંત, બેત્રણ વાર તેમનું સ્થૂળ દર્શન અને માર્ગદર્શન.

**નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર :** તા. ૨૯-૩-૧૯૩૯, સંવત ૧૯૯૫, કાશીમાં રામનવમીએ સાક્ષાત્કાર. ત્યાર પછી સાધકોને વ્યક્તિગત માર્ગદર્શન, પત્રલેખન વગેરે.

**ગૃ.હ.સે. સંઘને રામરામ :** ૧૯૩૯ના સપ્ટેમ્બરમાં ગુજરાત હરિજન સેવક સંઘને રામરામ કરીને લોકપ્રીત્યર્થે કામ કરવા માંડ્યું.

**સંઘને મદદ :** ગૃ. હ. સે. સંઘ છોડ્યો, છતાં તેની આર્થિક સ્થિતિ બગડતાં ૧૯૪૨ થી ૧૯૪૬ દરમિયાન સારો એવો ફાળો ઉઘરાવી આપ્યો.

**'મોટા' :** ૧૯૪૦ થી ૧૯૪૬ સુધી દક્ષિણમાં ત્રિચિ અને કુંભકોણમ્‌માં શ્રી નંદુભાઈ અને તેમના મામા વગેરે સાથે નિવાસ. ૧૯૪૬થી તેમને 'મોટા' કહીને ઉદ્દેશવાની શરૂઆત થઈ.

**પ્રથમ વિમાની પ્રવાસ :** 'પૈદાઈશ કે દિન હવાઈ જહાજ સે' તા. ૯-૯-૧૯૪૦ના રોજ અમદાવાદથી કરાંચી વિમાનમાર્ગે જવાનો રૂ.૬૦/-ની રકમ સાથેનો (શ્રીસાંઈબાબાનો) ગેબી હુકમ અને તેનું પાલન. આ પ્રવાસ દરમિયાન બહુ ઊંચા પ્રકારના ધ્યાનનો અનુભવ.

**૨૭ દિવસના ઉપવાસ :** ૧૯૪૩ના ફેબ્રુઆરીમાં ગાંધીજીના ઉપવાસ અને તે દરમિયાન તેમના ઉપવાસમાં ઝેરી જંતુઓ, પણ પછી ગાંધીજી પરત્વેના તાદાત્મ્ય ભાવને લીધે તે દેખાતાં બંધ થયાં અને શ્રીમોટાના પેશાબમાં તે દેખાયાં. (તા. ૨૪-૨-૧૯૪૩)

**હિમાલયની બીજી યાત્રા :** ૧૯૪૫માં શ્રી નંદુભાઈ અને તેમનાં કુટુંબીજનોને લઈને હિમાલયની બીજી વારની યાત્રા કરી.

**મૌનએકાંત સાધન પદ્ધતિના શ્રીગણેશ :** હરિજન આશ્રમ, સાબરમતી, અમદાવાદ, મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ. (૧૯૪૬)

**હરિઃૐ આશ્રમોની સ્થાપના :** (૧) દક્ષિણમાં કુંભકોણમ્ ખાતે ૧૯૫૦માં. (૨) નડિયાદ ખાતે તા. ૨૮-૫-૧૯૫૦. (૩) રાંદેર (સુરત) ખાતે ૧૯૫૪થી તાપી નદીના કિનારે એક ઓરડીમાં. તા. ૨૩-૪-૧૯૫૬થી વ્યવસ્થિત પાયા પર, કુંભ મૂકવાની વિધિ, ૧૯૬૧માં નડિયાદ-રાંદેરના આશ્રમો ચૅરિટેબલ ટ્રસ્ટ ઍક્ટ અન્વયે નોંધાયા.

**ગુણભાવ દ્યોતક કાર્યો :** ૧૯૬૨થી શરૂ.

**દેહોત્સર્ગ :** તા. ૧૯-૭-૧૯૭૬ના રોજ નડિયાદ આશ્રમે હતા ત્યારે આખરી વિદાય લેવા બાબતની ચિઠ્ઠી લખી રાખી. અને તે મુજબ તા. ૨૩-૭-૧૯૭૬, શુક્રવારની વહેલી સવારે દોઢ વાગ્યે માત્ર છ જણની હાજરીમાં છેલ્લો શ્વાસ મૂક્યો અને છ જ જણની હાજરીમાં શરીરના અંતિમ સંસ્કાર. અંતિમ આદેશ :- 'દૂર દૂરનાં એકાંત ગામડાંમાં પ્રાથમિક શાળાઓ માટે ઓરડાઓ બંધાવવા ફંડ ભેગું કરવું. મારું બાવલું કે તુલસીક્યારો પણ કરવો નહિ.' તેમની ઇચ્છા ફળીભૂત થઈ.

**॥ હરિઃૐ ॥**